Barcode - 99999990317216
Title - Shriharirai Vagmuktavali Bhag-I
Subject - Devotional
Author - Shastri,Keshavram Kashiram
Language - gujarati
Pages - 551
Publication Year - 1936
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13

મૂલ ફંડ તરફથી ભેટ.

નિ.લી.ગો શ્રી. ૧૦૮ શ્રીઅનિરુદ્ધાચાર્ય-પ્રસંગાદ-ગ્રંથમાલા

પુષ્પ ૧.

શ્રીકૃષ્ણઃ ।

શ્રીહરિરાય-વાઙ્મુક્તાવલી

(મૂલ ગ્રાથે ગૂજરાતી અનુવાદ)

ભાગ ૧ લો.

(૬૫૬૨ ૫૫ ગ્રન્થોનો સમૂહ)

સમ્પાદક :

કેશવરામ કાશીરામ શાસ્ત્રી

મંગળાલય : માંગરોલ (કાઠિયાવાડ)

પ્રકાશક :

રતિલાલ મોહનલાલ દોશી

મંત્રી—શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય

નડિયાદ

વિ. સં. ૧૯૬૩ મૂલ્ય રૂ. ૧-૮-૦ શ્રીમદ્ગોકુલ ૮૫૮

પ્રથમાવૃત્તિ : પ્રતિ ૧૫૦૦

મુદ્રક : શાહ અમિલાલ મૂળજીભાઇ

મુદ્રણસ્થાન : "મોહ્લીધર પ્રિન્ટીંગ પ્રેસ"

નડિયાદ

પ્રકાશકે સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

श्रीदत्तविजयमहाप्रभुचरणा ॥

॥ શ્રીબાલકૃષ્ણો વિજયતે ॥

અર્પણપત્રિકા

અખિલભૂમણ્ડલાચાર્યવર્ય–શ્રીમદ્ગોકુલનિવાસીનવા-
તાર–લક્ષિતમાર્ગપ્રકાશક–શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદનિરૂપક–શ્રીમ-
દ્વલ્લભાચાર્યવંશાવતંસ–નિત્યલીલાસ્થ–ગોસ્વામિવર્ય–શ્રીમ-
દ્મુરલીધરતનુજ શ્રીબાલકૃષ્ણ–શ્રીમદનમોહનસેવૈકપરાયણ
શુદ્ધાદ્વૈતકેસરી–શુદ્ધાદ્વૈતવ ચસ્પતિ—શુદ્ધાદ્વૈતભૂષણ–શુદ્ધાદ્વૈત-
મહસ્તાંશુ–વેદાન્તવિદ્યાલઙ્કાર–પણ્ડિતમણ્ડલેશ્વર–પણ્ડિતેન્દ્ર—
સર્વતન્ત્રસ્વતન્ત્ર–વેદાન્તસુધાકર–ઇત્યાદ્યનેક—ઉપપદાલઙ્કૃત
નિત્યલીલાસ્થ ગોસ્વામિવર્ય શ્રીમદનિરુદ્ધાચાર્ય મહોદયના
ચરણકમલમાં

કોઈથી પણ નિરુદ્ધ ન હોવા છતાં નિજભક્તોના ઉત્કટ પ્રેમથી લકુલહૃદયમાં સદૈવ નિરુદ્ધતા, પ્રખર માર્મિક વિદ્વત્તા, અજેયઆચાર્યતા, પ્રમાણપુરઃસર પ્રમેયની આવિષ્કારકતા અને નટપુરસ્થ વૈષ્ણવજનતા પરની અપરિમેય કૃપાલુતા, એ વગેરે અનેક ગુણોથી આકર્ષિત થયેલા અમે નટપુરસ્થ વૈષ્ણવો આ

શ્રીહરિરાય–વાઙ્મુક્તાવલી

પ્રેમે અર્પણ કરી કૃતકૃત્યતાનો અનુભવ કરિયે છિયે.

અમો છિયે

આપના અપરિમિત ઋણી

વ્યવસ્થાપકો–શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય–નડિયાદ

उपोद्घात.

(लेखक:—धीरजलाल व्रजदास, सांकळीया ओडवेकेट)

श्रीहरिरायजी श्रीविठ्ठलेश्वर प्रभुचरणना द्वितीय पुत्र श्रीगोविंदरायजीना पुत्र श्रीकल्याणरायजीना पुत्र हता. એમનું प्राकट्य संवत १६४७ना भाद्रवा वद ५ ने दिने थयुं हतुं. એએો १२० वर्षपर्यंत भूतल उपर विराज्या हता. એમને ब्रह्मसंबंध आपनार श्रीगोकुलनाथजी हता. જેવા गुरु तेम शिष्य बन्ने, हंमेशां भागवतलीलानां अनुसंधानमां मस्त रहेता. श्रीगोकुलनाथजी श्रीसुબોधिनीजीनुं सतत अवगाहन करता, अने सेवाना अनवरसनो सर्व समय तेमां ज व्यतीत करता એ वात प्रसिद्ध छे. तेम श्रीहरिरायजी पण हमेशां प्रभुनी लीलानुं ज चिंतन करता. 'श्रीभागवतप्रतिपदभक्तिवरभावांशुंभूषिताभूर्तिः' એ नामथी श्रीगुसांइजीએ श्रीसुબોधिनीजी तेमज तेना प्रणेता श्रीवल्लभाचार्यजीनी मुक्त कंठे प्रशंसा करी छे. એमણे श्रीसुબોधिनीजीनो अत्यंत ઊंडो अभ्यास कर्यो हतो अने तेनुं फल श्रीटिप्पणीजी द्वारा आपणने आप्युं छे ते उपरथी सिद्ध थाय छे के श्रीगुसांईजी जेवो ઊंडो अभ्यास श्रीसुબોधिनीजीनो अन्य कोइએ कर्यो नथी.

श्रीगोकुलनाथजी श्रीसुબोधिनीजीना व्याख्याता तरीके संप्रदायमां प्रसिद्ध छे अने श्रीहरिरायजीએ तो स्पष्ट शब्दोमां जणावी दीधुं छे के न चेत्टीका सुबोधिनी वृथा तज्जन्म मूतले।

આધુનિક વાચકોને પણ શ્રીસુબોધિનીનો ચમત્કાર તરત અનુભવમાં આવે છે. અને અમારો તો નિશ્ચિત મત છે કે શ્રીસુબોધિનીજી જેવી ટીકા શ્રીભાગવતપર બીજી એક પણ થઇ નથી અને વિદ્યાર્થતાં ભાગવતે પરીક્ષા એ વાક્યાનુસાર શ્રીવલ્લભાચાર્યજીનું પાંડિત્ય અદ્વિતીય છે. વાક્પતિની ભાગવતમાં આ કોઇ આશ્ચર્ય નથી શ્રીમદ્ ભાગવતમાં સ્થલે સ્થલે ભગવાનનાં સ્વરૂપ અને ઐશ્વર્યાદિ ષ શુણોનો પરિચય કરાવનાર એ ટીકા વાચકની ખાત્રી કરી આપે છે કે ભાગવત સામાન્ય ગ્રંથ નથી, પણ વેદકલ્પ વૃક્ષનું ફલ છે, ભાગવદ રૂપ છે, ને ભગવાનને પ્રાપ્ત કરવાને શ્રીભાગવતના અવગાહન સિવાય અન્ય કથાની અપેક્ષા નથી પ્રભુકૃપાથી સમગ્ર શ્રીસુબોધિનીજી પ્રસિદ્ધ થઇ ગયાં છે અને જે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો ખરા ભાગ્યવાન છે, તેઓએ તો એ ભગવત્સ્વરૂપને અવશ્ય પોતાને ઘેર આનંદથી પધરાવવું જ જોઇએ. જેમ બાલક અજ્ઞાનથી અગ્નિનો સ્પર્શ કરે તોપણ તેના પર અગ્નિની અસર થાયજ, તેમ જે વૈષ્ણવના ઘેર શ્રીસુબોધિનીજી બિરાજતા હોય તેના પર શ્રીવલ્લભાચાર્યજીની અને શ્રીકૃષ્ણની કૃપા અવશ્ય થાયજ. જેમ શ્રીવલ્લભાચાર્યજીનાં અને શ્રીકૃષ્ણનાં ચિત્રનાં દર્શન અને સ્પર્શ કરી જન્મજન્મ કૃતાર્થ થાય છે, તેમ તેથી વિશેષ શ્રીસુબોધિનીજીનાં દર્શન અને સ્પર્શથી કૃતાર્થ થાય જ. કારણકે ચિત્ર તો માત્ર આધિભૌતિક સ્વરૂપ છે, અને શ્રીસુબોધિનીજી તો વિચારપ્રધાન હોવાથી આધ્યાત્મિક

સ્વરૂપ છે. પણ હવે તો માત્ર દર્શન અને સ્પર્શથી સંતોષ ન માનતાં શ્રીસુબોધિનીજી સમજવાનો પ્રયત્ન વૈષ્ણવોએ કરવો જોઇએ. તેને માટે સરલ ભાષાંતરની અપેક્ષા છે, તે સિદ્ધ કરવાને માટે વૈષ્ણવોએ કટિબદ્ધ થવું જોઇએ.

મુંબઇ, સુરત અને અમદાવાદમાં જેવા શ્રીમાન વૈષ્ણવો છે કે જેવો પ્રભુની અને વૈષ્ણવોની સેવા કરવાને ઉત્સુક છે; તેમને સારીરીતે સમજાવવામાં આવે કે સૌથી ઉત્તમ એવા શ્રીસુબોધિનીજીનું શુદ્ધ સરલ ભાષાંતર કરાવી તેને પ્રકટ કરી વૈષ્ણવોને ઘેર પધરાવી આપવામાં છે તો તેઓ ઉત્સાહથી એ કાર્ય કરે૪. સંપ્રદાયમા ભાષાંતર કરવાને યોગ્ય પ્રેમ્યુએટો અને શાસ્ત્રીઓ ઘણા છે. તેમને એ કાર્ય બ્હેચી આપવામા આવે તો અલ્પ શ્રીસુબોધિનીનું ભાષાંતર એક વર્ષમાં પ્રકટ થઇ શકે પણ ઉત્સાહનગર કોઇપણ સારૂં કાર્ય સિદ્ધ થતું નથી, અને ન થવા દ્વારા સુબોધિની વૃથા તજજન્મ મૂતલે એ શ્રીહરિરાયજીના વાક્યાનુસાર વૈષ્ણવોનો ભૂતલ ઉપર જન્મ વૃથા જાય છે.

શ્રીહરિરાયજી સેવાનિષ્ઠ હતા એટલે એમનું ચિત્ત ભગવલ્લીલામા સદા પરોવાયલું જ રહેતું. એવા સેવાનિષ્ઠને જે અનુભવ થવા જોઇએ તે એમને થતા એવી ગાથા સંપ્રદાયમાં છે. શ્રીપુરૂષોત્તમજીએ શ્રીનાથજીને પોતાની પોચરણીઓ કુષ્ણકાળમા પધરાવેલી તેને લીધે શ્રીનાથજીને ભ્રમ થવાથી શ્રીહરિરાયજીને પોતે ખબર કરી અને શ્રીહ-

રિરાયજીએ નિજમંદિરમાં જઇ તરત તે કઢાવી નાખી. વળી શ્રીહરિરાયજીની કથાની શ્રોત્રી ટ્રોઇ ડાસીએ પોતે શ્રવણ કરેલી બીના કહી સંભળાવવાથી શ્રીપુરુષોત્તમજીનો ચમત્કૃ બાબતમાં સંશય નિવૃત્ત થઇ ગયો એ વાત પણ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. પણ શ્રીહરિરાયજીનો સંપ્રદાય પર મુખ્ય ઉપકાર તો એમના નાના નાના પ્રકરણ ગ્રંથોને લીધે છે. અમારા પરમ મિત્ર ભગવચ્ચરણાશ્રિત શ્રીમન્નલાલ ગધુપતિરામ શાસ્ત્રી કહેતા કે 'પુષ્ટિમાર્ગનો અભ્યાસ શ્રીહરિરાયજીના ગ્રન્થોથી શરૂ થવો જોઇએ'. અમને પણ અનુભવથી એ વાત સત્ય લાગે છે. શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીમાં કહેછે કે કેટલાક જીવો ગાત્ર શરીર મુખ્ય માનીજીવે છે, કેટલાએક ઇન્દ્રિયોને મુખ્ય માને છે અને કેટલાએક અંતઃકરણને મુખ્ય માને છે. અંતઃકરણને શોભાવવાર પ્રેમ છે. અને તે શ્રીવલ્લભાચાર્યજીના નિઃસાધન સંપ્રદાયમાં મુખ્ય સાધન છે શ્રુતિમાં કહ્યું છે કે આત્માથી જ આત્માને ઓળખી શકાય છે. મન, બુદ્ધિ. ચિત્ત અને અહંકાર આત્માને પહોંચી શકતા નથી, અને આમ હોવાથી યોગશાસ્ત્ર ચિત્તવૃત્તિનો નિરોધ કરવાનુ કહે છે. શ્રીવલ્લભાચાર્ય આ સર્વ સ્વીકારે છે પણ આગળ જઇને શિખવે છે કે શરીર. ઇન્દ્રિય, મન બુદ્ધિ, ચિત્ત. અહંકાર એ સર્વ નકામા નથી, પણ એ સર્વનો ઉપયોગ પ્રભુના દાસત્વમાં કરવાંનો છે. એ વાત અક્ષણ્વતાં ફલમિદમ્ એ શ્લોક ના સુબોધિનીમાં શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ સમજાવી છે.

ભક્તના શરીર, ઇન્દ્રિય, અંતઃકરણ વગેરેને તદ્દન નિર્દોષ કરીને પ્રભુ કૃપા કરી ભક્તના શરીરને પોતાના તનુ તરીકે વરે છે, અને તે ભક્ત પ્રભુ સાથે સર્વ કામભોગ કરે છે, એ વાત શ્રુતિમાં પણ પ્રસિદ્ધ છે ને દેહ, ઇન્દ્રિય, અંતઃકરણ વગેરે નકામાજ હોત, માત્ર બધન કર્તા જ હોત તો કૃપાલુ પ્રભુ જીવની સૃષ્ટિ કરત જ શું કરવા? એ બાબત પણ શ્રીવલ્લભાચાર્યજીએ સુબોધિનીમાં સ્પષ્ટ સમજાવી છે.

આ સર્વનું જ્ઞાન શ્રીહરિરાયજીને સંપૂર્ણરીતે હતું. એટલુજ નહિ પણ એમને એ બાબતનો સંપૂર્ણ અનુભવ પણ હતો. અને પોતાના નાના નાના ગ્રંથોથી એ જ્ઞાન પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને. મન પર બહુ સહેલી રીતે ઠસે એવી રીતે આપ્યુ છે પ્રભુનું સ્વરૂપ શું, રસનું સ્વરૂપ શું, સંયોગરસ શું, વિપ્રયોગ શું. ભક્તિ કેટલા પ્રકારની, મુક્તિ કેટલા પ્રકારની, સેવાનો વિધિ, બીજા લૌકિક વૈદિક માર્ગોથી પુષ્ટિમાર્ગનું તાત્પર્ય વગેરે હકીકતો બાબતો એટલીજ ઝીણવટથી શ્રીહરિરાયજીએ સમજાવી છે કે પ્રભુએ જો એમને ભૂતલ ઉપર ન મોકલ્યા હોત તો પુષ્ટિમાર્ગનું સૌંદર્ય અને નિર્મળતા સામાન્ય ભક્તજનો સમજી શકતજ નહિ તેમાં પણ પોતાના જ્ઞાતા શ્રીગોપેશ્વરજીના ગૃહવાંગ પ્રસંગે તેમના ઉપર જે શિક્ષાપત્રો એમણે લખ્યાં છે તે તો સર્વપુષ્ટિમાર્ગના સિદ્ધાંતોથી ભરપૂર છે. એટલું જ નહિ

પણ સંસારનાં દુઃખથી સતત્ પીડિત - જનોને આશિર્વાદ સમાન છે, દુઃખમાં દિલાસો આપે છે, ખરા પ્રભુસુખને ચખાડે છે. સંપ્રદાયનો મર્મ સમજાવે છે, અને આનંદમગ્ન કરે છે. એમની સહજીભાવના માનસી સેવામાં પ્રભુસંબંધના ભિન્ન ભિન્ન ભાવના અનુભવરૂપ છે, અને સામાન્ય જનતને સંસારમાંથી ચિત્તને ખસેડી પ્રભુમાં પ્રેમ લગાડવું તેનાં દૃષ્ટાંતરૂપ છે. अलौकिकमनोरथसिद्धौ सर्वार्थं शरणं हरिः એમ જે ચિંતકધૈર્યાશ્રય માં અલૌકિક મનની સિદ્ધિની વાત શ્રીવલ્લભાચાર્યે કહી છે, अलौकिकस्य माने हि आधः सिध्येन्मनोरथः એમ સેવા ફૂલમાં અલૌકિક ભાવના દાનની જે વાત કહી છે, गोकुले गोपिकानां च सर्वेषां व्रजवासिनां यत् सुखं समभूत् तन्मे भगवान् किं विधास्यति એમ નિરોધલક્ષણમાં જે સુખની તીન જાતિ પ્રકટ કરી છે, જે સુખ શ્રીયશોદાજી, વયસ્યો, ગોપીજન અને ગાયો વગેરે વ્રજવાસીઓ અનુભવતા હતા તેનું કંઈક ભાન આ સહજીભાવના કરાવે છે.

એમ કહેવામાં આવે છે શ્રી હરિરાયજી પ્રમેયમાર્ગીય હતા અને શ્રીપુરુષોત્તમજી પ્રમાણમાર્ગીય હતા જે કે સામાન્ય રીતે તે સત્ય લાગે, પણ સંપ્રદાયના કોઈ પણ વિદ્વાનને એટલું તો સ્વીકારવું પડશે કે શ્રીપુરુષોત્તમજી એ પ્રમેયને છોડયુ નથી, અને શ્રીહરિરાયજીએ પ્રમાણનો ત્યાગ કર્યો નથી. સીધા સરલ ભક્તોને શ્રીહરીરાયજી તરત આકર્ષણ કરે પણ જેને વિદ્વાનું શુમાન હોય તેવાનું શુમાન

ખુલાવી તેમનો મર્મ તોડી આ સંપ્રદાયનાં પ્રમાણ પ્રમેય સાધન અને ફલને સમજાવવું એ કાર્ય શ્રીપુરુષોતમજીએ કર્યું છે તે અદ્વિતીય છે. એમના વેણુગીત ઉપર લખેલા બંને પ્રકાશ, ફલપ્રકરણ પરનો પ્રકાશ, તેમજ ભ્રમરગીત તેમજ રાજસ પ્રમેય પ્રકરણ ઉપર લખેલો પ્રકાશ કોઈ પણ વિરોધી વિદ્વાનનું માન મર્દન કરી તેને પુષ્ટિમાર્ગને માટે માન ઉત્પન્ન કર્યા વિના નહિ રહેશે. કથા ક્રમાલ્લે શ્લોકો પર શ્રીવિઠ્ઠલેશ્વરે જે સુંદર કારિકાઓ લખી છે, તેનો પ્રકાશ એટલો બધો ચિત્તાકર્ષક છે કે જેઓ પ્રમેયમાર્ગીય હોય તેમને પણ એમના પ્રમેયના ઉંડા જ્ઞાન માટે માન ઉત્પન્ન થયા વિના રહે નહિ એમના પ્રમાણવિષયક જ્ઞાન વિષે તો બે મત હોઈ શકેજ નહિ કેમકે અણુભાષ્યપરના પ્રકાશમાં જે પાંડિત્ય દ્યોતન થાય છે, તે અન્યત્ર જાણવું મુશ્કેલ છે, એટલુજ નહિ પણ એમણે બાદરાયણસૂત્રના સર્વ ભાષ્યોની જેવી સમીક્ષા કરી છે, તેવી ભારતવર્ષમાં કે ભૂતલપર બીજા કોઇએ કરી નથી. એમનો શ્રીસુબોધિની પરનો પ્રકાશ ગ્રંથો વિદ્વત્તા ભરેલો છે, અને એમના વાદ ગ્રંથો એવા પ્રમાણપુરઃસર છે, કે અન્ય સંપ્રદાયનો કોઇ પણ વિદ્વાન્ તે સર્વ વાંચ્યા પછી પુષ્ટિસંપ્રદાયની સામે આંગળી કરી શકે નહિ. 'સર્વજ્ઞ, હૃદિ ઈશ્વરજ્ઞ, કૃતકૃત્ય' એવા શ્રીયોગિ-ગોપેશ્વરજીએ અણુભાષ્યપરના પ્રકાશપર ઃસ્મિ નામની અતિ વિસ્તૃત સુંદર ટીકા લખી છે, તેમાં દરેક ઉપનિષદનું

આચાર્ય શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત પ્રમાણે કેવી રીતે થઈ શકે તેની રૂપરેખા બંધાવી છે, અને બ્રહ્મસૂત્રાદિ વગેરે ગ્રંથો લઈને પ્રમાણભાગીય અને પ્રમેયભાગીયનો જે સુંદર મેળ કરી આપ્યો છે, તે પુષ્ટિસંપ્રદાયનું ગૌરવ ઘણુંજ વધારી મૂકે છે.

ઘણી વખત એવા પ્રશ્ન કરવામાં આવે છે કે જો શ્રીવલ્લભાચાર્ય અને એમનો સંપ્રદાય ન થયા હોત તો ભૂતલને શું ખોટ જાત ? એનાથી ખાસ લાભ શો ? એનો ઉત્તર અમે નીચે પ્રમાણે આપીએ છીએ. (૧) જો શ્રીવલ્લભાચાર્ય ભૂતલ પર પ્રકટ ન થયા હોત તો શ્રુતિઓનો શુદ્ધ અર્થ જ લોકોના જાણવામાં આવત નહિ. શ્રીશંકરાચાર્ય ત્રિવાયના અન્ય આચાર્યો અદ્વૈતને સંપૂર્ણરીતે સ્વીકારતા નથી તેથી તેઓને શ્રુતિનો અર્થ ફેરવવો પડે છે. શ્રીશંકરાચાર્યને સૃષ્ટિની ઉત્પત્તિ સ્થિતિ લય વિષેની બધી શ્રુતિઓ અર્થવાદરૂપે માનવી પડે છે, એ જીવને બ્રહ્મનો અંશ સ્વીકારી શકતા નથી, તેમ બ્રહ્મ સર્વગુણોપેત છે એમ પણ સ્વીકારતા નથી, સર્વને સત્ય સ્વીકારી સર્વ અવસ્થામાં સર્વ વસ્તુ બ્રહ્મ છે–सर्वं खल्विदं ब्रह्म એ શુદ્ધ અદ્વૈત તો શ્રીવલ્લભાચાર્યે જ ભૂતલને બતાવી આપ્યું છે. જો કે વેદ नेति नेति કહે છે તે છતાં બ્રહ્મ સાકાર છે, નિર્ગુણ છતાં સર્વગુણોપેત છે, વિરુદ્ધધર્માશ્રયરૂપી એક મહાન ધર્મ બ્રહ્મમાં છે, સર્વત્ર એકલા કર્તા બ્રહ્મજ છે એ સર્વ શ્રીવલ્લભાચાર્યેજ સ્પષ્ટ બતાવી આપ્યું. વ્યાસસૂત્રના

અર્થમાં શ્રીશંકરાચાર્યે ફેરફાર કર્યો છે તે શાંકરવેદાંતીઓ પોતે જાણે છે તેથી તેઓએ કહ્યું છે કે—

न स्तौमि तं व्यंसमशंपमर्थं सम्यङ् न सुज्ञैरपि यो बबन्ध ।
विनापि तैः संग्रथिताखिलार्थं तं शंकरं नौमि सुरेश्वरार्यम् ॥

વળી આધુનિક સમયના પ્રખર વિદ્વાન્ ડૉ૦ સર ભાંડારકર પોતાના Shaivism, Vaishnavism નામના ગ્રંથમાં સ્પષ્ટ કહે છે કે એકલા શ્રીવલ્લભાચાર્ય જ બ્રહ્મનું સ્વરૂપ પરિણામ માને છે, અને બીજા બાદરાયણ વ્યાસના સૂત્રને બરાબર અનુસરીને અર્થ કરે છે. (૨) સામાન્યરીતે ભક્તિ અને શૃંગાર એકેકના વિરોધી ગણાય છે, તેનું ઐક્ય શ્રીવલ્લભાચાર્યે જેવું સાધ્યું છે, તેવું અન્ય આચાર્યે સાધ્યું નથી. પ્રભુ માત્ર નિષ્પ્રકારક બ્રહ્મ કે સપ્રકારક આત્મા નથી, પણ રસરૂપ છે, શૃંગારરૂપ છે, અને સંયોગ અને વિપ્રયોગાત્મક પોતે જ છે એમ રાસપંચાધ્યાયીના શ્રીસુબોધિનીજીમાં, વેણુગીતમાં તેમ અન્યત્ર ઘણે સ્થલે, તૈત્તિરીય ઉપનિષદ્ તેમ અન્ય ઉપનિષદોને આધારે, સિદ્ધ કર્યું છે. જો શ્રીવલ્લભાચાર્ય ન થયા હોત તો કામદેવ બેઠો બેઠો રડયા કરત, અને ભૂતલના સર્વ ધર્મો ઓઘડપંથી હોત, સૌંદર્યવિહીન અને કલાવિહીન હોત. વિષયાનંદ અને ભજનાનંદનું તારતમ્ય મનુષ્યો સમજ્યા જ નહોત. (૩) કર્મમાર્ગનું પણ આજ સ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજીએ જેવું સમજાવ્યું છે તેવું

બીજા કોઈ આચાર્યે સમજાવ્યુ લાગતું નથી. યજ્ઞ તો નિત્ય છે, અને યજ્ઞની સામગ્રી તેમ ક્રિયાથી નિત્ય યજ્ઞ માત્ર પ્રકટ થાય છે, એ સમજાવનાર શ્રીવલ્લભાચાર્યજી છે. તેમ શુદ્ધ અદ્વૈત જ્ઞાન પણ એમણેજ સમજાવ્યું છે. ઉત્પત્તિસ્થિતિલય સર્વ અવસ્થામાં જગત્ બ્રહ્મરૂપ છે, ખંડ-અદ્વૈત શું, અખંડ અદ્વૈત શું, તે સર્વ વિસ્તારપૂર્વક વિવેચન કરી એમણે સ્પષ્ટ સમજાવ્યું છે. (૪) વેદને યોગ્ય સ્થાન આપી ભાગવતમાર્ગની ઉત્તમતા એમણે જ સિદ્ધ કરી છે (સુબોધિની ૨-૧-૫) કલિયુગમાં વેદમાર્ગ નષ્ટ થયેલો હોવાથી માત્ર ભાગવતમાર્ગથીજ મોક્ષ છે, એમ પોતે દૃઢતાથી પ્રતિપાદન કર્યું છે. એ માર્ગમાં ઉચ્ચ નીચ કોઇ છેજ નહિ, ચાંડાલ પણ ભગવાનને ભજે તો તે ઉત્તમ, વર્ણાશ્રમ ધર્મ તો બાહ્ય શરીરને ઉદ્દેશીનેજ છે, જીવ ભગવાનનો અંશ હોવાથી ભગવત્સેવા જ જીવનો મુખ્ય ધર્મ છે, વર્ણાશ્રમધર્મ નથી, એમ નિઃશંકપણે પોતે ૪૫૦ વર્ષ પહેલાં જણાવી દીધું હતું. न्यौकिकं वैदिकं चापि कार्यं-दयात् तेषु नान्यथा એ વાક્યથી હાલના અજ્ઞાની પુષ્ટિમાર્ગીયો ભડકે છે, પણ શ્રીવલ્લભાચાર્યને લેશમાત્ર પણ ભય લાગ્યો નથી. બ્રાહ્મણ વગેરે જાતિ નથી, પણ જેનામાં બ્રાહ્મણ્યદેવતાનો પ્રવેશ હોય અને બ્રાહ્મણના ધર્મ શુદ્ધ રીતે પાળતો હોય, બ્રહ્મનું જ્ઞાન ધરાવતો હોય, તે જ બ્રાહ્મણ, એ ઉપનિષદ્ અને મહાભારતમાં વર્ણવેલું સત્ય શ્રીસુબોધિનીમાં પોતે દૃઢતાથી જણાવી દીધું છે આજના શૂદ્રવૃત્તિવાળા, વેદનો

ઉચ્ચાર કરવાને પણ અયોગ્ય, અજ્ઞાની બ્રાહ્મણોને પોતે બ્રાહ્મણ તરીકે સ્વીકારતા જ નથી. પણ હાલના સર્વે બ્રાહ્મણો શૂદ્રપ્રાય છે એમ પોતે નિબંધમાં કહે છે. (૫) સ્ત્રીશૂદ્રનો વેદમાં ઉદ્ધાર જ નથી. વૈશ્યનાં શુદ્ધ કર્મ કરનાર કેટલેક જન્મે ક્ષત્રિય થાય, પછી કેટલેક જન્મે ક્ષત્રિયનાં શુદ્ધ કર્મો કરવાથી બ્રાહ્મણ થાય, ત્યારે કેટલેક જન્મે મોક્ષને યોગ્ય થાય, એ માનધર્મશાસ્ત્ર શ્રીકૃષ્ણના જન્મથી કયારનું નકામું થઇ ગયું છે, જીવો સ્વતઃ મોક્ષને યોગ્ય હવે રહ્યા જ નથી, હવે તો શ્રીકૃષ્ણનાં શરણથી જ મોક્ષ છે. અને તે આ જ જન્મમાં સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર અને ચાંડાલ વગેરેને પ્રાપ્ત થઇ શકે છે, બ્રાહ્મણજન્મની અપેક્ષા જ નથી, ભગવાનની કથામાં જેને રસ નથી, તેનો બ્રાહ્મણજન્મ પણ નકામો છે, એમ પોતે સ્પષ્ટ આજ્ઞા કરી છે.

ये भक्ताः शास्त्रहिताः स्त्रीशूद्रद्विजबन्धवः ।
तेषामुद्धारकः कृष्ण स्त्रीणामत्र विशेषतः ॥

सुबोधिनी, भा० १० १-१७ ॥

એ કારિકાથી શ્રીકૃષ્ણનું કૃપાનિધિપણું પોતે પુરવાર કર્યું છે, અને સ્ત્રીઓ અંતઃકરણપ્રધાન હોવાથી પ્રેમને માટે સર્વસ્વ અર્પણ કરવાને તત્પર હોવાથી પુષ્ટિમાર્ગમાં તેમને પ્રથમ સ્થાન આપ્યું છે. (૬) પુષ્ટિમાર્ગમાં દીનતા અને નિઃસાધનતા મુખ્ય છે. સ્ત્રીહૃદય આવશ્યક છે. પોતે શ્રીભાગવતના સાક્ષાત્ રાસસ્ત્રીભાવપૂરિત વિગ્રહ છે,

પ્રતિક્ષણ નિકુંજની લીલાના રસથી સુપૂરિત છે, એમના સાન્નિધ્યમાત્રથી-શ્રીસુબોધિનીના અવગાહન માત્રથી-શ્રીકૃષ્ણ પર પ્રેમ થાય છે, અને ગીતામાં મન્મના વિગેરે શ્લોકોમાં કહેલી કૃષ્ણપ્રાપ્તિ સહજ થઈ જાય છે, પ્રભુ ભક્તને વશ થઇ જાય છે, અને મુક્તિથી અધિક, મુક્તિથી શરૂ થતી સર્વ આશિષનું દાન પોતે કરે છે. (૭) જો શ્રીવલ્લભાચાર્ય પ્રકટ થયા ન હોત તો પ્રભુના સાક્ષાત્સંબંધમાં કદાપિ આવી શકત નહિ. જે પ્રભુની એકેક દેવાટીમાં કરોડો બ્રહ્માંડો છે તે પ્રભુને વ્રજવાસી મેા અને ગોપિઓ કેવી રીતે બોલાવે છે અને નચાવે છે, તેનાં બે સુંદર પદો નીચે આપીએ છીએ:—

જોન સુકૃત હોન વ્રજવાસીનકો, વદત વિરંચિ શિવ શેષ;
શ્રીહરિ જિનકે હેત, પ્રકટે માનુષ વેષ, ધ્રુ૦
જ્યોતિરૂપ જગધામ જગત્ગુરૂ, જગતપિતા જગદીશ;
યોગ યજ્ઞ જપ તપ વ્રત દુલ્હ સો ગૃહ ગોકુલ ઇશ ૧
જાકે ઉદર લોકત્રય જલથલ, પંચ તત્વ ચૌખાન;
બાલક હૈ ડુલત વ્રજપલના, યશુમતિ ભવન નિધાન. ૨
એક એક રોમ વિરાટ કોટિસમ, અનંત કોટિ બ્રહ્માંડ;
તાહિ ઉછંગ લીયે માત યશોદા, અપને નિજ ભુજદંડ. ૩
રવિ શશિ કોટિકલા ભવલોચન, ત્રિવિધ તિમિર ભાજિજાત;
અંજન દેત હેત સુતકે ચક્ષુ, લેકર કાજર માત. ૪

ક્ષિતિમિતિ ત્રિપદ કરી કરૂણામય, બલિ છલિ દીયો હે પતાર;
દેહરી ઉલ્લંઘી શકત નહિ સો પ્રભુ, બેલત નંદનુકે દ્વાંર. ૫
અનુદિન શ્રવત સુધારસ પંચમ, ચિંતામણિ શ્રીધેનુ;
સો તજિ યશુમતિકો પય પીવત શાકનકો સુખ દેનુ. ૬
વેદવેદાંત ઉપનિષદ્ ષટરસ અર્પંત ભુકતેં નાહિ;
સો હરિ ગ્વાલણાલમંડલમેં, હસિહસિ જુઠન ખાહિ. ૭
કમલાનાયક વૈકુંઠરાયક, દુઃખ સુખ જિનકે હાથ;
ઠાંઘે કમરી લકુટ નગ્ન પદ, વિહરત વન વન્છ સાથ. ૮
કરણ હરણ પ્રભુ દાતા ભુકતા. વિશ્વંભર જગ જાનિ;
તાહિ લગાઇ માખણકી ચોરી, બાંધ્યો નંદનુકી રાની. ૯
બકી બકાસુર શકટ તૃણાવર્ત અઘ-ધેનુ વૃષભાય;
કંસ કેશીકો યહ ગતિ દીની રાખ્યો હરિકી પાસ. ૧૦
શકતવત્સલ હરિ પતિત ઉદ્ધારણ રહે સકલ ભરપુર;
મારગ રોકિ પર્યો હરિ દ્વારે પતિતશિરોમણિ સૂર. ૧૧

ધન્ય છે આવો અનુભવ કરનાર યશોદામાતાને! ધન્ય છે આ અનુભવ કરનાર ગ્વાલબાલોને! ધન્ય છે એ ગાયો અને વત્સોને! અરે, એ પ્રભુના સંબંધમા આવેલી પૂતના, બકાસુર, શકટાસુર, તૃણાવર્ત, અઘાસુર, ધેનુકાસુર, વૃષભાય, કંસ, કેશી, સર્વને ધન્ય છે!

ધની સહજ યહ લૂટ હરિકેલિ ગોપિનકેં,
મુખને યહ કૃપા કમલા ન પાવે.
નિગમ નિરધાર વિપુશારદું વિચાર રહ્યો,
પચ રહ્યો શેષ નહિ પાર પાવે. ૧

કિંનરી ગહુર અરૂ ગહુર ગંધર્વની,
પનગની ચિતવન નહીં ભાંજ પાયેં,
દેત કર તાર વે લાલ ગોપાલસો,
પકર બ્રજબાલ કપિ જ્યોં નચાયેં. ૨

કોઉ કહે લલન પકરાવ મોહિ પાવરી,
કોઉ કહે લાલ બલ લાકિયે,
કોઉ કહે લલન ગહાવ મોહિ સોહની,
કોઉ કહે લાલ ચઢ જાઉ સીઢી. ૩

કોઉ કહે લલન દેખો મોર કૈસે નચે,
કોઉ કહે ભ્રમર કૈસે ગુંજારે,
કોઉ કહે પોર લગ દૌર આએો લાલ,
શીઝ મોતિનકે હાર વારેં. ૪

કો કછુ કહે બ્રજ વધૂ સોઇ સોઇ કરત,
તોતરે બેન બોલન સુહાવેં,
રોય પરત વસ્તુ જબ ભારી ના ઉઠે તબેં,
ચૂમ મુખ જનની ઉરસોં લગાવેં. ૫

બેન કહી સોની પુન આહિ રહત વદન હસ,
સ્વભુજ બિચ લે લે કલોલેં,
ધામ કે કામ બ્રજબામ સબ ભૂલ રહી,
કૃષ્ણ બલરામકે સંગ ડોલેં. ૬

સૂર ગિરિધરન મધુચરિત્ર મધુપાનકે,
ઔર અમૃત કછુ આન લાગે,

ઔર સુખ રંકકી કૌન ઈચ્છા કરેં,
મુક્તિ હોં લોનસી ખારી લાગે. ૭

પરબ્રહ્મને દોરડેથી બાંધવાના અલૌકિક સામર્થ્યવાળાં શ્રીયશોદા માતાને, 'કૃપિ'ની માફક નચાવનાર શ્રીગોપીજનને અને એ સર્વ લીલાનો અનુભવ અને દર્શન કરનાર શ્રીસૂરદાસ જેવા ભાગ્યવાન ભક્તોને મુક્તિની શી પડી હોય !? મુક્તિમાં તો સર્વ ઇન્દ્રિયો નકામી થઈ જાય છે, દેખતી આંખને અંધકારમાં નાંખવા જેવી છે, એ વાત અક્ષરબ્રહ્મ શ્લોકમાં વેણુગીતના સુબોધિનીમાં શ્રીવલ્લભાચાર્યજીએ જણાવી દીધી છે.

શ્રીવલ્લભાચાર્યના પુષ્ટિસંપ્રદાય અને શ્રીકૃષ્ણચૈતન્યના ગૌડસંપ્રદાય સિવાય અન્ય કોઇ આ સૌંદર્યનો અનુભવ ભૂતલ ઉપર કરી શકયું નથી. એનું તત્વજ્ઞાન તો વલ્લભસંપ્રદાયમાં જ છે. પ્રભુલીલાનો સાક્ષાત્કાર કરાવનાર પુષ્ટિસંપ્રદાય ભૂતલના ભૂષણરૂપ છે. (૮) શ્રીકૃષ્ણના જન્મથી વેદની પ્રાચીન પ્રણાલિકાનો ઉપયોગ હવે રહ્યો નથી, યજ્ઞ, દમ, તિતિક્ષા, ઉપરતિ વગેરે સાધવાને વધુ પ્રયત્ન કરવાની અપેક્ષા નથી. એમ પોતે સુ. ૧૦-૩૩-૮ માં પ્રતિપાદન કર્યું છે, અને વૈદિક ભક્તિથી કૃષ્ણભક્તિની વ્યવસ્થા તદ્દન જુદીજ છે એ વાત ૧૦ ઉ.-૯-૩૨ માં નાગનજીતીના પ્રસંગમાં પોતે જણાવી દીધી છે હવે તો હૃદયને આંખોમાં-દૃષ્ટિમાં-લાવી અહોરૂ પ્રભુનાં દર્શન કરી તેનાંજ ભજનકીર્તન

સેવા સદ્ધા કરવાનાં છે એ વાત પોતે વેદસ્તુતિના સુબોધિ-નીમાં દૃઢતાથી પ્રતિપાદન કરી છે. (૯) કલિયુગમાં સંન્યાસ પ્રભુના વિરહસ્મરના અનુભવને માટે જ લઇ શકાય, નહિ તો પતિત થવાય. આવા આવા ક્રમના સારરૂપ, જ્ઞાનના સારરૂપ, ભક્તિના સારરૂપ, વેદના સારરૂપ, સર્વશાસ્ત્રોના સારરૂપ, ઉત્તમોત્તમ વિચારો શ્રીવલ્લભાચાર્યે પ્રકટ કર્યા છે, અને જો સર્વ વિચારોના સારરૂપ સ્વયરૂપ ભગવાન્ કૃષ્ણને અમારાં હૃદયમાં સદાને માટે પધરાવ્યા છે. શ્રીવલ્લ-ભાચાર્ય પ્રકટ ન થયા હોત. પુષ્ટિમાર્ગ એમણે પ્રકટ ન કર્યો હોત, તો દૈવી જીવો જગતમાં અપૂર્ણ-ની માફક આમ તેમ રખડત, ફાંફાં મારત, અને ક્યાંયે વિશ્રામ ન મળ-વાથી હૃદય ન ઠરવાથી ઝૂરી ઝૂરીને મરત. દૈવીસૃષ્ટિ વ્યર્થ થઇ જાત. કૃષ્ણસેવારૂપ, કૃષ્ણકથારૂપ, કૃષ્ણકીર્તનરૂપ, કૃષ્ણ-ગુણગાનરૂપ પુષ્ટિસંપ્રદાય પ્રકટ કરનાર આનંદનિધિ શ્રીવલ્લ-ભાચાર્ય ભૂતલ ઉપર ન પ્રકટ્યા હોત તો ભૂતલ ભાગ્યહીન રહેત. આ સર્વ શ્રીહરિધનચરણ સારી રીતે જાણતા હતા, અને એમણે 'દુર્ભાવ પુંભાવ'નો ત્યાગ કરી, સ્ત્રીભાવનો અનુભવ કરી, દીનતા, નિરાધનતા, રસરૂપ પ્રભુનાં સ્વરૂપ, ભક્તિનાં સ્વરૂપ, મુક્તિનાં સ્વરૂપ. અને અન્ય પુષ્કળ વિષ-યો પર વિપુલ સાહિત્ય પ્રકટ કરી પુષ્ટિસંપ્રદાયને અને ભૂતલને ઉપકારગ્રસ્ત બનાવી મૂક્યું છે.

શ્રીકૃષ્ણાર્પણમસ્તુ.

શ્રીઃ

પ્રસ્તાવના

શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના ઉપક્રમથી સમ્પ્રદાયના પરમ મર્મજ્ઞ શ્રીહરિરાય મહાપ્રભુજીએ રચેલા ગદ્યપદ્યાત્મક ફૂટકર ગ્રન્થોનો એક સટ્ટઅક્ષ આજે વૈષ્ણવો સમક્ષ ગૂજરાતી અનુવાદ સાથે રજૂ કરવામા આવે છે. શ્રીહરિરાયજીએ વૈષ્ણવ જનતા ઉપર અનુગ્રહ કરીને સહસ્રાવધિ અમૂલ્ય ગ્રન્થો સમ્પ્રદાયને ભેટ કર્યા છે. આમાનો ઘાઠમો ભાગ પણ અદ્યાપિપર્યન્ત પ્રસિદ્ધ થઈ નથી શક્યો. સોડશ ગ્રન્થો ઉપરની આપશ્રીની ગદ્ય કે પદ્ય સ્વરૂપે બિરાજતી ટીકાઓ-માંની કેટલીક, શિક્ષાપત્રો, તેમજ બૃહત્સ્તોત્રરત્નસાગરમાં છપાયેલા ૧૧૪ ગ્રન્થો અને માસિકોમાં છપાયેલા ફૂટકર ગ્રન્થો સિવાય ઘણુંયે સાહિત્ય હજી અપ્રસિદ્ધ પડ્યું છે. શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય નડિયાદના કાર્યકારી મંડળે એવો નિર્ણય કર્યો છે કે જેટલા મેળવી શકાય, તેટલા પથ્થી હસ્તલિખિત નકલોના કે મુદ્રિત નકલોના પ્રથમ

તો કૂટકર ગ્રન્થો એગણી મૂળ સહિત છેવટ ગુજરાતી શબ્દાર્થમાત્ર સાથે છપાવી પ્રસિદ્ધ કરવા. એ રીતે આ પ્રથમ ભાગ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સમ્પ્રદાયનો અદ્ભૂત જેવો એક પણ વિષય બાકી નથી રહેતો, કે જેના ઉપર શ્રીહરિરાયજીયે પ્રકાશ ન પાડયો હોય. આ સદ્ગ્રહમા સ્વીકારવામાં આવેલા ગ્રન્થોથીજ એ વસ્તુ સમઝી શકાશે. શ્રીહરિરાયજી મુખ્યત્વે પ્રમેયવાદી છે, એટલે એમના પ્રમાણનું સ્વરૂપ સમઝાવનારા ગ્રન્થોમાં પણ અન્તે આપશ્રીનો એક પ્રમેય તરફજ વળેલો પ્રાપ્ત થાય છે. પ્રમેયં હરિરેવૈકઃ એ તો આપશ્રીનું પરમ તત્ત્વ છે, એ અત્રત્ય અત્યન્ત કુટ સ્વરૂપમા શ્રીહરિરાયજીના પ્રત્યેક ગ્રન્થરત્નમાથી તરી આવે છે.

અમે જે ક્રમે આ ગ્રન્થ તૈયાર કર્યો છે, તેમાં પણ ઉપદેશાત્મક પ્રમાણપર ગ્રન્થો આરમ્ભમા આપ્યા છે અને તે પછી પ્રમેયપર ગ્રન્થો આપવામા આવ્યા છે; જોકે એકતાલીસમા ગ્રન્થથી એ ક્રમ ગિવિલ બને છે અમને તો આશ્ચર્ય એ થાય છે કે ભિન્ન ભિન્ન પ્રકારના અધિકારીયોનાં ચિત્ત પણ શ્રીહરિરાયચરણના લક્ષ્યમાંથી ખરી જવા નથી પામ્યાં, અને તેથીજ દ્વિવિધ ભક્તિ અને દ્વિવિધ મુક્તિ જેવા વિષયો પણ જ્યોજ્યાંથી જ્યારે જ્યા નથી કર્યા 'સ્વમાનાંચ્ય શરણ સમર્પણ જેવાદિ નિરૂપણ' જેવા ગ્રન્થોમાં ઓકરે

એકથી માંડી બધી વસ્તુઓ પ્રમેય પર્યન્તની બતાવીને તો શ્રીહરિરાયજીએ હદજ કરી નાખી છે. આપશ્રીનો સર્વ સામાન્ય બધાજ અધિકારીઓ માટે એકજ ઉપદેશ છે કેઃ—

"भक्तिमार्गस्थितैः श्रीमदाचार्यपदाश्रितैः ।
सेव्यमानं सदामायैर्निरोधं साधयेद् ध्रुवम् ॥१॥
(स्वमा. स्व. रत्ना.)

ભક્તિમાર્ગમાં સ્થિતિ કરી રહેલા, વળી શ્રીમહા-પ્રભુજીના પદને આશ્રયે રહેલા, મહાનુભાવી ભક્તોએ સેવાતા નિરોધની સદૈવ સાધના કરવી.

આમાંથી આપણને 'નિરોધની સાધના' જે વસ્તુ મળશે, કેમકે એમાં સાધનદશાનો ગન્ધ જણાય છે; વસ્તુસ્થિતિએ એ સાધનદશા નથી; પ્રભુના પરમાનુગ્રહે શ્રીમદાચાર્યચર-ણોના શરણરૂપી પરમ ફલની પ્રાપ્તિ પછીના ક્રમમાત્રનું આમાં સૂચન છે. પ્રભુની કૃપા વિના માર્ગપ્રવેશજ શક્ય નથી; શરણથીજ પ્રભુનો ફલાત્મક અનુગ્રહ જીવને પ્રાપ્ત છે. અધિકારભેદે કોઈક સાધનોં આમ છતાં નથી, એમ કહ્યું શકાય તેમ નથી.

गृहीत्वा मामकारणं गत्वा सर्वं ममर्प्य च ।
सेवासाधकतामिद्धयै देहादीनां तथा पुनः ॥२॥
अन्यथात्वनिवेदाय क्रियतां तनुविराजा ।
तया तु मानसो सिध्येत् सैवात्र फलरूपिणी ॥३॥

સમ્પ્રદાયમાંનું સમગ્ર કર્તવ્ય શ્રીહરિરાયજીએ 'કૃત માર્ગીય શરણ સમર્પણ સેવાદિ નિરૂપણ" ગ્રન્થની ઊપરની બે કારિકામાં ટંકમાં આપી દીધું છે; નામશરણ જેને આપણે શરણદીક્ષા કહિયે છિયે, તે પ્રથમ કર્તવ્ય; સર્વ-સમર્પણ કિંવા બ્રહ્મસમ્બન્ધ એ દ્વિતીય કર્તવ્ય, અને પછી ફલાત્મક માનસીની સિદ્ધિ માટે તનુજા અને વિત્તજા સેવા એ તૃતીય કર્તવ્ય. આ કર્તવ્યોમાંથી ભ્રષ્ટ થતાં કશું સિદ્ધ ન થઇ શકે. પરન્તુ આ બધામાં અનુગ્રહ એ પ્રધાન છે. શ્રીમહાપ્રભુજીની, તો સ્પષ્ટ આજ્ઞા છે કે- 'અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામકઃ ।

શ્રીહરિરાયજીએ સ્વમાર્ગ મર્યાદાનું નિરૂપણ કરતાં આ વિષય ઊપર બહુ સારો પ્રકાશ પાડયો છે. આપશ્રી આજ્ઞા કરે છે કે "આ માર્ગમાં ધર્મ તે ત્યાગસ્વરૂપે રહેલો છે. તેજ ધર્મ જ્યારે નિવૃત્તિને બદલે પ્રવૃત્તિમાં કરવાનો હોય ત્યારે તે પ્રભુના આશ્રયકરવારૂપે રહેલો છે. આ માર્ગમાં જેવા માનસી જણવી. જે પૂજા છે તે પણ કર્મમાર્ગ કરતાં જુદાજ પ્રકારની જણવી. આ માર્ગમાં પ્રભુની આજ્ઞાને ઓળંગવા જેવાથી, તેજ ધર્મોનુષ્ઠાનઃ અને પ્રભુએ શ્રીમહાપ્રભુજી સમક્ષ પ્રકટ થઈ 'સિદ્ધાન્ત રહસ્ય'માં જે આજ્ઞા કરી છે, તેજ પ્રમાણ. આ માર્ગમાં પ્રમેય વસ્તુ માત્ર પ્રભુજ છે, સ્વર્ગ વગેરે કાંઇ પ્રમેય નથી. વસ્તુસ્થિતિએ પ્રભુ સિવાય અન્ય કોઇની પ્રાપ્તિની આ માર્ગમાં જીવને ઇચ્છા નથી.

એ પ્રમેયપ્રાપ્તિને માટે સાધન જો કાંઇ હોય તો તે પ્રભુનો માર્ગ અને જે સાધન તેજ ફલ. આ માર્ગમાં સાધનપૂર્વેજ ફલ રહેલું છે. એ પછી સાધનરૂપેજ ફલપ્રાપ્તિ છે આ માર્ગમાં પ્રભુસેવામાં પ્રવૃત્તિ કરવી તેજ સાચો માર્ગ છે. અન્ય સર્વ પ્રવૃત્તિ એ ત્યાજ્ય છે સર્વ દેહ સમ્બન્ધી તેમજ ઇન્દ્રિય સમ્બન્ધી જે કાંઇ કર્તવ્ય તે પ્રભુસેવા માતરજ. શ્રીકૃષ્ણચન્દ્રજીયે યુદ્ધભૂમિ ઊપર અર્જુનને જે વાત કહી, તે ઊપરથી સ્પષ્ટ થશે કે સર્વશાસ્ત્રો ધર્મોનો ઉપદેશ કરે ત્યારે પ્રભુયે સર્વધર્મોના ત્યાગનો ઉપદેશ કર્યો. આ વિરુદ્ધ ક્રિયા એજ આ માર્ગમાં ધર્મ, એટલે ઇન્દ્રિયાદિકના સમગ્ર ધર્મોના ત્યાગપૂર્વક કેવળ શ્રીકૃષ્ણચન્દ્રજીનું અનન્ય શરણ એજ આ માર્ગમાં ધર્મ. અર્થ જોતાં આ માર્ગને ત્યાગ આપોઆપોજ ઇષ્ટ છે; કેમકે સેવા કરવામાં તલ્લીન થયેલા ભક્તને પોતાનાં દેહાદિકની પણ લેશમાત્ર અપેક્ષા રહેતી નથી. બધેજ સ્થલે પ્રભુના ધર્મોનોજ વિચાર આવ્યા કરતો હોવાથી આવા ભક્તને સર્વત્ર ભગવાનજ રહેલા છે, તેવી સમઝ સ્ફુરે છે. ઇન્દ્રિયોનો સમ્બન્ધ તેમજ અન્ય પદાર્થોનો સમ્બન્ધ આ ભગવદ્બુદ્ધિથી નષ્ટ થઇ જાય છે. આ જગદાદિની સ્ફૂર્તિના વિષયની વાત કરતાં પણ તે જગદાદિનું વિસ્મરણજ આ ભક્તિમાર્ગની મર્યાદામાં રહેલું છે.”

આવા ત્યાગાત્મક ધર્મનોજ સમાશ્રય ભક્તિમાર્ગમાં જીવને કરણીય છે; સામાન્ય અધિકારથી માંડી ઉચ્ચાધિકાર

સુધી પહોંચવામાં આજ ભક્તિમાર્ગીય ત્યાગ નિયામક છે. આપણે સંસારમાં પડયાં છિયે અને તેથી અનેક જાતનાં પ્રલોભનો આપણી સમક્ષ આવી આપણને વિચલિત કરી દેવાનો પ્રયત્ન કરે છે; પરન્તુ પ્રભુનું અનન્ય શરણ જેને પ્રાપ્ત છે, એને મુશ્કેલીયો નથી. આમ છતાં સામાન્ય અધિકારીયોને માટે શ્રીવૃત્તિયકારે અનેક સ્થળે લાદે આવશ્યકતા રાખવાનો ઉપદેશ આપ્યો છે. જેને પ્રતિબન્ધક વસ્તુઓ છે, એનો અનેક સ્થળે આપે ઉલ્લેખ કર્યો છે. 'સ્વમાર્ગીય. શ્ર. સમ. મે. નિર્ણય' ગ્રન્થમાં આ બાબત કહે છે કે:—

"अन्याश्रयो नैव कार्यो नैवान्यत्र स्वतो व्रजेत ।
प्रार्थना नैव कुत्रापि कर्तव्या भगवत्यपि ॥१८॥
अविश्वासो न कर्तव्यो ब्रह्मास्त्रस्य निदर्शनात ।
लौकिके वैदिके वापि कार्ये सङ्गं विवर्जयेत् ॥१९॥
यथाकथञ्चित्कर्तव्ये भारवराश्च भावनम् ।
सर्वत्र ममतां त्यक्त्वा सर्वं कार्यं प्रसाधयेत् ॥२०॥
लोभं च क्वापि नैव कुर्यात्, प्राप्तं हि सेवयेत् ॥२०½॥

પ્રભુ સિવાય અન્ય કોઇનો પણ આશ્રય ન કરવો; પોતાની જોળે તો આશ્રય માટે કયાંય પણ ન જવું. બીજાની પાસે પ્રાર્થના ન કરવી: એ તો ઠીક પણ ખુદ પ્રભુ પાસે પણ પ્રાર્થના ન કરવી; કારણ કે તેથી પ્રભુમાં અવિશ્વાસ થવાનો

પ્રસઙ્ગ ઊભો થાય છે. રાવણના પુત્ર ઇન્દ્રજિતે બ્રહ્માસ્ત્રમંત્ર પ્રયોગથી એક તંતુવતી હનુમાનજીને બાંધ્યા હતા; પરન્તુ તેને શંકા થઈ કે આ તાંતણો હનુમાનજી તોડી નાખશે તો? બસ. આટલાજ અવિશ્વાસથી પેલા તાંતણામાંથી બ્રહ્માસ્ત્રની શક્તિ લુપ્ત થઈ અને હનુમાનજી મુક્ત થઇ ગયા. આ ઉદાહરણ લઈ પ્રભુમાં કદી અવિશ્વાસ ન લાવવો. પ્રાર્થના કરવાથી અવિશ્વાસનો ભઙ્ગ થાય છે. 'હે પ્રભુ! કલ્યાણ આપો યા કરો,' એટલી માગણીથી જીવને એટલું તો થયું જ ને કે પ્રભુ આ આપવામાં કે કરવામાં ચોક્કસ નહીં હોય! અને માગ્યા પછી એ ન મળ્યું તો પ્રભુમાં અવિશ્વાસ થાય ને? જે થવાનું હશે, તે તો પ્રભુના નિયમન મુજબ થશેજ; માગ્યે કાંઈ તેનામાં ફેરફાર થવાનો નથી, તો માગ્યે શું વળે? લૌકિક અને વૈદિક કર્મોમાંથી પણ સર્જનને દૂર કરવાની જરૂર છે; કારણ કે તેટલું પણ પ્રભુમાં અવિશ્વાસજનક થાય છે; બેશક આપણે લોકોમાં રહ્યાં છિયે, તેથી લૌકિક વૈદિક કરવાં તો પડે છે; તે કરવામાં પણ એ આપણા ઊપર એક મોટા બોજારૂપ છે, એવી ભાવના કરવી; બધામાંથી મારાપણું ઊઠાવી લઈ કાર્ય કરવું તો તે લૌકિક-વૈદિક પ્રભુમાર્ગમાં જડતરૂપ ન થાય. અને લોભ તો કદાપિ ન કરવો; કેમકે તે આકાઙ્ક્ષા ઉત્પન્ન કરે છે અને તેથી પ્રભુ પાસે માગવાની ઇચ્છા થાય છે, જે અવિશ્વાસજનક છે; માટે જે કાંઈ પ્રભુકૃપાયે-પ્રભુની ઇચ્છા મુજબ મળી રહે, તેનાથીજ સન્તોષ માનવો".

આ માર્ગ જ ભાવાત્મક છે. 'માર્ગસ્વરૂપ નિર્ણય' માં શ્રીવલ્લિરાયજીએ જે વસ્તુ સ્ફુટ સ્વરૂપે બતાવી છે આ ભાવ માત્ર ભાવનાથી સિદ્ધ છે. આ ભાવનાના ત્રણ પ્રકાર શ્રીગુસાંઈ-શયજીએ નિર્દેશ્યા છે. આમાંથી પ્રથમ સ્વરૂપભાવના આ છે. 'પ્રથમ દશામાં જે જે ક્ષેત્રોએ સ્વરૂપનો કંઈ પણ અનુભવ કર્યો નથી, સ્વરૂપનું માત્ર શ્રવણ કર્યું છે, તેમણે યોગની માફક પ્રભુના સ્વરૂપનો વિચાર કરવો. આ સ્વરૂપભાવના કરતાં જ ભગવાનનો અનુભવ થાય છે, ત્યારે પ્રભુ સાક્ષાત અથવા તો નાદદ્વારા સમગ્ર લીલાઓથી સમન્વિત થઈ ભક્તના હૃદયાકાશમાં પ્રકટ થાય છે.' એ પછીની ભાવના તે લીલાભાવના. 'લીલાભાવનામાં ભક્ત સ્વયં લીલારૂપ બની જાય છે, એટલે કે લીલાની આ શક્તિથી દેહાદિકની સર્વ ક્રિયામાં, જ્ઞાનમાં, સર્વ પદાર્થમાં અન્યથારૂપ પ્રતીતિ થતી હોય, તેમાં પણ પ્રભુનીજ લીલાનું ભાન થઇ જાય છે.' આ પછી ત્રીજી તે ભાવલાભના છે. આ ત્રીજા પ્રકારની ભાવનામાં તાપકલેશ એ મુખ્ય વસ્તુ છે. જો તાપકલેશ ન થાય તો દેહાદિની નૂતનતા સમ્ભવી શકતી નથી અને તેથી પૂર્ણવિયોગાત્મક કેવલ ભાવાનુભવ થતો નથી. એમ કદાચ માનો કે આ તીવ્ર વિયોગાગ્નિથી દેહાદિ બળી જશે તો ભાવનો અનુભવ શી રીતે થઈ શકશે? પણ વિચારવામાં આવે તો સ્પષ્ટ માલૂમ પડશે કે તાપકલેશનો નિયામક વિયોગ પણ સ્વરૂપાત્મક હોવાથી એ વિયોગજ દેહાદિનો સંરક્ષક બનશે; વસ્તુસ્થિતિયે તો તાપકલેશથી દેહશુદ્ધિ

થાય છે. એ રીતે દેહ શુદ્ધ થયા પછીજ અત્યંત ભક્તને અચાનક સ્વરૂપનો આવિર્ભાર બીજના ઝબકારાની માફક હૃદયમાં થઈ જાય છે. એથી વિશેષ જીવને બીજું શું ઈષ્ટ હોય ?

આવી જાતની કોટિ સર્વાત્મભાવથી પ્રાપ્ય છે. એ સર્વાત્મભાવનું વિવેચન કરતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે:-

सर्वेषामिन्द्रियाणां हि देहादीनां तथा पुनः ।
आत्मभावो भगवति सर्वभावः स कथ्यते ॥२॥

"બધી ઇન્દ્રિયોનો તેમજ દેહાદિક સર્વનો ભગવાનમાં જે આત્મભાવ-અનન્યભાવ, તે સર્વાત્મભાવ."

પોતાનો બીજામાં જે સમ્બન્ધ, તેનો જે વિચાર અને 'આ અમારા ભગવાન' એવી જાતનું જે સમ્બન્ધીપણું તેની અનુભૂતિ, તેનું નામ તે આત્મભાવ. આપણાં જે દેહ-ઇન્દ્રિયો, તે પ્રત્યેકની પ્રભુને વિશે લેશ પણ આકાંક્ષા ન હોવી જોઇયે, જો આકાંક્ષા રહે તો ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોના વિષય એવાં ઇન્દ્રિયોના ભાવની સ્થિતિ રહેવાથી સર્વપણું ન થાય. આથી કરીનેજ સર્વાત્મભાવમાં દેહાદિકની સ્ફુરણા ન હોવી જોઇયે. ઇન્દ્રિયોના વિષયોના ત્યાગ વિશે પ્રભુની જે આજ્ઞા છે, તે એવા અતુલિત સર્વાત્મભાવની સિદ્ધિ કરાવવા માટેજ. જો હૃદયમાં કામ-વિષયની સ્થિતિ હોય તો તેવા

કામભાવર્થી-વિષયાપેક્ષા રૂહેલી હોવાર્થી સર્વાત્મભાવ સિદ્ધ ન થાય. એકજ વસ્તુ આમાંથી તરી આવે છે કે સકામતામા દ્વિધાભાવ છે, અને તેથી અનન્યતાનો-અર્પક જે સર્વાત્મભાવ, તે કદાપિ સિદ્ધ થતો નથી.

આમ પ્રભુપ્રાપ્તિમાં પણ સકામતા ત્યાજ્ય છે, તો પછી લૌકિક દશામા સકામતા ત્યાજ્ય હોય તેમાં શી નવાઈ? અને તેથી શ્રીમદાચાર્યચરણોયે વિષયત્યાગનો સાર્વત્રિક ઉપદેશ કર્યો છે. અલૌકિક કામથી પ્રભુપ્રાપ્તિ નથા થતી એમ નથી, પણ તે પણ દ્વિધાભાવજનક હોવાથી ઉપયોગી નથી; વસ્તુસ્થિતિયે કામભાવમાં પ્રવૃત્તિ છે અને સર્વાત્મ-ભાવમાં નિવૃત્તિ છે.

આ બધી તો આમ અતિ ઉચ્ચ કોટિની વાતો છે, ત્યાંસૂધી પહોંચવાના આ કાળના જીવોમાં અધિકાર છે કે નહીં, તે જાણબૂંજ હૂં તો મુશ્કેલીભર્યું માનું છું. બેશક પ્રભુના અનુગ્રહથી એ બધુંજ શકય છે; પરન્તુ તે મનુષ્ય-બુદ્ધિથી સમઝી શકાય, એવી વસ્તુ હોય તેમ મારૂં માનવૂં નથી. એટલેજ આધુનિક જીવોયે તો માર્ગમાંથી કેમ ચલિત ન થવાય, તેવી સાવધાની રાખવાની આવશ્યકતા છે. તે માટે આ સદ્ગ્રન્થમાં છપાયેલા દુઃસર્ગ વિજ્ઞાન પ્રકાર, કામાખ્ય દોષ વિવરણ, સ્વમાર્ગીય શરણ સમર્પણ સેવાદિ નિરૂપણ, બહિર્મુખત્વ નિરૂપણ, બહિર્મુખત્વનિવૃત્તિ, કથાશ્રવણબાધક નિર્ણય, સત્સર્ગ નિર્ણય, સ્વમાર્ગમર્યાદા

નિરૂપણ, શ્રીપુષ્ટિમાર્ગલક્ષણ, . પુષ્ટિમાર્ગીય મર્મ નિરૂપણ, એ વગેરે ગ્રન્થોનેજ સારી રીતે હૃદયમાં ઊતારી અધિકાર સિદ્ધ કરતાં કરતાં અને લૌકિક પ્રતિબન્ધોમાંથી બચવાને માટે અવિરત પ્રયત્નશીલ થતાં થતાં આગળ વધવાનું છે. અધિકાર વિના આગળ વધવાનો પ્રયત્ન કરવાથી આ ભયાનક કાળમાં વિપરીત ફલ મળવ નીજ બહીક છે.

આ સદ્ગ્રહમાં પ્રભુના રસાત્મક સ્વરૂપનું નિરૂપણ કરનારા અનેક ગ્રન્થો નિરૂપાયેલા છે. રસશાસ્ત્રના શાસ્ત્રીય જ્ઞાન વિના એ પ્રક્રિયા સમજાય તેવીજ નથી; અને અધિકારને અભાવે કમસમજ માણસ તેમાંથી ઊલટુંજ સમજી બેસે તેવી સ્થિતિ છે. આનું જ્ઞાન દુઃશક્ય તો નથીજ અને તેથીજ સદ્ગુરુના અનન્ય શરણની અનિવાર્યતા રહી છે. ભગવન્માર્ગમાં પ્રેમપૂર્વક રહી મહાનુભાવી વિદ્વાન આચાર્યોના ગ્રન્થોનું પરિશીલન કરતાં ઉત્તરોત્તર જે અધિકાર પ્રાપ્ત થતો આવે તે પ્રમાણે વર્તવાનું છે. શ્રીમહાપ્રભુજીએ તત્ત્વાર્થદીપ નિબન્ધના સર્વનિર્ણય પ્રકરણમાં ભક્તિમાર્ગીય જીવોએ કરવાનાં ત્રણ અતિ આવશ્યક કાર્યોનો નિર્દેશ કર્યો છે અને તે આ છેઃ—

स्वधर्माचरणं शक्त्या विधर्मात्च निवर्तनम् ।
इन्द्रियाश्वविनिग्राहः सर्वथा न त्यजेत् त्रयम् ॥२३८॥

. શક્તિ પ્રમાણે અનાસક્તિપૂર્વક સ્વધર્મનું આચરણ, પરધર્મમાંથી તદ્દન નિવૃત્તિ અને ઇન્દ્રિયરૂપી ઘોડાઓ ઉપર

કાળૂ, આ ત્રણ વસ્તુનો કદાપિ ત્યાગ કરવાનો નથી. આપ આગળ જઈ આજ્ઞા કરે છે કે ક્રીડા-ખેલના ઉદ્દેશથી પણ આ ત્રણેયમાં જરાયે શિથિલતા આવવા દેવી નહીં. શ્રીહરિ-શયજી તો ત્યાંસુધીની આજ્ઞા કરે છે કે-' કૌતુક ખાતર પણ જેનાથી ઇન્દ્રિયો તેના વિષય તરફ ખેંચાય, પરોપકારાદિધર્મો ખાતર પણ જેનાથી ઇન્દ્રિયો તેના વિષય તરફ ધસડાય, તેનાથી સર્વનાશ થવાની પૂરી શકયતા છે, માટે કોઈપણ સંયોગમાં ઇન્દ્રિયો ઉપરનો કાબૂ છોડવો નહીં. અન્તે એજ ઇચ્છું કે:-

[શાર્દૂલવિક્રીડિત].

સેવાતત્પર થૈ કથાપ્રિય થતાં, સત્સઙ્ગને શોધતા,
વ્યાપારો પર છોડતાં, પ્રભુ તણા ભાવે સ્વભાવેશતા
ને દૈન્યે પ્રિયતા કરી, અસત જે આલાપ, તેને ત્યજ્યે,
અત્યાર્તિ પ્રભુદર્શને ઝટ લહે, આચાર્યભક્તાશ્રયે.

ઇતિ શમ્ !

તા. ૧-૩-૩૭
મીઠાખળી-અમદાવાદ

વૈષ્ણવચરણરજોભિલાષી,
કેશવરામ કા. શાસ્ત્રી

શ્રી કૃષ્ણ

નિત્યલીલાસ્થ ગો.શ્રી૧૦૮ અનિરુદ્ધાચાર્યજીનું

જીવન ચરિત્ર.

જગતના ઇતિહાસમાં નોંધવા લાયક હજીએ ઘણું એવાં કુટુંબો હશે કે જેમણે સદીઓ સુધી સમાજ અને ધાર્મિક, સામાજીક કે રાજનૈતિક પુષ્ટિ સંપ્રદાય કાર્યોમાં મોટામાં મોટો ફાળો આપ્યો છે. ઇતિહાસના ચિત્રપટ ઉપર તેમનાં ચિત્રો અંકિત થયાં છે. પણ ઇતિહાસ-કારો હજી સુધી તેમને ઓળખતા નથી. એવું જ એક કુટુંબ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું છે. શ્રીવલ્લભવંશે ૪૫૦ વર્ષ સુધી સતત ધાર્મિક આંદોલનોમાં રસ રેડયો છે; ધાર્મિક મન્તવ્યોને સજીવ બનાવ્યાં છે અને વ્યવહારિક-ધાર્મિક તત્વો practioc religious principles) જગતને અર્પ્યાં છે.

શ્રી વલ્લભવંશે રજપુત રાજવંશોને પુષ્ટયતમ માર્ગે દોર્યા; મોગલ સલ્તનત સામે લડત ચલાવી, હિન્દુધર્મ પ્રત્યે માનની લાગણી પેદા કરી કાજીઓને ન્યાય તોળવાના આદેશો

અર્પ્યાં. બ્રાહ્મણોને ઉપનીષદ્–જુની વિચાર પરંપરા અપી નવાં તત્વો સમક્ષ માનની લાગણી ધરાવતા કર્યા. સન્માર્ગના રક્ષક વિદ્વાનોને નવી–સરખી, પણ જુનામાં જુની વિચાર સરણી તે આછે એમ વિદ્વદ્ભિઃ સર્વથા ધાન્યં તે હિ સન્માર્ગ-રક્ષકાઃ જોવો નીડરપણે ઠંઢેરો બહેર કર્યો અને વિદ્વેષ્ય હસ્તયુગ્મં પુરતો નિષાય કર્ણોને વિનવ્યા પણ ખરા.

સિકંદરલોદી અને કૃષ્ણદેવરાજ, અકબર અને મહારાણા પ્રતાપ, તેમજ વીર દુર્ગાવતી, જહાંગીર અને મહારાજા જોધાજી ઔરંગઝેબ ને બુંદેલખંડના નરકેસરી ચંપતરાય અને છત્રસાલ, એ સર્વ ઉપર સમાન રીતે પ્રતીકાની છાપ પાડનાર જો કોઈ એકજ વંશ સફલ નીવડયો હોય તો મારા એક શ્રી વલ્લભવંશજ છે. શ્રી વલ્લભવંશે આચાર્ય તરીકે ૪૫૦ વર્ષના ઇતિહાસમાં દરેક રીતે સફળતા મેળવી છે.

આચાર્ય એટલે ધાર્મિક તત્વોને સુવ્યવસ્થિતપણે જનતાને સ્વીકારવા લાયક કરી આપે તે. જે સમયની જરૂરીઆતને અંગે ધાર્મિક તત્વોના સ્વીકારમાં કે ધાર્મિક વ્યવહારના આચરણમાં અયોગ્યતા ઉભી થતી હોય અને તેનું કારણ સામાજીક, રાજનૈતિક કે ધાર્મિક ગમે તે હોય પણ તેની સામે વ્યવસ્થિત રીતે ઝુંબેશ ઉઠાવી તે સમયના સમાજની બુદ્ધિમાં ઠસાવી શકાય તે રીતે જુનામાં જુના પણ નિત્ય–અપરિવર્તનીય તત્વોનેજ નવી ભાષામાં રજુ

કરીને પણ લાઉડ કરી શકે, નહિ કે તે તે પરિસ્થીતિને શરણે થાય આનું નામજ ક્રાન્તિ-revolution કે સુધારો -reformation શ્રી વલ્લભવંશે અનેક વેળા તેવી ક્રાન્તિને અપનાવી છે, ઉપજાવી પણ છે, પણ મૂલે ફુઠારઃ જેવું કદીએ થવા દીધું નથી. એજ ક્રાન્તિકારનો અને ખરા સુધારકનો આદર્શ.

બીજી રીતે કહીએ તો જગતના ઇતિહાસમાં એવો એકેય વંશ નથી કે જેણે પોતાના સાહિત્યની સેવા ૪૫૦ વર્ષ સુધી અવિચ્છિન્નપણે કરી હોય.

જન્મ અને બાલ્યા જીવન

એવા પરમ પુનીત જગદ્વંદ્ય શ્રી વલ્લભાચાર્યજીના વંશમાં એ વંશની પ્રતાપિતા, પ્રગલ્ભતા, વિદ્વત્તા, દીર્ઘ-દર્શિતા, કાર્ય-કારિતાને ઉજ્જ્વલ કીર્તિને વિશેષ દીપાવી શકે તેવુ એક બાલક ભારતવર્ષના પશ્ચિમ છેડે બેટ-શંખોદ્ધારમાં સં. ૧૯૪૭ ના ભાદ્રપદ શુક્લ ૧૨ (વામન દ્વાદશી)ને દિને, જે સમયે ભગવાન ત્રિવિક્રમે વામનરૂપે ત્રણ લોકને માપી લીધા, અને આસુરી મહત્વા-કાંક્ષાને પાતાલમાં દાટી દીધી હતી, તેજ સમયે બ્રાહ્મણ વંશમાં આચાર્ય રૂપે પ્રકટ થયેલા વામનજી-જેમ ભગવાન ત્રિવિક્રમ ભાર્ગવની પટીયસી રાજનીતિથી નિરૂદ્ધ ન થતાં રાક્ષસી મહ-ત્વાકાંક્ષા નષ્ટ કરી શકયા-તેમ यथा नामा तथा गुणः ઉક્તિને સાર્થક બનાવતા શ્રીમદ્ અનિરૂદ્ધાચાર્યજી ગોસ્વામી શ્રી

શ્રીમુરલીધરજીને ત્યાં શ્રીકિશોરીજી માતુશ્રીની કુખે અકટયા. બાળપણશ્રીજ તેમની પ્રતાપિતા તરી આવતી હતી.

યજ્ઞોપવીત સંસ્કાર થયા, અને વિદ્યાધ્યનનો આરંભ થયો. તેવાજ અરસામાં નટપુરના પ્રતાપી

નટપુરમાં ગાદીનશીન

ગો. શ્રીબજરત્નલાલજીને ત્યાં કોઇ આત્મજ ન હોવાથી કોઇ પ્રતાપી ને ભાવિ વિદ્વાન ગોસ્વામી બાલકને ગોદ લેવાનો વિચાર કરી રહ્યા હતા. મહારાજશ્રીની ઇચ્છા શ્રી લાલમણીજીના વંશમાંથીજ ગોદ લેવાની હતી. દૃષ્ટિ ફેંકતાં ગો. શ્રીઅનિરૂદ્ધાચાર્યજીનું વરણ થયું. સાત વર્ષના આ બાળકને લેઇને નદીઆદના લેખિ આદિત્યરામે ભવિષ્ય ભાખ્યું કે આ બાલક ભવિષ્યમાં મહા પ્રતાપી નીવડશે, અને વૈષ્ણવ જનતાના ભાગ્ય વિધાતા આ સાત વર્ષના ગોસ્વામી બાલક બન્યા.

નદીઆદના મંદીરમાં ગોદ લેવામાં આવ્યા ને તિલક કરવામાં આવ્યું.

ત્યારબાદ આપશ્રી નદીઆદ બીરાજયા, ને શાસ્ત્ર રૂપાવલી આદિગ્રન્થોનું અધ્યયન કર્યું. વિદ્યાધ્યયનમાંથી નવરા પડે ત્યારે શારીરિક વ્યાયામ પણ

વિદ્યાભ્યાસ ને બાલક્રીડા

લેતા મલ-કુસ્તીનો આપને ઘણો શોખ હતો. વગર પલોટાયેલા (unbroken) ઘોડાને અંકુશમાં રાખવાની પણ તાલીમ આપે સારી લીધી હતી, જેનું પ્રદર્શન કશેરાને દિવસે ઘણીય વાર મેદાનમાં થતું હતું.

પ્રાજ્ઞશ્રી વિદ્યાધ્યયન સમયે અને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પછી પણ જે ગુરૂભક્તિ રાખવી જોઇએ તેનું સંપૂર્ણ પરિપાલન આપશ્રીએ કર્યું હતું. વિદ્યાધ્યયનમાં ઉપકારક વિદ્વાનો પૈકી પંડિત મથુરાંપ્રસાદ શાસ્ત્રી, પંડિત શીવશંકરજી, શાસ્ત્રી હરિશંકરજી, મોહનલાલ શાસ્ત્રી, દુર્લભજી શાસ્ત્રી, ગુજરાતી ભાષાનો ઐકડો ઘુંટાવનાર રણછોડદાસ બાપુજી શાહ, વિશ્રામ શાસ્ત્રી તથા પ્રા. મગનલાલ શાસ્ત્રી વિગેરેને બહુજ સારી રીતે સન્માનતા, એટલુજ નહિ પણ તં મગ્નલાદ્ય મનમા સ્મરામિ એવું મંગલાચરણમાં લખી ઈતર આચાર્યોને માર્ગદર્શક થતા

આપને સાહિત્ય વાચવાનો અને સંસ્કૃત ગ્રન્થો વાંચવાનો એટલો બધો શોખ હતો કે તેઓ જણાવતા કે "જો હું થોડીક કલાક વાંચું નહિ તો મહને કંઈ ગમેજ નહિ." જે સમયે કાદમ્બરીની પઠે રસપૂર્ણ, મલયંપુની પેઠે શ્લેષપૂર્ણ સંસ્કૃત વાક્યોનો વરસાદ વરસતો ત્યારે તે સાભળનાર જનતા ચિત્ર લેખિત અવસ્થા અનુભવતી. આપને સંસ્કૃત ભાષામાં ગદ્ય ને પદ્ય (કાવ્યો) સાભળવાનો ઘણો શોખ હતો. તેમના 'શુદ્ધાદ્વૈતમંજરી,' 'પ્રમેયરત્નાર્ણવ' તથા 'પુષ્ટિમાર્ગ લક્ષણાનિ ટીકા' વિગેરે નાના મોટા ગ્રન્થો આશરે ૪૦ હશે એમ ધારવામાં આવે છે; જેમા ઉપનિષદ્ ભાષ્યો જેવા વિદ્વત્તાપૂર્ણ ગ્રન્થોનો પણ સમાવેશ થાય છે.

સાહિત્ય રસિકતા

" સોળ વર્ષની નાની વયથીજ આ કળા આપને
વશ થઈ હતી. પ્રથમ વૈષ્ણવ પરિષદમાં આપને અધ્યક્ષ
ભાગ લેવાની ફરજ પડી, કારણકે
વકતૃત્વકળા આચાર્યોએ ભાષણ કરવાંજ - જોઈએ
એવું મન્તવ્ય રૂઢ થઈ ચૂકયું હતું. પ્રૉ.
મગનલાલ શાસ્ત્રી, શાસ્ત્રીજી બદરીનાથ વિગેરે સંપ્રદાયના
ધુરંધર વિદ્વાનોની તથા હજારો માણસની મેદની સમક્ષ
જરાપણ ક્ષોભ પામ્યા વિના "કેસરી" જેમ વાદળાંને અવાજ
કરતાં સાંભળીને ગર્જે તેમ આ 'શુદ્ધાદ્વૈત કેસરી"એ
સંમેલને માટે ચાલુગાર એવું પ્રવચન કર્યું. આપનો અભ્યાસ
પણ બહુ ન હતો પણ અતિલાલસાવન્ત યુવકને કંઈજ અગમ્ય
નથી હોતું. પ્રૉ. મગનલાલ શાસ્ત્રી એક બાલ આચાર્યની આ
વાણી સાંભળીને આનંદ પામ્યા, અને શ્રીમદ્ અનિરુદ્ધાચાર્ય
તરફ માનની લાગણીથી જોવા લાગ્યા.

તેવામાંજ આપની ઈચ્છા પ્રૉ. મગનલાલ પાસે અનુભાષ્ય
શીખવાની થઈ. આપના સંબંધીના વસવાટ દરમિયાન
શ્રી ગોકુલનાથજી, શ્રીદેવકીનંદનાચાર્યજી,
વિદ્વદ્પરિચય પંડિત બલભદ્રશર્મા, પંડિત સુદર્શના-
અને ઉપપદ પ્રદાન આર્યશ્રી વિગેરે ઘણા વિદ્વાનોનો પરિચય
થયો. ત્યારબાદ પટણા, કલકત્તા,
મુંબાઈ, આદિ ઘણાં સ્થળોએ વ્યાખ્યાનો કર્યાં હતાં જેના
પરિણામે આપ શુદ્ધાદ્વૈતકેસરી-શુદ્ધાદ્વૈતવાચસ્પતિ

–શુદ્ધાદ્વૈતસહસ્રાંશુ–વેદાન્તસુધાકર–વેદાન્ત વિદ્યા-લંકાર—પણ્ડિતમણ્ડલેશ્વર——પણ્ડિતેન્દ્ર—સર્વતન્ત્ર સ્વતંત્ર આદિ સુવર્ણ પદક સહિત ઉપપદોથી અલંકૃત થયા હતા.

સુરતમાં લાલભાષાના ઉપનયન સંસ્કાર સમયે શ્રીવ્રજરત્નલાલજીએ છપ્પન ભોગ કર્યો હતો. તે વખતે અનેક ગોસ્વામીબાલકો, ખુદ પ્રથમ મૂહના તિલકાયિત શ્રીગોવર્ધનલાલજી પધાર્યા હતા, શ્રીઅનિરુદ્ધાચાર્યજી પણ ઉપસ્થિત થયા હતા. તે વખતે સભામાં શ્રીગોવર્ધનલાલજી-એજ સરાહના કરી હતી કે "શ્રી અનિરુદ્ધલાલજી અમે તો તિલકાયિત છીએ પણ તમે તો "વિદ્યા તિલકાયિત" છો.

પ્રથમલગ્ન

પોતાના બાલ આચાર્ય પ્રત્યે સંપૂર્ણ માનભરી લાગણી દર્શાવવા નદપુરસ્થોએ મદ્રાસી વેવાઇને આમન્ત્યા. વિવાહ ખેલ રચાયો. મહાજનને બ્યવસ્થાનું બીડું ઝડપ્યું. ભાઉસાહેબ દેસાઈના પૌત્ર શ્રીયુત ગિરિધરદાસ મંગળદાસ ઉર્ફે ભાઉસાહેબને સર્વસત્તા સોંપવામાં આવી. અને શ્રીમહાલક્ષ્મી બહુજી સાથે સંવત ૧૯૬૪ના માગશીર્ષ શુકલ ૬ શર્મીના રોજ લગ્ન થયું. લગ્ન સમારંભ જોવો તો ઉજવાયો કે જાનો પ્રત્યક્ષ દર્શન કરનાર કો જાણ કે શ્રીકર્ષ હોત તો

મોટું કાવ્ય રચત, કુંટુંબમાં આવું ઉત્સાહભર્યું લગ્ન ન મૂતો
ન ભવિષ્યતિ એ ઉક્તિનો અનુભવ તે સમયે થયો જ હશે.
આ નવ પરિણિત યુગલ ઘણી રીતે સુખી હતું.

ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પછી ધન અને વહુના મોહપાશમાં એક લાંબા મહાનૂ આચાર્ય

સાંપ્રદાયિક પ્રવૃત્તિઓ

કુમાર્ગ ન પડે માટે સ્વાધ્યાયપ્રવચનાભ્યાં ન પ્રમદિતવ્યમ એ સંદેશ ગુરૂજનોએ પાઠવ્યો, અને સ્વીકાર્યો. ૬૨ એકાદશીએ પ્રવચનો આરંભાયાં. લલ્લુભાઈ પારેખ વિગેરે વૈષ્ણવોની સલાહ લઈ સં. ૧૯૬૫માં શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયની સ્થાપના કરી. શ્રીમાધવતીર્થ શંકરાચાર્યજી સાથે ઉભા થયેલા વિવાદમાં જાહેરમાં શાસ્ત્રની ચેલેંજ ફેંકવાની પહેલ કરી હોય તો પહેલું નામ શ્રી અનિરૂદ્રાચાર્યજીનુજ છે.

Man porposes and God disposes. સાંપ્રદાયિક પ્રવૃત્તિઓની રેખા અને ઉમેદ ઉપર પડદો પડ્યો. મનમા મનમાં તનનો તનમાંજ રહી ગઈ. આ સમયે રા. બા. લલ્લુભાઈ જેવા સાચા સલાહકારો જો મહારાજશ્રીને મળ્યા હોત તો જામનગરની જંજાળમાંથી અચિત મુક્ત રહેત.

જામનગરની જંજાળમાં ફસાયા પછી ઘણું ગૌરવ સંપાદન કર્યું. પણ કેટલાક સમય સુધી

નિષ્ક્રિયતા અને વિદ્યાભ્યાસ

નિષ્ક્રિયતા પ્રાપ્ત થઇ. ફલતઃ કાવ્ય-સાહિત્યનો વ્યાસંગ ઓછો થયો; પણ ન્યાયમિમાંસા, શાંકરવેદાન્ત, જૈન અને બૌદ્ધદર્શનોનો સારો અભ્યાસ કર્યો જેના પરિણામે મહારાજશ્રીએ એક અદ્વિતીય શુદ્ધાદ્વૈત દાર્શનીક વિદ્વાન્ તરીકે ખ્યાતિ મેળવી.

ગોપાલતાપિની ભાષ્ય અને નારાયણોપનિષદ્ભાષ્ય

મહારાજશ્રીના જન્મદિવસે આશીર્વાદ આપવાને જામ-નગરના મહામહોપાધ્યાય શાસ્ત્રી હાથીભાઇ પણ આવ્યા હતા. ત્યાં, 'શ્રીકૃષ્ણચન્દ્રાભ્યુદય નાટક'-ની ભેટ આપી. તેજ દિવસે સભામાં નાટકના નામ ઉપર વિવેચનો કર્યાં હતાં પણ 'નામ મોટું ને દર્શન ખોટું' એવું આ પુસ્તક હોવાથી મહારાજશ્રીએ પોતાની કલમ ઉપાડી. ગોપાલતાપિની ભાષ્ય રચી, સ્વસિદ્ધાંત પ્રતિપાદન કરીને ઇતર સિદ્ધાંતનું સચોટ ખંડન કર્યું. શૈલી પહેલાંના ભાષ્યકારોની જેમ રાખેલી હોવાથી ઇતિ ચેત ઇતિ કેચિત્નાં વચનોથી પૂર્વપક્ષો કરી સિદ્ધાંત પ્રતિપાદન કર્યો, મુદ્રણ પણ થઈ ચુકયું; જેની પ્રતિ શાસ્ત્રીજીને પણ મળી ચુકી હતી. ત્યાર બાદ નારાયણોપનિષદ્ભાષ્ય રચ્યું જે હજુ ય અમુદ્રિત છે.

તેમનાં પ્રથમ વહુજી જે ઘણાં સેવારસિક તથા સાહિત્ય રસિક તથા ભક્તિયુક્ત પરાયણ હતાં તે પાછળ કોઈ પણ અન્ન મૂકયા વિના લીલામવિષ્ટ થયાં. હૃાભમાં દુઃખ ઉભરાયું, પણ મહારાજશ્રી ઈશ્વરેચ્છાને જ આધિન થયા. આપશ્રીની લાયબ્રેરીમાં હસ્તલિખિત તથા મુદ્રિત ઘણાં પુસ્તકો હતાં, તે સર્વને આપશ્રીનાં વહુજીના સ્મરણ ચિહ્ન તરીકે એ શ્રીમતીજીના જ નિવાસસ્થાનમાં પ્રહ્લાદ મંદીર બોલી ત્યાં પધરાવ્યાં.

પ્રથમ વહુજીનો લીલા પ્રવેશ ને પ્રહ્લાદ મંદીર

કનિષ્ઠ ભ્રાતા આદિ સંબંધીઓના સમજાવવાથી આપશ્રીએ દ્વિતીય લગ્ન સં ૧૯૮૮ના કાર્તિક સુદી ૧૫ના રોજ શ્રીમહાલક્ષ્મીવહુજીની સાથે કર્યું. તે વખતે નડીઆદના વૈષ્ણવોએ એક સભા ભરી, જેમાં પરિણીત યુગલને પધરાવવામાં આવ્યું અને આપશ્રીએ ગોપાલતાપિની ઉપનિષદ્ દ્વારા શ્રીકૃષ્ણચંદ્રાજ્યુદય નાટકનું અંતન કરેલું હોવાથી મહારાજશ્રીને 'પણ્ડિતેન્દ્ર'ના ઉપપદ સાથે સુવર્ણપદક ઉપપદથી વિભૂષિત કર્યા.

દ્વિતીય વિવાહ અને ઉપપદ પ્રદાન

ગૃહવાસુરમાં મહાત્મા ગાંધીજી દ્વારા અછુતોના પ્રવેશ સંબંધે જ્યારે સત્યાગ્રહ શરૂ કરાવ્યો ત્યારે આપશ્રીએ એ પ્રવૃત્તિ ધર્મવિધ્વંસક હોવાથી સક્રિય ફાળો આપવાનાજ હેતુથી

સનાતનધર્મ પ્રવૃત્તિ તથા ઉપપદ પ્રદાન

પોતાના શાસ્ત્રી હરિશંકરજીને પાઠવ્યા હતા. નડીઆદમાં વર્ણાશ્રમ સ્વરાજ્ય સંઘની શાખા સ્થાપી. દિવાન બહાદુર ચીમનલાલ મહેતા; શેઠ શ્રીઝીણાભાઇ તથા લાઉસાહેબ તાતાસાહેબ બિજોરની સલાહથી બોડા છાલા વર્ણાશ્રમ સ્વરાજ્ય સંઘનું અધિવેશન ભર્યું, જેમાં આપશ્રીનેજ અધ્યક્ષસ્થાન સોંપવામાં આવ્યું હતું.

થોડા સમય પછી પૂ. ગો. શ્રીગોકુલનાયજીની અધ્યક્ષતાએ તથા આપની સ્વાગતાધ્યક્ષતાએ મુંબાઈ પ્રાન્તીય સંમેલન ભરવામાં આવ્યું હતું તે સમયે શ્રીગોકુલનાયજી ઉપરાંત ગો. શ્રીવલ્લભલાલજી મહારાજ, ગો. શ્રીરણછોડલાલજી મહારાજ, શ્રીશંકરાચાર્ય ભારતીકૃષ્ણતીર્થજી, શ્રીજયેન્દ્રપુરીજી, શ્રીરામાનુજમતાનુયાયી શ્રીદિવનાયકાચાર્યજી પણ પધાર્યા હતા. શ્રી અનિરૂદ્ધાચાર્યજીનું સ્વાગતનું અને ઉપસંહારનું સંસ્કૃત ભાષામાં લલિત વ્યાખ્યાન સાંભળીને મહારાજશ્રીના પાંડિત્યથી આકર્ષાઈ શ્રીશંકરાચાર્યજી શ્રી ભારતીકૃષ્ણતીર્થજીએ આપને કુંકુમ તિલક કરી, પુષ્પમાલા કંઠમાં આરોપી અને 'सर्वतन्त्र स्वतन्त्र'ના ઉપપદથી વિભૂષિત કર્યા. નોંધવા જેવી વસ્તુ એ છે કે શ્રીકૃષ્ણદેવરાજની સભામાં શ્રીમદ્વલ્લભાચાર્યજીને સર્વ આચાર્ય સમક્ષ 'મહાપ્રભુ' ઉપપદથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. ત્યારપછી આ બીજીજ ઘટના છે કે સર્વ આચાર્યોની સમક્ષ આપશ્રીને આ પદવી અર્પણ કરવામાં આવી છે.

સંવત ૧૯૯૨માં શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયનો રજત મહોત્સવ ઉજવાયો, સાતેય દિવસનું પ્રમુખસ્થાન સ્વીકારી વૈષ્ણવોને તથા બહારગામના આવેલા વૈષ્ણવોને ઉપદેશનો લાભ આપ્યો હતો.

રજત પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયનો મહોત્સવ

આપશ્રી આશ્રય લેનારને સારા આશ્રયી, દૃઢ નિશ્ચયી અને શ્રીબાલકૃષ્ણોપાસક આશ્રયી હતા. મુખ જોઈલું જ બોલતા. ભગવન્નામનો જપ સર્વથા ચાલુ જ રહેતો, સાહિત્ય વાંચવાનો એટલો બધો શોખ હતો કે પોતે ઘણીય વાર જાહેર કરતા કે જે 'દિવસે હું વાંચું નહિ તે દિવસ મારે માટે દુર્દિન સમજવો.' આમ નીતિજ્ઞ (Political) હતા ને કહેતા કે 'લોકોને Politics શીખવા માટે ઘણીય મહેનત પડે છે. પણ હું તો પૈસાના લોભે Politics શીખ્યો હતું.' વાર્તાલાપમાં સ્વસંપ્રદાયનું ગોપન કરતા. ચોગ્ય સ્થળે વિવેકી અને મળતાવડા હતા. આપનો ખોરાક બહુજ સાદો ને પહેરવેશ પણ તેવોજ હતો. અને આપશ્રી પૈસા કરતાં પ્રભુ સેવાને વધારે પ્રાધાન્યતા આપતા તથા શાસ્ત્ર મર્યાદાએ રહી પોતાના દિવસો નિર્ગમન કરતા.

સ્વભાવ ને સાદું જીવન

આપશ્રી જામનગર પધાર્યા. કોણ જાણતું હતું કે આચાર્યશ્રી હવે નશ્વરના વૈષ્ણવોથી

શ્રીલનો પ્રવેશ આત્મૌતિક દૃષ્ટિએ ઈશ્વરને માટે વિદાય

થાય છે. કેટલેાક વખત માંદગી ભોગવ્યા બાદ એક નિ.સંતાન વિધવા વહુજીને મૂકીને સંવત ૧૯૯૨ના માગશર વદ ૭ ને દિવસે લીલાપ્રવેશ કર્યો સાપ્રદાયિક ભાવનાએ આધિદૈવિક દૃષ્ટિથી આપણી વચ્ચેજ બીરાજે છે; પણ આપણા દૈવદુર્વિ-પાકને લીધેજ પ્રકટ દર્શન આપતા નથી.

પૂ. પા. મહારાજશ્રીએ વૈષ્ણવેાના લાભાર્થે જે સંસ્કૃત ગ્રન્થેા લખ્યા છે તેનું મુદ્રણ કરાવી શકાય તેાજ આપણે તેમના પાંડિત્યની ચેાગ્ય કદર તથા યત્કિંચિત સેવા કરી શકયા છીએ એમ મનાય.

પુસ્તક કેમ છપાયું ?

न हि कश्चित क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत એ શ્રીમદ્-ભગવદ્ગીતાકારના સિદ્ધાન્તજ અનુસરીને આ પ્રવૃત્તિ આરંભાયેલી છે એમ કહીએ તોપણ અતિશયોક્તિ નથીજ. સારા કર્મોમાં અને નિષ્કામ કર્મોમાં આ ચીજના થાય તો કર્મ બન્ધનમાંથી પણ મુક્ત થવાય એ પણ સિદ્ધાન્ત આ ગ્રન્થ છપાવવામાં જળવાય છે.

શ્રીપુષ્ટિમાર્ગીય. પુસ્તકાલયના આદ્ય સંસ્થાપક અને વૈષ્ણવોને તથા ઇતર જનતાને પોતાની વિદ્વત્તાથી આકર્ષી નડીઆદમાં અખંડ જ્યોત પ્રકટ કરી હોય તો શ્રીમદ્ અનિરુદ્ધાચાર્યજી મહારાજશ્રીજ હતા. તેનો પ્રકાશ દૂર સુધી સંપૂર્ણ પહોંચે તે પહેલાં તો તે જ્યોત લક્ષ્ન બુઝાઈ ગઈ તે એટલે સુધી કે પોતાની પાછળ કોઈ પ્રજા પણ નથી. છેલ્લા દશકાથી નડીઆદમાં તેમની પ્રવૃત્તિ પ્રશંસનીય હતી. આપશ્રીએ પોતાના જાહેર પ્રવચનમાં એમ જણાવેલું કે "શ્રીહરિરાયજીના શિક્ષાપત્રો, તથા તેમના નાના પણ તત્વ ગ્રન્થોના ઉપર ઘણું લખાયું બોલાયું છે" આ વિચારોનાં બી વાવ્યાં પણ તે અંકુરિત ન થયાં તેવામાં અરસામાં આપે નિત્યલીલા પ્રવેશ કર્યો. આપના તરફની નટપુરના પુસ્તકાલયના વ્યવસ્થાપકોની પૂજ્ય બુદ્ધિને લીધે કંઈ સેવા થાય એ ઉમેદ હતી, પણ દ્રવ્ય સંકોચને લીધે તે વસ્તુને અમલમાં મૂકવાને હિંમત ચાલતી ન હતી.

ઉપકાર સ્મરણ

શ્રી હરિરાયજીના ગ્રન્થોને માટે ઉપરોકત તમન્ના ભ. માતશ્રી પારેખ મંગળદાસ ખીમચંદને તથા ખેડાના શાસ્ત્રી શ્રીયુત બ્રજવલ્લભ શર્માને પણ હતી. પુસ્તકાલય દ્રવ્ય મળે તેનીજ રાહ જોતુ હતું. ચિન્તિત વિષયમાં તે બન્નેના અતુલ ઉત્સાહે અને સહાયે આ પ્રવૃત્તિને અતિશય વેગ આપ્યો છે. તે તેમની ઇચ્છા વિરૂદ્ધ પણ જણાવવું પડે છે, કાર્યની શરૂઆત થઇ અનુવાદ કરવાને માટે પણ સેવાભાવનાની દ્રષ્ટિએ પેઢીગત વૈષ્ણવ માંગરોળ નિવાસી કેશવરામ શાસ્ત્રીએ સરળ અનુવાદ કરી આપવાને બીડું ઝડપ્યું. દ્રવ્યનો હિસાબગણી અમે ૩૦૦ પૃષ્ઠ આપવા માટે જાહેર કર્યું હતું, પણ વૈષ્ણવોએ અણીને વખતે નીચે પ્રમાણે આર્થિક સાહાય્ય કરી કે જેના પરિણામે કંઈક વધુ પાનાં આપી શકયા છીએ જેથી વૈષ્ણવો તે સર્વના ઋણી છે.

આર્થિક સહાય આપનારનાં નામ

૧ શે. વા. જેકીશનદાસ કામોદરદાસ ગાંધી ૧૨૫-૦-૦
નવસારી,ના સ્મરણાર્થે હા. જગમોહન-
દાસ કામોદરદાસ ગાંધી.

૨ હરજીવનદાસ પુરૂષોત્તમદાસ ટ્રસ્ટના ૧૦૦-૦-૦
ટ્રસ્ટીઓ ભ. મોતીલાલ ગોવીંદલાલ
તથા ભ. માણેકલાલ મણીલાલ અમદાવાદ

૩	શે। વા. બાપુજીભાઈ વિઠ્ઠલદાસ ઊમરેઠ,ના સ્મરણાર્થે હા. પટેલ ચુનીલાલ ગોકળદાસ	૫૧–૦–૦
૪	લ. ચંદુલાલ ત્રીભોવનદાસ બાસુદીવાળા નડીઆદ.	૫૧–૦–૦
૫	ગો. વા. વિઠ્ઠલદાસ છગનલાલ ઘોડાના દીકરી લ. મોહનલાલ લલ્લુભાઈ ઘોડા	૫૦–૦–૦
૬	લ. જમનાદાસ લલ્લુભાઈ દેસાઈ અમદાવાદ.	૨૫–૦–૦
૭	ખેડાના એક વૈષ્ણવ	૨૫–૦–૦
૮	લ. ભાઈલાલભાઈ સાંકળચંદ નડીઆદ	૨૫–૦–૦
૯	લ. કેશવલાલ ગીરધરદાસ દાલ્ટી ,,	૨૫–૦–૦
૧૦	લ. મણીલાલ છગનલાલ શાહ. ,,	૨૫–૦–૦
૧૧	લ. વિઠ્ઠલદાસ મોતીચંદ માંગરોળ	૫–૦–૦
૧૨	લ. નાથાભાઇ હરિભાઇ બરાંટી	૪–૦–૦
		૫૧૧–૦–૦

પ્રસ્તુત ગ્રન્થોના અનુવાદોમાં જે અનુવાદો છુટક માસિક વિગેરેમાં છપાયા હતા તે અનુવાદોને પણ એકત્રિત કર્યા છે. વળી બીજા સ્વતંત્ર અનુવાદો પણ આપ્યા છે. બીજા ભાગના સાહિત્ય માટે તૃતીયગૃહ પીઠાધીશ્વર ગો. શ્રીવ્રજભૂષણલાલજીમહારાજ તથા શ્રીગટ્ટુલાલજી સંસ્થા-દ્વારા શ્રીયુત્ ધીરૂભાઇ વિગેરેએ જે સાથ ને ઉત્સાહ આપ્યો

છે: તે અત્યંત અપકારદાયક ને સ્તુત્ય છે. એ સર્વે ગોસ્વામી મહારાજશ્રીઓ તથા વિદ્વાન્ ગ્રેજ્યુએટો તથા શાસ્ત્રીઓ, મંગળદાસ પારેખ, કમીટીના મેમ્બરો તથા હરિશંકર શાસ્ત્રી વિગેરેનો સહૃદય આભાર માનું છું.

જેટલું સાહિત્ય અમારી પાસે એકત્રિત છે તે સર્વનો અનુવાદ આપતાં ગ્રન્થનું કદ બહુજ વધી જવાની ભીતિ લાગવાથી તથા એક સામટું દ્રવ્યનું રોકાણ નહિ કરવાની ઇચ્છાથી આ ગ્રન્થ ફક્ત ૫૫ ગ્રન્થનો અનુવાદ આપી સમાપ્ત કર્યો છે. પણ જો આ ગ્રન્થના અનુવાદનો શિઘ્ર આદર થશે તથા કોઇ ઉદાર ગૃહસ્થ સેવા ભાવનાએ દ્રવ્યમાં સહાય્ય કરશે તો બીજો ભાગ પણ બહાર પાડવામાં વ્યવસ્થાપકો પાછી પાની નહીજ કરે એમ હું ખાત્રી આપું છું.

શ્રીયુત કેશવરામ શાસ્ત્રીએ અનુવાદ કરવાનું બીડું ઝડપ્યું ન હોત તો દ્રવ્ય એકલથી અમે આ ગ્રન્થ બહાર પાડી શકત નહિ. તેમની અનેકવિધ પ્રવૃત્તિઓમાંથી ફાજલ સમય પાડીને પણ અનુવાદ ઉપરાંત પ્રૂફ સંશોધન વિગેરે-નું જે કાર્ય કર્યું છે તે સર્વને આધારેજ અમે ઝડપથીજ કામ પતાવી શકયા અત એવ વૈષ્ણવો તેમજ પુસ્તકાલયના વ્યવસ્થાપકો તેમના ઋણી છે. પ્રભુ તેમને આવી નિષ્કામ સેવા કરવાને વધુ અનુકુળતા પ્રાપ્ત કરી આપે અને તેમને ત્રિવિધ દુઃખથી મુકત રાખે એ પ્રભુ પ્રતિ અભ્યર્થના.

અંતમાં જેમણે અમને કંઇપણ સહાય્ય કરી છે તે સર્વનો આભાર માનવાની તક લઉં છું.

ગ્રન્થને બહાર પાડવામાં જાહેરાત પ્રમાણે અમે કંઈક મોડા પડયા છીએ, તેનું કારણ પ્રેસ વિગેરેની અનિયમિતતા છે તે માટે હું કર જુગલ જોડી વૈષ્ણવોની ક્ષમા માગું છું. તે ઉપરાંત જે કંઈ ભૂલ માલુમ પડે તેને વાંચકો સુધારી લેશે અને જો અમને જણાવશે તો બીજી આવૃત્તિમાં સુધારો કરવા પ્રયત્ન કરીશું. અંતમાં જે કંઈ સેવા આપ સર્વના ચરણમાં રજુ કરૂં છું તે શ્રીબાલકૃષ્ણ પ્રભુની કૃપાથી છે અત એવ એઓશ્રીના ચરણોમાં શીર ઝુકાવી વિરમું છું.

પોલીટાણા,
સં. ૧૯૯૩

રતિલાલ મોહનલાલ દોશી
મન્ત્રી,
શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય,
પાલીતાણા.

શ્રી કૃષ્ણઃ શરણં મમ । શ્રીવલ્લભાય નમઃ ।

પુષ્ટિમાર્ગીય સસ્તુ સાહિત્ય.

વૈષ્ણવોને માટે સોનેરી તક !

લગભગ પાંતર કિંમતે આજેજ ખરીદો.

શ્રીમદ્વલ્લભાચાર્યજી પ્રણીત

ત્રિવિધ નામાવલી.

બાલલીલા પ્રથમ ભાગ. કિં. ૦-૨-૩
પ્રૌઢલીલા દ્વિતીય ભાગ કિં ૦-૨-૦
રાજલીલા તૃતીય ભાગ કિં. ૦-૨-૦

પોસ્ટેજ અલગ. પચીસ પુસ્તક ખરીદનારને પચીસ ટકા કમીશન આપવામા આવશે,

—: અનુવાદક અને પ્રકાશક :—

ચીમનલાલ કીશોરદાસ શાહ બી. એસ. સી.
બી. એ એલ. એલ. બી. પાડાપોલ; નડીઆદ.

(પૂ. પા. ગો. બાલકો તથા સાંપ્રદાયિક વિદ્વાનો તથા ગુજરાતના પ્રસિદ્ધ પત્રકારોના અભિપ્રાયથી પરિપૂર્ણ)

ઘણિક વૈષ્ણવ બન્ધુઓને પણ આ કાર્યમાં મદદ કરવા ખાસ વિજ્ઞપ્તિ છે. જો કોઇ બન્ધુ પચીસ રૂપીઆની મદદ કરશે તો કિંમતમા ૦-૦-૬ છટ્ટાકી રૂપામાં આવશે. પોતાના પૈસા કેટલાય અન્યમાર્ગે વ્યય કરતા હશે, તો તેમને લાવ આ એક ઉત્તમ તક આવી પહોંચી છે. માટે તેનો લાભ લેવા ભૂલવું નહિ વધુ માટે લખો યા મળો.

ચીમનલાલ કીશોરદાસ શાહ.
પાડાપોલ, નડીઆદ.

સાંપ્રદાયિક પુસ્તકો અરીદ્દશો ક્યાંથી ?

તેના માટે સર્વોત્તમ સ્થાન

એક જ

શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય

નડીઆદ.

પુ. સંપ્રદાયિક, જુનાં તેમજ નવાં, સંસ્કૃત, ગુજ વિ. સર્વ પુસ્તકો અમારે ત્યાંથી મળશે.

મંત્રી

શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય; નડીઆદ

ના. કુ—નામ સેવાના ભાવિક વૈષ્ણવ બંધુઓને બાયણેરી અનેક મદદ આપી પ્રકાશન કાર્ય કુનેહ પ્રમાણીકપણે સરસ કરી આપવા તૈયાર છે.

ग्रन्थांक	ग्रन्थ	पृष्ठ
१८	स्वमार्गरहस्यनिरूपणम्	१८४
१९	मधुराष्टकतात्पर्यम्	१८७
२०	सर्वात्मभावनिरूपणम्	१९०
२१	निवेदनतात्पर्यार्थः	१९६
२२	स्वमार्गमूलनिरूपणम्	१७०
२३	मलरूपसंज्ञानिराकरणम्	१७७
२४	श्रीमत्प्रभुप्राकट्यहेतुनिर्णयः	१८०
२५	श्रीपुरुषोत्तमस्वरूपाविर्भावनिर्णयः	१८३
२६	स्वमार्गीयभावनास्वरूपनिरूपणम्	१९२
२७	स्वरूपनारतम्यनिर्णयः	२०४
२८	अन्तरङ्गबहिरङ्गमपञ्चविवेकः	२१३
२९	भावसाधकबाधकनिरूपणम्	२१७
३०	श्रीकृष्णशब्दार्थनिरूपणम्	२२०
३१	श्रीमत्प्रभोः सर्वान्तरत्वनिरूपणम्	२३०
३२	श्रीमत्प्रभोः प्रादुर्भावप्रकारनिरूपणम्	२३८
३३	भगवत्प्रादुर्भावमिश्रान्तः	२४६
३४	प्रभुप्रादुर्भावविचारः	२५३
३५	प्रभुप्राकट्यविचारः	२७४
३६	श्रीमत्प्रभोर्वंशयोनिरूपणम्	२८६

श्रीकृष्णाय नमः॥

श्रीगोपीजनवल्लभाय नमः॥

श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः॥

श्रीहरिधनमहाप्रभुचरणकमलेभ्यो नमः॥

१. अथ मार्गस्वरूपनिर्णयः।

स्वमार्गः सर्वथा ज्ञेयः सर्वेभ्योऽतिविलक्षणः।
तत्स्वरूपं तु दुर्ज्ञेयं स्वसामर्थ्येन सर्वथा ॥१॥

બીજા બધા માર્ગો કરતાં અતિ વિલક્ષણ પ્રકારનું જેનું લક્ષણ છે, તેવા આપણા પુષ્ટિમાર્ગ-શુદ્ધાદ્વૈત ભક્તિમાર્ગનું દરેક રીતે જ્ઞાન મેળવવું જોઇયે. (જીવ એમ ધારતો હોય કે હું મારા સામર્થ્યથી આ માર્ગના સ્વરૂપનું જ્ઞાન મેળવી લઇશ તો તે ભૂલભરેલુ છે:) આ માર્ગના સ્વરૂપનું પોતાના સામર્થ્યથી દરેક રીતે જ્ઞાન મેળવવું તો અત્યન્ત મુશ્કેલ છે. ૧.

इति चिन्ताकृपायुक्तः कृष्णः स्वाहर्यं चकार ह।
प्रकटं सर्वसामर्थ्यमहितं विधिवद् भुवि ॥२॥

-(જીવ પોતાના સામર્થ્યથી માર્ગજ્ઞાન મેળવી શકે તેમ નથી તેવા પ્રકારની ચિન્તાને લીધે પરમકૃપાયુક્ત પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીએ

આ પૃથ્વીના તલ ઉપર બધાજ પ્રકારના સામર્થ્યને ધરાવતા પોતાના મુખારવિન્દ (ના અવતાર રૂપ શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજી) ને વિધિ-પૂર્વક પ્રાકટ્ય આપ્યું. ૨.

"रसो वै सः" इति श्रुत्या कृष्णो भावात्मको मतः।
तया तदास्यं मन्तव्यं भक्तानुभयतोऽनुगैः ॥३॥

"रसो वै सः" તે પ્રભુ જેવા રસાત્મક છે એ શ્રુતિવાક્ય મુજબ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજી ભાવાત્મક છે; તેજ પ્રમાણે શ્રીમહાપ્રભુજી ના અનુયાયી વૈષ્ણવો શ્રીકૃષ્ણચન્દ્રજીના મુખારવિન્દ (ના અવતારરૂપ ભગવાન શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજી) ને ભાવાત્મક માનજો, સમજો કે આપશ્રીના ભક્તોને તેવા આચાર્યશ્રીના ભાવાત્મક સ્વરૂપનો અનુભવ થયેલોજ છે. ૩.

तेन भावात्मको मार्गः सर्वोऽपि प्रकटीकृतः ॥

તે આ શ્રીમહાપ્રભુજીએ આ ભાવાત્મક સમગ્ર ભક્તિમાર્ગને પ્રકટ કર્યો છે- (આવા સ્વરૂપવાળા ભક્તિમાર્ગનો પ્રકાશ શ્રીમહા-પ્રભુજીથીજ છે. તે પૂર્વે ભક્તિમાર્ગ ભૂતલ ઉપર હતો, પરન્તુ જે સ્પષ્ટ સ્વરૂપવાળો ભક્તિમાર્ગ જોઇયે, તેવો તો નજ હતો.)-પ્રકટ હતો તેને પ્રાકટ્ય આપ્યું. ૪.

मुख्यो हि ब्रह्मसम्बन्धः, स भावात्मक एव हि ॥५॥

આ માર્ગમાં પ્રથમ જેનો બ્રહ્મસમ્બન્ધ =શ્રુતિમાં જેને પરમાત્મા, શ્રીમદ્ ભાગવતમાં જેને ભગવાન અને શ્રુતિ-વેદમાં જેને બ્રહ્મ કહેવામાં આવે છે, તે પરમકૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્ર પરબ્રહ્મ સાથેનો

સમ્બન્ધે (– આ માર્ગમાં નામકરણ દીયાદ્વારા શરણનો આરંભ થયા પછી માર્ગદીક્ષાના સ્વરૂપમાંગુરુદ્વારા જે કરાવવામાં આવે છે, તે ગુરોદ્વારના દ્વારમૂત રહેલો સમ્બન્ધ) તે ભાવાત્મકજ છે. (શા માટે ભાવાત્મક ?) ૪.

भार्यो यिवाहतो नार्या यथा स्वपुरुषे भवेत्।
तथा मम पतिः कृष्ण इति सम्बन्धतोऽत्र हि ॥५॥

જે પ્રમાણે વિવાહ થતાં નારીને પોતાના પુરુષમાં ભાવ થાય છે તેજ પ્રમાણે આવી તેવા પ્રકારના સમ્બન્ધને લીધે શ્રીકૃષ્ણચન્દ્રજી મારા સ્વામી છે –(કૃ તેનો દાસ છું)'–એવો ભાવ બને છે. ૫.

यथा स्वभर्तृसम्बन्धे तस्या निर्दुष्टता तथा ।
भगवद्भावसम्बन्धे देहस्वात्मयतामिह ॥६॥

જે પ્રમાણે પોતાના ભર્તારની સાથેના સમ્બન્ધમાં પત્નીને નિર્દોષપણું છે, તેજ પ્રમાણે પ્રભુ સાથેના ભાવાત્મક આ પ્રેમ-સમ્બન્ધમાં દેહ- ધનાદિમાં જેને અહમ્બુદ્ધિ છે. તેવા જીવોને (પણ) નિર્દોષપણું છે,

" चाण्डाली चेद्राजपत्नी"त्यादिना प्रभुणोदितम ।

---

*'અહી' મૂલમાં **देहास्त्या** વગેરે પાઠ છે, તેનો હ્રાસમાં ન જોતાં દેહ-ધન-આત્મામાં મમતા રાખનારને પણ પ્રેમસમ્બન્ધથી નિર્દોષપણું પ્રાપ્ત થાય છે એવો સ્પષ્ટ આશય છે.

पूर्वदोषोक्तत्वा नैव सम्बन्धः प्रतिबन्धकः ।७॥

'આપણાથી ગરીબણી બની હોય અને વળી રાજાએ તેને માનીતી કરી હોય; તેમ છતાં કોઈવાર રાજા તેનું અપમાન કરે એટલે કે કદાચ તેનો ત્યાગ પણ કરે તો તેથી તેના આપણાપણાનો શું જવાનું?" —એ પ્રલોભન વડે શ્રીમદ્પ્રભુજીએ ખુલાસો કર્યો છે. આ રીતે પૂર્વ સ્થિતિમાં કોઈ પણ દોષ હોય તોપણ [ગરજ જેમ આપણાથી પણ ગરજી બનાવી શકે છે; આપણાથી સાથે સમ્બન્ધ રાખી શકે છે, તેમ] તે + સમ્બન્ધમાં — પ્રભુ સાથેના સમ્બન્ધમાં કોઈપણ પ્રતિબન્ધ કરનાર થઈ શકતો નથી. ૭.

तस्या ययान्यसम्बन्धे तदनुच्छिष्टभक्षणे ।
स्वस्यामिभुक्ततदाने च स्वदेहादन्ययोगतः ।
महान् दोषस्तथाप्रापि मन्तव्यं भगवज्जनैः ॥८३॥

તે સ્ત્રીને જે પ્રમાણે અન્ય કોઇ સાથે સમ્બન્ધ બાંધતાં પતિનું ઉચ્છિષ્ટ-ન ખાનાં પોતાના સ્વામીને પોતાનું આપેલું દેતાં

+મૂળમાં અહીં सम्बन्ध. એમ પ્રથમા વિભક્તિ છે; પ્રથમા કરતા સમજી વિભક્તિ હોવા વધુ સમ્ભવ છે; કેમકે કોઈ સમ્બન્ધ બાધક હોઇ ન શકે બાધકના અર્થે એવી વસ્તુ હોય તો તે પૂર્વદોષ હોઇ શકે.

* અહીં મૂળમાં तस्यांय धन्यसम्बन्धे એવો પાઠ છે. तस्य નરજાતિના સર્વનામની અગર નથી, અહીં વાત નારીની છે એટલે तस्याः જોઈયે. अय કોણ? સ્ત્રીને પતિના આત્મસમ્બન્ધમાં કોણ ગણે? પતિને આપવાના પદાર્થ પત્ની બાદબાકીએ તો કોણ થાય;

અને પોતાના દેહથી અન્ય પુરૂષનો (અયોગ્ય) યોગ થતાં અજ્ઞાન દોષ ઉત્પન્ન થાય છે, તેજ પ્રમાણે આ સ્થળે પણ (સ્વસમર્પણ થયા બાદ અન્ય કોઇ દેવ સાથે સમ્બન્ધ થતાં, પ્રભુ-પ્રસાદી ન લેતાં પ્રભુને પોતાનું અર્પણ આપેલું-ભોગવેલું સમર્પિત કરતાં અને હૃદયથી અન્ય દેવની આરાધના ચાલુ રાખતાં) અજ્ઞાન દોષ ઉત્પન્ન થાય છે. તેવું ભગવદીયોયે જાણવું ૮૯.

यथा मध्यस्थिताभिः सार्पयत्यात्मानमुत्तमम् ।
तथा सम्बन्धिभिः कृत्वा सर्ववस्तु समर्पयेत्॥९३॥

જે પ્રમાણે મધ્યે રહેલી (દૂતી)યોથી શ્રી પોતાના ઉત્તમ આત્માનું પતિને સમર્પણ કરે છે, તેજ પ્રમાણે સમ્બન્ધી જન-દ્વારા બધી વસ્તુ તૈયારી કરાવી પ્રભુને સમર્પણ કરવુ. ૯૩.

स्वानन्यतानुसम्बन्धाभावे बाधक इष्यते ॥१०॥

પોતાનુ પ્રભુમા જે અનન્યપણુ, તે અનન્યપણાના સંબન્ધની સ્થિતિજ ન હોય તો તે (આત્મસમર્પણાદિકમા) પ્રતિબન્ધક થઈ પડે છે. ૧૦.

यथा सम्बन्धिभिः साकं स्वपतिव्रत्यरक्षणम् ।

પણ તો યનો મેળ કેમ મેળવવો? એટલેજ સમ્ભવ છે કે तस्यां **यथान्यसम्बन्धे** એવો પાઠ હોય **अन्ययोगात** થી **अन्यसम्बन्धः** પુનરુક્ત થાય છે, તેમ માનવાનું નથી. સમ્બન્ધ અને યોગ બી વસ્તુ છે. સમ્બન્ધ=પરપુરૂષ સાથે વાતચીત કરવી યોગ પરપુરૂષ સાથે પત્નીત્વે વર્તન

तथात्र ब्रह्मसम्बन्धचिन्तनं तादृशैर्जनैः ॥११॥

જે પ્રમાણે સગાંવ્હાલાંઓની મદદથી સ્ત્રી પોતાના પતિવ્રત-પણાનું રક્ષણ કરે છે, તેજ પ્રમાણે જીવે તાદશી જનોની સાથે રહી (તેઓની મદદથી) બ્રહ્મસમ્બન્ધનો (તે દૃઢ ન જાય તેનું ખાસ ધ્યાન રાખવા) વિચાર કર્યા કરવો. ૧૧.

अतस्तत्रैव हि स्थेयं यत्र तत्सङ्गसम्भव. ।
ते दुर्लभाः खलु कलौ, तान् परामृश्य संवसेत् ॥१२॥

આથી ત્યાંજ રહેવું કે જ્યાં તેના તાદશી ભગવદીયોના સંગની સમ્ભાવના હોય આવા તાદશી ભગવદીયો કલિકાળમાં દુર્લભ છે. તેઓની બરોબર પરીક્ષા કરી પછી તેવાઓનો સમાગ કરતા રહેવું (શ્રીહરિરાયજીએ દુઃસંગનિવારનિરૂપણ-ગ્રન્થમાં વર્ણવેલા અને ભગવદીયોનું તારતમ્ય નિરૂપ્યું છે; તેનું અનુસંધાન કરવું.) ૧૨.

"अतः स्थेयं हरिस्थाने" इति प्रभुवचः स्फुटम् ।
यतो भावः सुसंरक्ष्यो, वर्धनीयश्च सर्वथा ॥१३॥

શ્રીમહાપ્રભુજીનું (ભક્તિવર્ધિનીમાં) "-આથી કરી જે પ્રમાણે ચિત્ત દુષિત ન થાય.....તે રીતે હરિભગવાનના સ્થાનમાં રહેવું", -એ સ્ફુટ વચન છે; કારણકે દરેક રીતે ભાવનું સારી રીતે રક્ષણ કરવાનું છે અને તેને વધારતાં જવાનો છે. ૧૩.

सबीजभावो यत्नैर्व्यावृत्तिरदिने. सदा ।

प्रेमासक्तिव्यसनतां लभते भजनक्रमात् ॥१४॥

(ભક્તિચન્દ્રિકામાં શ્રીમહાપ્રભુજીએ)પ્રીત્યભાવ દૃઢ કરવાનો ક્રમ બતાવી અસત દશા સુધીનો જે ક્રમ બતાવ્યો છે, તેજ પ્રમાણે રૂચિરૂપી બીજ સહિત થયેલો ભાવ દુન્યવી ધાંધલોની જેમાં અસર નથી તેવાં વચનોયે કરી ભજનના ક્રમે પ્રેમ આસક્તિ અને વ્યસનની દશાને મેળવે છે. ૧૪. (સામાન્ય વાંચકોને આ વિષય સમઝવો હોય તો ભક્તકવિ દયારામભાઇનુ ભક્તિપોષણ અદ્ધી વધુ ઉપયોગી થઇ પડશે અથવા શાસ્ત્રીજી ચીમનલાલ હરિશંકરે રચેલ પુષ્ટિમાર્ગોપદેશિકાના બીજા ભાગમાં તો આ વિષય ઉપરના પાઠ તેના કરતાંયે વધુ ઉપયોગી થઇ પડશે.)

तदर्थं सेवना प्रोक्ता, सापि भावात्मिका पुनः ।
तत्प्राप्यफलरूपोऽपि प्रभुर्भावात्मको मतः ॥१५॥
तल्लीलापि तथाभूता मन्तव्या रसकोविदैः ॥१५½॥

તે બીજભાવને દૃઢ કરવા માટે સેવા નિર્દેશવામાં આવી છે. આ સેવા પણ વળી ભાવરૂપજ છે આ ભાવાત્મક સેવાના ફલરૂપે રહેલા એવા પ્રભુ પણ ભાવાત્મકજ છે. તે પ્રભૂની લીલાને પણ રસિક જનોયે-(રસશાસ્ત્રની મર્યાદા જાણનારા ભક્તોયે)-તેવાજ પ્રકારની ભાવરૂપ જાણવી. ૧૫½,

तस्माद्यदेव स्वाचार्यैश्चरणैकप्रकाशितम् ॥१६॥
भावात्मकं हि ग्रहीतव्यं विद्वद्भिरिह सर्वथा ।
यथा मूलं ततो जातं कार्यं चापि तथा भवेत् ॥१७॥

તેથી કરીને આપણા આચાર્યચરણોએ શ્રીમદ્પ્રભુજીએ જે કોઇ પ્રકાશિત કર્યું છે. તેને અહીં દરેક રીતે વિદ્વાનોએ; ભાવરૂપજ જાણવું કારણરૂપે જેવું મૂળ હોય તેવુંજ તે મૂળમાંથી ઉત્પન્ન થયેલું કાર્ય પણ થાય (પ્રથમથીજ ભાવ હોય તો છેવટ સુધી બધું ભાવરૂપજ રહે અને પ્રથમથી શુદ્ધ હોય તો બધું શુદ્ધજ રહેવાનું.) ૧૭

स्वाचार्यैरितरक्षुतो मार्गस्तत्प्राप्यः पुरुषोत्तमः ।
सर्वमत्युष्णभावाढ्यमिति मन्तव्यमुत्तमैः ॥१८॥

આપણા આચાર્યચરણો, એમણે વિસ્તારેલો માર્ગ એ માર્ગથી પ્રાપ્ત થતા પુરૂષોત્તમ, એ બધુંય અતિ ઉત્કટ ભાવથી ભરેલું છે. એમ ઉત્તમ અધિકારીઓએ જાણવું. ૧૮.

स्वाचार्यशरणैर्जातवरणैर्भगवज्जनैः ।
एतावानेव विज्ञेयः सिद्धान्तोऽत्र विचक्षणैः ॥१९॥

જેમને પોતાના આચાર્ય શ્રીમદ્પ્રભુજીનું શરણ પ્રાપ્ત થયું છે. જેમનું ભગવન્માર્ગમાં વરણ થયું છે (પ્રભુએ જેને પોતાના સ્વીકાર્યા છે) તેવા વિચક્ષણ ભગવદીયોએ અહીં આટલોજ સિદ્ધ જાણી લેવાની જરૂર છે. ૧૯.

२. स्वसाधनीयकर्तव्यनिरूपणम् ॥

अथ श्रीवल्लभाचार्यकृपया विनिरूप्यते
सन्मार्गनिष्ठकर्तव्यं स्वस्यन्तोषाय नत्वया ॥१॥

હવે શ્રીમદ્ વલ્લભાચાર્યચરણની કૃપાથી હવે હું કેવી રીતે આપણને સન્તોષ થાય છે અને સન્માર્ગમાં જેને નિષ્ઠા છે, તેવા જીવોનાં કર્તવ્ય મારી રીતે નિરૂપવામાં આવે છે. ૧.

सेव्यः कृष्णः सदानन्दो भक्तैकहृदयाश्रयः ।
तद्धर्मात्मा तथाभूत सर्वलीलायुतः सदा ॥२॥

સદાનન્દસ્વરૂપ(=સત્-રૂપ, નિત્-ચેતન અને આનન્દ-અન્તર્યામી જે કૃષ્ણ, ભક્તોના હૃદયને જોઈતા આશ્રયરૂપ (અથવા તો જાણે ભક્તજનોના હૃદયમાં આશ્રય-સ્થાનરૂપ, પ્રભુ જાણે ભક્તોના હાથરૂપ હોવાથી હૃદયમાં નિવાસ કરે છે તેવા), તથા ભક્તોના હાથરૂપ હોવાથી સદા લીલા-ઓથી જોડાયેલા એવા શ્રીકૃષ્ણ-હરિનું સદૈવ સેવન કરવું. ૨.

अनुरागशिखा लोके श्रवणादुद्भवेत्तथा ।

× × × ॥३॥

લોકમાં અનુરાગ બધા પ્રકારે ઉત્પન્ન થાય છે:-૧. શ્રવણ, ૨. દર્શન અને ૩. પ્રત્યક્ષ વાતચીતના પ્રસંગથી. (અહીં મૂળમાં ઉત્તરાર્ધ ત્રુટિત હોવા.તેમ લાગે છે.) ૨૬.

तावां च महजा राग म कथ भगवानज ।
नन्दस्य भवने जात सुखदानाय भूतले ।
तन्मन्त्र तया यस्तु श्रुतयोऽपीह नेशते ॥४।
मनोऽभिवृत्तिर्विदमा मनमा महत्पता ।
किञ्चिदाचार्यचरणप्रसादान्निलिपितम् ।५॥

(અહી વા લોકિ સ્થિતિ નથી, ૦ લોક સ્થિતિ તેરી)

ન શ્રીગોપીજનો કરે અદ્ભુત અનુરાગ દર્શાવ્યો તે વાત ઉપરના શ્લોકમાં
બતાવ્યા ભગવાન પૂર્ણ પુરુષ અવતાર ધારણ કરે છે ત્યારે તેમની
બાલ્યાવસ્થા પ્રગટ થાય છે તે અનુસાર જ્યારે ૦૦ ૬ ના નન્દ યશોદા
૦૦ પ્રગટ સમર્થ નથી, તેમને વાણી ૦ ૧ ૦૦૦ ની વૃત્તિ ઉઠી ૦૦
કે, અન્ય માત્ર દર્શનના મેળવી ૧૬ , અહીં ૬ ૦૦ ૦૦૦ કિ૦૬,
ન ૦૦૦ શ્રીગોપીજનવલ્લભોનીત દૃષ્ટિએ ૫

अर्थं श्रुत्वा स्वयुद्धयैव मया चिन्तयिष्यते ।६॥

આથી આ ૧ પ્રમાણે વાયનો સાંભળીને મારી બુદ્ધિ ૬ ૧ ૬
નિરૂપણનો યત્ન કરવામાં આવે ૫૬

गोपिकालालमेव यो भाव स यशोदाङ्गिवर्णित ॥६
यशोदाऽपि च तद्भावरूढयेति विकुण्ठताम ।
नन्दस्तदीयास्तद्भक्तिस्तद्गृह तद्धन च यत् ॥७।
तदुत्सवस्तथा सर्व तत्र तद्भाव एव हि ।७½॥

કે ગોપી-ગોનો. ભા. તે બાબત યશોદાજીના ભાગમાં સ્થિતિ
કરી રહેલ છે (—આવાત્મક પ્રભુજી ભાગમાં બેસી રહ્યા છે) શ્રીયશોદાજી
પણ તે બાલરૂપજી છે. એમ જાણે. શ્રીકૃષ્ણજી, તે સત્વગુ. તે
રજ, તે મન. ન જન્મોત્સવ તેમજ કર્યો તે કંઈપણ રહેલું સમગ્ર
તે ગોપીજનોના ભાવસ્વરૂપ. છે.

सोऽपि गुणो बहिः स्थातुं न शक्नोतीति मेलनम् ॥३॥
पृथग्रूपेण नैवास्ति, ततो भेदनिरूपणम् ।
उत्पत्ति केवलन्येति स्पष्टं नैव निरूपिता ॥१४

તે ભાવ અતિગુપ્ત છે, એટલા કરી શબ્દોજ નથી આવી સ્થિતિ
કોઇથી પૂર્વરૂપ સાથે તેનો મેળ નથી એટલેજ આવી બાબત
પૃથક્રૂપણે નિરૂપણ છે ઉત્પત્તિ માત્ર કેવળ ભાવનીજ હોઈ શકે, એ
માટેજ એ ભાવોત્પત્તિ સ્પષ્ટ પણે કહેવામા નથી આવી ૯

अतो हि गोपिकाभाव सामग्रीसहितस्तथा ।
प्रकट मन्त्रजे चक्रे लीलां स्वानन्दरूपिणीम् ॥१५॥

આ માટેજ સર્વ સામગ્રી —પરિકરથી યુક્ત જોવા આ ગોપી
જનોના ભાવરૂપ શ્રીકૃષ્ણચન્દ્રજીએ પ્રકટ થઈને વ્રજભૂમિમાં પોતાની
અલૌકિક આનન્દરૂપ રહેલી લીલા કરી ૧૦.

अवतारचरित्रं यत् पूतनामारणादिकम् ।
प्रादुर्भूय स्वयं कृष्ण पुनः सर्वं चकार ह ॥१६॥

પૂતના વગેરે મારી નાખી. તેમજ શ્રીકૃષ્ણજીએ બાલ

પગેરે જે અવતારલીલા, તે શ્રીકૃષ્ણચન્દ્રજીએ પોતેજ પ્રકટ થઇને કરી. ૧૧.

तदेतच्च रूपितं सर्वं तत्र प्रकरणेऽत्रमे ।
"कंसाश्रितपूतनायन्त्या" इति सन्दर्भितस्तथा ॥१२॥

તરામરકંધના-ઉત્તમ તામરા ફલપ્રકરણમા "કંસાશ્રિત પૂતના ચક્રકરઃ-કંઇ પૂતના બની અને કૃષ્ણરૂપ બનેલી પીજી ગોપીને સ્તનપાન કરાવવા લાગી"-એ વગેરે ગ્રન્થસન્દર્ભ કરી તે સમગ્ર અવતાર ચરિતજ ત્યા કરેલામાં આવે છે. (ભાવ છે કે -ચારી જે ગોપીજનોએ વિરહદશામાં તન્મય બની કૃષ્ણલીલા કરી બતાવી, તે બાલાત્મકજ છે)
૧૨.

अतो हि भावरूपत्वं लीलामात्रस्य युज्यते ।
यथा श्रुत्या गुणद्वारागुणवानपि रूप्यते ॥१३॥
तथा भागवतेनापि स्वदृशं तत्रिरूप्यते ।
अवतीर्णचरित्रेण निर्भेदज्ञापनं तयोः ॥१४॥

આથીજ કરીને જેટલી લીલા તે "બીજ બાલરૂપ" હતી એમ બાલવું જ યોગ્ય છે. વેદમા એવા દ્રષ્ટાંતે પ્રસંગો છે, કે જે ગુણરહિત હોવા છતાં ગુણનું નિરૂપણ કરવાની વખતે પ્રભુને નિર્ગુણ કહેલામા આવ્યા હોય છે; તેજ પ્રમાણે અહીં પણ કોઇ કોઇ ઠેકાણે બોધ પમાડવા હોય. તેજ રીતે ભાગવતજીમા પણ અવતારચરિત્રથી બાલરૂપ અને બાલાનિર્દેશ્ય અગ્નિનો બોધ આપવા રાસપંચ ભાવપાત્રું નિરૂપણમા આવ્યું છે. ૧૪.

तदपि श्रीमदाचार्यैकृपयैव विबुध्यते ।
तस्य सेवैव कर्तव्या भावसेवा हि मानसी ॥ १५

તે વાત પણ શ્રીમદાચાર્યચરણોની કૃપા થઈને જાણવામાં આવે તેમ છે. માટે તે શ્રીમદાચાર્યચરણોની સેવાજ કરવી. જે ભાવાત્મક શ્રીકૃષ્ણચન્દ્રજીની સેવા છે, તે તો માન્ય માનવી છે. ૧૫

म भावो दुर्लभस्तस्य कथं सेवा भवेदिह ? –
– इति चेतन्न युक्तेत समाधानमिदं पुन. ॥१६॥

તે ભાવાત્મક પ્રભુનો દુર્લભ છે તેની સેવા અહીં આ લોકમાં કેવી રીતે થઈ શકે ? – આમ જો હોય તો ત્યા આ સમાધાન યોગ્ય છેઃ – ૧૬.

भावो हि सहज. सिद्ध स्वामिनीध्वेव सर्वथा ।
तस्य चान्यस्थितस्यात्र कथं तद्भागतिर्भवेत् ॥१७॥

સહજ જેવો જે ભાવ, તે તો માત્ર સ્વામિનીયોમાજ સિદ્ધ છે. આમ હોવાથી (સ્વામિનીયોમા) રહેલા તે ભાવનુ આવવુ આપણા જેવાઓના હૃદયમાં કયાથી થાય ? ૧૭.

न वा तथाविधान्येषां योग्यता तैव कल्प्यताम् ।
अतस्तासां प्रसादेन कथञ्चित्तु भवेदपि ॥१८॥

તે સ્વામિનીયોમાં જેવા પ્રકારની યોગ્યતા છે, તેવી યોગ્યતા બીજાઓમાં હોઇ શકે તેમ નથી હોતા, માત્ર તે શ્રીસ્વામિનીયોની કૃપા થાય તો કંઇક થાય બાકી ૧૮.

हरेरिव नमन्यस्य कठिनं नखमण्डलम् ।
सन्मार्गकूपनाविधिः धूपणः स्वाम्यनगारिसत्तमः ॥१९॥

પ્રભુની જે પ્રમાણે તે સ્વામિનીએ કૃપા મેળવવા કઠિનમાન થયા, તે પ્રમાણે આ સ્વામીએ માનવીઓને પ્રભુની પ્રત્યક્ષ કૃપા મેળવવી મુશ્કેલ કરે, તે પ્રાપ્તિ કૃપાના ભાગરૂપ એવા શ્રીકૃષ્ણચન્દ્રજીએ પોતાના મુખારવિન્દના ભાવનારૂપે શ્રીમદ્ભાગવતાદિ શાસ્ત્રોમાંથી પ્રાપ્ત થાય. ૧૯

स्वामिनीहृदयस्थस्य भावरूपस्य यन्मुखम् ।
यादाग्निरूप तद्वाच्यं स भावो चिरहात्मक. ॥२०॥

સ્વામિનીયાના હૃદયમા રહેલા ભાવરૂપ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીનું જે મુખ. તે બાવાત્મક અગ્નિરૂપ બનેલું અને તે બાવાગ્નિ તે વિરહરૂપ કે. ૨૦.

तद्दानाय तदात्मा स्यत्सान्निध्यफलभावन ।
अहमस्प्रभुः कदा श्रीमद्वाचार्य शिरसि स्थित ? ॥२१॥

તે વિરહાત્મક ભાવન દાન કરવા બાવાત્મક, એવી પોતાના સાન્નિધ્યથી કૃપાભાવ કરના આપણા મહાપ્રભુ શ્રીમદાચાર્યચરણ કયારે આપણા મસ્તક ઉપર સ્થિત થશે ? ૨૧

तद्विरहेऽनलस्तस्य ज्वलिष्यामाद् भवेद्भवो ।
भावस्तथाग्निर्गो मुख्यस्तेनाग्नाभवतां गत ॥२२॥

શ્રીગોપીજનવલ્લભાય પ્રભુને આત્મનિવેદન કરવા તત્પર થયેલા શ્રીગોપીજનોની મુખ્ય ઇચ્છાના સાધનરૂપ રહેલો તેવા પ્રકારનો ભાવ દૃઢપણે થાય છે.

तन्निष्ठश्रीगोकुलाधीशो सर्वं सम्न्यस्य मत्पतौ।
तत्सिध्यति स्वयं चैव त्वयोगेन सर्वथा ॥२३॥

તે ભાવની સિદ્ધિ ત્યારે થાય કે જ્યારે શ્રીગોકુલાધીશ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીને સર્વ વસ્તુનું સમર્પણ કરવામાં આવે. તે સર્વવસ્તુના સમર્પણ ત્યારે સિદ્ધિ થાય કે જ્યારે કરે, રીતે ભાવના આવશ્યક સર્વસ્વના પ્રભુને નિવેદન કરી ચૂકાયે ૭૨

तदर्थं कायिकी सेवा तनुचिन्तयुतोदिता ॥२३॥

તે માટે તનુજન્ય તે ચિન્તાથી યુક્ત એવી કાયિકી ભગવત્સેવા

કરી છે. ૭૩

यत्तं तन्मानसः सर्वं कुर्वन् चिन्ताविवर्जितः ॥२४॥
सेवापरस्तथा कुर्वन् वियोगानुभवं कदा।
सेवानयस्मरे यद्वद् गोचारणगते हरौ ॥२५॥
हंत्वासेन विधेया स्यादनुभूति परा पुनः।
आत्यन्तिकवियोगस्य, परा काष्ठा फलस्य सा ॥२६॥

આ પ્રમાણે પ્રભુમાંજ જેનું ચિત્ત છે, તેવા છતાં ચિન્તાથી રહિત થઈ સેવામાં તત્પર રહી હૃદયથી પ્રભુના વિરહનો

અનુભવ કરતો રહે, જ્યારે પ્રભુ પોતાના ગુણો પમાડવા ઇચ્છે ત્યારે તેની ભાવના કરી સેવાનાં અનુબન્ધમાં પ્રભુના જેવા પ્રેમના ચિન્હનો અનુભવ અભ્યાસપૂર્વક કરવો, અર્થાત દુનીયાના બીજા કાર્યોમાંથી ચિત્તને ઉઠાવી લઇ સેવાના અનુબન્ધમાં પ્રભુના આત્યન્તિક ચિન્હનીજ ભાવના કર્યા કરવી— આમ કરવાથી પરાકાષ્ઠા, છેલ્લામાં છેલ્લી ટોચ છે. ૨૬.

एवं विज्ञाय विधिना विहितांश्च सदाचरन् ।
आश्रित्य वल्लभाचार्यांघ्रिं तिष्ठेत्सम्माहितः ॥२७।

આ પ્રમાણે સારી રીતે સમજી વિધિપૂર્વક કરવાની પદાર્થોથી પોતાનું પોષણાદિક કરી હમેશા પ્રભુમાં આસક્ત રહી અનન્ય ધ્યાનપૂર્વક શ્રીમદાચાર્ય શ્રીવલ્લભાચાર્યજીનો આશ્રય કરી રહેવું. ૨૭

इति श्रीवल्लभाचार्यप्रसादेन निरूपितम् ।
सदा सन्तोषत स्थान्ते स्थापकीय प्रयत्नतः ॥२८॥

આ પ્રમાણે શ્રીમદાચાર્ય શ્રી વલ્લભાચાર્યજીની કૃપા વડે આ મે કહ્યું છે આને હમેશા પ્રયત્ન પૂર્વક પોતાના હૃદયમાં જોયે -થાપવું ૨૮

३. स्वमार्गीयसाधनरहस्यम् ॥

श्रीमदाचार्यमार्गोऽयं नि.साधनफलात्मकः ।
तत्र तद्भावनं भावसाधनं तत्कृपावताम् ॥१॥

આ શ્રીમદાચાર્યવર્ય શ્રીવલ્લભાચાર્યજીનો માર્ગ કોઇપણ સાધન વિનાજ ફલરૂપ છે. શ્રીમદાપ્રભુજીની જેના ઉપર કૃપા છે, તેવા જીવોને આ માર્ગમાં શ્રીમદાપ્રભુજીનુ ચિન્તન તેજ ભાવના સાધનરૂપે છે. ૧

स भावः सङ्गराहित्याच्च भविष्यति सर्वथा ।
सङ्गस्य साधनं सर्वरागाभावो गृहादिषु ॥२॥

તે ભાવ સઙ્ગ વિના કદાપિ થઇ શકશે નહીં. સઙ્ગનું સાધન ગૃહ-સ્ત્રી-પુત્ર-ધન વગેરેમાં રહેલા સર્વ પ્રકારના રાગનો અભાવ, એ છે. ૨.

रागाभावस्तु सतत सेवया तत्कृपावताम् ।
तत्कृपासाधनं सा तु भवेत्तत्तोषणेन हि ॥३॥

શ્રીમદાપ્રભુજીની કૃપા છે, તેવા ભગવદીયોની સતત સેવા વડે રાગનો અભાવ થાય છે. શ્રીમદાપ્રભુજીના અનુગ્રહમાં સાધનરૂપ જેવી તે સેવા શ્રીમદાપ્રભુજી તુષ્ટ થવાથી સિદ્ધ થાય છે. ૩

तत्रोत्पन्ने तु तद्भक्तिभावयत्नेतरो भवेत् ।
भावो हि मार्गसंसेव्यं कर्तव्यं तत्त्व रक्षणम् ॥४॥

શ્રીગદાપ્રભુજીના તુષ્ટ થવાનો લાભ તેઓશ્રી તરફથી ભક્તિના ભાવની વૃદ્ધિ થકી થાય. ભાવ એ ભક્તિમાર્ગનો સર્વસ્વ-રૂપે રહેલો છે. તે ભાવનું રક્ષણ કરવું. ૪.

सेवापि सततं चित्ते, भावनात्मा तदा भवेत् ॥४½॥

ચિત્તમાં સતત સેવા હોય ત્યારે જીવ ભાવનારૂપ થયો છે. ૪½.

'निवेदन तु स्मर्तव्यमि'ति यत्साधनं परम् ॥५॥
'तादृशै'रिति वाक्येन सङ्गस्तत्राप्यपेक्षितः ।
स एव साधनं सङ्गो मोक्षोऽस्मिन्मार्ग एव च ॥६॥
'समोत्तमे'ति वाक्येन, तदभावे वृथाखिलम् ॥६½॥

"હમેશાં આત્મનિવેદનનું સ્મરણ કર્યા કરવું; એ નારદ ગ્રન્થમાં જે પરમ સાધન કહ્યું છે, ત્યાં 'તે તાદૃશી ભગવદીયોની સાથે રહી કરવું, તેમ કહ્યું છે; તે વાક્યથી આ ભક્તિમાર્ગમાં સત્સંગની પણ જરૂર કહી છે. તેજ સાધનાત્મક સત્સંગ તે આપણા આ માર્ગમા શ્રીવૃત્રચતુઃશ્લોકીમાંના 'ઉત્તમ'શ્લોક પ્રભુના જનોમાં સખ્ય-મિત્રના થાવ,' એ વાક્ય પ્રમાણે મોક્ષરૂપ છે; ને ભગવદીયનો સંગ ન થયો તો બધુંજ ફોગટ છે. ૬½;

तस्मात्सर्वं परित्यज्य सत्सङ्गेन सदा हरिम् ॥७॥

सेवयेदान्तरेणापि त्याज्येन मनसा पुनः ।
स्वतः फलं हि सत्सर्गं विदित्वा विदधीत हि ॥८॥

તેથી સર્વનો ત્યાગ કરી રાસકીડાપૂર્વક સદૈવ આનંદના અને બ્રહ્મના એમ બન્ને પ્રકારના ચિત્તથી પ્રભુની સેવા કરવી. તે સત્સંગ સ્વતઃ ફલરૂપ છે, તેમ જાણી બોધ કરવો. ૮.

---

૪. भक्तिमार्गे पुष्टिमार्गत्वनिश्चयः ।

पुष्टिमार्गः फलं यत्र स्वयं साधनतां व्रजेत् ।
साक्षात्परोक्षभेदेन स द्विधा विनिरूपितः ॥१॥

જ્યાં ફલ જાતેજ સાધન બને છે, તે પુષ્ટિમાર્ગ. આ પુષ્ટિમાર્ગ સાક્ષાત્ફલાત્મક અને પરોક્ષફલાત્મક એમ બે પ્રકારનો કહેવામા આવે છે. ૧.

आविर्भावदशायां हि साक्षात्त्वेन निगद्यते ।
अन्यथा तु परोक्षत्वात्तथैव हि निरूप्यते॥२॥

પ્રભુ જ્યારે ભૂતલ ઉપર બિરાજતા હોય છે, ત્યારે જે પુષ્ટિમાર્ગની સ્થિતિ છે, તે સાક્ષાત્ફલાત્મક છે; પરન્તુ જ્યારે પ્રભુ ભૂતલ ઉપર નથી બિરાજતા હોતા ત્યારે પરોક્ષફલાત્મક છે. (શ્રીકૃષ્ણાવતાર સમયનો અનુગ્રહ તે સાક્ષાત્ અને શ્રીકૃષ્ણચન્દ્રજી સ્વધામમાં પધાર્યા પછીનો અનુગ્રહ તે પરોક્ષફલાત્મક. અત્યારે આ પાછળનો પરોક્ષફલાત્મક પુષ્ટિમાર્ગ અસ્તિત્વમાં છે) ૨.

मानातिरिक्तमार्गत्वमेव तत्र व्यवस्थिति ॥२३॥

– આ માર્ગ પ્રમાણોથી પર છે એમ વ્યવસ્થા જાણવી (કેમકે તેમા માન અનુગ્રહ ઉપર આધાર છે) ૨૩

– સંશય –

तत्राय संशय —कृष्ण फल साक्षात्कृत स्वयम् ॥३॥
यायात्साधनता नृत्त रासलीलासु सर्वदा ।
परोक्षे भक्तिमार्गे हि क्व साधनता हरे ॥४॥
अनाविर्भूतरूपत्वाद्ज्ञानस्याप्यभावत ।
तद्भावे कथ तत्त्व पुष्टिमार्गत्वमुच्यते ॥५॥
अन्यथा साधने सिद्धौ मर्यादैव तया भवेत् ॥२३॥

— આમા આ પ્રકારનો સંશય જેમો થાય છે કે – વાહ! સાક્ષાત્ સ્વરૂપ થયેલા પ્રભુ શ્રી ગોકુલ અથવા રાસલીલાઓમા સાધનતા પણાને પામે છે? (માનો કે સાક્ષાત્ લીલાઓમા પ્રભુ પોતે સાધનરૂપ અને અંગ પણ) પરોક્ષ ભક્તિમાર્ગમા હરિને સાધનપણું કેવી રીતે હોય કેમકે તેમા પ્રભુના સ્વરૂપનો આવિર્ભાવ પણ નથી હોતો કે પ્રભુના જ્ઞાન પણ નથી થતા, એવી સ્થિતિ હોવાથી એને પ્રભુ લાયક ન હોવાથી પુષ્ટિમાર્ગ પુષ્ટિમાર્ગ કેમ કહી શકાય? પ્રભુની ગેરહાજરી હોવાથી જો સાધન સ્વામા આવે તો પછી પુષ્ટિમાર્ગ રહ્યો ક્યાં? આમ થતા તો ને મર્યાદામાર્ગ થઈ જશે! ૫૨

- सिद्धान्त -

सिद्धान्तस्तु—हरिः साक्षाद्रसात्मा श्रुतिसम्मतः ॥६॥
सोऽपि शृङ्गार एवास्ति, स चापि द्विविधो मतः ॥६½॥

સિદ્ધાન્ત એ છે કે શ્રુતિયેાગે જેને સમ્મતિ આપી છે, તેવા પ્રભુ સાક્ષાત્ રસાત્મક છે; તે પણ શૃંગારરસરૂપ. શૃંગાર-રસાત્મક પ્રભુના પણ બે પ્રકાર; ૧. સંયેાગ અને ૨. વિપ્રયેાગ. (સંયેાગ અવતારદશામાંજ અને વિપ્રયેાગ અવતારદશામાં તેમજ અનવતારદશામાં પણ) ૬½.

एवं सति हरेर्भक्तिमार्गं पुष्टयभिधे मतः ॥७॥
वियोगः साधनं यस्मात्स स्वरूपात्मको मतः ॥७½॥

આમ હેાવાથી પુષ્ટિમાર્ગ એવું જેનું નામ છે, તેવા ભક્તિ-માર્ગમાં પ્રભુનેા વિયેાગ-વિપ્રયેાગ, એજ સાધન છે; કેમકે તે વિપ્રયેાગ ભગવત્સ્વરૂપાત્મક કહ્યો છે. (વિપ્રયેાગાત્મક પણ પ્રભુજ છે.) ૭½

तस्य साधनता हि स्वरूपे साधनं मतम् ॥८॥
अतोऽत्र पुष्टिमार्गत्वं निष्प्रत्यूहं विभाव्यताम् ॥८½॥

આ વિપ્રયેાગનું જે સાધનપણું, તેજ સ્વરૂપવિષયક સાધન છે. આથીજ આ પુષ્ટિમાર્ગ છે, એમ નિઃસન્દેહ જાણેા. ૮½.

५. भक्तिद्वैविध्यनिरूपणम् ।

भक्तिर्द्विधा पदाम्भोजवदनाम्बुजभेदत ।
प्रथमा शीतला भक्तिर्यत श्रवणकीर्तनात् ॥१॥
तत्रैव मुख्यसम्बन्ध सुलभो नारदादिषु ॥१३॥

ચરણકમલની અને વદનકમલની આમ બે પ્રકારની ભક્તિ છે પહેલી ભક્તિ શીતલ છે, કારણકે ત્યાં શ્રવણ અને કીર્તનની મુખ્ય સંબન્ધ છે (मुख्य सम्बन्ध પાઠ લેતા – તે ચરણારવિન્દ જેવા ભ તોને મુખથી અલગ છે ભક્તો ત્યાજ મુખ માને છે)– આ ભક્તિ નારદ વગેરે ભક્તોમા સુલભ છે ૧૩

द्वितीया दुर्लभा यस्माद्वदनामृतसेवनात् ॥२॥
तद्भावनारूपा चिरदानुभवात्मिका ।
गोपसीमन्तिनीनां च सा दत्ता हरिणा स्वत ॥३॥

દ્વિતીય વદનામ્બુજની ભક્તિ દુર્લભ છે, કારણકે તેમા પ્રભુના અધરામૃતનુ સેવન છે તે પ્રભુના ભાવની ભાવનારૂપે રહેલી છે, વળી વિરહના અનુભવરૂપ છે, હરિએ જાતે તે શ્રીગોપીમન્તિનીઓને આપેલી. ૩

तदर्थं करुण कृष्णो भावात्मा स्वास्यमुत्तमम् ।
भावाग्निरूपं जगति कृपयाविश्चकार स ॥४॥
श्रीवल्लभाख्यालाचार्यान् विश्वोद्धारकृते यत ॥४३॥

તે વિરહાત્મક વદનારવિન્દની ભક્તિ આપવા માટેજ પરમ કારુણિક ભાવાત્મક પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીએ કૃપા. વડે કરીને વિશ્વનો ઉદ્ધાર કરવા માતર પોતાના ઉત્તમ મુખારવિન્દરૂપ ભાવાત્મક અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજીનો આ જગતમાં આવિર્ભાવ કર્યો. ૪૬.

दर्शयित्वा स्वयदनं वचनामृतबिन्दुभिः ॥५॥
वेणुनादैरिव स्वीयान्पाययित्वाधरामृतम् ।
मुखारविन्दरूपां तां भक्तिं भावात्मिकां ददौ ॥६॥

વચનરૂપી અમૃતનાં બિન્દુઓવડે કરી પોતાના મુખારવિન્દના જનોને દર્શન કરાવી પ્રભુએ વેણુનાદ વડે જે પ્રમાણે સ્વકીય ગોપ-ગોપીજનોને અધરામૃતનું પાન કરાવ્યું તે પ્રમાણે દૈવી જીવોને મુખારવિન્દરૂપ ભાવાત્મક ભક્તિનું દાન કર્યું. ૬.

तथाविधस्वयदनभक्तिदानेन चाखिलान् ।
दैवजीवानन्तरगान् कृतार्थान् विदधे हरिः ॥७॥

તેવા પ્રકારના પોતાના વદનારવિન્દના અવતાર શ્રીમહાપ્રભુજીની ભક્તિના દાને કરી હરિભગવાને અન્તરંગ સકલ દૈવી જીવોને કૃતાર્થ કર્યા. ૭

पञ्चविधस्वरूपान श्रीवल्लभाख्यान कृपानिधीन् ।
आश्रितोऽहं विनिश्चित्य ऐहिके पारलौकिके ॥८॥

આ લોક-સમ્બન્ધી અને પરલોક-સમ્બન્ધી દરેક કાર્યમા પાંચ નિશ્ચય કરી આવા પ્રકારના કૃપાના સાગર શ્રીવલ્લભાચાર્યચરણોનો મેં આશ્રય કર્યો છે. ૮.

६. स्वमार्गीयभक्तिद्वैविध्यविवेकः ।

अथ श्रीकृष्णचन्दनाचार्यसंश्रितचेतसा ।
निरूप्यते तन्मार्गीयभक्तिद्वैविध्यमद्भुतम् ॥१॥

શ્રીકૃષ્ણચન્દ્રજીના વદનાવતાર શ્રીમદ્વલ્લભપ્રભુજીને આશરે છે ચિત્ત જેનું એવો હું શ્રીમદ્વલ્લભપ્રભુજીના માર્ગમાં કહેલી અદ્ભુત બે પ્રકારની ભક્તિનું અહીં નિરૂપણ કરું છું. ૧.

वेदसिद्धा स्वतन्त्रा च द्विधा भक्तिः प्रतीयते ।
सृष्टिवाक्यस्तथा भेदबोधकैः श्रुतिमूर्धभिः ॥२॥

સૃષ્ટિની ઉત્પત્તિ બતાવનારા વાક્યો અને ભેદનિરૂપણનાર ઉચ્ચતમ શ્રુતિવાક્યોથી વેદસિદ્ધ અને સ્વતન્ત્ર એવી બે પ્રકારની ભક્તિ છે. ૨.

१. वेदसिद्ध भक्ति

माहात्म्यज्ञानभावाभ्यां प्रथमा प्रतिपद्यते ।
पुरुषार्थप्रतिपाद्यत्वाच्छ्रुतेर्मोक्षोपयोगिनी ॥३॥

પહેલી વેદસિદ્ધ ભક્તિ પ્રભુનાં માહાત્મ્યજ્ઞાન અને ભાવ, એ બન્નેથી સિદ્ધ થાય છે, વેદ એ પુરુષાર્થનું પ્રતિપાદન કરનાર હોવાથી આ ભક્તિ મોક્ષ નામના ચતુર્થ પુરુષાર્થની સિદ્ધિ આપવામાં ઉપયોગી છે. ૩.

आत्मयत्प्रियता तत्र बोध्यमे भेदबोधनात् ।
माहात्म्यज्ञापनं चापि सक्तिरित्यबोधनः ॥८॥

તેમા બેપણાનો અભાવ હોવાને લીધે જેમનું ભજન કરવામા આવે છે, તે પ્રભુ આત્મા જેટલાજ વહાલા હોય છે, તેની ગમે છે પ્રભુએ સૃષ્ટિ વગેરેની રચના કરી છે, એ વગેરના જાનને લીધે પ્રભુના માહાત્મ્યનુ તેમા જ્ઞાન છે ૪

शब्दार्थोऽपि तथैवात्र प्रकृतिप्रत्ययादित ।
प्रत्ययार्थे प्रेम चोक्तं स्त्रीभावे तद्विधानत ॥९॥
भजधातो. प्रकृत्यर्थे स्पष्ट पत्र हि सेवनम् ।
'सायुज्यकाम्यये'त्युक्ते पर तत्साधन मतम ॥८॥

અહી 'ભક્તિ' શબ્દમા મૂળ ધાતુ भज અને क्तिन् પ્રત્યય જે અર્થ કહે છે, તેજ અર્થ છે સ્ત્રીભાવમા પ્રેમ; વિધાન હોવાથી અહી પ્રત્યય क्तिन् નો અર્થ (જે ક્રિયાવાચક પ્રત્યય લાગ્યો છે તેનો અર્થ) પ્રેમ છે भज् ધાતુનો મૂળ અર્થ તો સ્પષ્ટ રીતે 'सेवा करवी' તે છે 'ભજન સાયુજ્યની કામનાથી કર જે,' એવું શ્રીમહાપ્રભુજીએ જે કહ્યુ છે, તે હેતુએ તે સેવા કરવી, એજ મોટામા મોટુ સાધન છે ૯

प्रेमापि साधनं कृष्णप्राकट्यैकप्रयोजनात् ॥८१॥

શ્રીકૃષ્ણચન્દ્રજીના પ્રગટ થવામા પ્રેમ પણ કારણરૂપ હોવાથી તે પ્રેમ સાધન છે ૧૦

एतद्विलक्षणा चान्या तादृग्लक्षणलक्षिता ॥७॥
अन्यथा नैव भक्तिः स्यादतः मात्र निरूप्यते ।
वेदेन बोधिता मापि श्रुतिरूपागिरेय हि ॥८॥

ઉપર જે વહ્નિસિદ્ધ ભક્તિ કહી તેવાંજ લક્ષણો ધરાવતી છતાં તેનાથી જુના પ્રકારની બીજી ભક્તિ છે. એવાં લક્ષણવાળી ન હોય તો ભક્તિજ ન થાય એ માટેજ તે બીજી સ્વતન્ત્ર ભક્તિનું નિરૂપણ અહીં કરવામા આવે છે. આ ભક્તિનો પ્રકાર વેદેજ બતાવ્યો છે અને શ્રુતિરૂપા ગોપાંગનાઓએ તે કરી બતાવી છે. ૮.

सृष्टिग्रन्थवैरिधाच्चापि माहात्म्यं प्रतिपादितम् ।
'नैवं विभोऽर्हती'न्याद्यैः सर्वभावनिरूपकैः ॥९॥
'गतिस्मिते'त्यादि वाक्यैरभेदाद्भावबोधनम् ॥९½॥

પ્રથમ ભક્તિમાં ઉપનિષદોમાં આવતાં ' પ્રભુએ સૃષ્ટિની રચના કરી ' તેવા આશયનાં વાક્યોની માફક અહીં પણ આ સ્વતન્ત્ર ભક્તિમાં પ્રભુનું માહાત્મ્યનું પ્રતિપાદન છે; વળી રાસપંચાધ્યાયીના પ્રથમ અધ્યાયમાં ગોપાંગનાઓએ પ્રભુના, ઘેર આવ્યા જવાના કથનના જવાબમાં પૂર્ણ ભાવનું સ્થાન કર્યું છે. नैवं विभोऽर्हति (भा. १०-२९-३१) તેમજ गतिस्मित (भा, १०-३८-२२) એ વગેરે વાક્યોમાં સ્પષ્ટ દેખાય છે એ સર્વ ભાવને જણાવનારાં વાક્યોથી ગોપાંગનાઓ જે અભિજ્ઞતા દર્શાવે છે, તેનાથી તેઓના ભાવનું બોધન છે. ૯½

भावोऽप्येवंविधस्तत्र यत्रात्मस्फूर्तिनाशनम् ॥१०॥
शब्दार्थोऽपि तथाभूतः सेवाप्रेमसमाहतः ॥१०½॥

અહીં આ બીજા પ્રકારમા જેમાં આત્મસ્ફૂર્તિ-આત્માના અસ્તિત્વ-તે તેવો પ્રથમ પ્રકારની ભક્તિ જેવોજ ભાવ રહેલો છે; પ્રથમ પ્રકારની માફક જ સેવા તિ=પ્રેમ એવો શબ્દાર્થ પણ રહેલો છે. ૧૦½.

બન્ને ભક્તિનો તફાવત.

परन्तु मानसी सेवा स्त्रीभाव. प्रेमशब्दितः ॥११॥
अस्ति तद्भावबेजाढ्यं सर्वभावप्रबोधनात् ।
अत एवात्र सायुज्यसदृशं कामभोजनम् ॥१२॥

મોટો તફાવત એ છે કે પ્રથમ પ્રકારમાં સેવા ક્રિયાત્મક (practical) છે, જ્યારે અહી માનસી સેવા (theoratical-mental) છે પ્રેમ શબ્દ ત્યા સામાન્ય છે, જ્યારે અહીં પ્રકારમાં સ્ત્રીભાવેછે. (અહીંનું ભજન ગોપાગનાના જેવું છે, જેમાં ભક્તમાં સ્ત્રીત્વ અને પ્રભુમાં પતિત્વની ભાવના છે.) ત્યાં ભાવ સામાન્ય છે, જ્યારે અહીં સર્વાત્મભાવ-ગોપાંગના જેવો છે, આથીજ અહીં ભગવાન સાથે યથેચ્છ લીલાનુભવ છે, તેને સાયુજ્યની માથે મળ્યાંવલ છે. ૧૨.

नैषास्ति सर्वभावेनाभेदे तदनुभाषनम् ।
श्यतन्त्रता च विज्ञेया वेदाबोधनतस्तथा ॥१३॥
फलानपेक्षतातोऽपि मन्तव्यातिविचक्षणैः ॥१३½॥

સર્વાત્મભાવ હોવાને લીધે અમે હોવાથી બે ભાવ આદી નથી બેમા આવા પ્રકારના સર્વાત્મભાવનુ સૂચન હોવ થી આ ભક્તિ સ્વતન્ત્ર છે આવી નવી કર્મની અપેક્ષા નથી (ત્યા તો એટલે પહેના પ્રકરણમા તો સાયુજ્યાત્મક ચતુર્થ પુરુષાર્થ મોક્ષની ફલ તરીકે મોક્ષા રહેલી છે.) તેથી અતિ વિચક્ષણ એવા વિદ્વાનોએ આને સ્વતન્ત્ર ગણવી જોઈએ ૧૩૧૪

द्वैविध्यमिदमेवास्य चरणास्यनिभेदत ॥१३॥
भक्तिभेदप्रकथनात्सर्वत्र विनिरूपितम् ।
श्रीमदाचार्यदासाना हृदये भासते परम् ॥१४॥

પ્રથમ ભક્તિ અણુભક્તિ છે, બીજી મીજી ભક્તિ મુખ્યકર્મની છે આ બે એ ભક્તિના ભેદ કહેવાથી સર્વત્ર જે આ બે પ્રકાર કહે ॥ છે, તે બીજ આચાર્યજીના સેવકોના હૃદયમા જણાય છે ૧૫

७. स्वमार्गीयमुक्तिद्वैविध्यनिरूपणम्।

जीवाना कृष्णसम्बन्धो भक्तिमार्गे विमोचनम् ।
स द्वधा जीवविहितो भगवद्विहितस्तथा ॥१॥

જીવોને શ્રી કૃષ્ણ સાથે સમ્બન્ધ થાય તેજ ભક્તિ માર્ગમા મોક્ષ કહે છે તે મોક્ષ-ભક્તિમાર્ગીય મોક્ષ બે પ્રકારનો છે ૧ જીવકૃતિથી સાધ્ય અને ૨ પ્રભુકૃતિથી સાધ્ય ૧

जीवस्य कृष्णसम्बन्धे मार्गनिष्ठतया क्रमात् ।
प्रवेश परमानन्दे, तत्रैव सायुज्यशब्दितम् ॥२॥

માર્ગમા નિષ્ઠા રાખી હમે રી જીવને કૃષ્ણસમ્બન્ધ થતા
પરમાનન્દમા જે પ્રવેશ તેજ સાયુજ્ય ૨

कृष्णप्रवेशात्रा मुक्ति सा सद्योमुक्तिरुच्यते ।
न तत्र भक्तहितः कश्चिद्धे साधनक्रम ॥३॥

શ્રી કૃષ્ણચન્દ્રજી ના જીવમા પ્રવેશ થવાથી જે મોક્ષ તેજ
સદ્યોમુક્તિ કહેવાય છે આ સદ્યોમુક્તિમા ભક્તને સાધન તરીકે
કહેલો કોઈ સાધનક્રમ નથી હોતો ૩

अत्यन्तकृपया कृष्णो विशते स्वप्रमेयत ।
तदैव तत्र भवति मुक्तावेशनक्षणे ॥४॥
अन्तर्गृहस्थासुप्त यथा पुण्यपापक्षय क्रमात् ।
रासस्थासु तथावेशाद्भवन्मुक्ता क्षणात् ५॥॥

પોતાના પ્રમેય જ્યારે શ્રી પ્રભુ શ્રી કૃષ્ણચન્દ્રજી અત્યન્ત કૃપાએ
શ્રી ભક્તમા પ્રવેશ કરે છે, ત્યારેજ પ્રવેશ કરનારી પળે ત્યા
મુક્ત-મુક્તપણુ થાય છે દાખલા તરીકે—

વેદમાન થતા પણુ જે ગોપીજનો પોતાના વ્રજમાથી બહાર
ન નીકળી શક્યા તેમનો ક્રમે કરી પુણ્ય અને પાપનો ક્ષય થયો,
પરન્તુ જેવો શ્રી કૃષ્ણચન્દ્રજી પાસે પડે થી ગયા તેના ગમમા રહેલા
ગોપીજનો ને પ્રભુ ના આવેશ માત્રથી સદ્યોમાત્રમા મુક્તપણુ થયુ ૪ ૫

जीवस्य भगवत्प्राप्ति. पूर्वं भगवत. परा ॥६॥

આજ પ્રકારે બન્ને મોક્ષનો ભેદ જણવો, આમાં પહેલો પ્રકાર જીવને પ્રભુની પ્રાપ્તિ થવી તે મોક્ષ, તેજ સામુખ્ય, અને જેમાં પ્રભુનો જીવમાં પ્રવેશ થવો તે પર મોક્ષ–તેજ સદ્યોમુક્તિ. ૬.

अत एवास्मदाचार्यैरुक्तं सन्न्यासनिर्णये ।

'यद्विग्रेत्प्रकटः स्वात्मे'त्यादिना मुक्तिलक्षणम् ॥७॥

આથીજ શ્રીમદસ્મદાચાર્યવર્યોએ સંન્યાસનિર્ણયમાં " યદ્વિગ્રેત્પ્રકટ. સ્વાત્મા જો આત્મા જ્યારે પ્રકટ હોય અને તે અગ્નિની માફક જ્યારે પ્રવેશ કરે, ત્યારે સકળ બન્ધ નાશ પામી જાય છે," એ વગેરે શ્લોક કરી મુક્તિ–મોક્ષનું વર્ણન કર્યું છે–(તેજ આ સદ્યોમુક્તિ). ૭.

८. स्वमार्गीयसेवाफलरूपनिर्णयः ।

अथ श्रीवल्लभाचार्यमार्गसर्वस्वरूपिणी ।

सेवा ससाधना सर्वा रूप्यते सनिदर्शना ॥

હવે શ્રીવલ્લભાચાર્યજીના માર્ગમા સર્વસ્વ–૩૫ સેવા સમગ્ર સેવા સાધન સાથે અને સ્વરૂપ સાથે દૃષ્ટિમા આવે છે: ૧

चेतस्तन्मयणं सेवा मानसी फलरूपिणी ।

प्रोक्ता निरोधरूपा सा व्रजस्थेष्वेव दृश्यते ॥२॥

પ્રત્યક્ષ ચિત્તે પરોક્ષી રહ્યું, તેનું નામ વિરહ (જ્યારે પ્રેમાગ્નિની જ્વાળા કે છેલ્લી 'ચાનકી' ફૂંકાઈ છે નિરોધ અવસ્થે ધ્યેયમાં ધ્યાતા તે ધ્યાનમાં વિરહ) તે ગાઢ બ્રહ્મચારીણીમાંજ જોવામાં છે ૨

प्रेमेयवद्ज्ञस्तेषु निरोध प्रभुणा कृत ।

तत्स्वरूप नु भावनानुभावम्तु तदात्मन ॥३॥

પ્રેમેય-ધ્યાની લીધે ઉત્પન્ન થયેલો જોગ કે નિરોધ તે પ્રભુએ તે બ્રહ્મચારીણીમાં મૂકયો તે નિરોધનું સ્વરૂપ જ્ઞાનથી તેનો અનુભવ કે ભાવાત્મક જોગ તેનેજ ૩

भावस्तु विप्रयोगेण तापक्लेशौघचारणम् ।

तदोन्मत्त प्रभोस्तत्र हृदये स्याद्रसात्मन ॥४॥

વિરહ ની તાપ્તિથી (પ્રભુથી કે વિભૂતિ પડયો કે પ્રભુ કયાંગે ગો, ગો વગેરની તાપ્તિથી પ્રભુસમ્બન્ધી) વિચાર ૨૨ વામાં આવે તે ભાવ આવી ભાવાત્મક સ્થિતિ જ્યારે થાય ત્યારે આત્મા પ્રભુનો ભાવ હૃદયમાં આવિર્ભાવ થાય ૪.

ध्यातस्मृतौ चियोगेन रसे हृदयदेशगे ।

रसात्मकप्रभोस्तत्र प्रादुर्भाव स्वतो भवत् ॥५॥

વિરહે જ્યારે સાચા કોઇપણ પદાર્થની સ્મૃતિ ન થતા વિયોગ ગાઢ થાય ત્યારે રસાત્મા પ્રભુનો જોગ ત્યા પ્રાદુર્ભાવ થાય ૫

तेनैव प्रभुणा सर्वलीलानुभवतो हृदि ।
रसात्मकस्वरूपस्य स्थितिस्त्रैकालिकी भवेत् ॥६॥

તેજ પ્રભુ હૃદયમાં સકલ લીલાનો અનુભવ કરાવે એટલે રસાત્મકસ્વરૂપ પ્રભુની હૃદયમાં સ્થિતિ સર્વકાળમા રહે. ૬

एवमेव स्थितिर्ज्ञेया स्वामिनीदयेषु हि ।
सेवास्मदाचार्यवर्यै'नमामी'ध्यत्र रूपिता ॥७॥

આવાજ પ્રકારની સ્થિતિ શ્રીસ્વામિનીયો–જનકૃત ગ્રન્થોના હૃદયોમા જાણવી શ્રીમદ્‌પ્રભુકૃપે 'नमामि हृदये शेषे (सु १०–१–१ कारिका) હૃદયરૂપી શેષનાગરૂપ શિષ્ય લીલારૂપી ક્ષીરસાગરમા શયન કરતા અને સકલ લીલાઓ–રૂપી લક્ષ્મીથી સેવાતા કલાનિધિ પ્રભુને નમન કરૂ છું'–ત્યા તેજ ભાવાત્મક સ્થિતિ રહી છે. ૭.

स्वतन्त्रभक्तान्ते वाच्या येष्वेवं भगवत्स्थितिः ।
एवमेव हि तद्भक्ते स्वातन्त्र्यं नान्यथा भवेत् ॥ ४॥
यतो न हि प्रभोस्तत्र बहि प्राकट्यमिष्यते ॥८½॥

જેઓમા આવા પ્રકારની પ્રભુસ્થિતિ હોય છે, તેને સ્વતન્ત્ર ભક્તો કહેવા. આજ રીતે જે ભક્તિ પણ સ્વતન્ત્ર, બીજી રીતે જે સ્વતન્ત્ર ન થઈ શકે; કેમકે આ પ્રકારની ભક્તિમા પ્રભુ હૃદયમાજ પ્રકટે, બહાર પ્રાકટ્ય નજ પામે ૮½.

स्वतन्त्रा भक्तिरधुना ज्ञातव्येत्थं हृदयतः ॥९॥

रासस्थास्तु तथान्यत्र स्थापिता स्वमुखाम्बुजे ।
तदाश्रयवतां नृणा तत्कृपातो भविष्यति ॥१०॥
यतो भगवता प्रोक्त तान्प्रत्येव रामर्पणम् ।१०½॥

તે સ્વતન્ત્ર ભક્તિ શ્રીમદ્ભાગવતમા રાસલીલાના પ્રસ્તાવનાઓમાજ દેખાય છે, તેમ દૈનન્દિન સ્થળે પણ છે, તે સ્વતન્ત્ર ભક્તિ પ્રભુના મુખારવિન્દના અવતાર શ્રીમહાપ્રભુજીમા પ્રભુએ સ્થાપી છે શ્રીમહા-પ્રભુજીને આશરે ગયેલા ભગવદીયોને શ્રીમહાપ્રભુજીની કૃપાથી થાય ક્રમે તેના આશરે આવેલા જીવોને ઉદ્ધરીને પ્રભુએ સમર્પણની આજ્ઞા કરી છે ૧૦½

श्रीमत्प्रभोस्तु तद्दानमाचार्येभ्यो न संशय ॥११॥
अन्येषु तत्कृपातस्तु भविष्यति न संशय ॥११½॥

શ્રીગુસાઇજીને જે ભગવત્પ્રાપ્તિ-સ્વતન્ત્ર ભક્તિ થઈ તેવા-સમ-દાચાર્યવર્ય શ્રીમદ્વલ્લભાધીશ્વર પ્રભુદ્વારા થઈ, તેમા કાંઈ શક નથી બીજાઓમા શ્રીગુસાઇજીની કૃપાથી તે પ્રાપ્તિ થશે તેમા કાંઈ શકા નથી ૧૧½

कृपा हि मार्गरुचैव निश्चिता भवति ध्रुवम् ॥१२॥
तत्रादावधिकारत्वात्प्रथम यत्समर्पणम् ।
तदाचार्येभ्य एवोक्तमतस्तद्द्वारक भवेत् ॥१३॥

આપણા ઉપર કૃપા નક્કી નિશ્ચિત થઇ ત્યારે સમજવું કે જ્યારે આપણી માર્ગમા રુચિ થાય તેના આરંભમા અધિકાર પ્રાપ્ત કરવા

માટે જે આત્મસમર્પણ પ્રસ્તુત થાય છે, તે શ્રીમદ્પ્રભુ દ્વારા કરાવ્યું તેમ કહેવામાં આવ્યું છે, એટલે શ્રીમદાચાર્યચરણ ધન્ય તેજ કહે ૧૩

अतस्तेभ्यस्तद्विधाय प्रेमसेवा प्रसाधयेत् ।
तस्याधिकाररूपत्वादाधिकारिकरूपिणी ॥१८॥
तनुवित्तयुता सेवा समर्पणफला हि सा ॥१४॥

માટે શ્રીમદાચાર્યવર્ય શ્રીમદ્પ્રભુ દ્વારા આત્મસમર્પણ દ્વારા પ્રેમસેવાની સિદ્ધિ મળી તેવા જીવને અધિકાર પ્રાપ્ત થ અધિકારને અનુરૂપ એવી તનુજા-વિત્તજા સેવાથી યુક્ત માનવી સેવ તે સમર્પણને અન્તે પ્રાપ્ત થાય છે ૧૪

समर्पणं तु भवति विनियोगेन सार्थकम् ॥१५॥
विनियोगाद्भवेदेष प्रेमाप्यक्षयादि चाखिलम् ।
कृपाविशेषाद् जगत प्रपञ्चे विस्मृते भवेत् ॥१६॥

સર્વ વસ્તુના વિનિયોગથી સમર્પણ સાર્થક થાય છે આમ કૃપા થતા પ્રપઞ્ચ-જગતનું વિસ્મરણ થતા યમન- શા પ્રાપ્ત થાય છે ૧૬

अयमेव निरोधो हि मानसी सेवनापि वा ।
आसक्तेर्व्यसनादौ तु कारणत्व हि गम्यते ॥१७॥

આજ નિરોધ અથવા આજ માનસી સેવા વ્યસન વગેરે દશામાં આસિક્ત એ કારણરૂપ છે (અથ । અચિ પછી પ્રેમ અને

પછી આસક્તિ તે પછી વ્યસનદશા થાય છે, માટે આ શ્લોકમાં
આસક્તિને વ્યસનનું કારણ કહી છે) ૧૭

प्रपञ्चविस्मृतिस्तत्र सुलभासक्तितो भवेत् ।
एतदेव स्वामिनीषु प्रभुणा विहितं पुरा ॥१६॥
दृष्टान्तार्थक्रमेणैव तत्सर्वमिह रूप्यते ॥१८½॥

પ્રભુમાં આસક્તિ થવાથી જગત વગેરેનું વિસ્મરણ થાય
શ્રીકૃષ્ણચન્દ્રજીએ આ આસક્તિકારણ જગતનું વિસ્મરણ વ્રજાંગ-
નાઓને પ્રથમ કરાવ્યું તેના ક્રમિક દૃષ્ટાન્ત તરીકે તે બધું અહીં
કહેવામા આવે છે ૧૮½

प्रादुर्भूय स्वयं नन्दगेहे तासां समर्पणम् ॥१९॥
कारयित्वा स्वयं तत्र लीलां कुर्वन् बभौ प्रभुः ।
'आत्मानं भूषयाञ्चक्रु'रित्यत्रोक्त समर्पणम् ॥२०॥

શ્રીનન્દરાયજીના ઘરમા પ્રકટ થઈને તે વ્રજાંગનાઓને
સમર્પણ કરાવી ત્યા બને લીલા કરતા પ્રભુ શોભવા લાગ્યા
શ્રીમદ્ભાગત ૧૦-૫-૯ મા 'आत्मान भूषयाञ्चक्रु —વ્રજાંગનાઓએ
આ જન્મોત્સવ પ્રસંગે દેહ શણગાર્યા' આ સ્થળે સમર્પણનુ
મૂચન છે. ૨૦

यावत्प्रभोः समर्थत्वं सुखदाने भवेत्पुन ।
समर्पणफलं तावत्तापलेशो निरूपितः ॥२१॥

જ્યાં સુધીમાં પ્રભુ સુખદાન દેવા સમર્થ થાય અને ફરી સમર્પણનું ફળ મળે ત્યાં સુધી વચ્ચેના સમયમાં. વ્રજાંગનાઓને તાપ-ક્લેશ કહેવામાં આવ્યો છે. ૨૧.

आधिभयो हि बाल्येऽपि स्वेष्टरूपस्य, तेन हि ।
सर्वाभिरङ्गे भाव्याभिर्लीलाभिः सुखसम्भवः ॥२२॥

પોતાને ઇષ્ટ એવા રૂપનો આવિર્ભાવ બાલ્યકાળમાં થઈ શકે છે; તેથીજ હવે પછી થવાની સમગ્ર લીલાઓથી સુખનો સમ્ભવ છે. ૨૨.

'यत्पादाङ्के'त्यादिभिस्तु तदेव विनिरूपितम् ।
अत्रैक्रमेण सर्वोऽपि निरोधः सुनिरूपितः ॥२३॥

યત્પાદાબ્જ- (ભા ૧૦—૭ મો) વગેરે પ્રસંગે ફરી તેજ વાત આવી રીતે નિરૂપવામાં આવી છે આગળ જતા ક્રમે કરી સમગ્ર નિરોધનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે. ૨૩

निरोधेऽपि न यास्यिच्छा तासां मुक्तिर्निरूपिता ।
अन्तर्गृहगतानां तु तथा देहविधारणम् ॥२४॥
प्रश्नियच्छाल: स्वतो नेति स्थापयित्वेति चोदितम् (?)॥२४३॥

નિરોધ છતાં રમણ કાજે જેઓ વિશે પ્રભુની ઈચ્છા હતી તેવાં ગોપાંગનાઓને મોક્ષ આપ્યો, તેમ કહેવામાં આવ્યું છે. વેણુનાદ થયે જે ગોપાંગનાઓ ઘરમાંથી બહાર ન નીકળી શકયાં તેઓમાંનાં બધાંજ મોક્ષ નથી પામ્યાં; તેઓના દેહ ટકી રહ્યા તે પ્રભુઇચ્છાથીજ, તેઓની ઇચ્છાથી નહીં. ૨૪

मुक्तिस्तु प्रभुणा स्वस्मिन्नित्यसंयोजनं स्वतः ॥२५॥
संयोगानुभवार्थं हि ततो निष्कासनं क्वचित् ।
अनुभूय तथा लीलास्तत्स्वरूपे व्यवस्थितिः ॥२६॥

પ્રભુ વડે સંયોગનો અનુભવ પ્રાપ્ત થતાં ભોક્તે જીવને પોતામાં દુઃખેશનું સાથે જોડી દેવું; પછી કોઇવાર પોતામાંથી બહાર કાઢી લીલાઓનો અનુભવ કરાવી પોતાના સ્વરૂપમાં વ્યવસ્થા કરી દેવી તેનું નામ મુક્તિ. (=સાયુજ્ય મુક્તિ.) ૨૬.

फलभक्तिस्ततो भिन्ना प्रभोर्भक्तहृदि स्थितिः ।
यावल्लीला कृतिर्नित्यपूर्वरूपनियोजनम् ॥२७॥

ફલાત્મક ભક્તિ તો આ મુક્તિ કરતાં જુદાજ પ્રકારની છે. તે એ કે પ્રભુ પોતે ભક્ત હૃદયમા સ્થિતિ કરી રહે. વળી જેટલી લીલાઓ કરી હોય તે બધી સદૈવ ભક્તના હૃદયમાં જોડી દે. ૨૭.

आत्यन्तिको वियोगोऽयं सर्वत्र विनिरूपितः ।
यतत्फलं तु बहुधा सेवायामपि सर्वथा ॥२८॥
दानसाध्यमतः प्रोक्तं दाने चाग्र इति स्फुटम् ।
दानमाननघद्वेस्तु प्रादुर्भावाद्विनिश्चितम् ॥२९॥

આ આત્યન્ત વિયોગનું બધે સ્થળે નિરૂપણ છે. ઝાઝે ભાગે સેવામાં પણ આનું ફલ આ માટેજ દાન-સમર્પણથી સિદ્ધ કરી શકાય તેવું કહ્યું છે. દાન સિદ્ધ કરવામાં વિયોગની જરૂર છે. આ દાન

–સમર્પણ પ્રભુના મુખારવિન્દાત્મક આધિદૈવિક અગ્નિસ્વરૂપના પ્રાકટ્યથી નષ્ટ થયું છે. ૨૯.

तदाश्रयः सदा कार्यः सर्वभावेन सर्वथा ।
भविष्यति तदैकात्मविश्वाससयुजां नृणाम् ॥३०॥

સંપૂર્ણ ભાવથી દરેક રીતે તે શ્રીમદાપ્રભુજીનો સદૈવ આશ્રય કરવો. તે શ્રીમદાપ્રભુજીમાં આત્મવિશ્વાસવાળા મનુષ્યોને તેથી આશ્રય સિદ્ધ થશે. ૩૦.

कृपासाध्यमतः सर्वं, तथाचेन्न कृपा भवेत् ।
मुक्तिरेव फलं तस्य सायुज्यमितिनिश्चयः ॥३१॥

આથી સર્વ જીવ કૃપાથીજ સાધી શકાય તેમ છે હવે જો તેવા પ્રકારની કૃપા ન થાય તો તેવા મનુષ્યને સાયુજ્ય મુક્તિ જોજ કૃપા મળે, એમ ચોક્કસ જાણવું ૩૧.

सायुज्यमक्षरे चैव किन्तु तत्पुरुषोत्तमे ।
भक्तिमार्गफलेऽप्येतन्मध्यम फलमीर्यते ॥३२॥

આ સાયુજ્ય (જ્ઞાનમાર્ગીયોની જેમ) અક્ષરાત્મમાં નથી પરન્તુ શ્રીપુરુષોત્તમમાં થાય છે ભક્તિમાર્ગીય જીવોમાં આ મધ્યમ પ્રકારનું ફળ કહેવાય છે. ૩૨

'सायुज्यकाङ्क्षये'त्यादि निबन्धेऽपि निरूपितम् ।
भक्तेर्दुर्लभता प्रोक्ता 'दुर्लभे'ति न सोच्यते ॥३३॥

सायुज्य मान्यता (त-नि-) એ વાક્યમાં तत्त्वार्थदीपनिबन्धમાં આ વાત બતાવી છે. તેમજ 'दुर्लभा (त-नि-) એ વાક્યમાં ત્યાંજ સૃષ્ટિની દુર્લભતા કહી છે, તેની વાત અહીં કરતો નથી. ૩૩.

तस्मात्कृपालवस्तस्याः फलमुक्तमनेकधा ।
फलश्रयाधिकारी हि योग्यगेहादिकं पुनः ॥३४॥

भक्तिमार्गीय सेवायाः साधारणकृपाफलम् ।
फलघटयेऽपि नवास्ति कालादिकनियम्यता ॥३५॥

તેથી અનુગ્રહના ભેદથી અનેક પ્રકારનું ફળ કહેવાયું છે. ધાન્ય ફલનો અધિકાર અને યોગ્ય ગૃહ-બાર વગેરે હોવાં, એ ભક્તિમાર્ગીય સેવાના સાધારણ અનુગ્રહથી મળતાં ફલ છે, પ્રભુ ત્રણેય ફલ આપે, તેમાં ક્રિયું પ્રથમ આપે, ક્રિયું પછીથી આપે, એવો નિયમ નથી. (કૃપાભરે ગમે તેવા પ્રકારનું ફળ ગમે તે સમયે આપે છે.) ૩૫.

एवं विज्ञाय च फलं फलसेवाश्रितैर्जनैः ।
फलदाचार्यचरणौ शरणीक्रियतां सदा ॥३६॥

આ પ્રમાણે ફલ વિશે વિશેષ પ્રકારનું જ્ઞાન મેળવી ફલ અને સેવાને આશરે ગયેલા જીવોએ ફલને દેવાવાળા એવા શ્રીમદાચાર્ય-ચરણોનો સદૈવ આસરો કરવો. ૩૬.

१. पुष्टिमार्गीयस्वरूपनिरूपणम् ।

अथ श्रीवल्लभाचार्यचरणाब्जप्रसादतः ।
क्रियते पुष्टिमार्गीयमाप्यरूपविनिर्णयः ॥१॥

શ્રીવલ્લભાચાર્યજીના ચરણકમલની કૃપાથી હવે પુષ્ટિમાર્ગમાં જે સ્વરૂપની આપણે પ્રાપ્તિ કરવાની છે, તેનો નિર્ણય કરવામાં આવે છે. ૧.

शृङ्गाररससंस्थानं स्थायिभावः प्रभुर्मतः ।
रसो निरूपितः शास्त्रे यादृशस्तादृगेव हि ॥२॥

શૃંગારરસના આધારરૂપ જે સ્થાયીભાવ તે પ્રભુ છે. રસ-શાસ્ત્રમાં જેવા પ્રકારના રસની વાત કરવામાં આવી છે તેવોજ પૃત્ય-ગ્રન્થ એ વગેરે સ્વરૂપથી જાણવો. તેમાં પણ ક્રિયા એ કારણરૂપ છે

नृत्यबंधादिभिर्बोध्यः क्रिया तत्रापि कारणम् ।
क्रियया नृत्यबन्धाद्यैः शास्त्रादुद्रेकतोऽपि च ॥३॥

उद्बोद्ध्यः स्वामिनोभावः सोऽस्माकं मन्मथः प्रभुः ।
गूढभावो हृदि स्थायी श्रीभावात्मा कृपाकर ॥४॥

सुखरूपस्तु तत्पश्चाद् भावो तदनुभावक. ।
भक्तसम्बन्धजनितस्तद्भोक्ता प्रभुरुच्यते ॥५॥

ક્રિયાયે કરી નૃત્યગન્ધ વગેરેયે કરી, શાસ્ત્રથી તેમ ઊમળકાથી જે સ્વામીનીભાવનું ઉદ્બોધન (જાગૃતિ) કરવાની છે, તેજ આપણા મન્મથરૂપ પ્રભુ ગૂઢભાવાત્મક અને હૃદયમા રૂઢેલ સ્થાયી ભાવરૂપ છે કૃપા કરનાર, સુખરૂપ અને ભક્તના સમ્બન્ધથી ઉત્પન્ન થયેલો સ્ત્રીભાવાત્મક એ તો પાછળથી તે સ્થાયી ભાવનો અનુભવ કરાવનારો થાય છે. તે સ્ત્રી-ભાવાત્માના ભોક્તા પ્રભુ કૃષ્ણવામા આવ્યા છે ૩-૫

'कामाख्यं सुखमुत्कृष्ट' मित्यत्र विनिरूपितम् ।
तस्य भावैकभोग्यत्वादभोक्तृत्वमुपपद्यते ॥૬॥

"कामाख्य सुखमुत्कृष्टम्"– એ સ્થળે આ વાત નિરૂપવામા આવી છે. તે સુખ માત્ર ભાવથીજ ભોગવી શકાય તેવું હોવાથી પ્રભુ તેના ભોક્તા છે, તે ભુક્ત છે. ૬.

अतिगूढ स भगवानेवं ज्ञेयः कृपावलात् ।
तदाश्रितैः सदासिद्धैः सेव्यश्च प्रीतिसेवया ॥૭॥

આ પ્રમાણે કૃપાબળે અતિગૂઢ એવા તે પ્રભુને જાણવા અને તે પ્રભુને શરણે ગયેલા સિદ્ધોએ પ્રીતિરૂપ સેવાથી તેજ પ્રભુની સદા સેવા કરવી ૭.



१०. स्वमार्गीयस्वरूपस्थापनप्रकारः ॥ ।

समानीय स्वयं दृष्ट्वान्मूर्तिं स्वर्द्धिशोभनाम् ।
कृष्णस्य बालकैशोरावस्थापन्नां विशेषत· ॥१॥
बाल्यस्यैकाधिनीमन्यां सद्वितीयामथापि वा ।
यतो मूलपरिग्रे हि बालकैशोरयोः कृतम ॥२॥
स्नापयित्वा तु विधिवत्पञ्चामृतजलादिभिः ।
शङ्खेन च ततः पश्चाच्चन्दनेनामृलेपनम् ॥३॥
पुनरुष्णजलेनापि स्नापयित्वा तदुरसम ।
सम्मोक्ष्य सूक्ष्मवस्त्रेण स्थापयेदासनोपरि ॥४॥

શ્રીઅગ્નિ આદિ-પુ. તેમજ દ્વિશોઢાવસ્થાનું છે, તેથી શ્રીકૃષ્ણ-ચન્દ્રજીની બાલ્ય અને કિશોર અવસ્થામાં કૂદેલી અને બાલ્યાવસ્થાની એક અથવા તો શ્રીસ્વામીની સહિત બીજી બીજી. એમાં અકૂરોક્ત બુકોલિત મૂર્તિ જાતે બજારમાં જઈ લાવવી; પછી વિધિ મુજબ દાઢ્યે કરી પંચામૃત, જલ વગેરેથી સ્નાન કરાવવું. પછી ચન્દનનો લેપ કરવો. કૂણી ગરમ જલ વડે સ્નાન કરાવી તે બાદ જીણા વસ્ત્રથી લોછણ કરી (કોરી) આસન ઉપર સ્થાપવી. ૧-૪,

ग्राथंचित्वा निजाचार्यान् ध्यात्वा तद्हृदयस्थितम् ।
भावात्मकं प्रभो रूपं सर्वलीलायुतं सदा ॥५॥

लक्ष्मीसहस्रसंसेव्यं तापत्रलेशयुतात्मना ।
चद्ध्वाञ्जलिं तथाभूत. पठेच्च तदनन्तरम् ॥६॥
'अव्याद्जोऽङ्घ्रि प्रमणिमा'नित्यादिन्यासपूर्वकम् ।
बिभाव्य स्वामिनीरक्षां प्रत्यङ्गे स्थापिताङ्गुलिः ॥७॥

શ્રીમદાચાર્યચરણોની પ્રાર્થના કરી તેઓના હૃદયમાં રહેલું, સહસ્ર લીલાઓથી યુક્ત એવું પ્રભુનું સ્મરણ લક્ષ્મીયોથી સેવાયેલું ભાવાત્મક જે રૂપ તેનું સદૈવ તાપત્રલેશયુક્ત હૃદયે ધ્યાન ધરી અને બે હાથ જોડી ઉભા રહી ત્યારબાદ શ્લો. ૧-૬-૨૨થી, એ રક્ષાના ન્યાસાદિપૂર્વક હૃદય અંગોમા અંગુષ્ઠ મૂકી તેજ શ્લોકથી ન્યાસાદિપૂર્વક દરેક અંગોમા અંગુષ્ઠ મૂકી તેજ પ્રમાણે સ્વામીનીજીની રક્ષાની પણ ભાવના કરી, પાઠ કરવો ૫-૭

रक्षामिमेवं विहितं भावात्मस्थापन प्रभौ ।
स्याचार्यंवश्चिरंतिष्ठेत्तद्धन्तर्यपि हरिष्यति ॥८॥

પોતાના આચાર્યને આશ્રયે રહેલા ભક્તોથી આ રક્ષાને પ્રભુમા ભાવાત્મક સ્વરૂપની સ્થાપના કરવામા આવે છે. તેજ રીતે મૂર્તિમા પણ પ્રભુની સ્થિતિ થાય છે. ૮.

इदमेवोक्तमाचार्यैर्भक्तिमार्गप्रकारत ।
'तत्र च स्थित' मित्यादि, स भावात्मा हरि स्मृत. ॥९॥

પુષ્ટિમાર્ગના પ્રકારે કરી તત્વાર્થનિબન્ધ-સર્વનિર્ણય પ્રકરણમા મૂર્તિવિષયક જે વિધાન થયું છે, તેમા 'तत्र तत्र च स्थितम्

(त-नि- सर्वनि.)-ते રૂપ તેમાં સ્થિતિ કરી રહેલું જોય છે; એમ શ્રીમદ્‌પ્રભુજીએ કહ્યું છે, તે આત્મ. તે દિવ્યજ્ઞાન આત્મારૂપ કહ્યાં છે. ૯.

पट्टित्वा तु शिराच्छित्वा शृङ्गारं रचये तदा ।
चैत्रैरामरणैर्वापि प्रेम्णा सौन्दर्यं सूचकैः ॥१०॥
आस्तीर्यं वस्त्रैर्विधिवदासनं तत्र भावयेत् ।
तदुत्तरीयवस्त्राणि ततस्तामुपवेशयेत् ॥११॥
'तद्दर्शने'तितन्त्रस्थं पथयुग्ममुदीर्यं च ॥११½॥

ત્રણવાર ઉપરના રક્ષાસૂત્રનો પાઠ કરી પ્રેમપૂર્વક સૌદર્યને ખીલાવનારા વસ્ત્રો અને આભરણોથી પ્રભુનો શૃંગાર કરવો; વસ્ત્રો બિછાવી વિધિપૂર્વક આસન તૈયાર કરવું અને પછી ઉત્તરીયપિછોડી વગેરે વસ્ત્રો ધરાવી 'तद्दर्शने' એ શ્લોકનો પાઠ કરી ત્યાં રત્નરૂપને પધરાવવું. ૧૧½.

ततः सञ्जीवृन्ते सम्यगोदनव्यञ्जनादिके ॥१२॥
भावयित्वा तु तन्मत्यस्वामिनीयिहितार्चनम् ।
हृदि कृत्वा निजाचार्यान् दैन्यधानैकतत्परः
स्वयं समर्पयेत् काममाचार्यद्वारकं जनः ॥१३½॥

ત્યારપછી ગાઢી રીતે તૈયાર કરેલાં ભાત-શાક-પકવાન્નાદિકમાં ત્યાંજ બિરાજતાં સ્વામીજીની અર્પન કરતા હોય તેવી ભાવના કરી હૃદયમાં આપણા આચાર્ય શ્રીમહાપ્રભુજીને રાખી દીન બની એકાન્ત ભાવે આચાર્યદ્વારા જતેજ આત્મસમર્પણ પ્રભુને કરવું. ૧૩½.

ताम्बूलमुत्तमं दद्यादाचम्य प्रोञ्छय चाननम् ।,१४।
तत उत्थाय च करौ संयोज्य विधिवत्पठेत्।
कृष्णाश्रयाभिधं स्तोत्रं प्रणमेद्दण्डवद् भुवि ॥१५॥

તે પછી આચમન કરાવી મુખ ધોંછી ઉત્તમ પ્રકારનું નાગરવેલનું પાન ધરાવવું પછી ઊભા થઈ બે હાથ જોડી શ્રીકૃષ્ણાશ્રય સ્તોત્રનો વિધિમુજબ પાઠ કરવો અને પૃથ્વી ઉપર દંડવત્પ્રણામ કરવા. ૧૫.

अदम्भः सर्वथापेक्षारहितः कृपणापरः।
विचार्य चरणं श्रीमदाचार्यपदसंश्रयः॥१६॥
स्वसेवकाय शुद्धाय सततं प्रयतात्मने।
प्रयच्छेत्तत्स्वरूपं तु फलरूपतया पुनः॥१७॥

દંભરહિત, સર્વથા કોઈપણ જાતના બદલાની આશા વિનાના, કરુણામય અને શ્રીમદાચાર્યજીના આશ્રયવાળા તેવા જને ભક્તિમાર્ગિય ચરણનો વિચાર કરી હમેશાં જેનો આત્મા નિયમમાં છે, તેવા શુદ્ધ પોતાના સેવકને ફલરૂપે તે સ્વરૂપ પધરાવી આપવું. ૧૭.
(ગોસ્વામિબાળકોએ ક્રિયા વિધિયે પોતાના સેવકને વિધિસ્વરૂપ પધરાવી આપવું, તેનું આમા સૂચન દેખાય છે.)

भक्तिमार्गस्थितैः श्रीमदाचार्यपदसंश्रितैः।
सेव्यमानं सदाभावैर्निरोधं साधयेद् ध्रुवम्॥१८॥

ભક્તિમાર્ગમાં સ્થિતિ કરી રહેલા, વળી શ્રીમહાપ્રભુજીના પદને આશ્રયે રહેલા મહાનુભાવો જકતોયે સેવાતા નિરોધની હમેશ નક્કી સાધના કરવી. ૧૮.

---

११. श्रीमत्प्रभोश्चिन्तनप्रकारः ॥

अथ श्रीयदुभाचार्यचरणाब्जप्रसादतः।
स्वमार्गसेव्यरूपस्य चिन्तने रीतिरुच्यते ॥१॥

શ્રીમદ્વલ્લભાચાર્યચરણકમલોની કૃપાથી આપણા માર્ગમા સેવ્યરૂપ પ્રભુના ચિન્તનની રીતિ કહેવામા આવે છે ૧.

विपिने विपिने वृक्षलतादिषु विशेषत।
परिभ्रमन्ती चिरहे विकला गोपबालिका ॥२॥
विस्रस्तवसना शुष्करसना रत्नमालिका।
विकीर्णकेशा सद्वेषा नाथ नाथेति वादिनी ॥३॥
चलत्पदयुगा दुःखान्मुहुर्मीलितलोचना ।
लग्नक्रमपदाम्भोजचिह्नदर्शनकातरा ॥४॥
दृष्ट्वाग्निमिशिखा निःश्वासग्रहणातुरा ।
धरणीपतिताऽत्यन्तविरहाकुलचेतना ॥५॥
हृदि प्रादुर्भवद्भावदृष्टगोकुलनायका ।
नाथोत्थापय मामेव मुहुर्विकलवचवादिनी ॥६ ॥
विचाररहिता चित्तचिन्ताकुलितमानसा ।
मनोजगृद्धभावात्मप्रियप्राकट्यकांक्षिणी ॥७॥
समस्तलीलानुकृतिकृन्निजप्रियभावुका ।

कोटिकन्दर्पलावण्यसावरूप्रियाश्रया ॥८॥

नित्यलीलाश्रया नित्यरतिमैथुनतत्परा।

परमार्थतमप्रेमविल्लहत्पङ्कजादरा ॥९॥

भावनीया नित्यमेघम्भृता [illegible]यामिनी हरेः ॥९३॥

પ્રભુનાં ગોપ-ગોપિકા—સ્વામિનીજી, સખીજનાદિ તેનું હમ્મેશા ભાવન કરવું. ૨-૬૨.

तदेकहृदयस्थायी तद्भावः कृष्ण एवहि ॥१०॥
लीलासद्वस्तुयलितः सामग्रीसहितस्तथा ।
भावनीयः सदानन्दः सदानन्दादिलालितः ॥११॥

તે એક સ્વામિનીજીનાજ હૃદયમા સ્થાયી ભાવાત્મક પ્રભુ શ્રીકૃષ્ણ છે. તે હમ્મેશા લીલાઓથી યુક્ત તેમજ લીલાની સામગ્રી વાળા સદાનન્દરૂપ. નન્દ વગેરેથી સદા લાડ લડેલા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીની ભાવના કરવી. ૧૦-૧૧.

इदमेवोत्तमाचार्यैः सिद्धान्तस्य निरूपणे ।
'आत्मानन्दसमुद्रस्थं कृष्णमेवे'ति यद्वचः ॥१२॥

'सिद्धान्त मुक्तावली'मा आज वात " आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् (सि–मु–१६) आत्मानन्दरूपी समुद्रमा रहेला श्रीकृष्णचन्द्रजीनीज भावना करवी," त्या श्रीमदाचार्यचरणोओ आज्ञा करी छे, १२.

तदाशयस्तु विदुत कृपयैव प्रभोर्मया ।
अवगत्य जना. सर्वे चिन्तयन्तु हरिं सदा ॥१३॥

તે વાક્યોનો આશય પ્રભુની કૃપાથી મેં કહ્યો છે આને જાણી સકલ મનુષ્યે યે સદૈવ હરિભગવાનનુ ચિન્તન કરવું. 13

१२. स्वमार्गीयशरणसमर्पणसेवादि-

निरूपणम् ।

(अनुवादक-बसंतराम लक्ष्मिकृष्ण शास्त्री.)

(जे मार्गमां जे जीवनो अंगीकार थयो होय ते जीवे ते मार्गनुं स्वरूप अवश्य जाणवुं जोईअे; एटला माटे जे जीवोनो अंगीकार पुष्टिभक्तिमार्गमां थयेलो छे, तेमणे पोताना पुष्टिभक्ति-मार्गनां शरण एटले शुं, समर्पण अने सेवा एतुं स्वरूप शुं वगेरे जाणवुं जोईअे. अे जणावया माटे श्रीहरिरायजीअे स्वमार्गीय-शरणसमर्पणसेवादिनिरूपण नामनो अेक ग्रंथ प्रकट करेलो छे. अे ग्रंथना श्रवणमननथी स्वमार्गविषयना सर्व संदेहो टली जाय छे.)

अथ स्वकीयबोधाय सूक्ष्मरीत्या विचार्य च ।
स्वमार्गीयप्रकारोऽयं सर्वोऽपि हि निरूप्यते ॥१॥

हवे जेनो अंगीकार पुष्टिभक्तिमार्गमां थयेलो छे अेवा निज जनोने बोध थवा माटे, सूक्ष्म रीते विचार करीने आ स्वमार्गनो सर्व प्रकार स्पष्ट करवामां आवे छे. १

गृहीत्वा नामशरणं गत्वा सर्वं समर्प्य च ॥
सेवासार्थकतासिद्ध्यै देहादिनां तथा पुनः ॥२॥
अन्यत्राविनियोगाय क्रियतां तनुवित्तजा ॥
तथा तु मानसी सिध्येत् सैवाग्र फलरूपिणी ॥३॥

ઉપર પ્રમાણે, શ્રીવિઠ્ઠલનાથજી ગ્રંથ રચવાની પ્રતિજ્ઞા કરીને પુષ્ટિભક્તિમાર્ગમાં શું શું જાણવાનું છે, તે જણાવવા માટે પુષ્ટિમાર્ગના સર્વ સિદ્ધાંતોનો સમગ્ર સૂક્ષ્મ રીતે કરે છે. પોતે જે માર્ગમાં પ્રવેશ કરેલો હોય તે સ્વમાર્ગ કહેવાય. પુષ્ટિમાર્ગમાં જેનો પ્રવેશ થયેલો હોય તેમને સ્વમાર્ગ તે પુષ્ટિમાર્ગ જ છે. જ્યાંસુધી પુષ્ટિમાર્ગનું બધું સ્વરૂપ દૃઢતા સમજવામાં આવે નહિ ત્યાંસુધી તેમાં જાણવાનું શું છે તેની બરાબર ખબર પડે નહિ માટે શ્રીવિઠ્ઠલનાથજી પહેલા સાત શ્લોકમાં પુષ્ટિમાર્ગના બધા સિદ્ધાંતો સૂક્ષ્મ રીતે જણાવે છે

સિદ્ધાંતોનું સૂક્ષ્મ સ્વરૂપ

શ્રીકૃષ્ણ. શરણ મમ એ અષ્ટાક્ષર મંત્ર વડે નામબ્રહ્મ કહીને ગયો જાઈને અને બ્રહ્મસંબંધ વા દામંત્ર વડે શ્રીગુરુદેવદ્વારા સર્વ સમર્પણ કરીને સેવા કરવી બ્રહ્મસંબંધ થયાથી સેવાનો અધિકાર આવ્યો છે માટે બ્રહ્મસંબંધ પછી અવશ્ય સેવા કરવી જોઈએ કર્મ સાર્થક થઈ કહેવાય કે જ્યારે દેહ, ગૃહ, ધન વિગેરેનો ઉપયોગ પ્રભુની સેવા વિના બીજે થશે ના આમ દેહ વગેરેનો બીજે નિયોગ ન થવા માટે શરીરથી અને ધનથી પ્રભુની સેવા કરો, એ પ્રમાણે તનથી અને ધનથી સાધન સેવા કરતાં ફલરૂપ માનસી સેવા સિદ્ધ થશે એ માનસી સેવા આ માર્ગમાં ફળરૂપ છે એમ સમજવું ૨–૩

હવે સેવાના પ્રકાર અને ફલનાં સૂક્ષ્મ ભેદો ઉપદેશે છે

सा प्रकारद्वयेणेति तेषां तन्मध्यपातत: ॥
फलरूपमिति ते ज्ञेया सेवायां तु फलत्रयम् ॥४॥

માનસી સેવા ત્રણ પ્રકારે થાય છે, તેથી તેના અધિકારી ત્રણ પ્રકારના છે; ઉત્તમ[૧], મધ્યમ, કનિષ્ઠ. એ ત્રણે અધિકારીના ભેદથી માનસી સેવાનાઓ ત્રણ પ્રકારો છે. તેવણ પ્રકારો માનસી સેવામાં આવી જતા હોવાથી ફલરૂપ છે, બીજા બાકીના તે તે પ્રકારો ફલા છે. સેવામાં ત્રણ ફલ છે. ૪.

सेवा तु सा समानत्वात् सेवान्ते न विलक्षणा ॥
फलतातः प्रकाराणां पश्चाद् भावितयोच्यते ॥५॥

સેવા તો માનસી બોક સરખીજ છે, માટે, ફલરૂપ થયા પછી પણ તેવીજ રહેવાની, વિલક્ષણ થશે નહિ, જે સેવા નિરંતર કરવામાં આવતી હોય તેજ સેવા પ્રભુની કૃપાથી ફલરૂપ બને છે, બીજી સેવામાં કાંઇ તફાવત પડતો નથી. બીજા માટે સેવાના ત્રણ પ્રકારો ફલરૂપ થયા પછી ફલરૂપ છે, કેમકે આ પ્રકારો ફલરૂપ માનસી સિદ્ધ થયા પછી થાય છે. ૫.

यादृशं धरणं तादृग्प्रकाराप्तसेवना ॥
मानसी फलरूपेति तारतम्येन चोच्यते ॥६॥

૧, ઉત્તમ અધિકારી શ્રીબ્રજસુંદરીજ છે. મધ્યમ અધિકારી એ કે જે માર્ગની રીતિને અનુસરીને જ્ઞાનપૂર્વક સેવા કરનારા છે. કનિષ્ઠ અધિકારી પોતાના સ્વાર્થ માટે ભાવ વિના માર્ગની રૂઢિ પ્રમાણે સેવા કરનારા છે.

૨. આ સવિસ્તર જાણવા માટે સિદ્ધાંત મુક્તાવલી અને સેવા-ગ્રંથો ટીકા સાથે વાંચવા જોઈએ.

પ્રભુએ જેવું વરણ કર્યું હોય તેવે પ્રકારે સેવા પ્રાપ્ત થાય છે; એટલે કે પ્રભુએ કૃપા કરીને જેવા ઉત્તમ. મધ્યમ અથવા કનિષ્ઠ અધિકારનું દાન કર્યું હોય તેવીજ સેવા તે જીવ કરી શકે છે. તેજ સેવા પછીથી ફલરૂપ માનવી થાય છે, માટે ફલરૂપ માનવી સેવા અને તે પહેલાંની સેવા એ બન્ને તફાવત સાથે કહેવાય છે, એટલે કે અધિકાર પ્રમાણે જે સેવા ફલરૂપ માનવી તેને ત્યારે એ સેવા વિલક્ષણ છે એમ સમજવું. પહેલાંની સેવાજ ફલરૂપ માનવી થઈ જાય. ત્યારપછી સેવાના સ્વરૂપમાં ફેરફાર થઈ જાય છે એમ ભાવાર્થ છે. ૬.

तै प्रकारास्तु विज्ञेया ग्रन्थात् सेवाफलाभिधात् ॥
अलौकिकं हि सामर्थ्यं सायुज्यं पुरुषोतमे ॥७॥
वैकुण्ठादिषु सेवायाः छरीरमधिकारकृत् ॥७॥

સેવાના એ બે પ્રકારો [1] સેવાફલ નામના શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલા ગ્રંથથી સમજી લેવા. સેવાના ત્રણ ફલ છે, એક તો લોકમાં કોઈ પણ સ્થલે ન જોવામાં આવે તેવું અલૌકિક અદ્‌ભુત સામર્થ્ય, બીજું ફલ સાયુજ્ય છે. શ્રીપુરુષોતમની સાથે તે સ્વરૂપે જોડાવું તે પુરુષોત્તમમાં લીન થવું તે પણ સાયુજ્ય છે. વૈકુંઠ આદિ લોકોમાં દિવ્ય શરીર મળે તેથી પણ સેવાનો અધિકાર મળે છે. સેવાનો અધિકાર વૈકુંઠમાં દેહ મળવાથી પ્રાપ્ત થઈ શકે છે. ૭

एतावानेव मार्गेऽस्मिन् सूक्ष्मः सिद्धान्तसङ्ग्रहः ॥८॥

---

૧. આ માળામાંજ આ પહેલાં છપાયેલો स्वामार्गीयसेवाफलस्व- . , निरूपणनिर्णय ग्रन्थ जुओ.

આ પુષ્ટિમાર્ગમાં સુક્ષ્મ સમજ કરવામાં આવે તો આટલોજ સિદ્ધાંતોનો સંગ્રહ છે. ૮

શરણે જવાનો પ્રકાર

જીવ જ્યારે શરણે જાય છે, ત્યારે પ્રભુ તેનો અંગીકાર પુષ્ટિ-સૃષ્ટિમાર્ગમાં કરે છે, માટે પહેલાં પ્રભુને શરણે જવું જોઇએ. પ્રભુ પણ ગીતામાં આજ્ઞા કરે છે, કે:-

૧ 'સર્વ' ધર્મને પરિત્યાગ કરીને મારે એકને શરણે આવ. 'આ શરણ તે સંપ્રદાયમાં શ્રીવલ્લભકુલના બાલકના મુખારવિંદમાં શ્રીકૃષ્ણ શરણ મમ એ અષ્ટાક્ષરનું મંત્રરૂપ કરવું એજ છે. એનો પ્રકાર શ્રીવિઠ્ઠલનાથજી પદર શ્લોકથી વર્ણવે છે:-

तस्माद्धी शरणं यातः किं वर्यादिति चोच्यते ॥
श्रीमद्वाचार्यमार्गीयगुरूणां शरणं गतः ॥९॥
स्वामित्वेन हरिं स्वं तु सेवकत्वेन भावयेत् ॥
लौकिकं वैदिकं वापि विदध्याद्द भक्तिसिद्धये ॥१०॥

તેમાં પહેલાં જેની શરણાગતિ સિદ્ધ થયેલી છે, એટલે કે જે જીવ પ્રભુને શરણે ગયેલો છે, તેણે શું કરવું જોઇએ તે કહેવામાં આવે છે. શરણે ગયેલો કેવો સમજવો કે એ મહાપ્રભુજીના માર્ગના ગુરુ-દ્વારા શરણે ગયેલો હોય. શ્રીમદ્ પ્રભુજી આપ પુષ્ટિભક્તિ માર્ગના આચાર્ય છે. આપનો માર્ગ તે પુષ્ટિભક્તિમાર્ગ છે. એ

---

૧. सर्वधर्मान् परित्यज्य मामेक शरणं व्रज । गीता.

માર્ગના ગુરુ શ્રીમહાપ્રભુજીનાજ વંશમા પ્રકટ થયેલા મહાનુભાવી શ્રીગોસ્વામિબાલકો કે માટે પરપગથી અને માર્ગમર્યાદાને અનુસરીને તેમના દ્વારા પ્રભુને શરણે જાય તે શરણે ગયેલા કહેવાય

શરણે ગયા પછી શું શું કરવું તે જણાવે છે –

ઉપર કહ્યા પ્રમાણે શરણે ગયા પછી અને પ્રભુએ શરણે લીધા પછી પોતાના સ્વામી માલીક, નાથ તથા–દુ ખહર્તા શ્રીહરિજ છે, અને હુ એમનો બધક છુ, દાસ છુ. એની ભાવના કરી જોઈએ ભક્તિ એને કહેવા એમની સિદ્ધિ માટે જે જે ના પ્રયોગ કર્યા અને વહમા કરેલા વ્યભિચાર જે ધર્મો પડ્યા આજના દિવસે

શુ ન કરવુ ?

શુ કરવુ તે એ, ન તો જણાવ્યુ, હવે શુ શુ ન કરવુ તે બતાવે છે,–

नान्यमार्गाश्रयो नैव देशातरमाश्रय ॥
नव तीर्थाश्रयो नैतामिमते कर्तृताश्रय ॥११॥

બીજા માર્ગનો આશ્રય નજ કરવો પ્રભુ જ્યા ન બિરાજતા હોય તેવા દેશને આશ્રય ન કરવો તમનો ધર્મ એજ છે કે જ્યા પોતાના સ્વામી હોય ત્યાજ રહેવુ જોઇએ, માટે પ્રગટ સ્વરૂપે પ્રભુ જ્યા દર્શન ન આપતા હોય, તે દેશનો સ્વપ્ને પણ આશ્રય કરવો નહિ, એજ કારણને લઈને તીર્થમાજ રહેવાથી મારૂં કલ્યાણ

ણે એમ માનીને તીર્થનો આશ્રય કરવા નદિ વગી ગલિમાનથી
ુ૮ કતા હુ, કે કર હુ તે હુજ ુ૮ હુ એમ ન માનવુ,
વદ્ધ, તાત્રિક યાદિક મંત્રો ઉપર પોતાનો બધો આધાર રાખવો
નદિ મોથી પ્રભુ મને મળશે એમ માનીને તે મંત્રોનો આશ્રમ
ખવો નહિ તેમજ યજ્ઞયાગાદિક ુઈ કરીશ તોજ પ્રભુ મળશે
માનીને બીજા દેવોનિ આશ્રય ન કરવા ૧૨

૮। આ શ્લોકમા એવુ કે મંત્રનો ત્યાગ કરવા
શ્રોનો આશ્રય ન કરવો નહિ એમ કહેવાથી તે કરવા લાગ, તેમ કે
જ્યારે મંત્રનો ત્યાગ થાય ત્યારે જોગ મંત્ર વિના કેમ રહે? એ
સશય પ્રાપ્ત થતા માટેજ આવા કહે છે

૧૧૮ પુષ્પાશ્રિ

नैव मन्त्रसमाधानो न च कर्माभिसंश्रय, ॥
सर्वदोषनिवृत्यर्थं धर्मत्वेन हरिं श्रित ॥૧૭॥

ળવા જોની નિવૃત્તિ થઈ જવા માટે પ્રભુની સેવા પ્રભુન
મરણ ુ પ્રભુમાજ ધર્મની દૃષ્ટિ કરી ઉપર બતાવેલા દોષનો
નાશ થવા માટે ધર્મસ્વરુપ પ્રભુ શ્રીહરિ છે એમ સમજવુ, બીજા
વિના બીજો કોઈ આશ્રય નથી, બીજો કોઇ ધર્મ નથી, એમ સમ
જવુ બીજા ધર્મો ઉપરથી આસક્તિ ઊઠી જાય તોપણ સર્વ દોષો
આવ્યા જાય મુખ્ય ધર્મરુપ પ્રભુજ છે, એમ દૃઢ થઈ ગયા પછી
બીજાનો આશ્રય વગરે છોડવાથી કોઈ પણ દોષ લાગે નહિ દોષની
નિવૃત્તિ થવા માટે શ્રીહરિને ધર્મસ્વરુપ જોવા એટલે કૃતાર્થ છે ૧૨

અમુક આ પુરુષાર્થમાંના ધર્મરૂપ પુરુષાર્થની પુષ્ટિ થવા માટે ઉપર કહ્યું હવે, અર્થરૂપ પુરુષાર્થ પણ શ્રીહરિ છે, તે આપણે બતાવે છે. પુરુષાર્થ ચાર પ્રકારના છે; ધર્મ અર્થ, કામ અને મોક્ષ. ધર્મરૂપ પ્રભુજ છે, તે ઉપરના અર્ધા શ્લોકથી સિદ્ધ થયું હવે અર્થરૂપ જે બીજો પુરુષાર્થ છે, તે પણ શ્રીકૃષ્ણરૂપજ છે, એમ આજ્ઞા કરે છે:-

विवेकादेरभावेन दैन्येनार्थत्वभावनम् ॥
स्वकामपूरणार्थाय पूर्णानन्दत्ववेदनम् ॥१३॥

'પ્રભુ પોતાની ઇચ્છાથીજ સર્વ કરશે' એ સિદ્ધાંત દૃઢ કરવો તે વિવેક. વિવેક, ધૈર્ય અને આશ્રય એ ગુણ ન થયાં હોય તો દીનતાથી એમ સમજવું કે પ્રભુ અર્થરૂપ છે. અર્થ નામનો બીજો પુરુષાર્થ પણ માત્ર પ્રભુજ છે એમ સમજવું. 'બહુતો પાસે પ્રભુને પ્રસન્ન કરવાનું કોઇ પણ સાધન હોય તો તે માત્ર દીનતાજ છે,' એમ શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે. વિવેક, ધૈર્ય, ભક્તિ વગેરેથી રહિત અને પાપ કરવામાં આસક્ત થયેલા એવા મને શ્રીકૃષ્ણજ શરણરૂપ છે. એટલે અર્થીજે દુષ્ટ એવા જીવને કૃષ્ણ વિના બીજા કોણ શરણે લે?

નીજો પુરુષાર્થ કામ છે, માટે તે પુરુષાર્થરૂપ પણ પ્રભુ છે, એમ આજ્ઞા કરે છે –

દરેક જીવને સુખની અને આનંદની ઇચ્છા થાય છે. મને સુખ કેમ મળે અને તે કાયમ કેમ રહે તેવો આનંદનો લહાવો કેવી રીતે હું લઇ શકું એવી કામના દરેકના મનમાં થાય છે.

અને તે માટે જીવ અનેક પ્રયત્નો કરે છે. પણ તે બધા નકામા છે. પોતાની એ કામના સફળ કરવા માટે પૂર્ણ આનન્દસ્વરૂપ શ્રીહરિજ સમર્થ છે,એમ જાણવું જોઈએ .જે પોતે આનંદથી પૂર્ણ હોય તેજ આનંદ મેળવવા માટે થતી કામનાઓ પૂરી શકે. પ્રભુ વિના બીજું કોઇ પૂર્ણાનન્દ નથી એમ જાણીને, તેજ બધી કામના પૂરશે એમ નિશ્ચય કરીને કામરૂપ પુરુષાર્થ પણ શ્રી હરિજ છે એમ જાણવું. ૧૨.

મોક્ષરૂપ પણ પ્રભુજ ! એમ આજ્ઞા કરે છે:—

न साधनैर्मवेन्मोक्षो हरिरेव तदात्मकः ॥१३३॥

સાધનો કરવાથી મોક્ષ થતો નથી કેમકે શ્રીહરિજ મોક્ષસ્વરૂપ છે. તે હરિના દાસ થઈએ તો મોક્ષજ મળી ગયો એમ સમજી લેવું જ્યારે એ દયાલુ પ્રભુ કૃપા કરીને પોતાના દાસ તરીકે જીવનો અંગીકાર કરે, ત્યારે ભગવદીયપણું પ્રાપ્ત થઇ જાય. તે પ્રાપ્ત થતાં મોક્ષ મળીજ ગયો એમ સમજવું. સદાનંદ શ્રીકૃષ્ણના દાસાનુદાસ અનુચરો મોક્ષની આકાંક્ષા કદાપિ રાખતાજ નથી. સારાંશ કે પ્રભુ ના દાસ થવું એજ મોક્ષ છે. અને મોક્ષરૂપ પુરુષાર્થ પ્રભુ છે એમ જાણવું તેજ ખરું જ્ઞાન છે. ૧૩½.

સાધન પણ શ્રીકૃષ્ણ

દેશ વગેરે સાધનો અને ચાર પ્રકારના પુરુષાર્થો પણ શ્રીકૃષ્ણજ છે એમ શ્રી હરિરાયજી આજ્ઞા કરે છે:—

तदीयतायाः संपत्तौ मुक्तत्वेनैव चिन्तनम् ॥१४॥
अत एव निराकांक्षा मोक्षतः कृष्णसेवकाः ॥१४½॥

देशादिसाधनं कृष्णः पुरुषार्थश्चतुर्विधः ॥१८॥

દેશ વગેરે સાધનરૂપ શ્રીકૃષ્ણજ છે એમ ૧૧મા અને બારમા શ્લોકથી સિદ્ધ કર્યું છે. બીજા માર્ગનો આશ્રય ન કરવો એમ આપશ્રીએ ૧૧મા શ્લોકમાં કહ્યું છે. તેથી એમ સિદ્ધ થાય છે કે કલિકાલ મહાદોષ યુક્ત છે, અને તેના દોષ સર્વને લાગે છે. માટે તેમાં ઉત્પન્ન થયેલા બીજા દોષ વાળા માર્ગ કરતાં આ નિર્દોષ પ્રભુના નિર્દોષ ભક્તિમાર્ગમાંજ રહેવું એ વિશેષ કલ્યાણ કારક છે. એ ઉપરથી એમજ સમજવું કે ભક્તિમાર્ગમાં પ્રભુનું શરણ લેવાનાં કાંઈ બાધ નથી કરતો, કેમકે એ કાલરૂપ સાધન શ્રીહરિજ થાય છે. બીજું દેશનો આશ્રય ન કરવો એમ કહેવાથી દેશરૂપ પણ પ્રભુજ છે, અને બધું શ્રીહરિજ કરે છે એમ કહેવાથી કર્તા પણ શ્રીકૃષ્ણજ છે એમ સિદ્ધ થાય છે. તીર્થનો આશ્રય ન કરવો એથી સાબીત થયું કે દ્રવ્યરૂપ સાધન પ્રભુજ છે. માટે તેનો આશ્રય કરવો. મંત્રનો આધાર ન રાખવો એમ કહેવાથી મંત્રરૂપ સાધન પણ શ્રીકૃષ્ણજ છે. એમ સિદ્ધ થયું. બીજા કર્મનો આશ્રય ન કરવો પણ પ્રભુની સેવા તે કર્મ છે એમ માનવું એમ કહેવાથી કર્મરૂપ સાધન પણ શ્રીકૃષ્ણજ છે એમ સાબીત થયછે, એ પ્રમાણે ૧૧-૧૨ શ્લોકમાંથી એ રહસ્ય નીકળે છે કે, દેશ, કાલ, દ્રવ્ય, કર્તા મંત્ર અને કર્મ એ છ સાધનો સદોષવાળા થઈ ગયેલાં છે, પરંતુ

---

* સાધનો છ પ્રકારનાં છે; દેશ, કાલ, દ્રવ્ય, કર્તૃ, મન્ત્ર, કર્મ. એ છ સાધનો જ્યારે શુદ્ધ હોય તોજ મોક્ષ સિદ્ધ થાય છે. આ સમયમાં દેશ પણ દોષવાળો છે, તેમજ સમય વગેરે પણ દુષ્ટ છે, માટે ભક્તિમાર્ગનોજ આશ્રય કરવો; તેનો આશ્રય કરવાથી એ પ્રભુજ સાધન-રૂપ બની જાય છે. પ્રભુ નિર્દોષ છે, એટલે એ સાધનો પણ નિર્દોષ થાય છે

ભક્તિમાર્ગ નિર્દોષ પ્રભુનો નિર્દોષ માર્ગ હોવાથી તે માર્ગનો આશ્રય કરતાં, એ જ સાધનરૂપ શ્રીકૃષ્ણજ છે એવો દૃઢ નિશ્ચય થતાં સર્વ દોષો દૂર થઈ જાય છે. તેમજ ચાર પુરુષાર્થરૂપ શ્રીકૃષ્ણજ છે, એ પ્રમાણે પ્રેમપૂર્વક નિરંતર મનમાં સ્મરણ કરવું કે મારાં સર્વ સાધનરૂપ અને મારા સર્વ પુરુષાર્થરૂપ સદાનંદ શ્રીકૃષ્ણજ છે. ૧૪–૧૫

કેમ બચશો ?

હવે બાધક વસ્તુથી કેવી રીતે બચવું, એ આપશ્રી આજ કરે છે :—

एवं मनसि सतत चिन्तनीय प्रयत्नतः ॥
प्रायश्चित्तादिषु मतिर्न कार्या शरणं व्रजेत् ॥१६॥
उपस्थितेषु दोषेषु सर्वेष्वथ विषेषतः ॥
सुशक्येष्वप्यशक्येषु हरेर्गतिमथ स्मरेत् ॥१७॥

પ્રભુનું શરણ ગ્રહણ કર્યા પછી પ્રાયશ્ચિત વગેરેમાં બુદ્ધિ રાખવી નહિ. મતલબ કે પ્રાયશ્ચિત કરવાથીજ હું પવિત્ર થઈશ, એવી ભાવના શરણે ગયા પછી રાખવી નહિ. સર્વ દોષો ઘણા પ્રમાણમાં પણ પ્રાપ્ત થયા હોય અને તે દૂર કરી શકાય તેવા ન પણ હોય, તો પણ 'મારું શરણ માત્ર શ્રીહરિજ છે' એમ સ્મરણ કરવું. એથી એમ નિશ્ચય કરવો કે પ્રભુનું શરણ લીધા પછી પણ જો નાના કે મોટા દોષ પડે, તો તેને દૂર કરવા માટે પ્રાયશ્ચિત્તો ન આચરતાં, પ્રાયશ્ચિત્તથીજ મારા દોષ દૂર થશે એમ ન માનતાં, પ્રભુને હું શરણે છું; સર્વ દોષથી રહિત એવા માર્ગમાં પ્રભુએ મારો

અંગીકાર કર્યો છે, એમ જણાવવું. શ્રીમહાપ્રભુજીએ એટલા માટેજ આજ્ઞા કરી છે કે: "અશક્ય હો અથવા સારી પેઠે શક્ય હો, પણ સર્વથા પ્રભુજ માટે શરણ છે." એ યુક્તિ નદિ. ૧૬-૧૭.

બાધક શું છે?

શરણ સિદ્ધ થયા પછી શું શું કરવું તે સૂક્ષ્મમાં જણાવીને હવે બાધક થઈ પડે તેવાં કાર્યોની સૂચના કરે છે;—

अन्याश्रयो नैव कार्यो नैवान्यत्र स्थतो व्रजेत् ॥
प्रार्थना नैव युष्मापि कर्तव्या भगवत्यपि ॥१८॥

અન્યાશ્રય એટલે પોતાના સ્વામી પ્રભુ વિના બીજા કોઇનો આશ્રય કરવો તે. એવો અન્યાશ્રય કદાપિ નજ કરવો. અર્થાત્ પોતાના પ્રભુ વિના બીજા કોઇનો આશ્રય કદાપિ ન કરવો શ્રીમહાપ્રભુજી પણ આજ્ઞા કરે છે કે, અન્યાશ્રય કદાપિ કરવો નહિ, કેમકે તે સર્વથા બાધ કરનારો છે. શ્રીગુંસાઇજી પણ આજ્ઞા કરે છે કે'-'અન્ય દેવતાઓના સંબંધનો ગંધ પણ ગળાને બાધા કરે છે, અર્થાત્ ગળું કપાવે છે. પોતે પોતાની ઇચ્છાથી બીજે સ્થળે જવું નહિ. જ્યાં પોતાના સ્વામી બિરાજતા ન હોય ત્યાં જવું નહિ. જેમ સ્ત્રી પોતાની ઇચ્છા મુજબ સ્વચ્છંદપણે પોતાના પતિનું ગૃહ છોડીને બીજે સ્થળે જતી નથી, તેમ પોતાના સ્વામીનું ગૃહ છોડીને બીજે સ્થળે પોતાની ઇચ્છા પ્રમાણે જવું નહિ, તેમજ બીજે ઠેકાણે જઇને પ્રાર્થના કરવી નહિ. કોઇપણ મુશ્કેલી આવી પડે તો બીજાની પાસે તે મુશ્કેલી દૂર કરવા માટે પ્રાર્થના કરવી નહિ. વધારે તો શું

પણ પ્રભુ પાસેથી પ્રાર્થના કરવી નહિ, પ્રભુ સર્વ વ્યાપક છે, અન્તર્યામી છે, તો આપણાં મનની વાત શું નથી જાણતા ? આપણાં દુઃખો શું નથી સમજતા ? પ્રભુ બધું જાણે છે; સમજે પણ છે, તો આપણાં દુઃખો પોતેજ દૂર કરશે, એમ માનીને પણ પ્રભુ પાસે પ્રાર્થના કરવી નહિ. વળી એ કરુણાના નિધિએ આપણને ઉત્તમોત્તમ ફળ આપવાનો સંકલ્પ કર્યો હોય, અને એ પ્રભુ દુઃખો દ્વારા આપણી પરીક્ષા પણ કરતા હોય, અને એ પળને ધીરજ ન ગણતાં જીવબુદ્ધિથી કાંઇ પ્રાર્થના કરીને દ્રવ્ય, ઘરબાર જેવી તુચ્છ વસ્તુ માગી લઈએ તો પ્રભુ તો તે પણ આપશેજ, પણ તેથી ઉત્તમોત્તમ ફળ મળવાનો લાભ જતો રહેશે, અને એટલાજ ફળથી એ જીવ પોતાને કૃતાર્થ માને છે એમ માનીને સાધારણ ફળ તરતજ પ્રભુ આપશે અને મુખ્ય ભજનાનંદનું દાન કરશે નહિ; માટે પ્રભુ પાસે પ્રાર્થના કરવી નહિ, પોતાના સ્વામી અંતર્યામી છે, સર્વ જાણે છે, એ વાતમાં સંદેહ હોય તોજ પ્રાર્થના થઈ શકે અને એ વાત ચોકકસ રીતે બુદ્ધિમાં દૃઢ થઇ હોય કે પ્રભુ સર્વ સમર્થ છે તો કોઇપણ દિવસે પ્રાર્થના કરવાની જરૂરજ ન થાય, શ્રીમદ્ભાગવત પણ એજ આજ્ઞા કરે છે. ૧૮.

પ્રભુમાં અવિશ્વાસ ન કરવો તે ઉપદેશે છેઃ-

અવિશ્વાસો ન કર્તવ્યો બ્રહ્માસ્ત્રસ્ય નિદર્શનાત્
લૌકિકે વૈદિકે વાપિ કાર્યે સઙ્ગં વિવર્જયેત્ ॥૧૯॥

પોતાના સ્વામીમાં કોઈ દિવસ અવિશ્વાસ ન લાવવો. રાવણના પુત્ર ઈન્દ્રજિતે હનુમાનજીને બાંધવા માટે બ્રહ્માસ્ત્ર મોકલ્યું, અને તેને

માન આપી હનુમાનજી બહિયા છતાં બંધાયા. પછી રાક્ષસોએ પ્રહારોની ઉપર હનુમાનજીને સખ્ત કરીને બાંધવા માટે મોટા દોરડાં શરીરે લપેટ્યાં. ઇન્દ્રજીતે વિચાર કર્યો કે મૂર્ખ રાક્ષસોને પ્રહારોનાં બળનો કાંઈ ખ્યાલ ન આવ્યો, અને તેના ઉપર દોરડાં બાંધી બેઠા! હવે પ્રહારોનું બળ ચાલ્યું ગયું અને હવે બીજું શસ્ત્ર હનુમાનને પણ કાંઇ કરી શકશે નહિ. આ દૃષ્ટાંતથી એમ સમજવું કે ગમે તેમ થાય તો પણ આપણા પ્રભુ ઉપર અવિશ્વાસ લાવવો નહિ, તે જે કરે છે તે સારું કરે છે, એમ દૃઢ નિશ્ચય રાખવો. લૌકિક અને વૈદિક કાર્યોમાં આસક્તિ રાખવી નહિ. લૌકિક કાર્યો કરીને મને યશ મળશે, મારી નામના થશે એવી પણ ઇચ્છા રાખવી નહિ, તેમજ વૈદિક કાર્યો કરીને સ્વર્ગ મળશે એવી પણ ફલની ઇચ્છા રાખવી નહિ. ૧૯.

લૌકિક વૈદિક.

લૌકિક વૈદિક કાર્ય કેવી બુદ્ધિથી કરવાં, તે બતાવે છે:-

यथाकथञ्चित्कर्तव्ये भारवत्तत्र भावयन् ॥
सर्वत्र ममतां त्यक्त्वा सर्वं कार्यं प्रसाधयेत् ॥२०॥

લૌકિક વૈદિક ન છૂટકે કરવાં પડે તો તે કરવાં; પણ કાર્ય કરતી વખતે તેમાં આસક્ત થવું નહિ. જેમ મજૂર ગમે તેવા ભારની માલ લઈ જતો હોય. પણ તે માલ સાથે તેનો જેમ સંબંધ નથી, તે તો માત્ર તેનો ભારજ સમજે છે, તેમ તે કાર્યોને બોજારૂપ ગણીને કરવાં, બધે સ્થળે મમતાનો ત્યાગ કરવો. જેમ મજૂર બે.તે ઉપાડેલા બોજામાં મમતા-મારાપણું-માની બેસે તો દુઃખી થાય, તેમ તે લૌકિક

વૈદિક કાર્યોમાં મમતા રાખવી નહિ, અને એવી રીતે એ કાર્યો ઠીક-ઠીક સાધી લેવાં, જેમ મજૂરને પોતાના માથેનો બોજો ઠેકાણે પાડયા વિના ચેન પડતું નથી, તેમ એ કાર્યરૂપ બોજો બરાબર સાધીને સંતોષ માનવો, પોતે અલગ રહીને કાર્ય કરવું. ૨૦

लोभं च हृदये नैव कुर्यात्, प्राप्तं हि सेवयेत् ॥२०½॥

હૃદયમાં લોભ ન કરવો. દ્રવ્યનો લોભ થવાથી તેની પ્રાપ્તિ માટે અનેક પ્રયત્નો કરવા પડે છે; અનેક પ્રવૃત્તિઓમાં જોડાવું જોઈએ છે, અને તેથી પ્રભુની સેવાથી વિમુખ થવું પડે છે, માટે લોભ કદી કરવો નહિ. જે આવી મળે તેમાં સંતોષ માનવો. પ્રભુએ જેટલું આપ્યું હોય તેમાં સંતોષ માનીને તે ધનનો વિનિયોગ પ્રભુની સેવામાં કરવો. અથવા તો પ્રભુની સેવામાં લોભ ન કરવો, એટલે કે પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ ઉત્તમ પદાર્થના ભોક્તા છે, માટે એમની સેવા માટે જે પદાર્થો આવશ્યક હોય, તે ઉત્તમમાં ઉત્તમ લઈ આવીને અંગીકાર કરાવવા; તેમાં દ્રવ્યની કરકસર કે લોભ કરવો નહિ. પ્રભુની પ્રતિષ્ઠાથી જે બચ્યું હોય તેનાથી પ્રભુની સેવા કરવી. ૨૦½

शरणस्यापि ये धर्मास्तत्सिद्धौ शरणं व्रजेत् ॥२१॥
विवेकधैर्येऽपि सदा श्रीकृष्णाश्रयपोषके ॥
तद्ग्रन्थेभ्योऽवगत्यापि प्रयत्नाद् हृदि भावयेत् ॥२२॥

શરણુના જે ધર્મો હોય તે સિદ્ધ થતાં શરણે જવું. ઉપર જે ધર્મો બતાવવામાં આવ્યા છે, તે શરણે ગયેલા જીવોના ધર્મો છે.

શરણે ગયા પછી જીવે શું કરવું એ તેમાં જણાવ્યું છે. શરણે જવા પહેલાં કેટલાક ધર્મો* સિદ્ધ થવા જોઈએ, અને તે સિદ્ધ થયા પછી શરણે કરવું. શ્રીકૃષ્ણના આશ્રયનું પોષણ કરનાર વિવેક એટલે 'શ્રીહરિ પોતાની ઇચ્છા મુજબ કરશે' એમ જાણવું તે, 'બધાં દુઃખો સહન કરવાં' તે ધૈર્ય, એ બન્ને શ્રીકૃષ્ણનો દૃઢ આશ્રય થવામાં નિરંતર કારણરૂપ છે શ્રીકૃષ્ણના આશ્રયનું પોષણ કરનાર વિવેક અને ધૈર્ય છે, એ વિવેક અને ધૈર્યનું શ્રીકૃષ્ણ અને તેમના આશ્રયનું સ્વરૂપ વિવેકધૈર્યાશ્રયગ્રન્થ આદિથી સમજવું. પ્રયાસ કરીને વિવેક, ધૈર્ય અને આશ્રયની હૃદયમાં ભાવના કરવી. ૨૧.૨૨.

एवमाश्रितधर्मोऽयं संक्षेपेण निरूपितः ॥
आश्रित्य वल्लभाचार्यान् शुद्धमैवं कृष्णमाश्रयेत् ॥२३॥

ઉપર પ્રમાણે વિવેક, ધૈર્ય અને શ્રીકૃષ્ણનો આશ્રય જેને સિદ્ધ થઈ ગયેલા છે તેના ધર્મો સંક્ષેપથી બતાવ્યા. અથવા તો સંક્ષેપથીજ જેને કહેવામાં આવે તો શ્રીકૃષ્ણનો આશ્રય કરીને રહેવા જીવનો આ મુખ્ય ધર્મ છે, તે એ છે કે શ્રીમદાચાર્યજીનો આશ્રય કરીને, શરણે જઈને, શરણ ગયેલાઓના ધર્મો ઉપર પ્રમાણે જાણીને શ્રીકૃષ્ણનો આશ્રય કરવો જોઈએ. ૨૩.

---

* શરણે ગયા પહેલાં શો નિશ્ચય કરવો તે શ્રીહરિરાયજી સ્વમાર્ગશરણદ્વયનિર્ણય નામના ગ્રંથમાં જણાવે છે. 'કલિયુગમાં શુદ્ધ પુષ્ટિ ભક્તિમાર્ગ આદિ માર્ગ જીવના પોતાના સાધનથી સિદ્ધ થતા નથી. એ ભક્તિ આદિ માર્ગો કલિયુગમાં પ્રભુ કૃપા કરે તોજ સિદ્ધ થાય, માટે પ્રભુને શરણે જવું જોઈએ. એમ નિઃસાધનપણું અને દીનતા; એ ધર્મો સિદ્ધ થાય ત્યારે શરણે જવું.

શરણે ગયા પછી શું કરવું ?

શ્રીગુરુનો આશ્રય કર્યા પછી શું કરવું, તે આપણી નીચેના પંદર શ્લોકમાં જણાવે છે:—

अतः परं क्रमेणैव जीवः कृतात्मसमर्पणः ॥
तत्साधनाय सततं किं कुर्यादिति चोच्यते ॥२४॥

ઉપર કહ્યા પ્રમાણે શરણધર્મ સિદ્ધ થયા પછી જીવે સમર્પણ કરવું. જીવને બ્રહ્મસંબંધ થાય અને તે સર્વ પ્રભુને સમર્પે અને અહંતામમતા છોડી દે તે સમર્પણ કહેવાય. તે સમર્પણ કર્યા પછી, સમર્પણના સાધન માટે, સમર્પણ સાર્થક થવા માટે શું કરવું જોઇએ, તે કહેવામાં આવે છે. ૨૪.

બ્રહ્મસંબંધથી શો અધિકાર મળે છે, તે જણાવે છે.—

બ્રહ્મસંબંધ-૨ કારક

सेवासंस्कारकरत्वाद्विद्ध्यात् सेवनं सदा ॥
ब्रह्मसम्बन्धिता जीवदेहसम्बन्धिवस्तुषु ॥२५॥

બ્રાહ્મણના બાલકને વૈદિક કર્મો કરવાનો અને વેદ ભણવાનો અધિકાર જ્યારે તેને ગાયત્રીમંત્રનો ઉપદેશ કરીને યજ્ઞોપવીત(જનોઇ) સંસ્કાર કરવામાં આવે છે ત્યારે મળે છે; ગાયત્રી મંત્રથી યજ્ઞોપવીત સંસ્કાર થયા પછી તે બ્રાહ્મણ બાલક વૈદિક કર્મો કરવાનો અધિકાર ધરાવે છે. એજ દૃષ્ટાંત પ્રમાણે જીવને જ્યારે બ્રહ્મસંબંધ થાય છે;

ત્યારે તે જીવ સેવાનો અધિકારી બને છે, શ્રીવલ્લભકુલદ્વારા બ્રહ્મનો સંબંધ થવો એ એક સંસ્કાર છે, એ સંસ્કાર અલૌકિક છે, અને તે થયા પછીજ સેવા કરવાનો અધિકાર મળી શકે છે, માટે સેવાના સંસ્કારરૂપ બ્રહ્મસંબંધ થયા પછી નિરંતર સેવા કરવી, ગાયત્રી મંત્રનો ઉપદેશ થયા પછી, યજ્ઞોપવીત ધારણ કર્યા પછી જો બ્રાહ્મણ બાલક સંધ્યાદિક ન કરે તો જેમ બ્રાહ્મણપણામાંથી ટળી જાય છે, તેમ બ્રહ્મસંબંધ થયા પછી સેવા ન કરે તો વૈષ્ણવપણું રહે નહિ માટે બ્રહ્મસંબંધરૂપી સંસ્કાર થયા પછી સેવા અવશ્ય કરવી. જીવમાં, દેહમાં, દેહની સાથે સંબંધ થયેલો છે, માટે એ સર્વનો વિનિયોગ નિરંતર સેવામાંજ કરવો. ૨૫.

सर्वदोषविमुक्तस्य स्वस्मिन्नपि विभावयेत् ॥
सर्वथा सर्वदेवापि न चाद्यादसमर्पितम् ॥२६॥
तद्भक्षणे भवेद्देवाद्ब्रह्मसम्बन्धवस्तुतः ॥
सर्वंश ब्रह्मसम्बन्धभावनानाश एव हि ॥२७॥

શ્રીમદ્પ્રભુજી સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં આજ્ઞા કરે છે કે:- 'બ્રહ્મ-સંબંધ કરવાથી સર્વ દોષો દૂર થાય્યા જાય છે.સર્વ લોકોના જીવ અને દેહના સર્વ દોષો નાશ પામે છે, ફરીથી લાગતા નથી', એ આજ્ઞા પ્રમાણે પોતાનામાં પણ એવી ભાવના કરવી કે, હું સર્વ દોષથી મુક્ત થઈ ગયેલો છું જીવ પોતે સ્વભાવથીજ દુષ્ટ છે, પરંતુ શ્રીગીતાજીમાં કહ્યા પ્રમાણે પ્રભુ દોષરહિત અને સમ હોવાથી, તેમનો સંબંધ થયા પછી કોઈ પણ સમયે પ્રભુને સમર્પ્યા વિનાની વસ્તુ પોતના ઉપયોગમાં કદાપિ લેવી નહિ સેવકનો ધર્મ એજ છે

કે પોતાના સ્વામીની આજ્ઞાથી પોતાના સ્વામીના ઉપયોગમાં આવી
ગયા પછી જે કાંઇ મળી જાય તેજ ઉપયોગમાં લેવું જોઇએ.
તેમજ રીતે પ્રભુને સમર્પ્યા પછી પ્રસાદી અન્નજ લેવું અસમર્પિત
પદાર્થનું જો ભક્ષણ કરવામાં આવે તો પ્રસંબંધની ભાવનાનો
નાશ થાય, પ્રભુને જે વસ્તુ ન ગમતીલી હોય તે વસ્તુ પ્રસંબંધ
વિનાની ગણાય છે. પોતાને પ્રસંબંધ થયો છે અને પોતે પ્રસંબંધ
વિનાની વસ્તુને ઉપયોગમા લે, તો પ્રસંબંધની જે ભાવના
છે કે હું પોતથી રહિત થયો છું, એ ભાવનાનો નાશ થઈ જાય
મનકલ્પ કે દોષવાળો તે જીવ થાય. માટે સર્વથા કોઈપણ રીતે
અસમર્પિત અન્ન લેવું નહિ ૨૬-૨૭

બધું પ્રભુને સમર્પવું એની સૂક્ષ્મ-બાજીક સમજણ આપે છે.—

लौकिकं वैदिकं वापि कुर्यात् सर्वं समर्पितम् ॥
अत सर्वंतु कार्यंतु कुर्यादादौ समर्पणम् ॥२८॥

લોકના વ્યવહારના કાર્યોમા જે વસ્તુ વાપરવાની હોય, વિવા-
હાદક કાર્યોમા, જાતિજીમન વગેરે કાર્યોમા જે વસ્તુ વાપરવાની
હોય તે બધી વસ્તુ પ્રભુને સમર્પણ કરીને પછી તે વસ્તુનો ઉપયોગ
કરવો. વૈદિક યજ્ઞ વગેરે કાર્યોમા પણ પહેલા પ્રભુને સમર્પ્યા પછીજ
લેવાની વસ્તુનો ઉપયોગ કરવો. ગોકુલમાં આજ માર્ગ કાર્યમા
પહેલાં પ્રભુને સમર્પણ અવશ્ય કરવું જોઇએ શ્રાદ્ધાદિક
વૈદિક કાર્યોમા વિષ્ણુને નિવેદન કરે ॥ અન્નથી બીજા દેવતાઓનુ
યજન કરવું એમ પદ્મપુરાણમા કહ્યું છે શ્રીમદ્ભાગવતમા તે સિદ્ધાન્ત
પ્રકટ છે. વળી જે વસ્તુ જેવી રીતે સમર્પણ કરવાને યોગ્ય હોય તે
વસ્તુ તેવી રીતે સમર્પવી, જેમ વસ્ત્ર વગેરે, તે નિબે વધારે ખુલાસો
આગળ આપવામા આવશે ૨૮.

यथा समर्पणे योग्यं यत्तथा तत्समर्पयेत् ॥
यज्ञादिषु विवाहादौ प्रदर्श्य निखिलं हरेः ॥२९॥
गृहीत्वैव तदादेशं पश्चात् कार्याणि साधयेत् ॥२९½॥

યજ્ઞયાગાદિકમાં અને વિવાહાદિકમાં સર્વ પદાર્થો પ્રભુ સમક્ષ ધરવા, અને પ્રભુની આજ્ઞા લીધા પછી યજ્ઞયાગાદિક અને વિવાહાદિક કાર્યો સાધવી લેવાં. સેવકનો ધર્મ એજ છે કે પોતાના સ્વામીને દેખાડયા વિના અને તેની આજ્ઞા થયા વિના કાંઈ પણ કાર્ય સ્વતંત્ર રીતે કરવુ નહિ. એજ પ્રમાણે અહીં પણ પ્રભુને નિવેદન કર્યા વિના કોઈપણ લૌકિક વૈદિક કાર્યો સ્વતંત્ર રીતે ન કરવાં, પરંતુ સર્વ નિવેદન કરીને આપની આજ્ઞા મેળવીનેજ સર્વ કાંઈ કરવું એ સેવકનો મુખ્ય ધર્મ છે. ૨૯½.

પોતે જે પદાર્થનો ઉપયોગ કર્યો હોય, તે પદાર્થ પ્રભુને સમર્પવો નહિ એમ આપશ્રી આજ્ઞા કરે છે—

न स्वार्धभुक्तं कृष्णाय समर्प्यमितिनिश्चयः ॥३०॥

અર્ધભુક્ત એટલે જે પદાર્થ આપણા ઘરમાં હોય, જેમ કે ફલફૂલ, વસ્ત્ર વગેરે, તેમાંથી થોડો ભાગ પોતાના વપરાશમાં લીધેલો હોય તો, તે વધેલો—બાકી વધેલો અર્ધભુક્ત પદાર્થ સદાનંદ શ્રીકૃષ્ણને કદાપિ સમર્પવો નહિ એમ નિશ્ચય કરવામાં આવ્યો છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે;—'દેવના દેવ શ્રીઠાકુરજીને અર્ધભુક્ત કદાપિ સમર્પવું નહિ. આ ઉપરથી અર્ધભુક્ત પ્રભુને ધરવાની શ્રી હરિરાયજીએ ના કહી તેમાં મુખ્ય કારણ પણ સહજમાં જણાઈ આવે છે. ૩૦.

આ ઠેકાણે એવો સંશય થાય-પડેલાં હતું કે પ્રભુને સમર્પ્યા વિના કાંઈ પણ લેવું નહિ પ્રભુને ન સમર્પેલી વસ્તુ ત્યજી દેવી, ત્યારે ઘરમાં જે વસ્તુ આવશે તે પ્રભુને સમર્પીશું, પ્રભુને સમર્પ્યા વિના પોતાના ઉપયોગમાં આવી જતાં બાકી રહેલો પદાર્થ પ્રભુને સમર્પવાનો વખતજ ન આવવો જોઈએ, જ્યારે વખતજ નહિ આવે તો પછી એમ કહેવાની શી જરૂર છે કે અર્પણયુક્ત વસ્તુ પ્રભુને નજ ધરવી? વૈષ્ણવના ઘરમાં દરેક પદાર્થ પ્રભુને નિવેદન કર્યા પછીજ ખરીદ કાર્યોમાં વપરાય છે. પહેલાં વપરાતોજ નથી, પહેલાં વપરાય તો અર્પણયુક્ત થયેલો કહેવાય, અને તે પ્રભુને ન ધરવો એમ કહેવું પણ યોગ્ય કહેવાય; પરંતુ પ્રભુને સમર્પ્યા વિના કાંઈ લેવું જ નહિ એમ પહેલાં કહ્યું છે, તેથી પ્રભુને નિવેદન કર્યા વિના વૈષ્ણવો કાંઈ લેતાજ નથી, તો પછી તેમના ઘરમાં અર્પણયુક્ત કોઇ વસ્તુ થવાજ નહિ, અને નહિ થાય તો પછી તે પ્રભુને ન ધરવી એમ શા માટે કહેવું? જે વસ્તુ અર્પણયુક્ત થવાની નજ હોય તે પ્રભુને ન ધરવી એમ કહેવાની શી જરૂર છે! અર્પણયુક્ત વસ્તુ થવાની હોય તો ન ધરવી એમ કહેવું જોઇએ, પણ અર્પણયુક્ત થવાનીજ ન હોય તો તેની ના પાડવાની કાંઈ જરૂરજ નથી. આ સંશય પ્રાપ્ત થતાં સમાધાન કરે છે:-

न स्वामिभोगः संप्राप्तो ह्यसमर्पितवर्जनात् ॥
तथापि मानसं पूर्वमादाय च समर्पणम् ॥३१॥
अभुक्तमप्यतो यत्नसम्बन्धि विभ्रमात् पुरा ॥
गृह्णीयादवशिष्टं तु प्रभवेऽपि समर्पयेत् ॥३२॥

તમની સેવા છે, માટે નિવેદન કરેલા પદાર્થો પોતાના ઉપયોગમાં લઈ શકાય છે. પૂજામાર્ગમા એ પુરુષોત્તમના અંશની, અવતારોની, કલાઓની પૂજા કરવામા આવે છે, માટે તેમા નૈવેદ્ય લઈ શકાતું નથી. સેવામાર્ગ અને પૂજામાર્ગ એવી રીતે જુદા હોવાથી પૂજા-માર્ગની રીતિ સેવામાર્ગમાં આવી શકે નહિ દૃષ્ટાંત—પૂજામાર્ગમાં એવું લખ્યું છે કેઃ-'મારી પાસે ધરેલા દીવાનો ઉપયોગ બીજા કાર્યમા કરવો નહિ' એમ ભગવાન આજ્ઞા કરે છે, તો તે આજ્ઞા પૂજામાર્ગ માટેની છે, પણ તે સેવામાર્ગમાં લાગુ પડી શકે નહિ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે,- નિવેદન કર્યા પછી તે ઉપયોગમાં ન લેવુ એમ જે કહ્યું છે, તે પૂજામાર્ગ માટે છે એમ સમજવું, સેવામાર્ગમાં પ્રભુને સર્વ નિવેદન કરવામા આવે છે, 'પુત્રાદિ, ગૃહ, પ્રાણ, વગેરે બધું પ્રભુને નિવેદવુ.' વળી 'જે આ લોકમા બહુજ ઈષ્ટ હોય, પોતાને અત્યન્ત પ્રિય હોય, તે સર્વ પ્રભુને અર્પણ કરવું.' વગેરે વાક્યોથી 'સર્વ સમર્પણ કર્યા પછી પોતાના ઉપયોગમા તે લઈ શકાય છે, માટે સેવામાર્ગમા પૂજામાર્ગની રૂઢિ રીતિ ગતી નથી હોય.

पवं जन्मावधि नृणां भावनातो भविष्यति ॥
सर्वत्र अखसम्बन्धो गङ्गातोऽन्यजलेष्विव ॥३६॥

જન્મપર્યન્ત એવી ભાવના થવાથી મનુષ્યોને સર્વ સ્થલે અખસમ્બન્ધ થશે જેમ ગંગાજીથી બીજા જલમાંના દોષો દૂર થાય છે, અર્થાત્ તે જલ ગંગારૂપ થાય છે, તેમ ઉપર કહ્યા પ્રમાણેની ભાવના કર્યાથી મનુષ્યોને સર્વ સ્થલે અખનો સમ્બન્ધ થશે, એટલે નિર્દોષપણું પ્રાપ્ત થશે. સર્વ રીતે તે દોષરહિત બનશે ૩૬.

चिन्ता निषेदिभिर्नैव नवरत्ने निरूपिताः ॥
तत एषामगत्येह कार्या इति विनिश्चयः ॥३७॥

નવરત્ન ગ્રન્થમાં જેવા જેવા પ્રકારની ચિન્તાઓ શ્રીમહાપ્રભુજીએ નિરૂપણ કરેલી છે, તે નવરત્ન ગ્રંથથી સમજીને કદાપિ ને ચિન્તાઓ વૈષ્ણવોએ કરવી નહિ એવો નિશ્ચય છે. જે જે ચિન્તાઓ થાય તે ન કરવી. ૩૭.

ततो हि जातसंस्कारः सर्वचिन्तावियर्जितः ॥
साक्षिवत् तत्कृतिं पश्यन् सुखं सेवापरो भवेत् ॥३८॥

એ પ્રમાણે બ્રહ્મસમ્બન્ધરૂપ સંસ્કાર થયા પછી સર્વ ચિન્તાઓથી રહિત થઇને સાક્ષીની પેઠે ભગવાનની કૃતિને જોતાં જોતાં સુખેથી સેવામાં તત્પર થવું. ૩૮.

સેવા કેમ કરવી?

ઉપર પ્રમાણે શરણ અને સમર્પણનું વિવેચન કરીને હવે સેવાવિધિનું નિરૂપણ આપશ્રી કરે છે:—

सेवाविधिः समग्रोऽपि क्रमेणैव विलिख्यते ॥
प्रकारोत्तमतः पूर्वं सूनां सेवा विधीयते ॥३९॥

સમગ્ર સેવાવિધિ પણ અનુક્રમે સમજવામાં આવે છે, સેવાને અંગે જે જે કાંઇ કરવાનું છે, તે સર્વ લખાય છે, પહેલાં ઉત્તમ

જો કે અર્ધભુક્ત પદાર્થજ ન હોવાથી તેનાં સમર્પણનો નિષેધ કરવાની શી જરૂર છે, એ શંકા પ્રાપ્ત થાય, છે, તો પણ એક રીતે બારીકીથી જોતાં અર્ધભુક્ત પદાર્થ માની પણ શકે છે: જેમ કોઈ વૈષ્ણવ, પ્રસાદસંબંધ જેને થયેલો છે એવો કોઇ ભગવદીય, પહેલાંજ પોતે ખાધું પ્રભુને પ્રસાદસંબંધ થતી વખતે સમર્પણ કરી દીધું છે, એવું મનમાં લાવીને પહેલાં ઉપયોગમાં નહિ લીધેલો પણ પદાર્થ ઉતાવળથી, ભ્રાંતિથી જો પોતાના ઉપયોગમાં લઈ લે અને બાકી વધેલો જે પ્રભુને સમર્પવા તૈયાર થાય તો તે ન સમર્પવો એમ રહસ્ય છે. શ્રીમહાપ્રભુજી જે અર્ધભુક્તનો નિષેધ કરે છે, તે ઉપર કહેલી રીત પ્રમાણે થયેલા અર્ધભુક્તને કરે છે વસ્તુતઃ અસમર્પિત પદાર્થ ન લેવો, એમ કહેવાથી કોઇ પદાર્થ પ્રભુને સમર્પ્યા વિના લેવાયજ નહિ અને લેવાય તો અર્ધભુક્ત ઉપયોગમા લીધા પછી થયેલો પદાર્થ પણ ગણાયજ નહિ, તો પછી તે પ્રભુને સમર્પવો કે નહિ, તેનો પ્રશ્નજ ન ઉઠાવાય; પણ કોઈ વૈષ્ણવ એમ મનમાં માની બેસે કે જે પહેલાં બધું પ્રભુને સમર્પ્યું છે, હવે પ્રભુને સમર્પવાની શી જરૂર છે, એવી ભ્રાંતિ તે વૈષ્ણવને થાય' અને કોઈ પદાર્થનો પોતે ઉપયોગ કરે અને બાકી વધેલો જે ભગવત્કાર્યમાં વાપરે તો તે વાપરવો નહિ એમ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું સૂક્ષ્મ ઊંડું રહસ્ય છે, તેથીજ અસમર્પિત અને અર્ધભુક્ત એવા બે ભેદ કરીને તેને નિષેધ કર્યો છે. ૩૧-૬૨,

સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં 'અસમર્પિત નવું વર્જવું અને અર્ધભુક્ત પદાર્થ પ્રભુને ન સમર્પવો એમ જે આજ્ઞા છે, તેનું ઊંડું રહસ્ય શ્રી વ્રજેશજી બતાવે છે:-

तदर्थं वर्जितं भेदेनार्धभुक्तसमर्पणम् ॥
असमर्पितवस्त्वनाम्न सामान्यमुच्यते ॥३३॥
भुक्तेत्यनेनात्र भोग्यो वस्तुभोगो निरूप्यते ॥
स चोपयोगरूपो हि तस्माद्भेदो विबुध्यताम् ॥३३॥

સિદ્ધાંતરહસ્ય ગ્રંથમા અસમર્પિત વસ્તુ વર્જવી એમ સામાન્ય રીતે આજ્ઞા કરી છે, એટલે કે શેમાં વર્જવી. કેવી રીતે વર્જવી, કયા કાર્યમાં વર્જવી, એ સ્પષ્ટ નથી, માટે અર્ધભુક્ત પદાર્થ પ્રભુને ના સમર્પવો એમ બીજી વાર આજ્ઞા કરી, એમાં અર્ધ એટલે અર્ધા પ્રમાણમાં ભુક્ત એટલે ભોગવેલી વસ્તુ, તે અર્ધભુક્ત કહેવાય છે. ભોગ કરવા લાયક વસ્તુનો ભોગ પ્રભુને તે વસ્તુ સમર્પ્યા વિના કરવો નહિ, એવો પણ આશય છે ભોગ એટલે ઉપયોગ, મતલબ કે જે વસ્તુનો પોતે ઉપયોગ કર્યો હોય તે વસ્તુ પ્રભુને સમર્પવી નહિ, તેમજ જે વસ્તુ પ્રભુને સમર્પાયેલી નથી, તેનો ઉપયોગ પોતે પણ કરવો નહિ, એવી રીતના ભેદનો સ્પષ્ટ ખ્યાલ રહેવાથી ભાવાર્થ સંદેહ રહિત થશે, એમ જાણવું ૩૩–૩૪.

પ્રભુને નિવેદન કર્યા પછી તે પદાર્થ પોતાના ઉપયોગમાં કેટલાક લેતા નથી, તેનું કારણ બતાવે છે.–

निवेदितपदार्थानां ग्रहणं मार्गभेदतः॥
पूजामार्गनिषेधानामन्यानन्यसरो मत. ॥३५॥

પ્રભુને નિવેદન કરેલા પદાર્થોનું ગ્રહણ કરવું, કારણ કે આ સેવામાર્ગ પૂજામાર્ગથી જુદો છે સેવામાર્ગમાં પરાત્પર પૂર્ણ પુરૂષો-

તમની સેવા છે, માટે નિવેદન કરેલા પદાર્થો પોતાંના ઉપયોગમાં લઈ શકાય છે. પૂજામાર્ગમાં જો પુરુષોત્તમના અંશની, અવતારોની, કલાઓની પૂજા કરવામાં આવે છે, માટે તેમાં નૈવેદ્ય લઈ શકાતું નથી. સેવામાર્ગ અને પૂજનમાર્ગ જેવી રીતે જુદા હોવાથી પૂજા-માર્ગની રીતિ સેવામાર્ગમાં આવી શકે નહિ. દૃષ્ટાંતઃ—પૂજામાર્ગમાં એવું લખ્યું છે કેઃ—'મારી પાસે ધરેલા દીવાનો ઉપયોગ બીજા કાર્યમાં કરવો નહિ' એમ ભગવાન આજ્ઞા કરે છે, તો તે આજ્ઞા પૂજામાર્ગ માટેની છે, પણ તે સેવામાર્ગમાં લાગુ પડી શકે નહિ. શ્રીમદાપ્રભુજી આજ્ઞા કરે છે કેઃ— નિવેદન કર્યા પછી તે ઉપયોગમાં ન લેવું એમ જે કહ્યું છે, તે પૂજામાર્ગ માટે છે એમ સમજવું, સેવામાર્ગમાં પ્રભુને સર્વ નિવેદન કરવામાં આવે છે. 'પુત્રાદિ, ગૃહ, પ્રાણ, વગેરે બધું પ્રભુને નિવેદવું.' વળી 'જે આ લોકમાં બહુજ ઈષ્ટ હોય, પોતાને અત્યન્ત પ્રિય હોય, તે સર્વ પ્રભુને અર્પણ કરવું.' વગેરે વાક્યોથી સર્વ સમર્પણ કર્યા પછી પોતાના ઉપયોગમા તે લઈ શકાય છે, માટે સેવામાર્ગમાં પૂજામાર્ગની રૂઢિ રીતી રાતી નથી. ૩૫.

यवं जन्मावधि नृणां भावनातो भविष्यति ॥
सर्वत्र यज्ञसम्बन्धो गङ्गातोऽन्यजलेष्विव ॥३६॥

જન્મપર્યન્ત એવી ભાવના થવાથી મનુષ્યોને સર્વ સ્થલે યજ્ઞસમ્બન્ધ થશે જેમ ગંગાજીથી બીજા જલમાંના દોષો દૂર થાય છે; અર્થાત્ તે જલ ગંગારૂપ થાય છે, તેમ ઉપર કહ્યા પ્રમાણેની ભાવના કર્યાથી મનુષ્યોને સર્વ સ્થલે યજ્ઞનો સમ્બન્ધ થશે, એટલે નિર્દોષપણું પ્રાપ્ત થશે. સર્વ રીતે તે દોષરહિત બનશે. ૩૬.

चिन्ता निषेद्धिमिर्नैव नवरत्ने निरूपिताः ॥
तत एवावगन्तव्येह कार्या इति विनिश्चय ॥३७॥

નવરત્ન ગ્રન્થમાં જેટલા જેવા પ્રકારની ચિન્તાઓ શ્રીમદ્પ્રભુ-શ્રીએ નિરૂપણ કરેલી છે, તે નવરત્ન ગ્રંથથી સમજીને કદાપિ તે ચિન્તાઓ વૈષ્ણવોએ કરવી નહિ એવો નિશ્ચય છે. જે જે ચિન્તાઓ થાય તે ન કરવી. ૩૭.

ततो हि जातसंस्कारः सर्वचिन्तावियर्जितः ॥
साक्षिवत् तत्कृतिं पश्यन् सुखं सेवापरो भवेत् ॥३८॥

એ પ્રમાણે બ્રહ્મસમ્બન્ધરૂપ સંસ્કાર થયા પછી સર્વ ચિન્તા-ઓથી રહિત થઈને સાક્ષીની પેઠે ભગવાનની કૃતિને જોતાં જોતાં સુખેથી સેવામાં તત્પર થવું ૩૮

સેવા કેમ કરવી?

ઉપર પ્રમાણે શરણ અને સમર્પણનું વિવેચન કરીને હવે સેવાવિધિનું નિરૂપણ આપથી કરે છે:-

सेवाविधिः समग्रोऽपि क्रमेणैव विलिख्यते ॥
प्रकारोत्तमतः पूर्वं मतौ सेवा विधीयते ॥३९॥

સમગ્ર સેવાવિધિ પણ અનુક્રમે સમજવામાં આવે છે, સેવાને અંગે જે જે કાંઇ કરવાનું છે, તે સર્વ લખાય છે, પહેલાં ઉત્તમ

પ્રકારથી મૂર્તિ વિષે સેવા કરવી એમ કહેવામાં આવે છે. ભગવત્સ્વરૂપની ઉત્તમ પ્રકારથી સેવા કરવી જોઇએ એમ બતાવવામાં આવે છે. ૩૯

मूर्तौ भगवतो ज्ञानं साकारावेशतो मतम् ॥
भक्तिमार्गप्रकारेण ज्ञानतस्तु तदात्मता ॥४०॥

મૂર્તિમાં ભગવાનનું જ્ઞાન, સાકાર ભગવાન મૂર્તિમાં પ્રવેશ કરે છે, તેથી થાય છે, એમ એક મત છે. અર્થાત્ મૂર્તિમાં ભગવાનનો આવેશ થાય છે, એ આવેશ સાકાર આવેશ છે, કેમકે મૂર્તિ સાકાર છે. ત્યારે સાકાર મૂર્તિમાં ભગવાનનો સાકાર આવેશ થયેલો હોવાથી મૂર્તિમાં ભગવાનનું જ્ઞાન થાય છે એમ કેટલાક માને છે. ભક્તિ-માર્ગની દૃષ્ટિએ તે માનવાનું નથી, ભક્તિમાર્ગના જ્ઞાન પ્રમાણે તો મૂર્તિ પ્રભુસ્વરૂપ છે. મૂર્તિ જુદી છે, અને તેમાં ભગવાનનો જુદો આવેશ થાય છે, એમ માનવાનું નથી. સાક્ષાતજ મૂર્તિ દેખાય છે તે પ્રભુસ્વરૂપજ એમ જાણવાનું છે, ૪૦.

पूजामार्गे भवेन्मन्त्रविधानात् पूज्यसेवनम् ॥
विशेषो भक्तिमार्गेऽयं पुरुषोत्तमरूपिणः ॥४१॥
मणिरूपेण हेम ताम्रादिसौवर्णमिव तत्त्वतः ॥
अतस्तत्र कृतं सर्वं साक्षात् कृष्णे कृतं भवेत् ॥४२॥

પૂજામાર્ગમાં મંત્રવિધિમાં પૂજ્ય દેવતાઓનું અર્ચન થાય છે, વેદમાં જે જે દેવતાઓ માટેના જે જે મંત્રો કહેલા છે, તે તે મંત્રોથી તે તે દેવતાઓનું પૂજન પૂજામાર્ગમાં કરવામાં આવે છે. પૂજામાર્ગ કરતાં ભક્તિમાર્ગમાં વિશેષ આ છે, મૂર્તિ સાક્ષાત પૂજ્ય

પુરુષોત્તમ-સ્વરૂપ થાય છે, જેમ પારસમણિના સંગથી લોખંડ વગેરે ધાતુ સુવર્ણરૂપ બની જાય છે, તેમજ મૂર્તિ પણ સાક્ષાત્ શ્રીકૃષ્ણ-સ્વરૂપ થાય છે, એ કારણથીજ ભક્તિમાર્ગમાં સેવા મુખ્યત્વે કરીને ભાવ વડેજ થાય છે, અને એ ભાવ વડે એ સ્વરૂપમાં જે કાંઈ સેવા કરવામાં આવેલી હોય તે સાક્ષાત્ શ્રીકૃષ્ણનીજ સેવા થઈ, એમ જાણવું- ૪૧-૪૨.

સેવા બે રીતે થાય

સેવાના બે પ્રકારો આપશ્રી વર્ણવે છે:-

सेवा तु तस्य द्विविधा त्यागात्यागविभेदतः ॥
अत्यागेऽपि तथात्वं हि व्यावृत्तेस्त्यागत. पुरा ॥४३॥

પ્રભુની સેવા બે પ્રકારની હોય છે; એક સેવા તો સર્વનો ત્યાગ કરીને થઈ શકે છે અને બીજી સેવા સર્વનો ત્યાગ કર્યા વિના થઈ શકે છે, માટે ત્યાગ અને અત્યાગ એવા ભેદથી સેવા બે પ્રકારની છે વ્યાવૃત્તિ એટલે ગૃહસ્થધર્માનુસાર સર્વ પ્રવૃત્તિ કરવી તે, એ વ્યવૃત્તિનો ત્યાગ કર્યા પહેલા અત્યાગ દશામાં પણ ત્યાગ કરવાપણું તો છેજ. તે આગળ શ્લોકમા સ્પષ્ટ કરે છે. ૪૩

व्यावृत्तावपि च प्रोक्तो मानसस्त्याग उत्तमः ॥
अत्यागपक्षे गार्हस्थ्यमनुकूलं हि साधने ॥४४॥
गृहे स्थित्वा सेवनार्थं स्वधर्मेणैव सर्वथा ॥
कृष्णं भजेयतोऽधर्मकरणाद्धीनयोनिता ॥४५॥

ત્યારે ગૃહસ્થાશ્રમમાં પણ સ્થિતિ હોય એટલે કે ગૃહસ્થ તરીકેની પ્રવૃત્તિ ચાલુ હોય તો પણ મનથી સર્વનો ત્યાગ કરવો. એ ઉત્તમ છે, વ્યાવૃત્તિ છતાં પણ તેમાં આસક્તિ ન રાખતાં પ્રભુમાં મન જોડી દેવું તે મનથી કરેલો ત્યાગ કહેવાય છે અને તે કરવો ઉત્તમ છે. સર્વનો ત્યાગ ન કર્યો હોય તે પક્ષમાં ગૃહસ્થાશ્રમ સાધનમાં અનુકૂલ જોઈએ, એટલે કે સેવાદિક સાધનોમાં સ્ત્રીપુત્રાદિક અનુકૂલ હોવાં જોઈએ. ગૃહમાં રહીને સેવા કરવા માટે સ્વધર્મ વડેજ નિરંતર, શ્રીકૃષ્ણનું ભજન કરવું. જો અધર્મ કરે તો હીન-યોનિમાં એનો જન્મ થાય છે, માટે ગૃહમાં રહીને પોતાના ધર્મ વડે નિરંતર શ્રીકૃષ્ણસેવા કરવી. ૪૪-૪૫.

कृष्णमूर्तौ यथालब्धैर्द्रव्यैः सम्पूजयेद्धरिम् ॥
पूर्वं स्थानं मन्दिरादि तथा सिंहासनादि च ॥४६॥

ભગવાનની મૂર્તિમાં યથાયોગ્ય પ્રાપ્ત થયેલા દ્રવ્યો વડે શ્રીહરિનું પૂજન કરવું. શ્રીમહાપ્રભુજી નિબંધમાં આજ્ઞા કરે છે કે:- 'જેવાં અને જેટલા ઉપચારો-પદાર્થો મળી આવ્યા હોય તે વડે શ્રીકૃષ્ણનું ભક્તિપૂર્વક પૂજન કરવું, અર્થાત્ ભક્તિમાર્ગની મર્યાદા પ્રમાણે જે પદાર્થો મળી આવે તે પદાર્થો વડે ભગવાનની પ્રતિમામાં બિરાજતા શ્રીહરિનું પૂજન કરવું. ૪૬.

પૂજનનો પ્રકાર સેવાના પ્રકાર સાથે મેળવીને કહે છે:-

सम्पाद्य भोगसामग्रीं हरिमुत्थाप्य मञ्जसः ॥
प्रातरारभ्य सर्वापि सेवा पूजा विधीयताम् ॥४७॥

પહેલાં તો સ્થાન એટલે મંદિર-આદિ અને સિંહાસન-આદિ સંપાદન કરીને, અને ભોગ ધરવાની સામગ્રી પણ તૈયાર કરીને

શય્યામાંથી શ્રીહરિને જગાડવા. પુહ્હારી મંદિરપ્રસ્થ કરીને પ્રભુને બિરાજવાનું મંદિરે, અને સિંહાસન પણ સ્વચ્છ રીતે તૈયાર રાખવું ભોગ ધરાવી સામગ્રી પણ તૈયાર રાખવી. પછી પ્રભુને જગાડવા. પ્રભુને શય્યામાંથી જગાડીને સવારથી સાયંકાલ પર્યંત બધી સેવા કરો. પ્રાતઃકાળથી સેવાનો અને પૂજનનો જે ક્રમ છે, તે પ્રમાણે કરો. આપશ્રીએ તો પ્રાતઃકાલમાં પ્રારંભમાં સેવાનો ક્રમ કેવી રીતે છે, તે માત્ર સંક્ષેપમાં શરૂઆતના ભાગ તરીકે જણાવીને, 'એમ આજ્ઞા કરી કે સેવાપૂજનના તે ક્રમ પ્રમાણે સેવાપૂજા કરો. ૪૭.

સેવામાં અને પૂજામાં શો ભેદ છે, તે આપશ્રીએ પ્રથમ જણાવ્યો છે, તો પણ અત્રે તેનું કરીને વિશેષ સ્પષ્ટીકરણ કરે છે:-

सेवायां लौकिकी युक्तिस्तथा स्नेहो नियामकः ॥
पूजायां तु विधिः स्नेहविरुद्ध इति निश्चयः ॥४८॥

સેવા કરવામાં લૌકિક યુક્તિ જાણવી જોઈએ. જેમ કોઈ લૌકિક બાળક સવારમાં જ્યારે ઊઠે છે, ત્યારે તેની માતા પુત્રસ્નેહને લીધે તે બાળકને માટે આગળથીજ તૈયાર કરી રાખેલા ખાવાના પદાર્થો આપે છે, તેમ પ્રભુમાં બાલભાવ રાખીને પ્રભુને જગાડયા પહેલાં ભોગસામગ્રી સ્નેહભાવથી સિદ્ધ કરી રાખવી. એ સેવા કરવામાં લૌકિક યુક્તિ અને સ્નેહ મુખ્ય છે. એ સેવામાં સ્નેહજ સર્વે નિયમો કરી આપે છે. જેમ માતા પુત્રને સ્નેહથી લાડ લડાવે છે, પાળે છે, પોષે છે, તેમ તેજ ભાવથી પ્રભુની સેવા કરવી. પૂજા કરવામાં આવે છે, ત્યારે તેમાં મુખ્ય શાસ્ત્રના વિધિને માનવામાં આવે છે. શાસ્ત્રમાં ઠંડા જલથી પ્રભુને સ્નાન કરાવવાનું લખ્યું છે. માટે ગમે

તેવી શીતલકાલની ઋતુમાં પણ પ્રભુને ઠંડા જલથીજ સ્નાન કરા-વવું, એમ પૂજ્તમાર્ગમાં છે ત્યાં વિધિને એટલે શાસ્ત્રમાં જે લખેલું છે, તેને મુખ્ય માનવામાં આવે છે, એટલે વિધિ સ્નેહથી વિરુદ્ધ છે, કે સ્નેહયુક્ત છે, એમ વિચાર કરવામાં આવતો નથી, સ્નેહથી વિરુદ્ધ વિધિને મુખ્ય નિશ્ચય માનીને ભગવાનની પૂજા પૂજ્તમાર્ગીય લોકો કરે છે. ૪૮.

ગુરૂ કેવા હોય ?

ગુરુ કેવા કરવા જોઇએ, તેના સંબંધમાં ભક્તપ્રકૃષ્ટએ નિબં-ધમાં જેવી રીતે આજ્ઞા કરી છે તેવી રીતે શ્રીહરિરાયજી પણ અહિં આજ્ઞા કરે છે:—

गुरुश्च भक्तिमार्गीयः कृष्णसेवापरायण. ॥
श्रीभागवततत्त्वज्ञो दम्भादिरहितो नरः ॥४९॥

ગુરુ ભક્તિમાર્ગને અનુસરનારા જોઈએ, વળી શ્રીકૃષ્ણની સેવામાં પરાયણ જોઈએ, તેમજ શ્રીભાગવતના તત્વને જાણનારા અને દંભ-રોળ વગેરેથી રહિત એવા નર, તે ગુરુ કહેવાય. ૪૯.

ઉપર જણાવેલા ગુરુ ન મળે તો કેમ કરવું તે આપશ્રી જણાવે છે:—

सद्भावे तथामृतोपदेशोऽत्र निदर्शकः ॥४९३॥

ઉપર જણાવેલા સદ્ગુરુ ન હોય તો તેવા સદ્ગુરુએ જે ઉપદેશ કરેલો હોય તે પ્રમાણે ચાલવાથી સર્વ કાર્ય સિદ્ધ થશે. અર્થાત્ ઉપર જેમનું સ્વરૂપ વર્ણન કરવામા આવ્યું છે તેવા ગુરુના અભાવમાં એવા ગુરુએ જે ઉપદેશ આપેલો હોય તેજ નિયમરૂપ છે એમ માનવું. નિયમમાં રાખનાર ગુરુ ન હોય તો તેમના ઉપદેશને નિયામક તરીકે માનવો.

अथाधुनिकतीर्थानामतथाभूततोऽपि हि॥५०॥
उपदेशस्तथाभूतगुरोरिव फलिष्यति ॥
यदि दुःसङ्गदोषेण नान्यथा चेद्भवेन्मतिः ॥५१॥

હવે જે આધુનિક તીર્થરૂપ ગુરુઓ ઉપર જણાવેલા ગુરુ જેવા નથી તો પણ તેઓ જે ઉપદેશ આપે છે, તે તો પહેલાં વર્ણવેલા સદ્ગુરુએજ કહેલો ઉપદેશ આપેછે, માટે હાલના ગુરુઓ તેવા ન હોવા છતાં પણ તેમની પાસેથી જે ઉપદેશ લેવામાં આવે તો તે ઉપદેશ, જો દુઃસંગરૂપી દોષથી બુદ્ધિભ્રમિત થઈ નહિ હોય તો પહેલાં બતાવેલા મુખ્ય સદ્ગુરુના ઉપદેશની પેઠેજ ફળશે, જો ખરાબ પુરુષોની સંગતિથી બુદ્ધિ દુષ્ટ થઇ હશે તો તે ઉપદેશ ફલિત થશે નહિ. ગુરુ ગમે તેવા હોય પણ તેઓ જે ઉપદેશ આપે છે, તે ઉપદેશને પ્રકટ કરનારા ગુરુ કેવા છે તેજ વિચારવું જોઇએ, અને દુઃસંગથી બચવું જોઇએ. ૫૦-૫૧

सेवायामपि यस्तादृग्गुरूणोक्तः परोविधिः ॥
स यत्र सर्वथा नान्यः कल्पितः फलसाधकः ॥५२॥

સેવા વિષે પણ જેવો વિધિ તેવા ગુરુએ કહ્યો હોય તેજ વિધિ સમજવો. ઉપર જણાવેલાં લક્ષણો જેમાં હોય તેવા ગુરુશ્રીએ સેવાની જે પ્રણાલિકા બાંધી હોય તેજ પ્રમાણે ચાલવું. (શ્રીમહાપ્રભુજીએ, શ્રીગુસાંઈજીએ, શ્રી ગોકુલનાથજીએ, શ્રીહરિરાયજીએ, અને અનુભાવીઓએ સેવા કેવી રીતે કરવી જોઇએ, એ સબંધે ગ્રન્થો પ્રકટ કરીને જે આજ્ઞા કરી હોય તેને વિધિરૂપ સમજીને અનુસરવું એજ વિધિ તેજ છે, બીજો નથી. બીજો કલ્પી કાઢેલો ફલને સિદ્ધ કરી શકતો નથી પોતાની ઊંચી યોગ્યતા હોય નહિ અને સ્વચ્છંદ રીતે સેવામા પણ નવો પ્રકાર ઉલ્લો કરે તો તેથી ફલસિદ્ધિ થાય નહિ. ૫૨.

१

अनुद्वेगाय सप्रेम कृष्णमूर्तावलङ्कृतिः ॥
यद्यैराभरणैर्वापि लघूपद्धरणैरपि ॥५३॥
यथा स्वरूपसौन्दर्यं स्वमनोरोधकं भवेत् ॥५३½॥

ઉદ્વેગ ન થાય તેટલા માટે પ્રેમસહિત શ્રીકૃષ્ણના સ્વરૂપમાં અલંકારો ધારવવા; વસ્ત્ર તથા આભરણ અને સિંહાસન પીછવાદિ આદિથી પ્રભુને શણગારવા. વસ્ત્રાભરણો આદિની રચના એવી કરવી કે પ્રભુના સ્વરૂપની સુંદરતા પોતાના મનને રોકનારી થાય. પ્રભુનાં સ્વરૂપની સુંદરતાને નિરખીને ત્યાંથી પાછું વળવાનું મન થાયજ નહિ. ૫૩½

यतो हि सेवना प्रोक्ता चेतस्तत्प्रवणं हरेः ॥५४॥
लीलाविशिष्टरूपे हि सदर्थं सेवनोद्यमः ॥
अतः साधनता प्रोक्ता तनुवित्तजसेवने ॥५५॥

શ્રી હરિના લીલાયુક્ત સ્વરૂપમા ચિત્તનુ પરોવાનુ, તેનુ નામ સેવા છે, એમ સિદ્ધાતમુક્તાવલીમા કહ્યુ છે, તેથી પ્રભુની સુદૃઢતાથી પોતાનુ મન પ્રભુમા રહે તેવી રીતે વ્યવહાર કરવા, સેવાનો ઉદ્યમ તેને આવશ્યક છે. સેવા એવી રીતે કરવી જોઇએ કે પ્રભુમા મન પરોવાયેલુ રહે તેવી ફલરૂપ સેવાના સાધન તરીકે, દેહથી અને દ્રવ્યથી કરવામા આવતી સેવાને માનવામા આવે છે તનુજવિત્તજા સેવા માનસી ફલરૂપ સેવાનુ સાધન છે, એમ સિદ્ધાતમુક્તાવલી પ્રથમા શ્રીમહાપ્રભુજીએ કહ્યુ છે ૫૪-૫૫

एवमन्नादिवस्तूनामुपयोगे प्रसाधिते ॥
भार्यादीनामानुकूल्ये तै सेवामेव कारयेत् ॥૫૬॥

એ પ્રમાણે અન્ન વગેરે વસ્તુનો પ્રભુમા ઉપયોગ સિદ્ધ થયો, તો સ્ત્રી વગેરે જે સેવાને અનુકૂલ હોય તો તેઓ પાસેજ સેવા કરાવવી શ્રી ગુસાઇજી શ્રી નાથજીની પ્રાર્થના કરે છે કે–'હે કમલલોચન, અમારા ધરવેલા પદાર્થનો ભોગ આપે કરવોજ જોઇએ, જો નહિ કરો તો પુષ્ટિમાર્ગીય મર્યાદા નષ્ટ થઈ જશે' અન્ન વગેરે વસ્તુનો એવી રીતે જ્યારે પ્રભુમાજ ઉપયોગ સિદ્ધ થયો, તો સ્ત્રી વગેરે પણ જો અનુકૂલ હોય તો તેમની પાસે પણ પ્રભુની સેવા કરાવવી ૫૬

स्वयं कुर्यादुदासीनतया तेषां पुन स्थितौ ॥
अपकीर्तिभयात् कृष्णसेवावैमुख्यसम्भवात् ॥૫૭॥

---

१ अस्मदीयपदार्थाना भोग कार्यस्त्वयैव हि। अन्यथा मार्गमर्यादा नश्यत्यस्मोचनाचन ॥ (गुप्तरस)

कथङ्कारमयं बन्धं विभाव्य हृदि सर्वथा ॥
तत्पोषणं प्रकुर्यात स्वगदेवषदातुरः ॥५८॥

ભાર્યા આદિની સ્થિતિ જો ઉદાસીનપણા વગેજ રહેતી હોય તો પોતે સેવા કરવી જોઇએ. સ્ત્રીપુત્ર આદિ સેવા કરવાથી ઉદાસીન રહે તો પોતેજ સેવા કરવી; કેમકે ઉદાસીન થયેલાંઓને આગ્રહ કરીને સેવામાં જોડવાથી સેવા કરવામાં વ્યગ્રતા રહે છે, અને સેવા બરાબર ન થઇ શકે તો સ્વધર્મની હાની થવાથી થનારી અપકીર્તિનો ભય પણ થાય છે. માટે જે સેવાથી વિમુખ થઇને બેસે તેને તેવીજ રીતે રહેવા દઇને પોતે સેવા કરવી. પહેલા શ્લોકના છેલ્લાં બે પદોનો સંબંધ બીજા શ્લોક સાથે પણ લઈ શકાય છે, એટલે કે ભાર્યા આદિ સેવાથી ઉદાસીન હોય તો તેમનો ત્યાગ ન કરવો, પણ પોષણ કરવું; કેમકે ત્યાગ કરવાથી લોકમાં અપકીર્તિ થાય; તે અપકીર્તિના ભયથી ત્યાગ ન કરવો, અપકીર્તિનો જો ભય હોય તો સેવામાં પણ વ્યગ્રતા ઓછી હોવાથી ઊંચું મન રહે, માટે તેઓનું પોષણ કરવું. રોગી દેહધારીની પેઠે આતુર થઇને દુઃખી થઇને તેનું પોષણ કરવું. સ્ત્રી આદિ સેવા ન કરે તેથી દુઃખ તો થાય. પરંતુ તે સેવામાં બીજી દુરકૃત નથી કરતાં અને પોતે ધર્મસંબંધ કરેલો છે એવો હૃદયમાં વિચાર કરીને સર્વથા તેનું પોષણ કરવું. ૫૭-૫૮.

यदासुरः कृष्णसेवां कर्तुं न ददति स्वतः ॥
तदा तेषां परित्यागः कर्तव्य इति निश्चयः ॥५९॥

જો તે આસુર હોય અને પોતાને કૃષ્ણસેવા ન કરવા દે, તો તેનો પરિત્યાગજ કરવો એવો નિશ્ચય છે. સ્ત્રી આદિ આસુર

ભાવવાળા હોય, પોતે મેવા કરે નહિ અને આપણને સેવા કરવા દે પણ નહિ; તો તેવા અસુરનો ત્યાગજ કરવો, એ સિદ્ધાંત છે, ૫૯,

भक्तिमार्गे न वस्तव्यमभक्तैः सह सर्वथा॥
अंगीकृत्यापि च स्मार्तवर्जनं भक्तिमार्गिभिः ॥६०॥

ભક્તિમાર્ગમાં એવો નિયમ છે કે, જેઓ ભક્ત નહોય તેઓ સાથે કદાપિ ભક્તોએ વસવું નહિ, સ્વીકાર કરીને પણ સ્મૃતિમાં કહેલા ધર્મનો ત્યાગ ભક્તિમાર્ગીય જનોએ કરવો: કારણ કે ધર્મશાસ્ત્રથી પણ ભક્તિશાસ્ત્ર બલવદ્ છે એવી મર્યાદા છે, મન્વાદિપ્રોક્ત શાસ્ત્રથી પણ ભક્તિશાસ્ત્ર બલવદ્ હોવાથી ભક્તિ-માર્ગમાં જેનો અંગીકાર થયેલો છે, તેઓએ સ્માર્ત ધર્મો ત્યજવા. ૬૦

धर्मशास्त्रात्तु बलवद् भक्तिशास्त्रमितिस्थितिः॥
चित्तं हरौ प्रतिष्ठाप्य वृत्तियत्नं च कारयेत् ॥६१॥
सर्वथा वृत्त्यभावे तु यामं सेवापरो भवेत् ॥
वृत्तेः सहजतासिद्धयै कृष्णमाश्रितो भवेत् ॥६२॥

ચિત્ત શ્રીહરિમાં રાખીને વૃત્તિ મેળવવા માટે પ્રયત્ન કરાવવો. પોતાનો જે વ્યાપારાદિક ઉદ્યમ ચાલી રહ્યો હોય, તો તેને માટે પોતે પ્રયાસ ન કરતાં બીજા પાસે તે યત્ન કરાવવો; અને પોતાનું ચિત્ત શ્રીહરિમા રાખવુ. જો વૃત્તિ મુદ્દલે હોયજ નહિ, તો એક પ્રહર સુધી સેવાપરાયણ થઇને રહેવું. એટલે કે બીજા સમયમાં વૃત્તિ (રોજગાર) માટે ઉદ્યમ કરવો. જો વૃત્તિ સહજમાંજ સિદ્ધ

થતી હોય તો માત્ર શ્રીકૃષ્ણમાં આસક્તિ રાખીને જ રહેવું જોઇએ
તો પછી વૃત્તિ માટે થોડો પણ પ્રયાસ કરવા પ્રેરવું નહિ ૬૧-૬૨

વિમુખતા

दूयर्थमपि यत्नेन जातवैमुख्यवारणे ॥
श्रीभागवतपाठं च विदध्यान्नियमेन हि ॥६३॥

શ્રીહરિની સેવા માટે પ્રયાસ કરતાં જોઈએ તો સમય શ્રીહરિથી વિમુખ થવાયું, તેથી વૈમુખ્ય દોષ ઉત્પન્ન થયો. અને તેના નિવારણ માટે નિયમપૂર્વક શ્રીમદ્‌ભાગવતનો પાઠ કરવો ૬૩.

चित्तक्षोभजवैमुख्याभावाय यदहं सहेत् ॥
मानयेदपि कृष्णोक्तमित्येवोत्साहसिद्धये ॥६४॥

ચિત્ત ખળભળી ઉઠવાથી શ્રીહરિથી વમુખ થઈ જવાય છે, તેથી પણ વૈમુખ્ય દોષ લાગે છે તેનો નાશ કરવા માટે જે કાંઇ આપત્તિ આવી પડે તે સહન કરવી, કોઈ કઠોર વચન કહી જાય કોઈના તરફથી કોઇ તાડનાદિ કરવામાં આવે તો પણ તે સહન કરવું.[૧] કોઇ બહાર પુરુષોએ નિંદો હોય અથવા અપમાન કરવા યેલું હોય, કોઇ દુષ્ટ પુરુષે ઠપકો આપ્યો હોય, ઈર્ષ્યા કરેલી હોય અથવા માર્યો હોય કે બાંધ્યો હોય, વૃત્તિ—ચાલતી રોજગારી—છોડાવી

---

१. क्षिप्तोऽवमानितोऽसद्भि, प्रलब्धोऽसूयितोऽथवा । ताडित, सन्निबद्धो वा वृत्त्या वा परिहापित ॥ निष्ठितो भूनिता वाऽऽर्भहुर्धैव प्रकंपित, । श्रेयस्कामः कृच्छ्रगत आत्मनात्मानमुद्धरेत् ॥

દીધા ય, કોઈ ચૂંકયું હોય, મૂત્ર કરી ગયું હોય, મૂર્ખાઓ એવી રીતે ઘણે પ્રકારે હેરાન કર્યો હોય તો પણ દુઃખમાં આવી પડેલા અને કલ્યાણની ઈચ્છાવાળા માણસે પોતા વડે પોતાનો ઉદ્ધાર કરવો: એમ શ્રીમદ્‌ભાગવતમાં ઉદ્ધવ પ્રત્યે ભગવદ્ વાક્ય છે. માટે પ્રભુના એ વાક્યને ઉત્સાહની સિદ્ધિ માટે અવશ્ય માનવું. પ્રભુએ કહ્યું છે કે:– 'હે [1]અર્જુન,' મારો ભક્ત નાશ પામતો નથી.' ૬૪.

वैराग्यं परितोषं च लोलाभावाय भावयेत् ॥
जन्मनोऽप्यन्तिमत्वं वै कृतार्थत्वं च चिन्तयेत् ॥६५॥

લોભ ન રહે માટે વૈરાગ્ય અને સંતોષની ભાવના કરવી, કારણ કે કામ અને લોભ પ્રભુની પ્રાપ્તિની આડે આવનાર બે મહાન પહાડો છે, તેને દૂર કરવા માટે વૈરાગ્ય અને સંતોષની ભાવના કરવી, વળી મારો આ છેલ્લો જન્મ છે એમ જાણવું, તેમજ પ્રભુ મારે માથે બિરાજે છે માટે હું કૃતાર્થ છું એમ પણ સ્મરણ કરવું. પ્રભુસંબંધ કરવાથી સર્વ દોષો દૂર થઈ જાય છે, મારો છેલ્લો જન્મ છે, હજારો વર્ષના વિયોગ પછી પ્રભુનો સંબંધ થયો, માટે હું કૃતાર્થ છું એમ દૃઢતાથી માનવું. ૬૫.

સેવા વિચાર

एवं निश्चित्य चित्तेन निरपेक्षो दृढांतरः ॥
स्थिरान्तःकरण कृत्वा विश्वासं पितृयद्धरौ ॥६६॥

---

१. कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥ (गीता)

सेवयेत्तत्परो भूत्वा युक्तया लौकिकया पुरा ॥
देशकालौ विचार्यैवमवस्थां च प्रभोरपि ॥५७॥

ઉપર કહ્યા પ્રમાણે ચિત્ત વડે નિશ્ચય કરીને આ લોક અને પરલોકની અપેક્ષા રાખ્યા વિના અંતઃકરણ સ્થિર કરીને શ્રીહરિમાં માતાપિતાવત્ વિશ્વાસ રાખવો. જેમ માતાપિતામાં બાલકને એવો વિશ્વાસ હોય છે કે તે મારૂં બુરૂં નહિજ કરે, તેમ પ્રભુમાં પણ વિશ્વાસ રાખવો કે એ મારૂં સારૂંજ કરશે. એવો દૃઢ વિશ્વાસ રાખીને તત્પર થઇને પહેલાં લૌકિક યુક્તિ વડે સેવા કરવી. લૌકિક યુક્તિ એજ કે પ્રભુને બાલભાવથી સેવવા. અથવા તો એક પતિવ્રતા સ્ત્રી જેમ પતિની સેવા કરે છે, તેમ પ્રભુની સેવા કરવી. દેશકાલનો પણ વિચાર કરવો, જેવો દેશ હોય, જેવો સમય હોય શીતકાલ, ઉષ્ણકાલ કે ગમે તે હોય તેનો પણ સેવામાં વિચાર કરવો. અને પ્રભુની અવસ્થાનો વિચાર કરવો. જે અવસ્થાનું સ્વરૂપ હોય તે અવસ્થાને અનુકૂલ સેવા કરવી. બાલ્યાવસ્થા કે કિશોરાવસ્થા એનો વિચાર કરીને તદનુકૂલ સેવા કરવી. ૬૬-૬૭.

तदर्थे व्यर्थवचनं कृतिसाध्यं परित्यजेत् ॥
कृष्णे समर्पयेन्नेयं क्लिष्टं क्वापि प्रयत्नतः ॥६८॥

સેવા માટે વ્યર્થ વચન કહેવું નહિ; બોલું બોલવું નહિ એ મુખરતાદોષ છે. એ દોષ મોટામાં મોટો છે. મારી કૃતિથીજ આ થયું અને છે. એમ પણ માનવું નહિ. જે જીવકૃતિથીજ સિદ્ધ થતું હોય તેનો પરિત્યાગ કરવો. જેમ કે 'સાધનસંપત્તિથી પ્રભુ કદાપિ પ્રસન્ન થતા નથી,' એમ શ્રીમુક્તાનિન્દીજીમાં કહ્યું છે, તેમજ

બહુજ કલેશ કરીને પ્રયત્નથી જે મેળવ્યું હોય તે પ્રભુને સમર્પવું નહિ, જે મેળવતાં સેવાથી વિમુખ થઈને ઘણોજ કલેશ પ્રાપ્ત કરીને પ્રયાસ કરવો પડયો હોય તે પ્રભુને સમર્પવું જોઈએ નહિ. ભગવાન કહે છે કે:– 'ભક્તો થોડું પણ પ્રેમ વડે મને જે ધરે છે, તે મને ઘણું થઈ પડે છે. અલકૃત હોય અને મને ઘણું ધરે તો તેથી મને સંતોષ થતો નથી; એટલે કે ભક્તિ વિના જે મને ઘણું પણ ધરાય છે, તે મને સંતોષ આપવા પૂરતું નથી.'

इष्टं लोके तथा स्वस्य यच्चिरं चित्तचिन्तितम् ॥
तद्वै समर्पयेद् भक्त्या भक्तिसम्बन्धि सर्वया ॥६९॥

'લોકમાં જે બહુ ઇષ્ટ હોય, લોકો જેને બહુ ઇચ્છતા હોય, અને પોતે ઘણા સમયથી ચિત્તમાં વિચારી રાખેલી હોય તે વસ્તુ પ્રભુને ભક્તિથી સમર્પવી. એ વસ્તુ સર્વથા સેવાસંબંધીજ હોવી જોઇએ, બીજી નહિ, એ બારા ધ્યાનમાં રાખવું, જે ઇષ્ટ હોય, દત્ત (આપેલું) હોય, હુત (હોમેલું) હોય, જપેલું હોય, જે આચર્યું હોય, જે પોતાને પ્રીય હોય તે મને અર્પવું; મને આપવાથી તે અનન્તરૂપ થાય છે.' એમ શ્રીભાગવત કહે છે. ૬૯.

तथानवसरे सेवा बहिरंगेऽपि मुख्यवत् ॥
कार्या शुद्धिः कृष्णकार्ये वस्त्रप्रक्षालनादिके ॥७०॥

તેમજ જ્યારે ભીતરની સેવાનો સમય ન હોય ત્યારે બહારની સેવા પણ મુખ્ય સેવાની પેઠે કરવી. પ્રભુનાં શ્રીઅંગનાં અને બીજાં બિછાવવાનાં વસ્ત્રોનું પ્રક્ષાલન કરવું–આદિ સેવા પણ મુખ્ય સેવા-રૂપજ ગણીને કરવી. ૭૦.

काले काले च सेयनम् ॥
स्वधर्ममाचरेदङ्गं नित्यं नैमित्तिकं तथा ॥७१॥

એક વેળાએ, બે વેળાએ અથવા તો ત્રણ વેળાએ પ્રભુસેવા કરવી. જેટલી વાર પ્રભુની સેવા-ધ્યાન તેટલી વાર કરવી. સ્વધર્મનું આચરણ કરવું. નિત્ય અને નૈમિત્તિક કર્મ પણ સ્વધર્મનું અંગ હોવાથી કરવું. નિત્યકર્મ સંધ્યાવંદન વગેરે છે. નૈમિત્તિક કર્મ કોઈ-પણ નિમિત્તને લીધે કરવામાં આવે છે, જેમ કે પોતાને ત્યાં પુત્રનો જન્મ થાય તો તેને અંગે જે જાતકર્મ આદિ સંસ્કારો કરવાના છે તે કરવા, નિત્ય અને નૈમિત્તિક કર્મો એ બન્ને મુખ્ય છે, સ્વધર્મ-નું અંગ હોવાથી તેનું આચરણ પણ કરવું. ૭૧.

निवृत्तिराग्रहेणैव विधर्मादिति निश्चयः ॥
धर्मसिद्धावपि पुनर्वैशिष्ट्यात्तु कृष्णधर्मतः ॥७२॥

પોતાના ધર્મથી જે વિલક્ષણ ધર્મ, જે કાર્યથી પોતાના ધર્મને બાધ નડે, તે ધર્મથી આગ્રહપૂર્વક નિવૃત્તિ રાખવી એવો નિશ્ચય છે. વૈષ્ણવોનો મુખ્ય ધર્મ ભગવત્સેવા છે, સેવામા જે પ્રતિ-બંધ નાખનારો ધર્મ હોય તે વિધર્મ કહેવાય. એ વિધર્મને આગ્ર-હથી ત્યજી દેવો, એમ સિદ્ધાંત છે. કદાચ તેવા ધર્મથી ધર્મની સિદ્ધિ થાય તો પણ મુખ્ય ભગવદ્ધર્મ છે; તેથી ભગવદ્ધર્મનું સર્વ ધર્મથી વિશે-ષપણું છે. એ ભગવદ્ધર્મનું આચરણ કરતાં સર્વ ધર્મો સિદ્ધ થઈ જાય છે જેમ મૂલમાં જલસેચન કરવાથી આખા વૃક્ષને પુષ્ટિ મળે છે; તેમ સર્વ ધર્મનું મૂળ જે ભગવદ્ધર્મ, તેનું આચરણ કરવાથી સર્વ ધર્મોની સિદ્ધિ થાય છે; માટેજ સર્વથી શ્રેષ્ઠ ભગવત્સેવા છે. ૭૨.

इन्द्रियाश्वविनिग्राहः कर्तव्यः सर्वथा मतः॥
परोपकारधर्माणां दौर्बल्यं च विभावयेत्॥७३॥

ઇંદ્રિયરૂપી ઘોડા બહુજ બલવાન હોય છે, માટે તેનો સારી પેઠે નિગ્રહ સર્વથા કરવો એવો મત છે, મતલબ કે પોતે ઇંદ્રિયોને વશ થવું નહિ, પણ ઇંદ્રિયોને પોતાને સ્વાધીન રાખવી. શ્રીમહા-પ્રભુજી આજ્ઞા કરે છે કે.—' વિષયોનો આવેશ જેના ચિત્તમાં થયો છે, તેવા પુરૂષોમાં પ્રભુનો આવેશ થતો નથી.' વળી કહ્યું છે કે:—' હરણ સ્વરની લાલસાથી કર્ણેન્દ્રિયને વશ થઇને માર્યો જાય છે, પતંગિયો દીવાનું રૂપ જોઇને નેત્રેન્દ્રિયથી માર્યો જાયછે, ભમરાઓ સુગંધ માટે નાસિકેંદ્રિયને વશ થઇને મરે છે. મીન-માછલાં જીભના સ્વાદથી માછીમારોથી મરે છે, એ પ્રમાણે એક એક ઇંદ્રિયની ગફલતથી ઉપરનાં એકએક પ્રાણીઓ મરે છે, તો જે માણસ પાંચે ઇંદ્રિયોને ગફલતમાં રહેવા દે અને એનો નિગ્રહ કરે નહિ, તેની શી દશા થાય? તેમજ પરોપકારના જે ધર્મો જેવા કે કૂવા, ધર્મશાળા, સદાવ્રત વગેરે ભગવત્સેવારૂપ ધર્મ પાસે દુર્બલ છે; કારણ કે એ પરોપકારના ધર્મનું ફલ માત્ર સ્વર્ગ છે, એ સ્વર્ગનું સુખ તો જ્યાંસુધી પુણ્ય હોય છે, ત્યાંસુધીજ મળે છે; પછીથી આ લોકમાં આવવું પડે છે. ભગવાન શ્રીગીતાજીમાં આજ્ઞા કરે છે કે:—' તે પુણ્યશાળી લોકો વિશાળ એવા સ્વર્ગલોકને ભોગવીને પુણ્ય ખુટી જતાં મૃત્યુલોકમાં પ્રવેશે છે.તો એવાં નાશ-વંત ફળ આપનારા પરોપકાર આદિ ધર્મો અવિનાશી અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ફળ આપનારા ભગવત્સેવારૂપ ધર્મ પાસે દુર્બલ હોયજ એમાં શું આશ્ચર્ય છે?

एवं प्रकुर्वतः कृष्णावेशोयदि भवेत्पुनः ॥
तत्सेवासाधने निष्ठा तस्मान्नित्यं हि सेवयेत् ॥७४॥

ઉપર પ્રમાણે સ્વધર્માચરણ કરતાં કરતાં ભગવાનનો આવેશ થાય, અને આવેશ થવાથી પ્રભુની સેવાનાં સાધનોમાં નિષ્ઠા જો થાય, તો તે નિષ્ઠા થયા પછી નિત્ય પ્રભુની સેવા કરવી. નિત્યસેવા કરવાથી પ્રભુમાં અને પ્રભુસેવારૂપ સાધનમાં નિષ્ઠા થાય છે, માટે સેવા નિત્ય કરવી. ૭૪.

कृष्ण सर्वात्मक ज्ञात्वा दीनतां हृदि मापयेत् ॥
अहं करोमीत्येतादृगहङ्कार परित्यजेत् ॥७५॥

સર્વસ્વરૂપ શ્રીકૃષ્ણજ છે એમ જાણીને હૃદયમાં દીનતા લાવવી એટલે કે હું સુક્ષ્મ, અને સર્વ દોષથી ભરેલો જીવ ક્યાં અને સર્વસ્વરૂપ નિર્દોષ, પૂર્ણગુણવિગ્રહ એવા પ્રભુ ક્યાં? એવી ભાવવાળી દીનતા હૃદયમાં કરવી. સર્વસ્વરૂપ હોવાથી પ્રભુ પ્રત્યે દીનતા વિના બીજું જીવ શું કરી શકે તેમ છે? 'હું કરું છું' એવા અહંકારનો સર્વથા ત્યાગ કરવો; 'હું કરું છું' એવું મનમાં કદાપી ન લાવવું. ૭૫.

જપપાઠ

सेवायामपि सम्मानं नापेक्षेत हरेः पुनः ॥
गुणान् गायेद्धरेर्नाम कीर्तयेत् सन्निधौ स्थितः ॥७६॥

શ્રીહરિની સેવામાં પણ સન્માન મેળવવાની ઇચ્છા ન રાખવી. અર્થાત્ શ્રીહરિની સેવા કરીને તેનાથી લોકો તરફના માનભરતગાની

ઇચ્છા નજ રાખવી જોઇએ શ્રીહરિના ગુણો નિરંતર ગાવા અને શ્રીહરિના નામનું કીર્તન સભામાં ઉભા રહીને પણ કરવું પોતે સભામાં બેસો રહેલો હોય, તે વખતે પણ કોઈની શરમ રાખ્યા વિના, બીજા સાંભળે તેનો ભય રાખ્યા વિના ભગવાનનું નામ અવશ્ય લેતા રહેવું કહેવાનો આશય એ છેકે, ગમે તે સમયમાં ગમે તે ઠેકાણે પણ શ્રીહરિનું નામ છોડવું નહિ. નવરત્નગ્રંથની ટીકામાં શ્રીગુસાંઇજી આંજ્ઞા કરે છે કે.- ક્ષણવાર પણ જે અષ્ટાક્ષરનો ત્યાગ કરે તો આસુરાવેશ થાય. શ્રીમહાપ્રભુજી પણ નવરત્નગ્રંથમાં એજ આજ્ઞા કરે છેકે:-' તેથી સર્વશે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એમ નિરંતર બોલતા રહેવું, શ્રીમદ્ભાગવતમાં પણ એજ આજ્ઞા છે;- શ્રીહરિનાં ચરિતનાં ગીતો, શ્રીહરિનાંજ નામો ગાતાં ગાતાં લજ્જારહિત થઈ, સંગ છોડીને વિચરવું" ૭૬

निर्भयो निःस्पृहः कृष्णे स्वतश्चित्तं निवेशयेत् ॥
मुख्यं तु साधनं नित्यं श्रीभागवतकीर्तनम् ॥७७॥

કોઇનો પણ ભય રાખ્યા વિના, કોઈની પણ સ્પૃહા-પરવા રાખ્યા વિના પોતેજ શ્રીકૃષ્ણમાં ચિત્ત લગાડવું. નિરંતર શ્રીકૃષ્ણમાં ચિત્ત રાખીને શ્રીકૃષ્ણના નામનો ઉચ્ચાર કરવામાં કોઈનો ભય અને કોઈની દરકાર ન કરવી. મુખ્ય સાધન એજ છે કે નિત્ય શ્રીભાગવતનુ કીર્તન કરવુ. શ્રીમદ્ભાવતનો પાઠ નિત્ય કરવો. એજ મુખ્ય સાધન છે. નિબંધમા શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે:-' મુખ્ય સાધન તે આજ છે, કે સ્વાર્થ વિના અને દંભ વિના અયત્નથી શ્રીભાગવતનો પાઠ આદરપૂર્વક કરવો. ' ૭૭.

પાઠ કરતી વખતે દંભ ન કરવો. આડંબર કરીને પાઠ ન

કરવો. કોઈ નિમિત્તને લઈને પણ ન કરવો; એટલે કે કોઈ સ્વાર્થ માટે શ્રીભાગવતનો પાઠ ન કરવો. પોતાના પ્રયત્નથી, પોતેજ નિરંતર શ્રીભાગવતનો પાઠ કરવો. આજ આજ્ઞા શ્રીમદ્‌પ્રભુજીએ નિબંધમાં કરી છે.

તિલકમાલા

अदंभेनानिमित्तेन स्वप्रयत्नेन सर्वथा ॥
सेवान्तर्गतपूजाङ्गशङ्खचक्रादि धारयेत् ॥७८॥

સેવામાં પણ અન્તર્ગત બંને પૂજની પણ અંગરૂપ શંખ ચક્ર આદિ મુદ્રાઓ ધારણ કરવી, શંખચક્રાદિ મુદ્રાઓ સેવામાં પણ આવશ્યક છે અને પૂજામાર્ગમાં તે અંગરૂપ છે, માટે તે અવશ્ય ધારણ કરવાં. તુલસીકાષ્ઠની માળા પણ ધારણ કરવી. તેમજ તિલક પણ ભગવચ્ચિન્હ હોવાથી અવશ્ય ધારણ કરવું. શ્રીમદ્‌પ્રભુજી નિબંધમાં આ વિષયપરત્વે વિશેષ વિસ્તાર પૂર્વક આજ્ઞા કરે છેઃ—
" શંખ ચક્ર આદિ મુદ્રાઓ ગોપીચંદનથીજ ધારણ કરવી. એ પૂજાનું અંગ છે. તેમજ તુલસીકાષ્ઠની માલા અને તિલક પણ ધારણ કરવા, કેમકે તે વૈષ્ણવના ચિહ્નરૂપ છે. "

ઉપરના શ્લોકના પ્રકાશમાં શ્રીમદ્‌પ્રભુજી આજ્ઞા કરે છે કે, ' શંખ, ચક્ર આદિ મુદ્રાઓ ધારણ કર્યા વિના જે પુરૂષ પૂજા કરે છે, તેણે કરેલું પૂજન નિષ્ફળ થાય છે અને શ્રીહરિ પણ પ્રસન્ન થતા નથી. ' તુલસીકાષ્ઠમાળા જે ધારણ ન કરે તો તેને માટે વચન છે કેઃ— જે લોકો તુલસીકાષ્ઠમાળા ધારણ કરતા નથી. તે સ્વાર્થી

લોકો અને પાપબુદ્ધિઓ (શ્રીહરિના) ક્રોધરૂપી અગ્નિથી બળીને નરકથી પાછા ફરતા નથી.' આવાં અનેક વચનોથી સિદ્ધ થાય છે કે તુલસીકાષ્ઠમાલા યજ્ઞોપવીતની પેઠે ધારણ કરવી.

તિલક આ પ્રમાણે કરવું. 'દંડની સરખી લીટીથી ચરણારવિંદના આકાર જેવું તિલક લલાટમાં કરવું. છાતીમાં કમલસરખા આકારવાળું તિલક કરવું. વાંસના પાંદડા જેવું તિલક ભુજા ઉપર કરવું. બીજાં તિલકો દીવાના આકાર જેવાં કરવા.' ૭૮.

જયંતી-વ્રત

विधत्यात्तुलसीमाला धार्या तिलकमेव च ॥
वैष्णवेन मतेनैकादश्यादिव्रतमाचरेत् ॥७९॥
उत्सवत्वेन कृष्णाष्टम्यादीनां व्रतमाचरेत् ॥
अन्येष्वप्युत्सवत्वेन विज्ञानं सर्वथा मतम् ॥८०॥

એકાદશી આદિ વ્રત વૈષ્ણવ મત પ્રમાણેજ કરવાં. દશમીનો વેધ ન આવે એવી રીતે એકાદશીવ્રત કરવું; એટલે કે દશમ પંચાવન ઘડી ઉપરાંત એક પલ પણ જો વધે તો તે એકાદશીને દિવસે વ્રત ન માનતા દ્વાદશીને દિવસે વ્રત માનવું એ પ્રમાણે વૈષ્ણવમત પ્રમાણે એકાદશી આદિ વ્રતો કરવાં જન્માષ્ટમીનું વ્રત પ્રભુના પ્રાકટ્યનો ઉત્સવ માનીને કરવું. આજે નંદરાજકુમારનું પ્રાકટ્ય થયું છે, આજ મહાઆનંદ-ઉત્સવનો દિન છે, એમ માનીને વ્રત કરવું. આઠમ સૂર્યોદય વખતે હોય તોજ તે દિવસે વ્રત કરવું; સૂર્યોદય વખતે સાતમ હોય અને પછી આઠમ હોય તો તે

તિથિ ન માનતાં બીજી તિથિએ ઉત્સવ માનવો, એ પ્રમાણે રામનવમી, નૃસિંહચતુર્દશી અને વામનદ્વાદશીને દિવસે ઉત્સવ માનીને મત કરવું; અને જન્માષ્ટમીની પેઠે સૂર્યોદય વ્યાપ્તનીજ તિથિ ગ્રહણ કરવી. બીજા પણ જન્મદિન આદિ ઉત્સવો પણ ઉત્સવો તરીકે જાણવા, જેવા કે શ્રીમહાપ્રભુજીનો પ્રાકટ્ય-મહોત્સવ, શ્રીગુસાંઈજીનો ઈત્યાદિ એ બધા દિવસો ઉત્સવ તરીકે માનવા. ૭૬-૮૦.

निर्णयोऽपि तथा कार्यो जयन्तीव्रतवन्न हि ॥
एवं कुर्वन् गृहस्थस्तु कृतार्थः स्यान्न संशयः ॥८१॥

તે તિથિ પણ સૂર્યોદયકાલ સમયનીજ લેવી. એ વિના બીજા ઉત્સવો શબ્દપૂર્ણિમા આદિમાં વિલક્ષણતા એટલી છે કે તેનો નિર્ણય જયન્તીવ્રતવત્ ન થાય. જન્માષ્ટમી આદિ ઉત્સવોમાં જેમ ઉદયાત્ તિથિ માનવામાં આવે છે, તેમ તે ઉત્સવમા નથી. એ ઉત્સવોમાં કોઈક વેળાએ નક્ષત્ર મુખ્ય છે, સમય—મુખ્ય છે, તિથિ પણ ક્વચિત્ મુખ્ય છે,

એ પ્રમાણે ઉપર કહ્યા પ્રમાણે આચરણ કરનાર ગૃહસ્થ કૃતાર્થ થાય છે, એમાં કશો સંશય નથી. ૮૧.

બ્રહ્મચારી-વાનપ્રસ્થ-સંન્યાસીના ધર્મો

सम्मते साधनानां स्याद्वनस्थब्रह्मचारिणोः ॥
यतेस्त्यागात्मको मार्गस्तीर्थाटनविशेषणः ॥८२॥

ગૃહસ્થાશ્રમીનો ધર્મ ઉપર કહ્યો, હવે બ્રહ્મચારી, વાન-પ્રસ્થ અને સંન્યાસીનો ધર્મ બતાવેછે ગૃહસ્થાશ્રમ પછીનો આશ્રમ તે વાનપ્રસ્થ આશ્રમ છે ગૃહસ્થાશ્રમ પહેલાં તો બ્રહ્મચર્યા શ્રમ છે, એ બન્ને આશ્રમવાળાઓને સાધનો મળતાં હોય તો ઉપર જણાવેલો સેવામાર્ગ તેઓનો માટે અનુકૂલ છે; એટલે કે સાધનોનો સંભવ હોય તો બ્રહ્મચારી અને વાનપ્રસ્થે સેવા કરવી જોઇએ. છેલ્લો આશ્રમ સંન્યસ્તાશ્રમ છે. સંન્યસ્તાશ્રમમાં રહેનારા સંન્યાસીનો માર્ગ ત્યાગરુપ છે. સર્વ છોડીને એકલાજ રહેવું એવો ત્યાગરૂપ માર્ગ સંન્યાસીનો છે, તે માર્ગમાં મુખ્ય તીર્થાટન છે; અર્થાત્ સર્વનો ત્યાગ કરીને તીર્થની યાત્રા કરવી, એ સંન્યાસીનો મુખ્ય ત્યાગરુપ માર્ગ છે. ૮૨.

સંન્યાસીના બીજા ધર્મોનું વર્ણન કરે છેઃ—

स्वतन्त्रः सङ्गरहितो नित्यपर्यटकस्तथा ॥
तदिनान्नप्रतिग्राही निर्लज्जो नाम कीर्तयेत् ॥८३॥

સંન્યાસીએ સ્વતંત્ર રીતે રહેવું જોઇએ. કોઇને વશ ન થતાં સ્વેચ્છાયીજ સ્વતંત્ર રહેવું, સંગથી રહિત થવું કોઇનો સંગ ન કરવો .અને આસક્તિ ન રાખવી. નિત્ય પર્યટન કરવું. એકને એક ઠેકાણે રહેવું નહિ, પરંતુ દેશોદેશ ફરતા ફરવું. જે દિવસે જેટલું અન્ન જોઇએ, તે દિવસે તેટલુંજ અન્ન લેવું, એક દિવસ ચાલે તેટલુંજ 'અન્ન ગ્રહણ કરવું, સાથે વધારે અન્ન રાખવું 'નહિ. કોઇની પણ લાજ-શરમ રાખ્યા વિના ભગવાનનાં ચરિતોનું કીર્તન કરવું. ૮૩.

पश्यन् गुह्यानि च हरेः शान्तः कृष्णपरायणः ॥
अव्यग्रचित्तः कृष्णैक्यप्रादुर्भावप्रयोजनः ॥८४॥

શ્રીહરિની ગુપ્ત લીલાનાં સર્વત્ર દર્શન કરવાં, જ્યાં ત્યાં પ્રભુનાં રહસ્યમય ચરિતો જોવાં. સર્વ ઇંદ્રીયોનો નિગ્રહ રાખીને શાન્ત થઈને રહેવું ક્રોધ વગેરે ન કરવાં. શ્રીકૃષ્ણમાંજ તત્પર થઇને રહેવું. ચિત્તને આકુલવ્યાકુલ થવા દેવું નહિ. સ્થિરચિત્ત થવું. સ્વાર્થ પણ એજ હોવો જોઈએ કે શ્રીકૃષ્ણનું પ્રાકટય કેમ જલદી થાય? મનમા તેજ પ્રયોજન હોવું જોઈએ કે પ્રભુ પ્રકટ થાય. એ પ્રમાણે પોતાનો સ્થૂલ દેહ પડે ત્યાંસુધી વિચક્ષણ યતિએ કરવું. પોતાનો દેહ પડે ત્યાંસુધી જ્ઞાનવાળા સંન્યાસીએ ઉપર કહ્યા પ્રમાણે વર્તવું. ૮૪.

સર્વ આશ્રમ માટે એક બીજો ધર્મ બતાવે છે.—

एवमादेहसम्पातं यतिः कुर्याद्विचक्षणः ॥
विक्षेपाद्यदि दोषाणां सम्भवे सकलाश्रमे ॥८५॥

ચિત્તનો વિક્ષેપ થવાથી જે દોષ ઉત્પન્ન થવાનો સંભવ લાગતો હોય તો દરેક આશ્રમમાં ઉપર કહ્યા પ્રમાણે તીર્થપર્યટન કરવું. ચિત્ત સ્થિર ન રહેવાથી ક્રોધ દોષ લાગશે એમ જે જણાય તો, ઉપર જે તીર્થાટન સંન્યાસી માટે કહ્યું છે, તેજ તીર્થાટન બીજા પણ બ્રહ્મચારી, ગૃહસ્થ અને વાનપ્રસ્થ જનો માટે પણ સમજવું એટલે કે સંન્યાસી માટે બતાવેલો તીર્થાટનનો પ્રકાર ચિત્ત વિક્ષેપ પામે અને દોષ લાગે તો બીજા પણ આશ્રમવાળાઓએ ગ્રહણ કરવો. ૮૫.

સ્ત્રી આદિ જો પ્રતિકૂલ હોય, તો ગૃહાદિકનો ત્યાગ જુદી રીતે કરવામાં આવે છે. સંન્યાસીએ ત્યાગ કેવી રીતે કરવો, તેનું વર્ણન ઉપર કરી ગયા. હવે સ્ત્રી, પુત્ર આદિ જો સેવામાં વિઘ્ન કરતાં હોય, સેવાને અનુકૂલ ન હોય તો તેના ત્યાગનો પ્રકાર જુદો છે. તે ત્યાગ કેવી રીતે કરવો અને ત્યાગ કર્યા પછી શું કરવું, તે પ્રકાર નીચેના શ્લોકોમાં આપશ્રી જણાવે છે:—

ગૃહ ત્યાગ કયારે ?

अनेनैव प्रकारेण तीर्थपर्यटनं मतम् ॥
भार्यादिप्रातिकूल्ये तु भिन्नस्त्यागो विधीयते ॥८६॥
त्यक्त्वा स्वभवनं गत्वा यत्र भागवता जनाः ॥
हरिस्थाने तदीयाश्च कृष्णसेवाकथाप्रियाः ॥८७॥
कृष्णार्थी सर्वथा त्यक्त्वा गृहं भजनबाधकम् ॥
तैः सहैव वसेत् कृष्णसेवाकृतिकथादिभिः ॥८८॥

સેવાથી પ્રતિકૂલ ભાર્યાદિકનો ત્યાગ કરીને, અર્થાત્ પોતાના ઘરનો ત્યાગ કરીને, જે સ્થળે ભગવદીય જનો રહેતા હોય તેવા હરિના સ્થાનમાં જઈને, શ્રીકૃષ્ણની સેવા અને કથા જેને અત્યન્ત પ્રિય છે તેવા ભગવદીયો જ્યાં હોય તે સ્થાનમાં જઈને શ્રીકૃષ્ણરૂપ પ્રયોજનવાળા થવું, તથા ભગવદીયો જ્યાં હોય તેવા ભગવન્મંદિરમાં રહીને માત્ર શ્રીકૃષ્ણરૂપ અર્થની અભિલાષાવાળા થવું. સેવાનો બાધ કરનારાં ગૃહનો તો સર્વથા ત્યાગ કરીને તેવા ભગવદીયો સાથે શ્રીકૃષ્ણની ઇચ્છા રાખનાર પુરુષે ભજનમાં બાધ કરનારા ઘરનો

તો સર્વથા ત્યાગજ કરવો અને તેવા ભગવદીયોની સાથેજ રહેવું. સાથે રહીને શ્રીકૃષ્ણની સેવા-કથા આદિમાં તત્પર થવું. ૮૬-૮૭-૮૮

दुःसङ्गदुष्टयक्षान्नसम्बन्धसमयत्यजा ॥
यतः ससाधनस्त्रिष्ठेत् सावधानतया हरौ ॥८९॥

દુઃસંગ એટલે હરિથી જે વિમુખ હોય તેનો સંગ, દુષ્ટ વસ્ત્ર, તે કોઇનું પહેરેલું, અપરસ વિનાનું, ગળીનું રંગેલું વગેરે દુષ્ટ વસ્ત્રો, દુષ્ટ અન્ન-પ્રમાણે નહિ તેવું અન્ન, આ બધાના સંબંધથી બચવાળા થઇને રહેવું; એ બધાં સેવામાં બાધક હોવાથી તેના સંગથી બીતા રહેવું. એજ હેતુથી સાધનો પણ સાથે રાખવાં અને સાવધાનપણે શ્રીહરિમાં તત્પર થઇને રહેવું. ૮૯.

तत: सेवाकथासक्त्या सर्वथा प्राप्तिरूत्तमा ॥
नैकान्ते सस्थितिः कार्या ह्यदैवाधकसम्भवे ॥९०॥

તેવી રીતે સેવા અને કથામાં નિરંતર પ્રેમ થવાથી ઉત્તમ પ્રાપ્તિ થાય. એવી રીતે સેવામાં અને કથામાં નિરંતર પ્રેમ થવાથી ઉત્તમ રીતે ભગવત્પ્રાપ્તિ થાય. વળી જો હૃદયના ભાવોનો બાધ થવાનો સંભવ હોય તો એકાંતમાં કદાપિ ન રહેવું. એકાંતમાં રહેવાથી ચિત્તની અસ્થિરતા વગેરે થાયતો એકાંતમાં સ્થિતિ નજ કરવી. ૯૦.

रक्षकत्व हरेरेव स्वसङ्गेऽपि च यास्यति ॥
अथवा केवलं शास्त्रं श्रीभागवतमादरात् ॥९१॥

શ્રીહરિ રક્ષણહાર છે, માટે એકાંતમાં ન રહેતાં બીજે સ્થલે જે ભય અને ત્યાં બીજાનો સંગ થતાં પણ શ્રીહરિનું રક્ષણહારપણું તો પ્રાપ્ત થશે. એકાંતમાં ભય લાગવાથી બીજાનો સંગ કરે અને બીજાના સંગથી જો કોઈ બીજો રંગ લાગે તો શ્રીહરિ તેથી રક્ષણ કરશે, એટલે કોઈપણ પ્રકારનો ભય રાખવો નહિ અને ભગવત્સેવા-પરાયણ થઈને રહેવું.

જો ઉપર કહેલા ધર્મો ન બની શકે તો માત્ર શ્રીભાગવત શાસ્ત્રનું આદરપુર્વક ગણે કાલમાં સેવન કરવું. જેમ પ્રભુનાં સ્વરૂપની સેવા કરવામાં આવે છે, તેમ ઘણાજ યત્નથી શ્રીભાગવતની સેવા કરવી. શ્રીભાગવાનની સેવા બે પ્રકારની છે, એક સ્વરૂપસેવા અને બીજી નામસેવા. સ્વરૂપસેવા ઉપરના શ્લોકોમાં વર્ણવી છે. નામ-સેવાનું સ્વરૂપ આ શ્લોકોમાં જણાવ્યું છે. એ પ્રમાણે સ્વરૂપસેવાની પેઠે ઘણાજ પ્રયાસથી નામસેવા ત્રણે કાળમાં કરવી. તવ કથામૃતં એ ગોપિકાગીતના શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ એજ આજ્ઞા કરી છે કે શ્રીભાગવત ભગવાનનાં સ્વરૂપનો પરિચય કરાવે છે, માટે તેની સેવા તે ભગવત્સેવાજ સમજવી.

ઉપર જણાવેલા ત્રણ ઉપાયોમાંથી એક પણ ઉપાયનું અવલંબન ન થઈ શકે તેમ હોય તો છેવટે એક છેલ્લો ઉપાય સુચવે છે:-

त्रिकालं सेवयेद्रूपसेवायदतियत्नतः ॥
प्रकारत्रितयाभावे प्रपत्तिरपि चोच्यते ॥२३॥

ત્રણે પ્રકારોનો જો અભાવ હોય તો પ્રપત્તિ-શરણે જવું એ પણ એક પ્રકાર છે. ઉપર ત્રણ પ્રકારો કહ્યા: એક ગૃહમાં રહીને

પ્રભુસેવા કરવી તે, બીજો પ્રકાર કૃષ્ણસેવા કરવાનાં તત્પર થવા ભગવદીયો સાથે રહીને પ્રભુની ટહેલ કરવી એ છે; ત્રીજો પ્રકાર શ્રીમદ્‌ભાગવતનો પાઠ છે, એ ત્રણેનો અભાવ હોય તો છેલ્લો પ્રકાર પ્રભુને શરણે જવાનો છે. ૯૨.

પૂજના પ્રવાહમાં

महास्थाने यत्र पूजाप्रवाहो जायते पुनः ॥
तत्र तत्परता स्थित्या कृतार्थत्वं सदा स्थितौ ॥२३॥

મોટા સ્થાનોમાં જે ઠેકાણે પૂજામાર્ગનો પ્રવાહ છે, તે સ્થળે તેમાંજ પરાયણ થઇને સ્થિતિ કરવામાં આવે તો કૃતાર્થપણું છે. શ્રી મહાપ્રભુજી નિબંધમાં આજ્ઞા કરે છે કે:-' જગન્નાથજીમાં શ્રી-વિઠ્ઠલનાથજીમાં, શ્રીરંગજીમાં, અંકટેશ બાલાજી આદિમાં જ્યાં પૂજનનો પ્રવાહ ચાલી રહ્યો હોય, ત્યાં પૂજનમાં તત્પર થઇને રહેવું.' ૯૩.

तत्रैव भक्तिमार्गीयफलाद् भेदो न विद्यते ॥
कृष्णसेवातत्परत्वात् सर्वथा देहयोगतः ॥२४॥

ઉપર જણાવેલા માર્ગમાં, જે સ્થળે પૂજનનો પ્રવાહ ચાલી રહ્યો છે, તે માર્ગમાં જે ફલ છે તે ફલ ભક્તિમાર્ગના ફલ કરતાં જુદું નથી, કારણ કે, તે ઠેકાણે કૃષ્ણસેવામાં તત્પરતા તેવીજ છે, અને સર્વથા દેહનો યોગ કૃષ્ણસેવામાં થાય છે, તેથી ભક્તિમાર્ગના ફલથી તે માર્ગનું ફલ જુદું નથી. ૯૪.

તો પણ તે માર્ગમાં ભક્તિમાર્ગના જે ધર્મો છે, તેથી ઉલટા ધર્મો છે, કારણ કે એ ઠેકાણે (પુષ્ટમાર્ગના) પ્રીતિની દૃઢતા

નથી ભક્તિમાર્ગમાં સ્નેહ અને પ્રિતી છે, પણ તે દૃઢ નથી, માટે તે માર્ગમાં કેટલાક જેવા ધર્મો પણ છે.

तथापि मार्गवैधर्म्यं प्रीतेरदृढतोऽत्र हि ॥
चिरकालं सेवितापि मूर्ति वैयग्र्यसम्भवे ॥९५॥
तद्दोषदर्शनाद्दाशु त्यजते तदनाग्रहात्
स्थानान्तरगतौ नैव फलं ब्रह्मास्त्रदर्शनात् ॥९६॥

પૂજામાર્ગમાં ઘણા કાલ સુધી જે મૂર્તિની સેવા કરેલી હોય તે મૂર્તિ, જો ચિત્તમાં થોડી પણ વ્યગ્રતા, આકુલવ્યાકુલપણું આવે અને તેને લઇને દોષ દેખાય તો તત્કાલ ત્યાગ કરે છે; કેમકે તે સ્થલે થોડો પણ આગ્રહ નથી. પૂજામાર્ગમાં ઘણાકાળ સુધી એક મૂર્તિની સેવા કરી. કોઇ વખતે ચિત્ત વ્યગ્ર થઈ ગયું, અને તે ચિત્ત સ્થિર ન રહેવારૂપ દોષ દેખાવાથી એ મૂર્તિ સેવકને ત્યજી દે છે, કેમકે તેનો આગ્રહ નથી, તેમ થવાથી બીજા સ્થાનમાં પણ જાય તો પણ કાંઇ ફલ પ્રાપ્ત નહિજ થાય; કારણ કે એક ઠેકાણે વિશ્વાસ ન રહ્યો તો બીજે ઠેકાણે ક્યાંથી રહેશે ? એમાં દૃષ્ટાંતરૂપ બ્રહ્માસ્ત્ર છે, એ દૃષ્ટાંતનું રહસ્ય પહેલાં સમજાવ્યું છે ૯૫.૯૬.

अतो न मार्गस्योत्कर्षो भक्तिमार्गस्य सम्भवे ॥
न बुद्धिमांस्तत्र यतेत् अन्यथा तु स उत्तमः ॥९७॥

ઉપર જણાવેલા કારણથી એ પૂજામાર્ગનો ઉત્કર્ષ સિદ્ધ થતો નથી. જો ભક્તિમાર્ગનો સંભવ હોય, ભક્તિમાર્ગમાં રહી

શક્તું હોય તો બુદ્ધિમાન પુરુષે પૂજામાર્ગમાં યત્ન ન કરવો. જો ભક્તિમાર્ગમાં રહી શકાય એમ ન હોય તો પૂજામાર્ગ જ ઉત્તમ છે. ૯૭.

ઉપર પ્રમાણે સેવા માર્ગ-સંબંધી આજ્ઞા કરીને ગ્રંથનો ઉપસંહાર કરતાં કહે છે કે:-

एवं समाश्रये धर्मस्तथा सर्वस्वसमर्पणे ॥
सेवायामपि कृष्णस्य सक्षेपेण निरूपितः ॥९८॥

એવી રીતે આશ્રય સિદ્ધ થયા પછીના ધર્મ, પ્રભુસંબંધ-આત્મનિવેદન થયા પછીના ધર્મ અને શ્રીકૃષ્ણસેવામાં જે ધર્મ છે તે સંક્ષેપથી નિરૂપણ કર્યા છે. આશ્રય ધર્મ એટલે શરણે ગયેલાનો ધર્મ સર્વ સમર્પણ કર્યા પછીનો ધર્મ અને સેવાધર્મ એ ત્રણ ધર્મનું આ ગ્રંથમા નિરૂપણ કરવામાં આવ્યું છે. ૯૮.

श्रीमदाचार्यचरणशरणैस्तु मदुक्तिभि. ॥
अनुवादकरूपाभिर्ज्ञात्वा सर्वं विधीयताम् ॥९९॥

આ મારું કથન તે શ્રીમદાપ્રભુજીની વાણી, નિબંધ આદિ ગ્રંથોમા જે છે તેના અનુવાદરૂપ છે. શ્રીમદાપ્રભુજીની વાણીજ આ મારી વાણીમાં સમાયેલી છે. તે વાણી વડે, બધું જાણીને શ્રીમદા-પ્રભુજીના ચરણારવિંદમાં શરણે આવેલા જીવોએ તે પ્રમાણે કરવું. ૯૯.

समुदितनिजमार्गबोधतुष्टः
शरणगताखिलजीवसङ्घजुष्टः ॥

निरूपधिकरूणारसैकपुष्टः
कृपयतु मे मयि वल्लभः प्रभुः सः ॥१००॥

સમુદાયરૂપે મેં સંગ્રહ કરેલો જે સ્વમાર્ગનો બોધ, તેથી સંતુષ્ટ થયેલા અને શરણે આવેલા સર્વ જીવોના સમૂહથી સેવાયેલા અને નિઃસ્વાર્થ એવી જે કરુણા, તે રૂપ જે એક રસ, તેથી જ પુષ્ટ એવા તે શ્રીવલ્લભ મારા ઉપર કૃપા કરો.

१३. पुष्टिपथमर्मनिरूपणम् ॥

(અનુવાદક–વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી)

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો આદરો એક દૃઢ શ્રીવલ્લભાર્યાશ્રમો એ પદનો પ્રતિદિન પાઠ કરે છે અને 'પુષ્ટિમાર્ગનાં મર્મ' એ ધોળનો પણ પાઠ કરે છે. પરંતુ એના મૂલ પ્રકટકર્તા કોણ છે, તે વિષે કવચિતજ માહિતી જોવામાં આવશે એક ભગવદીય તરફથી શ્રી-હરિરાય પ્રભુ પ્રણીત 'પુષ્ટિમાર્ગમર્મનિરૂપણ' એ ગ્રંથ મલ્યો. ત્યારેજ તે ગ્રન્થ પ્રકટકર્તાનો અને શ્રીદ્વારિકેશપ્રભુનો તેનેજ અનુસરીને પદ રચવાનો નિશ્ચય થયો. શ્રીદ્વારિકેશપ્રભુ માત્ર મર્મની સંખ્યા અને તેનાં નામજ સૂચવે છે, ધોળમાં પણ પ્રાયશઃ તેમજ છે, એ હેતુથી પદ અને ધોળ માત્ર ગાઈનેજ સંતોષ માનવો પડતો હતો. જો કે કોઇ અનુભવી વિરલ ભગવદીયના મુખથી એ પદના ભાવા-

ર્યનુ શ્રવણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો, તથાપિ શ્રીહરિરાય પ્રભુચરણકૃત મૂળ ગ્રન્થ ઉપલબ્ધ થયા પછી જે સંતોષ થાય છે, તે વર્ણનીય છે

अथ श्रीमदाचार्यकृपया परया मया ॥
मार्गमर्माणि रूप्यन्त यत कृष्णो यशो भवत् ॥१॥

ઉત્કૃષ્ટમા ઉત્કૃષ્ટ એવી શ્રીશ્રીમદાચાર્ય શ્રીવલ્લભાધીશ્વરની કૃપા વડે માર્ગના-પુષ્ટિમાર્ગના-મર્મોના—રહસ્ય નિરૂપણ કરવામા આવે છે, જે નિરૂપણ કરવાથી સાક્ષાત્ ગોકુલ પ્રભુ વશ થાય ?

आदौ हृत्वे निजाचार्यचरणाम्बुरुहाश्रय ॥
पुष्टिमार्गबल नैव लभ्यते दानमन्तरा ॥२॥
तदानार्थं हि सर्वेषामाचार्यैरुक्तीकृति ॥
अत साधननिष्ठा हि सर्वांमुत्सृज्य सर्वत ॥३॥
स्वाचार्यचरणाम्भोजं भाव्यता शरण हृदि ॥
तथापि साधनकृतिरपायण्डित्यसिद्धये ॥४॥

મર્મ ૧–'આશરા એક દૃઢ શ્રીવલ્લભાધીશનો'

પ્રથમ મર્મ એ છે કે, સ્વકીય શ્રીમદાચાર્ય ચરણકમલનો આશ્રય કરવો. સર્વથી પહેલા શ્રીમદાચાર્યચરણાવિંદનો આશ્રય કરવાનુ કારણ શુ, એમ આકાક્ષા થતા આજ્ઞા કરે છે કે પુષ્ટિ માર્ગનુ ફળ પ્રભુના આપ્યા વિના મળતુ નથી અર્થાત્ સ્વર્ગ વગેરે ફલ જેમ યજ્ઞ કરવાથી મળી શકે છે તેમ પુષ્ટિમાર્ગીય ફલ

જગતસ્વરૂપમાં રહેલા અમંદ આનંદનો સેવાદિથી અનુભવ કરવા તે, જ્યારે પ્રભુ દાન કરે ત્યારેજ મળે છે. અમુક કાર્ય કરવાથી મળતું નથી; માટે તે ફલનું મર્મ દેવી જીવોને દાન કરવાને શ્રીમહા-પ્રભુજીને પ્રભુએ ભૂતલ ઉપર પ્રગટ કર્યા છે, એ હેતુથી પુષ્ટિમા-ર્ગીય કૃત્ય કૃપા કરીને આપે છે, ત્યારેજ મલે છે, એ કારણથી, બીજા સાધનોમાં રહેલી સર્વ નિષ્ઠાને, આત્મતિને ચોતરફથી કાઢી નાખીને, લેશ પણ તે નિષ્ઠાનો અંકુર ન રહે તેમ તેનો મર્યાદે ત્યાગ કરીને શ્રીમદાચાર્ય ચરણારવિંદની હૃદયમાં ભાવના કરો.

મૂલ શ્લોકમાં 'સાધનનિષ્ઠા' શબ્દ છે, તેનો અર્થ એ જણાય છે કે સાધનોમા નિષ્ઠા એટલે એ સાધન કરવાથી મને ઉત્તમોત્તમ ફલની પ્રાપ્તિ થશે અથવા મારું કલ્યાણ થશે, એવી નિષ્ઠા–ભાવના ત્યજી દેવી, એથી કાંઈ સાધનોનો ત્યાગ કરવાનો નથી. તેજ વાતને પોતે અર્ધ શ્લોકથી સ્પષ્ટ કરે છે જો એકદમ સાધનો ઉપર નિષ્ઠા છોડીને સાથેજ સાધનોને પણ જો નિર્લાંજલિ આપે તો પાખંડી ગણાય, માટે પાખંડીમા ન પડવા માટે કાંઈપણ નિષ્ઠા-ભાવના રાખ્યા વિના બધા સાધનો પણ કરે જવાં. ચોટ મન શ્રીમદાચાર્ય–ચરણારવિંદમા રાખવી ૨–૬–૪

मर्म २–'मानसी सेवनी मुख्यसेवा व्यसन'

द्वितीय कृष्णमेवैव मानसो फलरूपिणी ॥
यतोऽन्यनिरपेक्षस्य किं देय प्रभुणापि हि ॥५॥
सर्वभावेन सा कृष्णस्वरूपानन्ददायिनी ॥
तया निरूद्धो भवति हृदये रसरूपत. ॥६॥

ત્રીજું મર્મ શ્રીકૃષ્ણસેવા છે. તનુજા અને વિત્તજા સેવા પછી માનસી સેવા પ્રાપ્ત થાય છે, તેજ અહિં સમજવી; માનસી સેવા ફલ રૂપ છે.પ્રેમ,આસક્તિ અને વ્યસન એ ત્રણ અવસ્થાઓ છે.સ્વાતિનક્ષત્રનાં મેઘજલપ્રતિ ચાતકને જેવો પ્રેમ છે, તેવો પ્રેમ પ્રભુમાં પ્રાપ્ત થાય ત્યારે તનુજા સેવા થાય. તનુજા સેવા અને પ્રેમ અવસ્થા બરોબર છે, બને એકજ અવસ્થામાં હોય છે, તેમજ ચન્દ્ર અને ચકોરપક્ષી જેવી આસક્તિ પ્રભુ પ્રત્યે થાય ત્યારે ધનનો વિનિયોગ પોતાના પ્રેમનાં સ્થાનરૂપ પ્રભુની સેવામાં થાય છે, અને તેનેજ તનુજા સેવા પ્રભુ માની લે છે, ત્યારે પ્રેમ અને આસક્તિ, તનુજા અને વિત્તજા સિદ્ધ થાય છે, ત્યારે એ ભગવદીયને કશી અપેક્ષા રહેતી નથી. न नाकपृष्ठं न च એ ચતુઃશ્લોકી પ્રમાણે તે સર્વથી નિરપેક્ષ બને છે, જ્યારે તેને કશાની અપેક્ષા રહેતી નથી, ત્યારે પ્રભુએ એને શું આપવું જોઈએ ? એજ ફલરૂપ માનસી સેવાજ પ્રભુએ આપવી જોઇએ. તે ફલરૂપા માનશી સેવા અને વ્યસનાવસ્થા જ્યારે પ્રાપ્ત થાય છે. ત્યારે પ્રજા-રત્ના જેવો સર્વાત્મભાવ પણ અનુભવાય છે. અને તે વડે માનસી સેવા કરતાં તેજ સેવા ભગવત્સ્વરૂપના આનંદનું દાન કરે છે–પ્રભુ-સ્વરૂપલાવણ્યનું પાન કરાવે છે; તેથીજ તેની માનસી સેવા અલૌકિક શૃંગારરસાત્મા પ્રભુને હૃદયમાં રોકી રાખે છે, અને પ્રભુ પણ તે માનસી સેવાને આધીન બનીને ભક્તના હૃદયમાં રસાત્મકરૂપે બિરાજે છે, ૭–૬,

મર્મ ૩–'લોક–વૈદિકત્યાગ શરણ ગોપીશકો.'

तृतीयं लोकवेदस्त्यागेन शरणागतिः ॥
शरणस्थसमुद्धारो यतः कृष्णो निरूपितः ॥७॥

एवं स्थिते स्वमाश्रैकशरणे चिन्तया युतः ॥
कृष्णः स्वरूपमेव स्वं ददात्यन्यानपेक्षणात् ॥८॥

ત્રીજું મર્મ લૌકિક અને વૈદિકનો ત્યાગ કરીને પ્રભુને શરણે જવું એજ છે. सर्वधर्मान परित्यज्य એ શ્રીમુખની આજ્ઞાને અનુસરીને લૌકિકવૈદિકને તિલાંજલિ આપીને એટલે તેમાંની નિષ્ઠા-સાધનાનો ત્યાગ કરીને પ્રભુને શરણે જવું, કારણ કે પ્રભુ શ્રીકૃષ્ણ પોતાના શરણમાં રહેનારાઓના ઉદ્ધારક છે, એમ શ્રીમદ્વલ્લભપ્રભુજીએ शरणस्य-समुद्धार कृदगे विज्ञापयाम्यहं એ श्लोकथी श्रीकृष्णाश्रयमंथमां निरूपण કર્યું છે તેથી सदानंद પ્રભુ शरणागतवत्सल છે, એટલે શરણે ગયેલા જીવોનો ઉદ્ધાર કરે છે જ. એ પ્રમાણે જ્યારે જીવ માત્ર પ્રભુનુંજ અથવા પ્રભુના શરણમાર્ગનુંજ શરણ ગ્રહણ કરે છે ત્યારે પ્રભુને ચિન્તા થાય છે કે આ જીવને શું દાન કરવુ ? શરણાગત ભક્ત તો માત્ર પોતાનુંજ શરણ પકડી રહ્યો છે, તેથી તેને બીજા કોઈ પદાર્થની ઇચ્છા નથી એમ સ્પષ્ટજ થાય છે, તેમાં પણ પ્રભુ અપાર કરૂણાના સમુદ્ર છે, તેથી તેને પોતાના सदानंदमय, कोटि-कंदर्पलावण्यमय, अलौकिक माधुर्यैकलाजन स्वरूपનુ દાન કરે છે. એવા પરમ દયાલુ છે. ૭-૮,

मर्म-४ 'दीनता'

चतुर्थं दीनता सर्वसाधनाभावयोधतः ॥
परमार्तिप्रकाशेन कृष्णः कोमलमानसः ॥९॥
भक्तदुःखासहः शीघ्रं स्वरूपं प्रापयेत् पुनः ॥
अपारकरुणासिन्धुर्दुःखितोऽन्न ह्युपेक्षते ॥१०॥

ચતુર્થ મર્મ દીનતા છે. જ્યારે સર્વ સાધનોથી હું રહિત છું, મેં એવા એક સાધન કર્યાં નથી, કે જેને લઇને પ્રભુ મને ફલ દાન કરે, એવી રીતે ચારે તરફથી પોતાની નિઃસાધનતા સ્ફુરે ત્યારે દીનતા પ્રાપ્ત થાય છે ગજરાતીઓએ પ્રભુના અંતર્ધાન પછી પ્રભુને પ્રાપ્ત કરવાને અનેક પ્રયાસો કર્યા, પ્રભુલીલાનું અનુકરણ કર્યું પણ જ્યારે એક પ્રયાસ પ્રભુસ્વરૂપના સંયોગ જેવો આનંદજનક થયો નહિ ત્યારે નિઃસાધનતાની સ્ફુર્તિ થઈ અને રોદનરૂપ દૈન્ય પ્રાપ્ત થયું, ત્યારે પ્રભુ પ્રકટ થયા. જ્યારે જીવને પ્રભુ પ્રાપ્તિ માટે અત્યંત આર્તિ પ્રકટ થાય છે, પ્રભુ ન મળ્યાથી જ્યારે તે અત્યંત પીડાય છે, ત્યારે પ્રભુ પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે, કેમકે આપનું અંતઃકરણ અત્યંત કોમલ સુકુમાર છે, અને તેમાં પણ ભક્તના દુઃખોને તો કદી સહી શકતા નથી. ભક્તોના દુઃખોને જ્યારે સહન કરવાનું સામર્થ્ય પ્રભુમાં નથી. કેમકે અત્યંત કોમલ અતઃકરણવાળા છે, તેથી જ્યારે જ્યારે ભક્તને આર્તિ થાય છે, ત્યારે પોતે સ્વરૂપાનંદનુ દાન કરે છે. કેમકે પોતે અપાર કરુણાના સિન્ધુ-સાગર છે, તો એક બિન્દુરૂપ કરુણા ભક્ત ઉપર કરવાથી કાંઇ ન્યૂન થશે નહિ માટેજ દુઃખિત ભક્તોની ઉપેક્ષા-બેદરકારી પ્રભુ કદી કરતાજ નથી. ૯ ૧૦.

मर्म ५ 'भावउद्बोध'

पञ्चमं कृष्णलीलाया भावनं हृदि सर्वथा ॥
तद्भावेन प्रभुः प्राप्तो भावात्मा तद्भेदतः ॥११॥ *

---

*આ વિષય ઉપર વધારે જિજ્ઞાસા હોય તો જુઓ. કૃષ્ણપ્રકરણ સુબોધિની भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम्.

न हि लीला विचारे तु स्वरूपादतिरिच्यते ॥
स्वसंबंधर्मरूपत्वात् प्रभोर्भेदो न युज्यते ॥१२॥

तथाप्याविष्कृते रूपे भेदबुद्धिर्निजेच्छया ॥
लोकदृष्ट्या तथा सूर्ये किरणेषुदिते सति ॥१३॥

धर्मधर्मिप्रतीतिर्हि प्राकट्ये रूपलीलयो ॥
अन्तर्स्थितौ तु लीलैव स्वरूपमिति निश्चय ॥१४॥

गुणगाने तथाचार्यैरासक्तिर्यशतो हरौ ॥
ज्ञाता तन्मयता क्रीडामयतैव निरूपिता ॥१५॥

लीला स्वरूपतो नैव भिन्ना किरणसूर्यवत् ॥
प्रतीतिमात्रतो भेद स्वरूपेण न वस्तुत ॥१६॥

कृष्ण प्रविशति प्रीतो लीलाया हृदयस्थितो ॥
तदात्मा सफले स्वीयस्वरूपैरिति निश्चय ॥१७॥

પંચમ મર્મ ભાવોદ્‌ગોધ છે સદાનંદ પ્રભુની નિત્ય નવન લીલાની નિરંતર હૃદયમા ભાવના કરવી, એ પાચમુ મર્મ છે એ લીલાની ભાવના કર્યાથી પ્રભુ પ્રાપ્તિ થાય છે, અથવા પ્રસન્ન થાય છે, કેમકે પોતેજ તે ભાવરૂપ છે તે ભાવ હૃદયમા આવે ત્યારે તે ભાવસ્વરૂપ પણ હૃદયમા પધારેજ, એમા આશ્ચર્ય શ ? વળી પ્રભુથી પ્રભુની લીલા પણ જુદી નથી લીલા પણ સ્વરૂપજ છે, એથી પણ એ લીલાની ભાવના કર્યાથી તે લીલાત્મક અને લીલાભાવાત્મક પ્રભુ હૃદયમા વિરાજે એ અર્થ અત્યંત સ્પષ્ટ છે

જ્યારે લીલાના સ્વરૂપનો વિચાર કરીએ છીએ, ત્યારે લીલા પ્રભુના સ્વરૂપથી જુદી પાડી શકાતી નથી, પ્રભુ જુદા અને તેમની લીલા જુદી એવા ભેદભાવને સ્થાન મળતું નથી. જો પ્રભુમાં ભેદ હોય તો તેમની લીલામાં પણ ભેદ હોય, તેમ તો બની શકેજ નહિ કે પ્રભુ પણ જુદા જુદા હોય, પ્રભુ તો એકજ છે, પણ તેમના ધર્મો ઘણા છે. તે ધર્મો પણ ભગવત્સ્વરૂપથી જુદા નથી, પણ પ્રભુરૂપજ છે. પોતાના સર્વ ધર્મરૂપ પણ પ્રભુજ હોવાથી જુદા જુદા ધર્મોને લઇને પ્રભુસ્વરૂપમાં ભેદની કલ્પના કરવી યોગ્ય નથી. સ્વસ્વધર્મરૂપ પ્રભુજ હોવાથી તેમાં ભેદ ગણવો એ ઠીક નથી, પરંતુ પ્રભુ પોતાનાંજ સ્વરૂપો પ્રકટ કરે છે, તેમાં જે ભેદબુદ્ધિ જણાય છે, જેમકે આ સ્વરૂપ જુદું, તે ભેદ, પ્રભુની ઈચ્છાથીજ જણાય છે. તેમાં દૃષ્ટાંત-જેમ સૂર્ય ઉદય પામે તે વખતે તેના કિરણોમા અને સુર્યમાં ભેદબુદ્ધિ લોકની દૃષ્ટિમાં થાય છે, સુર્ય જોઇ છે ત્યારે તે જુદો અને તેનાં કિરણો જુદાં. એમ લોકની દૃષ્ટિમાં દેખાય છે; એવી રીતે જ્યારે પ્રભુ પોતાનું સ્વરૂપ અને તે સ્વરૂપથી કરવાની લીલા પ્રકટ કરે છે, ત્યારે પ્રભુના તે લીલારૂપ ધર્મો અને તે લીલાયુકત ધર્મિસ્વરૂપ એમ ભેદબુદ્ધિ થાય છે; જેમ શ્રીનવનીતપ્રિયજીના પ્રકટ સ્વરૂપમાં બાળલીલાની સ્ફૂર્તિ મુખ્યતઃ થાય છે અને શ્રીગોકુલેન્દુના સ્વરૂપમાં મુખ્યત્વે રાસલીલાની સ્ફૂર્તિ થાય છે, અને તેથી બન્ને સ્વરૂપમાં ભેદભાવ થાય છે, આ બધું જ્યારે તે તે સ્વરૂપથી તેવી તેવી ભિન્ન ભિન્ન લીલાઓ પ્રકટ કરેલી હોય, ત્યારેજ તેવી લીલાઓના આધારે તે તે સ્વરૂપમાં ભેદભાવ મનાય છે. लीलाभेदे स्वरूपभेदः એ સિદ્ધાંત એતન્મૂલકજ લાગે છે. આ ભેદભાવ જ્યારે તે સ્વરૂપ અને તેવી લીલા પ્રકટ થાય છે ત્યારેજ જણાય છે, જેમ સૂર્ય ઉદય પામે છે ત્યારેજ તેમાં

અને તેનાં કિરણોમાં જુદાપણું ભાસે છે, ઉદય પામેલો નથી હોતો ત્યારે તો કિરણો અને સૂર્ય જુદાં છે એવું જ્ઞાન થતું જ નથી, તેવીજ રીતે જ્યારે સદાનંદ પ્રભુ–પોતાની સદાનંદમય લીલા અને પોતે–પ્રકટ થાય છે ત્યારે તે લીલા અને તે સ્વરુપમાં ભેદ ભાવ ભાસે છે, જ્યારે પોતે અંતરૂર્મણ કરે છે, ત્યારે તો લીલા સ્વરૂપાત્મક ગણાય છે એવો નિશ્ચય છે, જ્યારે લીલા સ્વરૂપની ભીતર રહે છે, ત્યારે તો લીલા સ્વરૂપથી અલગ ભાસતી નથી, તે વખતે લીલાજ સ્વરૂપ છે. એમ નિશ્ચય સિદ્ધાંત થાય છે. શ્રીવેણુ-ગીતની સમાપ્તિમાં શુકદેવજી કહે છે કે "૧ શ્રીવૃન્દાવનવિહારી પ્રભુની એવા પ્રકારની લીલાઓનું પરસ્પર વર્ણન કરનારાં વ્રજજકતો તન્મયતાને પ્રાપ્ત થયાં' શ્રીમદાચાર્યવર આ શ્લોકનાં સુબોધિની-જીમાં તન્મયતા શબ્દનો એવો અર્થ પ્રકટ કરે છે કે, તન્મયતાને પ્રાપ્ત થયાં એટલે "૨ ક્રીડારૂપ–લીલાસ્વરૂપ થઈ ગયાં' જાગ્રદવસ્થા કે સ્વપ્નાવસ્થામાં પ્રભુલીલાનું જ દર્શન કરતાં, કરતા ક્રીડા જેમ ભ્રમર-રૂપ થઇ જાય છે, તેમ પ્રભુલીલારૂપ થઇ ગયાં એથીજ પ્રભુની લીલા પ્રભુના સ્વરૂપથી થોડી પણ ભિન્ન નથી જ. જેમ સૂર્યના કિરણો સૂર્યથી જુદાં નથી, તેમ માત્ર તે લીલા જ્યારે બહાર પ્રગટ દૃષ્ટિગોચર થાય છે, ત્યારેજ તેમાં ભેદ જણાય છે, વસ્તુતઃ સ્વરૂપથી તો ભિન્ન નથીજ. દર્શન કરતી વેળાએ ભગવાનનું સ્વરુપ અને તેથી પ્રકટ થતી અનંત લીલાઓમાં તારતમ્ય જણાય છે, પરંતુ વસ્તુતઃ ભગવાનનું સ્વરૂપ તેજ લીલા અને લીલા તેજ પ્રભુનું સ્વરુપ એવો સિદ્ધાંત છે. એ હેતુથીજ જે પ્રભુની લીલા હૃદયમાં

---

૧. एवंविधा भगवतो या वृंदावनचारिणः । वर्णयन्त्यो मिथो गोप्यः क्रीडास्तन्मयतां ययुः ॥ वेणुगीत । २. क्रीडामय्य एव जाताः ।

સ્થાન મેળવે તો સદાનંદ ભગવાન્ પણ પ્રગટ થઈને હૃદયમાં પ્રવેશે છે. પૂર્ણપુરુષોત્તમની અનેક રસરૂપ લીલાઓમાંની એક પણ લીલાની સ્થિતિ જો હૃદયમાં થાય તો રસાત્મક નંદકુમાર હૃદયમાં પ્રવેશે છે; કેમકે આપ તે લીલારૂપ છે, એટલે તે લીલાની સ્થિતિ જ્યારે હૃદયમાં થાય ત્યારે આપની પણ તેમાં સ્થિતિ થઈ જવી જ જોઈએ. જે લીલાની સ્ફુર્તિ ભક્તહૃદયમાં થઈ હોય તે લીલામાં જોઈતાં પોતાનાં સ્વરૂપો હોય, તે સર્વ સ્વરુપ સાથે લીલાત્મક પ્રભુ ભક્તહૃદયમાં પ્રવેશ કરે છે, એવો નિશ્ચય છે. ૧૧-૧૭

મર્મ ૬ '(ગુનગાન[1]તેં) પોષ્ણિય-ભાવના ઉભય જાને'

षष्ठं व्रजस्थितानां यो भावः स्मर्या वियोगिनाम् ॥
ततो भावस्य सम्प्राप्तिर्भवितातो हरेर्भवेत् ॥१८॥
अवश्या क्लेशभावो या तत्सम्बन्धी विचिन्त्यताम् ॥
न स्वरूपं पृथग् यस्मान्न तत्र निहितं मनः ॥१९॥

---

[1] ૧. શ્રી દ્વારિકેશપ્રભુ કીર્તનમાં 'ગુણગાને' ને છઠ્ઠો મર્મ તે 'વ્રજસુંદરીભાવ'ના પહેલાં મૂકે છે. મૂલ ગ્રંથમાં પ્રથમ છઠ્ઠો મર્મ તરીકે વ્રજસુંદરીભાવનો પરિચય કરાવ્યો છે, અને ગુણગાનને ૭ મા મર્મ તરીકે ઓળખાવ્યું છે. વળી શ્રીદ્વારકેશપ્રભુ વ્રજસ્ત્રીભાવને વિશેષણ તરીકે મોજે છે, તેથી સંયોગ વિપ્રયોગરૂપ બન્ને ભાવ સ્મરવા એવો અર્થ થાય છે. મૂળ ગ્રંથમાં શ્રીહરિરાયપ્રભુ તો ગાત્ર વિપ્રયોગી વ્રજભક્તોના ભાવને સ્મરવાની આજ્ઞા કરે છે. આટલી વિશદતાનું લક્ષ્યમાં રાખવા જેવી છે.

तदप्रविष्टतया नैव स्वरूपं भिद्यते ततः ॥
अतोऽन्तःस्थितकृष्णास्ताः सततं हृदि भावयेत् ॥२०॥

છઠું મર્મ વ્રજસુંદરીનો ભાવ છે. તે પણ વિરહી વ્રજસુંદરીનો જે ભાવ તેનું સ્મરણ કરવું એ છઠ્ઠું મર્મ છે. હા નાથ રમણ પ્રેષ્ઠ ક્વાસિ ક્વાસિ મહાભુજ એમ સતત ઉચ્ચારણ કરતાં વ્રજદેવીઓના નિગૂઢભાવનું સ્મરણ કરતાં કરતાં ભાવની પ્રાપ્તિ થશે. હૃદયમાં પ્રભુલીલાની નિરંતર ભાવના પણ વ્રજાંગનાઓના ભાવનું સ્મરણ કર્યાથીજ થશે. એથીજ પ્રભુની પણ સમ્પ્રાપ્તિ—સમ્યક્ પ્રકારે પ્રાપ્તિ થશે; વિપ્રયોગથી સંયોગ થશે. આ ફલ પ્રાપ્ત કરવા માટે વ્રજભક્તોની વિરહાવસ્થાનું ચિન્તન કરો, વિરહાવસ્થામાં પ્રાપ્ત થતા ફલેશભાવનું વિશેષ સ્મરણ કરો, પ્રભુની લીલાથી પ્રભુનું સ્વરૂપ જુદું નથી, જેથી ત્યાં મનનો પ્રવેશ થતો નથી જ્યારે વ્રજસુંદરીના ભાવમાં કે પ્રભુલીલામાં મનનો પ્રવેશ થાય છે, ત્યારે તેથી સ્વરૂપનો ભેદ થતો નથી, વ્રજભક્તોનાં હૃદયમાં પ્રભુલીલા નિરંતર ઉદ્ભવે છે. લીલાથી સ્વરૂપ ભિન્ન નથી; માટેજ સ્વરૂપમાં મન પ્રવેશ કરતુ નથી; પણ લીલામાં પ્રવેશ કરે છે, અને લીલામાં મન પ્રવિષ્ટ થયાથી સ્વરૂપનો ભેદ રહેતો નથી. એટલા માટે જેમનામાં નંદનંદન બિરાજે છે, એવા વ્રજભક્તોની નિરંતર ભાવના કરવી.

ઉપરના શ્લોક ઉપર મનન કરતાં આ આશય પ્રગટ થાય છે; શ્રીહરિરાયચરણ પહેલાં ભગવલ્લીલાની ભાવના કરવાની આજ્ઞા કરે છે; પછી એમ આજ્ઞા કરે છે કે:— વ્રજભક્તોના ભાવનું સ્મરણ કરવું, તેથીજ લીલાની ભાવના અથવા તો સર્વાત્મભાવ સિદ્ધ થશે લીલા અને સ્વરૂપ એકજ છે, જેથી મન સ્વરૂપમાં પ્રવેશ ન

કરતાં લીલાનું રસિક કાંઇક જલદી થાય છે. ત્યારે લીલામાં પ્રવેશે છે, ત્યારે લીલાથી સ્વરૂપ ભિન્ન ન હોવાથી સ્વાત્મભાવ-પ્રાપ્તિ અને પ્રભુની સમ્યક્ પ્રાપ્તિ પણ થાય છે. વ્રજભક્તો પોતે તો તન્મયતાને-લીલાસ્વરૂપપણાને પ્રાપ્ત થયેલાં છે, તેથીજ પ્રભુનું સ્વરૂપ પણ તેમનાથી જુદું નથી, માટે તેમના ભાવનું સ્મરણ કરવાથી ભગવત્પ્રાપ્તિ સાધેજ થાય છે. એ હેતુથી જેમાં સાક્ષાત્ પ્રભુ બિરાજે છે, એવાં વસ્ત્રમુંદરીની ભાવના હૃદયમાં કરવી. ૧૮-૧૯-૨૦.

मर्म ७ 'गुनगानतें'

सप्तमं प्रोच्यते मर्म सर्वदोषनिवारकम् ॥
गुणा अस्य हरेर्ज्ञेया: सर्वदोषनिवारणे ॥२१॥
अन्यत् सर्वं न तत्रास्ति साधनं सर्वथैव हि ॥
गुणेषु गीयमानेषु प्रसन्नः सन् हरिः स्वयम् ॥२२॥
स्वात्मानमाविर्भाव्यैव स्वानन्दं सम्प्रयच्छति ॥
गुणाः पूर्वं तु विरहे स्मृत्यार्तिं दहति प्रभोः ॥२३॥

સાતમું મર્મ ગુણગાન છે. એ સર્વ દોષના નિવારણ માટે હરિના ગુણો ગાવા. સર્વ દોષનું નિવારણ કરવા માટે બીજું કાંઈ-પણ સાધન નથી. પ્રભુનાં ગુણગાન સિવાય બધા દોષને દૂર કરવા માટેનો બીજો કોઈ પ્રબલ ઉપાય છે જ નહિ. ગુણોનું ગાન કરતાં કરતાં પ્રભુ પ્રસન્ન થાય છે, અને પ્રસન્ન થઇને આપ પોતેજ સ્વસ્વરૂપ પ્રકટ કરીને સ્વાનંદનું દાન કરે છે, પહેલાં વિરહાવસ્થામાં

પ્રભુનાં સ્મરણથી જે આર્તિ થાય છે, તેને ગુણોજ બાળે છે-દૂર કરે છે; અથવા તો ગુણો પ્રભુનું સ્મરણ કરાવીને વિરહાવસ્થામાં થતી અસહ્ય પીડાને શાંત કરે છે. ભગવાન્ પોતે આનન્દમય છે. એમની લીલા આનન્દમય છે, અને ગુણો, ધર્મો પણ આનન્દ-મયજ છે. તો તે ગુણોનું ગાન કરવાથી, તે ગુણોનું સ્વરૂપ જાણ-વાથી આનંદ પ્રાપ્ત થાય, એમાં કાંઈ આશ્ચર્ય નથી. ૨૧-૨૨-૨૩.

મર્મ ૮ 'કૃષ્ણનામ સ્ફુરે'

अष्टमं नाममाहात्म्यस्फूर्तिः सर्वांशतो हरेः ॥
तद्नामसाधनेष्वल्पबुद्धिः स्फुरति चेत्तदा ॥२४॥

આઠમું મર્મ શ્રીહરિનાં નામોનાં માહાત્મ્યની સ્ફૂર્તિ થવી એ છે. અજામિલાદિ મહાકુષ્ટોનો ઘોર પાતકપંકમાંથી ઉદ્ધાર કરનાર ભગવન્નામજ છે. એવી નામની મહત્તા સર્વાંશે સ્ફુરે. નામ સિવા-યનાં બીજાં સાધનોમાં અલ્પ બુદ્ધિ થાય. નામ જેવા ચિંતામણિ પાસે બીજા સાધનો તુચ્છ ભાસે. નામ પણ ભગવદ્રૂપજ છે. પ્રભુ નામ અને રૂપ, એ બન્ને સ્વરૂપે પ્રકટે છે. નામ પણ સ્વરૂપાત્મક હોવાથી તેની મહત્તા પ્રભુસ્વરૂપથી ન્યૂન હોય નહિ ૨૪.

મર્મ ૯ 'પલ ન આજ્ઞા ટરે'

नवमं वाक्यमात्रैकनिष्ठता ह्यविचारणात् ॥
यतो वाक्यमवृत्तस्तु साधनं वाप्यसाधयन् ॥२६॥
विपरीतं च विदधंस्तृष्णीं तिष्ठंश्च सर्वदा ॥
स्वतो भगवता नूनं कृतार्थीक्रियते जनः ॥२६॥

નવમું ધર્મ ભગદાકૃયમાત્રમાં નિષ્ઠા એ છે, કોઇ પણ પ્રકારનો વિચાર કર્યા વિના પ્રભુની જે કાંઇ આજ્ઞા થાય તેમાં તત્પર થવું; ગમે તેવી વિપરીતતા જણાતી હોય તો પણ 'પ્રભુ જે કરે છે તે મારા સારા માટેજ કરે છે,' એવા દૃઢ વિશ્વાસથી તેમની આજ્ઞાને આધીન બની જવું. એમ થવાથી, પ્રભુના વાક્યને અનુસરવા માત્રથી સાધનો ન બની શકે, અથવા કાંઇ વિપરીત બની જાય, નહિ તો કાંઈ કરી શકાયજ નહિ, અને માત્ર સદા મૌનસ્થિતિજ થાય તોપણ ભગવાન્ પોતે તે જનને કૃતાર્થ કરે છે. સ્વામીની આજ્ઞાનું સર્વાંશે અવલંબન કરવું એ સેવકનો મુખ્ય ધર્મ છે. એ મુખ્ય ધર્મને પકડી રાખતાં કદાચિત બીજા ગૌણ દેહધર્મોને તિલાંજલિ આપવી પડે છે તો તેથી કાંઇ ફજલાનિ થવાની નથી. સાધનો ન બને, વિપરીત ઊલટું જ કાર્ય થઇ જાય, અથવા તો સારૂ નરતું કાંઇ પણ ન કરી શકાય તો પણ ભગવાન્ તો નિશ્ચય કૃતાર્થ કરવાનાજ, એમા કાંઈ પણ સંશય નથી. દૃષ્ટાંત તરીકે ૮૪ વૈષ્ણવની વાર્તામાં વાંચો શ્રીકૃષ્ણદાસ મેઘનની વાર્તા. માત્ર શ્રીવલ્લભાધીશ્વરની આજ્ઞા માત્રને આધીન થઇને ૩ દિવસ સુધી એકજ ઠેકાણે એમને એમ ઊભા રહ્યા હતા ! ૨૫

મર્મ ૧૦ 'कृति-वचन-विश्वास मन चित आनें'

भगवदीय जान सत्संगको अनुसरे,
ना देखे दोष अरु सत्य भाखे,
पुष्टिपथमर्म दृढ धर्म यह विध कहे.
सदा चित्तमें श्रीद्वारिकेश राखे ॥

दशमं मर्म विश्वासो भगवत्यखिलात्मनि ॥
तत्सम्बन्धिष्वपि पुनः कृते रूपे तथाविधे ॥२७॥

यादृशो यत्र हि प्रोक्तः कृष्णस्तत्र हि तादृशः ॥
तदीयास्तत्समा ज्ञेयाः प्रतीता अपि चान्यथा ॥२८॥

यत्करोति हरिः कृष्णः स्वकीयेषु कृपापरः ॥
तथा तदीयाः स्वीयेषु यत् कुर्वंति कृपालवः ॥२९॥

तत्साध्विति च मन्तव्यं यथा मित्रोः कृतौ सुतः ॥
एतानि दश मर्माणि वेत्ति यः सर्वथा जनः ॥३०॥

श्रीमदाचार्यकृपया भक्तिमार्गे महामतिः ॥
तस्य मार्गेश्वरः कृष्णो वशो भवति तत्क्षणात् ॥३१॥

દસમું મર્મ વિશ્વાસ છે. અખિલના અંતર્યામી આત્મા એવા ભગવાનમાં અખંડ વિશ્વાસ રાખવો, એ દશમ મર્મ છે. જેવો વિશ્વાસ તેવા પ્રકટ ભગવત્સ્વરૂપમા છે, તેવોજ વિશ્વાસ રાખવો; અથવા તે પ્રભુએજ તેવું રૂપ ધર્યું છે, માટે ભગવદીયોમા તેવોજ વિશ્વાસ રાખવો; અથવા તો તેવું લૌકિક રૂપ જોવામાં આવે તો પણ ભગવદીયોમાં ભગવ તુલ્ય વિશ્વાસ રાખવો. જે સ્થલે જેવા કૃષ્ણ કહ્યાં છે તે સ્થલે તેવાજ ભગવદીયો છે; અથવા તો જે સ્થલે જેવા ભક્તો કહ્યા છે તે સ્થલે શ્રીકૃષ્ણજ તેવા થાય છે .એમ સમજવું. જે ભગદીયો જુદી રીતે જણાતા હોય તોપણ તેઓ ભગવદીય હોવાથી ભગવત્સદૃશ જાણવા. કોઇ ભક્તમાં ભક્ત તરીકેનાં જે

લક્ષણો હોવાં જોઇએ તે આપણાથી જોઇ ન શકાય અને બીજાં કેટલાંક વિપરીત લક્ષણો જોવામાં આવે તોપણ તેમને સ્વામીનો અપરાધ થયેલો હોવાથી સ્વરૂપાત્મકજ સમજવા. કૃપાપરાયણ સદાનંદ નંદનંદન પોતાના નિજ જનો માટે જે કાંઈ કરે છે તે સારૂંજ કરે છે એમ માનવું. જેમ માબાપનાં દરેક કાર્યો પુત્રના હિતને માટેજ હોય છે અને માબાપનાં દરેક કાર્યો પોતાનાજ હિતને અર્થે છે એમ માનવાની પુત્રની પણ ફરજ છે, તેમ જીવોએ પણ એમજ માનવું કે પ્રભુનો સંબંધ ધરાવનારા મહાનુભાવી ભગવદીયો જે કાંઈ કરે છે તે સારૂંજ કરે છે, માટે સર્વથી પહેલાં ભગવદીયોમાં વિશ્વાસ રાખવો; તેમના દોષ ન જોવા. એમનાં દરેક કાર્યોમાં ઉત્તમતા જોવી એમ કર્યાથીજ નવમ, અષ્ટમ વગેરે ધર્મો સિદ્ધ થશે.

આ સ્થલે એટલું રહસ્ય સમજવાનું કે ધર્મના ગણનાનો જે ક્રમ શ્રીહરિરાયજીએ બતાવ્યો છે, તે ચઢતો ઉતરતો છે. અર્થાત પહેલું ધર્મ સર્વથી શ્રેષ્ઠ અને ફલાત્મક છે અને જ્યારે બીજું ધર્મ સિદ્ધ થાય ત્યારેજ તે પણ સિદ્ધ થાય, બીજું ધર્મ ત્રીજું સિદ્ધ થયા પછી, ત્રીજું ચોથા પછી, એમ ઉત્તરોત્તર કાર્ય-કારણભાવ છે. એ ઉપરથી પહેલું ધર્મ પહેલાં સિદ્ધ થાય અને બીજું તે પછી અને ત્રીજું તેથી અનન્તર, એમ ક્રમ ન લેતાં, પ્રથમ દશમું ધર્મ વિશ્વાસ અને ભગદીયોમાં ભગવદ્બુદ્ધિ અને પછી અનુક્રમે નવમું, આઠમું, સાતમું વગેરે સિદ્ધ થાય એમ અવધારવું, ૨૭-૩૧.

શ્રીહરિરાયચરણ ગ્રન્થનો ઉપસંહાર કરતાં ફલશ્રુતિ વર્ણવે છે.

विज्ञायैतानि मर्माणि श्रीमदाचार्यसेवकैः ॥
भक्तिमार्गे स्थितिः कार्या सर्वदातिविचक्षणैः ॥३२॥

આ દશ મર્મને જે જે જન સર્વાશે સમજે છે, તે શ્રીમહાપ્રભુજીની કૃપાથી ભક્તિમાર્ગમાં મહાબુદ્ધિમાન્ થાય છે, ભક્તિમાર્ગમા તેની બુદ્ધિ સારી પેઠે પ્રવર્તે છે અને તેને માર્ગના ઈશ્વર-માલીક શ્રીકૃષ્ણ તત્કાલ વશ થાય છે. શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવકો અત્યંત વિચક્ષણ હોય છે, તેઓએ આ દશ મર્મો સમજીને, અનુભવીને ભક્તિમાર્ગમાં સ્થિતિ કરવી. ૩૨.

૧૪. શ્રીપુષ્ટિમાર્ગલક્ષણાનિ [સટીકાનિ] ॥

ટીકાકાર—ગો. શ્રી ૬ અનિરુદ્ધાચાર્યજી મહારાજ.

મંગલાચરણ

श्रीकृष्णचन्द्रपादाब्जे लभ्ये प्रीत्या त्वनन्यया ॥
प्रणमामि कृपापूर्णं मनोभिलषितप्रदे ॥१॥
अनेकैर्मिश्रितैर्यो हृदयबहुलध्वान्तनिकरो
म नष्टो जीवानां बहुजननकारी दृढतर. ॥

मुदा तूर्णं पूर्णं तमपि विदधुर्लुभवरा
नुमस्तानाचार्यान् विबुधवरवन्द्यान् प्रणयत. ॥२॥

श्रीकृष्णपादपाथोज सतत लालसमानसम् ।
निजभक्तकृपापूर्णं हरिरायं नमामि तम् ॥३॥

कुलसोदाशुमालाभि सदा भूषितान् नरान् ।
हरिनामाक्षरमुखान् नमामि भगवत्परान् ॥४॥

मूलम्—सर्वसाधनरहित्य फलासौ यत्र साधनम् ॥
फल या साधन यत्र पुष्टिमार्गं स उच्यते ॥१॥

•भूषा—જે માર્ગમા લૌકિક તથા અલૌકિક અને સકામ અથવા નિષ્કામ સર્વે સાધનોનો અભાવજ પૂર્ણ-આનન્દ-સ્વરૂપ શ્રીકૃષ્ણ ચન્દ્રની પ્રાપ્તિમા સાધનરૂપ છ, અર્થાત્ પ્રભુ પ્રાપ્તિમા દૈન્યજ સાધન છે, તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ છે.

विवेचन –शंका—લૌકિક તથા વૈદિક સાધન કદાચ ન હોય, તથાપિ દૈન્ય પણ સાધન છે, તેથી પ્રભુ નિ સાધનતાથી મળે છે, અર્થાત્ નિ સાધનતાનુ ફલ ભગવાન્ છે એમ નહિ કહી શકાય

ઉત્તર—જે ફલરૂપ ભગવાન્ તેજ ફલપ્રાપ્તિમા સાધનરૂપ છે અર્થાત્ સાધ્ય ભગવત્સ્વરૂપના લાભ પહેલા ભગવાન્જ સાધન છે પણ ભગવદ્—અતિરિક્ત કોઈ બીજા પદાર્થના સાધનપણાથી અલણ કરવામા આવતુ નથી, તેથી તે શંકા રહી નહિ

શંકા—પુષ્ ધાતુનો અર્થ જાડા થવું તેવો છે ને તેને તિ પ્રત્યય ભાવમાં થાય છે, તો પુષ્ટિ શબ્દનો અર્થ પુષ્ટ થવું થશે. ત્યારે પુષ્ટિમાર્ગનો અર્થ જાડા થવાનો માર્ગ થશે. પણ પુષ્ટિ શબ્દથી ભગવદનુગ્રહજન્ય ભક્તિ કેમ કહેો છો ?

ઉત્તર—શ્રીમદ્ ભાગવતમાં ભગવદ્જ્ઞાનાવતાર શ્રીમદ્વ્યાસચરણે ક્યુટ્ પ્રત્યયાન્ત પુષ્ ધાતુનો અર્થ ભગવદનુગ્રહ કર્યો છે.

" पोषणं तदनुग्रहः " શ્રીમદ્ભગવદ્ગીતામાં પણ શ્રીકૃષ્ણચન્દ્ર શ્રીમુખથીજ આજ્ઞા કરે છે કે " तेषामेवानुकंपार्थं " તેમાં જે અનુકંપા કહી છે તેજ પુષ્ટિ. અને ઉત્તર મીમાંસાના ત્રીજા અધ્યાયમાં પણ કહ્યું છે. "विशेषानुग्रहश्च" એ સૂત્રમા સ્પષ્ટ રીતે ભગવદનુગ્રહનુજ અને ભગવત્ કૃપાનુજ પ્રતિપાદન કરેલું છે અને તેજ સૂત્રના ભાષ્યના પ્રકાશમાં પણ શ્રીપુરુષોત્તમજીએ આજ્ઞા કરી છે કે આ અનુગ્રહજ પુષ્ટિશબ્દ વડે કહેવાય છે. અર્થાત્ ભગવદનુગ્રહ તેજ પુષ્ટિ. અને શ્રુતિ પણ કહે છે, ',नायमात्माप्रवचनेन" આ શ્રુતિથી જે જીવના ઉપર ભગવત્ કૃપા થાય, ભગવદનુગ્રહ થાય, આ મારો દાસ છે એમ જીવનો ભગવાન્ અંગીકાર કરે, તેજ ભગવત્પ્રાપ્તિ કરી શકે છે. આ પ્રમાણે શ્રુતિ—ગીતા—સૂત્ર—શ્રીમદ્ભાગવતાદિના વાક્યોથી નિશ્ચય થાય છે કે પુષ્ટિનો અર્થ જાડુ થવું ને પુષ્ટ થવું તેવો નથી, પણ ભગવદનુગ્રહ, ભગવત્કૃપાજ છે. તે કૃપાયુક્ત જે ભક્તિમાર્ગ તે પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. માટેજ શ્રીમદ્વૈષ્ણવાચાર્યજીએ પણ ભાષ્યમાં આજ્ઞા કરી છે કે "कृतिसाध्य साधनं ज्ञानमक्रिरूपं शास्त्रेण बोध्यते, ताभ्यांविहिताभ्यां मुक्तिर्मर्यादा, तद्रहितानामपि स्वस्वरूपवर्त्तन स्वप्राप्तय पुष्टिरुच्यते" જીવને માટે શાસ્ત્રે જ્ઞાન અને

ભક્તિરૂપ કૃતિથી સાધ્ય એ સાધનનો ઉપદેશ કરાય છે. તે વિહિત સાધન જ્ઞાન અને ભક્તિથી જે મુક્તિ તે મર્યાદા. તે સાધન-વ્યતિરિક્ત પોતાના સ્વરૂપબલ વડે મુક્તિ, તે પુષ્ટિ. માટે પૂર્વોક્ત જે કહ્યું તે તાંડાંરૂપી રોગ માટે કલ્પવાનું નથી, ૧.

મૂલમ્—અનુગ્રહેણૈવ સિદ્ધિર્લૌકિકી વૈદિકી ચ
ન યત્નાદન્યથા વિઘ્નઃ પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે ॥૨॥

મૂલ—જે માર્ગમાં લૌકિક (સ્મૃતિપુરાણોક્ત) સિદ્ધિ તથા વેદોક્ત સિદ્ધિ પ્રાપ્ત કોઇ પણ સાધનની સહાયતા વિના કેવળ કૃપાથીજ થાય છે, તે શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. હરિજન-વ્યતિરિક્ત યત્ન કરવાથી વિઘ્નજ પ્રાપ્ત થાય છે. પુષ્ટિમાર્ગમાં રહેનારની સર્વ સિદ્ધિઓ ભગવત્કૃપાધીન છે.

વિવેચન—શંકા, યત્ન કરવાથીજ વિઘ્નનો નાશ થવો જોઇએ અને અયત્નથીજ વિઘ્નપ્રાપ્તિ થવી જોઇએ, પરન્તુ યત્નથી વિઘ્ન પ્રાપ્ત થાય છે, એમ કેમ કહી શકાય.

ઉ-ત્તર—ભગવદ્ભક્તિવ્યતિરિક્ત બીજો કોઇ પણ જાતનો યત્ન નહિ કરનાર ફલરૂપ શ્રીપુરુષોત્તમનેજ સાધનરૂપ માનનાર અનન્યાશ્રયી ભક્તનાં સર્વ વિઘ્નો શ્રીહરિજ દુર કરે છે, કારણ કે શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે " तेष्वास्तेऽघभिद्धरिः " તે ભક્તોના હૃદયમાં સર્વ પાપોના નાશ કરનાર શ્રીહરિ બિરાજે છે. તો શ્રી-હરિનું બિરાજવું જ્યાં હોય ત્યાં વિઘ્નસંભાવનાજ કેમ હોઈ શકે ? માટે અયત્નથીજ વિઘ્નનો નાશ થાય છે ને યત્નથી પ્રત્યૂહ પ્રાપ્તિ છે, એમજ માનવું યોગ્ય છે. શ્રીકૃષ્ણજ ગીતાજીમાં આજ્ઞા

કરે છે કે "अनन्याश्चितयन्तो मां ये जनाः पयुपासते । तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्" કેવલે મારૂંજ (મદ્ભ્યતિરિક્ત દેવની ભાવના છોડી) સ્મરણ કરનાર મારા અનુગ્રહથી જેણે ભક્તિ યોગક્ષી છે એવા ભક્તો જે મારીજ સેવા કરે છે, તેવા ભક્તોનું યોગ (આ લોકમાં સેવા માટે ધનધાન્ય વસ્ત્ર ઈત્યાદિ) તથા ક્ષેમ (અત્યન્ત શ્રેયોરૂપ મોક્ષ) હું સાધી આપું છું. એ પ્રમાણે ગીતા-વાક્યથી મારા સિવાય બીજું કોઇ પણ સાધન ભક્તના ઇચ્છિતાર્થને સિદ્ધ કરી શકનાર નથી. તેમજ શ્રીમદ્આચાર્યચરણે ભાષ્યમાં કહ્યું છે કે ભગવાન્ જીવનો અંગીકાર મર્યાદા અને પુષ્ટિ એમ બે ભેદ વડે કરે છે. જે માર્ગમાં યજ્ઞ-આદિ સાધનોનો ઉપદેશ કરવામાં આવે છે તે મર્યાદા માર્ગ કહેવાય છે. પુષ્ટિમાર્ગમાં તો પ્રભુવ્યતિરિક્ત કોઇ પણ પદાર્થની અપેક્ષાજ નથી. બીજું દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, કર્મ, મંત્ર એ છ પદાર્થ શુદ્ધ હોય ત્યારેજ યજ્ઞની સિદ્ધિ થાય છે. તે કર્મના ઉપભોગ માટે પુનર્જન્મ પ્રાપ્ત થાય છે, પણ અતિ સુખસાધ્ય હરિનો ભજન કરનારને નિર્વિઘ્ને પ્રભુપ્રાપ્તિ થાય છે. માટે કહ્યું છે કે સદાનંદ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણને એક પણ નમસ્કાર કર્યો હોય તો તે નમસ્કાર નિર્વિઘ્ને પૂર્ણ થયેલા દશ અશ્વમેધની સમાન છે. દશ અશ્વમેધ કરનારને પુનર્જન્મ પ્રાપ્ત થાય છે. પણ કૃષ્ણ-પ્રણામીને પુનર્જન્મ પ્રાપ્ત થતોજ નથી. માટેજ શ્રીમદ્વલ્લભાચાર્યજી નિબંધમાં આજ્ઞા કરે છે કે એવું જોયું પણ નથી તથા એવું સાંભળ્યું પણ નથી કે કૃષ્ણભક્તને પુનઃ સંસાર પ્રાપ્ત થયો હોય. માટે અનન્યાશ્રયી ભક્તોનાં વિઘ્ન શ્રીહરિજ દૂર કરે છે. માટે ભજન-વ્યતિરિક્ત સાધન નહિ કરનારને વિઘ્નનો અભાવ જે માર્ગમા છે તેજ પુષ્ટિ-ભક્તિમાર્ગ કહેવાય છે. ૨,

मूलम्—यत्रांगीकरणेनैव योग्यतादिविचारणम् ॥
अखिलम्बः प्रभुकृतः पुष्टिमार्गः स कथ्यते ॥३॥

જે માર્ગમાં પ્રભુ જ્યારે ભક્તનું વરણ (અંગીકાર) કરે છે ત્યારે ભક્તોને વિષે યોગ્યતા છે કે નહિ તે વિષે વિચાર કરતા નથી, અને વરણ કરવામાં વિલંબ કરતા નથી. તેજ શુદ્ધ પુષ્ટિસહિતમાર્ગ છે. ૩.

मूलम्—स्वरूपमात्रपरता तात्पर्यज्ञानपूर्वकम् ॥
धर्मनिष्ठा यत्र नैव पुष्टिमार्गः स कथ्यते ॥४॥

જે માર્ગમાં શ્રુતિ સ્મૃતિ પુરાણ ઇતિહાસમાં પ્રતિપાદન કરેલા ધર્મોનું તાત્પર્ય ભગવાનમાં જાણીને ભગવત્સાક્ષાત્કારમાં અંતરાયભૂત ધર્મોનો ત્યાગ કરી કેવલ પ્રભુસ્વરૂપને વિષે જ એકતાન ચિત્તથી રહેવું, તે શુદ્ધપુષ્ટિમાર્ગ કહેવાય છે,

શંકા— શાસ્ત્રો ધર્મનિષ્ઠાનો ઉપદેશ કરે છે પણ ધર્મનિષ્ઠાનો ત્યાગ કરવો તેમ ઉપદેશ કરતાં નથી. મનુસ્મૃતિમાં કહ્યું છે કે જો આપણે ધર્મનું રક્ષણ કરીએ તો રક્ષણ કરાયેલો ધર્મ આપણું રક્ષણ કરે છે, અને જો આપણે ધર્મને હણીએ તો તે હણાયેલો ધર્મ આપણને હણે છે. તેથી એમ સિદ્ધ થાય છે કે ધર્મનિષ્ઠામાંજ શ્રેય સમાયેલું છે. ત્યારે ધર્મનિષ્ઠા જે માર્ગમા નથી તે પુષ્ટિમાર્ગ કહેવાતો હોય તો તે માર્ગ સશાસ્ત્ર કેમ કહેવાય ?

ઉત્તર—ધર્મપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. પરન્તુ પુષ્ટિપથમાં તો તમામ ધર્મોનું તાત્પર્ય પ્રભુમાંજ જાણી મન, વાણી

અને દેહ વડે શ્રીકૃષ્ણચન્દ્રજ સેવવા. શ્રીકૃષ્ણ ભગવાન ગીતામાં આજ્ઞા કરે છે કે, " सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज । સર્વ ધર્મનો ત્યાગ કરીને [શરણુમાર્ગમાં વિરોધી ધર્મનો ત્યાગ કરી] મારેજ શરણે આવ. " એ સ્થલે ભક્તનોતું ભગવાનનેજ આધીનપણું સૂચવ્યું છે, પણ ધર્માધીનપણું કહ્યું નથી. વળી શ્રી ભાગવતમાં પ્રભુ પોતેજ આજ્ઞા કરે છે કે તે ભક્તો મારા સિવાય કાંઈ પણ જાણતા નથી, અને હું પણ તે ભક્તો સિવાય કાંઇ પણ જાણતો નથી.

વળી ગુણાતીત માર્ગમાં વિચરનારા ભક્તોનું કાલકર્મ-સ્વભાવાધીનપણું નથી એ વિષે શ્રીવલ્લભપ્રભુ નિબંધમા આજ્ઞા કરે છે કે કૃષ્ણના અનુગ્રહરૂપ પુષ્ટિ કાલ કર્મ સ્વભાવનો પણ બાધ કરે છે; એટલે જે માર્ગમાં કાલ કર્મ સ્વભાવનો પણ બાધ કરનાર ભગવદનુગ્રહ છે, ભગવત્કૃપા છે, તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. તેથી નિર્ગુણ માર્ગમાં વિચરનાર ભક્તોની નિષ્ઠા હરિ સિવાય બીજા કોઇ પણ પદાર્થમા હોતી નથી તેથી ધર્મનિષ્ઠા ક્યાંથી હોઇ શકે. ? ૪

मूलम्—यत्र प्रभुकृतौ नैव गुणदोषविचारणम् ॥
तत्कृतावुत्तमत्वज्ञाः पुष्टिमार्गः स कथ्यते ॥९॥

જે માર્ગમાં પૂર્ણ પુરુષોત્તમની ચાલવું, રહન કરવું, ભોજન કરવું તથા પાનાદિ ક્રિયા લૌકિકના તુલ્ય દેખાવાથી તે લીલામાં હીનબુદ્ધિ નથી, અને કાલીય-દમનાદિ તથા ગિરિરાજ-ધારણાદિ લીલામાં અન્ય લીલાથી ઉત્તમ બુદ્ધિ નથી; પરન્તુ પ્રભુકૃત સર્વ

લીધાને ઉત્તમ ભાગ્યવાળાં આવે છે, તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. ૫

મૂલમ્—ન લૌકયેદસાપેક્ષ્ય સર્વથા યત્ર વર્તતે ॥
સાપેક્ષતા સ્વામિસુખે પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે ॥૬॥

જે માર્ગમાં સ્વામિસુખને ઇચ્છનાર ભક્તોને સ્મૃતિ કે વેદ (કર્મકાંડ)ની આપેક્ષા નથી, જ્યારે ભગવાન્ જે ભક્ત પર અનુગ્રહ કરે છે, તે ભક્તોની લોકમાં અને વેદમા નિષ્ઠા રહેતી નથી, પણ કેવલ પ્રભુથા સુખનીજ અપેક્ષા છે, તે શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ છે ૬

મૂલમ્—વરણે દૃશ્યતે યત્ર હેતુર્નાણુરપિ સ્વતઃ ॥
વરણં ચ નિજેચ્છાતઃ પુષ્ટિમાર્ગ· સ કથ્યતે ॥૭॥

જે માર્ગમાં પ્રભુ જે જીવનો અંગીકાર કરે છે, તે વરણમા તે જીવના સાધનનુ જરા પણ કારણ નથી, પણ પ્રભુ પોતાની ઇચ્છાથીજ જીવોનો પોતાના દાસપણાથી અંગીકાર કરે છે, તે બાબત 'नायमात्मा प्रवचने' આ શ્રુતિથી સ્પષ્ટ થાય છે, તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. ૭,

મૂલમ્—યત્ર સ્વતંત્રતા ભક્તેરાધિર્ભાવાનપેક્ષણાત્ ॥
પૂર્વાનુભયરૂપત્વ પુષ્ટિમાર્ગ. સ કથ્યતે ॥૮॥

જે માર્ગમાં વિપ્રયોગાવસ્થામાં પ્રભુપ્રાકટયની અપેક્ષા સિવાય સ્વરૂપાનન્દ ફલ આપવામા ભગવદ્ગુણગાનાદિ ભક્તિનીજ સ્વતંત્રતા છે, સ્વરૂપાવિર્ભાવ સબંધી એમની બિલકુલ અપેક્ષાજ નથી, પ્રેમથી

કરાતાં શ્રવણ-કીર્તનાદિનેજ સર્વ લીલાના સુખનો અનુભવ કરા-વવાપણું છે, મર્યાદા કૃષ્ણાધીન છે, ને પુષ્ટિ ભક્તિ સ્વતંત્ર છે; પુષ્ટિ શબ્દથી કોઇ સ્થલે ભગવદ્-અનુગ્રહ કહેવાય છે ને કોઈ સ્થલે પુષ્ટિ શબ્દથી અનુગ્રહજનિત ભક્તિ કહેવાય છે. તે શુદ્ધ પુષ્ટિભક્તિ-માર્ગ છે. ૮.

मूलम्—लोकवेदभयाभावो यत्र भावातिरेकतः ॥
सर्वबाधकलास्फूर्तिः पुष्टिमार्गः स कथ्यते ॥९॥

જે માર્ગમાં પ્રભુને વિષે પ્રેમાધિક્ય થવાથી સ્ત્રી પુત્ર ઇત્યાદિ લૌકિકથી અને "यावज्जीवमग्निहोत्रं जुहुयात्" જીવિત પર્યન્ત અગ્નિ-હોત્ર હોમવું, " अहरहः सन्ध्यामुपासीत " પ્રતિદિન સંધ્યા કરવી. ઇત્યાદિ વૈદિક કર્મથી પણ બિલકુલ ભય રહેતું નથી; જ્યારે ભગવદ્ભાવ પ્રાપ્ત થાય છે. ત્યારે કાલ કર્મ સ્વભાવ આદિનું બલ તેની આગળ ચાલતું જ નથી, તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે શ્રીમદ્ભાગવતમાં પણ કહ્યું છે કે. નારાયણ-પરાયણ ભગવદ્-ભક્તો કોઇનાથી ડરતા નથી તથા સ્વર્ગ, મોક્ષ અને નરકમાં પણ તુલ્ય દૃષ્ટિવાળા હોય છે. ૯.

मूलम्—सम्बन्धः साधने यत्र फलं सम्बन्ध एव हि ॥
सोऽपि कृष्णेच्छया जातः पुष्टिमार्गः स कथ्यते ॥१०॥

જે માર્ગમાં ભગવાન્‌ની સાથે દેહથી ઉત્પન્ન થયેલ સંબંધ તથા ભાવથી ઉત્પન્ન થયેલ સંબંધ તે હરિને વિષે સર્વ ઇન્દ્રિયના સંબંધાત્મક ફલને વિષે સાધન છે અને તે સંબંધ પણ પ્રભુની ઇચ્છાથીજ થાય છે. તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે.

શ્રીમદ્ભાગવતમાં કહેલું છે કે, નેત્ર ઈન્દ્રિયવાળાઓને નેત્રનું ફલ તેજ છે કે ભગવદ્—દર્શન કરાય છે. ૧૦

મૂલમ્—तत्सम्बन्धिषु तद्भावस्तद्भिन्नेषु विरोधिता ॥
उदासीनेषु समता पुष्टिमार्गः स कथ्यते ॥११॥

જે માર્ગમાં ભગવાનને વિષે સંબંધવાલા જીવોને વિષે ભગવદ્બુદ્ધિ રાખવામાં આવે છે, શ્રીમદ્ભાગવતમાં પણ કહ્યું છે કે,

' उद्धवं पूजयाञ्चक्रुर्ज्ञात्वात्मानमधोक्षजम् '

ગોપિકાઓએ ઉદ્ધવનું સાક્ષાત્ સ્વરૂપ સમજીને પૂજન કર્યું હતું, તથા ભગવદ્—વિમુખોને વિષે વિરોધના રાખવી. શ્રીમદ્ભાગવતમાં પણ કહ્યું છે કે "यस्तत्याजाग्रज कृष्णे सापत्यमघवानिति " વિદુરજીએ કૃષ્ણને વિષે દોષબુદ્ધિવાળા હોવાથી પુત્રો સાથે પોતાના મોટાભાઈ ધૃતરાષ્ટ્રનો ત્યાગ કર્યો; ભગવાનને વિષે ઉદાસીનબુદ્ધિ રાખનારને વિષે ઉદાસીન બુદ્ધિ રાખવી તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ. ૧૧.

મૂલમ્—विद्यमानस्य देहादेर्न स्वीयत्वेन भावनम् ॥
परोक्षेऽपि तदर्थित्वं पुष्टिमार्गः स कथ्यते ॥१२॥

જે માર્ગમાં વિદ્યમાન દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ આદિનું મમતાથી રક્ષણ કરવામાં આવતું નથી, પરંતુ વિપ્રયોગ અવસ્થામાં પણ થનાર પ્રભુ—સંયોગનો વિચાર કરીને દેહાદિનું રક્ષણ કરવામાં આવે છે; તે વિષે શ્રીમદ્ભાગવતમાં ગોપીજનોએ કહેલું છે કે હે પ્રભો ! આપને વિષે જેણે પ્રાણસંરક્ષણ કરેલું

છે એવા અમો આપને ખોળીએ છીએ, તેથી શુદ્ધ પુષ્ટિભક્તિ-માર્ગ કહેવાય છે, ૧૨.

मूलम्—भजने यत्र सेव्यस्य नोपकारकृतिः क्वचित् ॥
योषणं भावमात्रस्य पुष्टिमार्गः स कथ्यते ॥१३॥

જે માર્ગમાં સેવ્ય શ્રીકૃષ્ણની સેવામાં પ્રભુકૃત ઉપકારની અપેક્ષા રાખવામાં આવતી નથી, પણ શ્રીહરિજ સેવકના હૃદય-સ્થિત ભાવની વૃદ્ધિ કરે છે, તે શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. ૧૩.

मूलम्—भजनस्यापवादो न क्रियते फलदानतः ॥
प्रभुणा यत्र तद्भावात् पुष्टिमार्गः स कथ्यते ॥१४॥

જે માર્ગમાં પ્રભુ ભજનનું ફલ આપતા હોવાથી ભજનનો નિષેધ કરતા નથી, કારણ કે ભક્તનો હરિમાં વિશે દૃઢ સ્નેહ હોય છે, તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. ૧૪.

मूलम्—यत्र वा सुख सम्बन्धो वियोगे संगमादपि ॥
सर्वलीलानुभवतः पुष्टिमार्गः स कथ्यते ॥१५॥

જે માર્ગમાં ભગવદ્-વિપ્રયોગ-અવસ્થામાં ભગવલ્લીલાના સ્મરણ માત્રથીજ હૃદય વિશે સમગ્ર લીલાનો અનુભવ થવાથી સંયોગાવસ્થા કરતાં વધારે સુખ વિપ્રયોગાવસ્થામાં છે, કારણ સંયોગાવસ્થામાં અર્થાત્ પ્રભુના સાક્ષાત્કારની દશામાં પ્રભુ જે લીલા કરે છે, તેજ લીલાનો અનુભવ ભક્તને થાય છે, પણ વિપ્રયોગ-અવસ્થામાં તો ભક્તનું ચિત્ત પ્રભુમાંજ તલ્લીન હોવાથી પ્રભુએ કરેલી તમામ લીલાનો અનુભવ થાય છે; તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. ૧૫.

मूलम्—फले च साधने चैव सर्वत्र विपरीतता ॥

फलमायः साधनं स पुष्टिमार्गः स कथ्यते ॥१६॥

જે માર્ગમાં સાધન અને ફલની વિપરીતતા છે, તેજ શુદ્ધ પુષ્ટિમાર્ગ કહેવાય છે, જેમકે સાધનરૂપ ભાવને ફલપણું છે. સૂત્રા-સુર પ્રત્યક્ષ રહેલા ભગવાનની પ્રભુ-વિષયક પ્રેમનીજ પ્રાર્થના કરે છે.

"अहं हरे तव पादैकमूलदासानुदासो भवितास्मि भूयः।
मनः स्मरेतासुपते गुणांस्ते गृणीत वाक् कर्म करोतु कायः'॥

" હે શરણાગતના દુઃખને હરણ કરનાર, હે પ્રભુ, હું ફરી પણ આપના ચરણારવિંદના દાસનો દાસ થાઉં: મારૂં મન આપના ગુણોનું સ્મરણ કરે મારી વાણી આપના ગુણોનું ગૃણન કરે. મારી કાયા આપની સેવા કરે." પરમ પુરુષાર્થરૂપ, પરમ ફલરૂપ શ્રીહરિનો સાક્ષાત્કાર થયા બાદ ભગવદ્-વિષયક પ્રેમની યાચના કરવાથી પ્રભુ-પ્રેમ પ્રાપ્તિના સાધનરૂપ ભગવાન્ થયા, ત્યારે સાધન અને ફલનું વિપરીતપણું સ્પષ્ટ થાય છે. ૧૬.

मूलम्—पश्चात्तापः सदा यत्र तत्सम्बन्धिकृतायपि ॥

दैन्योद्बोधाय सततं पुष्टिमार्गः स कथ्यते ॥१७॥

જે માર્ગમાં હમ્મેશાં ભગવદીયાનો અનુભવ થતો હોય, છતાં નિરંતર દૈન્ય જાગૃત રહે અને અભિમાનનો સંપર્ક ન થાય

એટલા માટે અન્યલીલાનો અનુભવ ન હોવાથી તાપ રહે છે, તે શુદ્ધ પુષ્ટિમાર્ગ કહેવાય છે. ૧૭.

मूलम्—आविर्भावे न सापेक्षं दैन्यं यत्र हि साधनम् ॥
फलं वियोगजं दैन्यं पुष्टिमार्गः स कथ्यते ॥१८॥

જે માર્ગમાં બીજું કોઈ પણ સાધનની અપેક્ષા સિવાય જીવને દૈન્ય પ્રગટ થાય છે, તે પ્રભુના આવિર્ભાવનું કારણ છે, તે દૈન્ય સાધન છે. ભગવદાવિર્ભાવ થયા બાદ વિયોગથી જે દૈન્ય થાય છે તે ફલરૂપ છે. તેજ શુદ્ધ પુષ્ટિભક્તિ માર્ગ કહેવાય છે. તાત્પર્ય કે પ્રભુ-પ્રાકટય પહેલાં જે દૈન્ય છે તે દૈન્ય સાધન છે, અને પ્રભુના પ્રાકટય અનંતર જે દૈન્ય છે તે ફલરૂપ છે. ૧૮.

मूलम्—समस्तविषयत्यागः सर्वभावेन यत्र वै ॥
समर्पणं च देहादेः पुष्टिमार्गः स कथ्यते ॥१९॥

જે માર્ગમાં સર્વભાવે સકલ લૌકિક વિષયોનો ત્યાગ, પ્રભુને સર્વભાવે દેહાદિકનું સમર્પણ રહેલાં છે, તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે.

શંકાઃ—શ્રીમદ્વલ્લભાચાર્યજી સંન્યાસનિર્ણય નામના ગ્રંથમાં આજ્ઞા કરે છેઃ "कौण्डिन्या गोपिकाः प्रोक्ता गुरवः साधनं च तत्" ગોપિકાઓ પુષ્ટિમાર્ગનાં ગુરુ છે. અને તે કામી હતાં ત્યારે સમસ્ત વિષયોનો ત્યાગ આ માર્ગમાં કેમ છે એમ તમે કેમ કહો છો?

ઉત્તરઃ—ગોપીજનો કામી હતાં કે નહિ તેનો નિર્ણય તે ગોપીજનોના શ્રીમુખનાં વચનોથી કરવો યોગ્ય છે. શ્રીમદ્ભાગવતમાં શ્રીગોપીજનો સ્પષ્ટ શ્રીમુખથીજ આજ્ઞા કરે છેઃ

'भैवं विभोऽर्हति भवान् गदितुं नृशंसम्
संत्यज्य सर्वविषयांस्तव पादमूलम्॥
भक्ता, भजस्व दुरवग्रह मा त्यजास्मान्
देवो यथादिपुरुषो भजते मुमुक्षून् ॥'

"હે વિભો! હે સમર્થ! સર્વ એકાદશ ઇન્દ્રિયોના વિષયોનો સારી રીતે એટલે ફરીથી ઉદય ન થવા પામે તેવી રીતે ત્યાગ કરી અમોએ આપનું ચરણારવિંદ પ્રાપ્ત કર્યું છે; માટે આપે આવાં નિર્દય વચન બોલવાં યોગ્ય નથી."

આ વાક્યમાં વિષય લેશ પણ દેખાતો નથી. બીજે સ્થળે પણ ગોપીજનોએ કહ્યું છેઃ

"आदुश्च ते नलिननाभ पदारविंदं
योगेश्वरैर्हृदि विचिंत्यमगाधबोधैः ॥
संसारकूपपतितोत्तरणावलम्बं
गेहंजुषामपि मनस्युदयात्सदा नः ॥"

"હે નલિનનાભ! યોગીશ્વરોએ હૃદયને વિષે જે ચિંતન કરવાલાયક સંસારરૂપી કૂવામાં પડેલા જીવોને બહાર નીકળવા માટે

રૂપ આપતું અરણ્યારવિંદ ગૃહને ગેયન કરતાં એ। પણ અમારા મનમાં સદા ઉદય પામે.” આ જગાયે ગિલકુન્ન કામની યાચના નથી, પણ કામનાશક ભગવદ્ચરણની માગણી છે.

તેમજ આવી શંકા કરતાં પહેલાં શ્રીમદ્ભાગવત દશમ સ્કંધનો ૩૩ મો અધ્યાય જોવો કે જ્ઞાનશિરોમણિ શ્રીશુકદેવજી શી આજ્ઞા કરે છે. શ્રીશુકદેવજી કહે છેઃ

“विक्रीडितं व्रजयधूभिरिदं च विष्णोः
श्रद्धान्वितोऽनुशृणुयादथ वर्णयेद्यः ॥
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं
हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः” ॥

“શ્રીકૃષ્ણચંદ્રની ગોપીકા સાથે કરેલી લીલાને જે શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે કિંવા ગાન કરે, તે પ્રભુને વિશે પરા ભક્તિને પ્રાપ્ત કરીને હૃદયના રોગરૂપી કામનો જલદી નાશ કરશે.” જો શુકદેવજી ગોપિકાઓને કામી માનતા હોત તો રાસપંચાધ્યાયીના શ્રવણ-કીર્ત્તનથી કામની નિવૃત્તિ અને ઉત્તમોત્તમ પરા ભક્તિની પ્રાપ્તિ કેમ માનત? શ્રીમદ્ભગવદ્ગીતામા પણ શ્રીકૃષ્ણચન્દ્ર અર્જુનને સ્પષ્ટ આજ્ઞા કરે છેઃ

“तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ॥
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥”

તિ વ્રજસ્ત્રીઓને હું વારંવાર નમન કરું છું, કે જે ભગવત્પિ-
તાનું હરિકીર્તન ત્રણ ભુવનને પવિત્ર કરે છે.'

તેમજ શ્રીકૃષ્ણ ગોપિકાઓ માટે આજ્ઞા કરે છેઃ

" તા નાવિદન્મય્યનુસંગબદ્ધ
ધિયઃ સ્વમાત્માનમદસ્તથેદમ્ ॥
યથા સમાધૌ મુનયોઽબ્ધિતોયે
નદ્યઃ પ્રવિષ્ટા ઇવ નામરૂપે ॥ '

"જેમ સમુદ્રમાં પ્રવેશ કરતી નદીઓ પોતાનાં નામ, રૂપને જાણતી નથી, અને જેમ સમાધીમાં મુનિઓ પોતાનાં નામને તથા રૂપને જાણતા નથી, તેવીજ રીતે પ્રેમ વડે કરીને મારામાં જેની બુદ્ધિ બંધાએલી છે, તેથી તે ગોપિકાઓ મારા સીવાય ઇતર કાંઈ-પણ જાણતીજ નથી." તો આવાં પરમ પવિત્ર પ્રેમાત્મિકા ભક્તિની પરાકાષ્ટા પ્રાપ્ત કરનાર ગોપીજનોમાં કામનો લેશ પણ કહેવો એ મહાન્ અયોગ્ય છે. માટે પુષ્ટિમાર્ગમાં સમસ્ત વિષયનો ત્યાગ કરવો તે યોગ્યજ છે. ૧૯.

મૂલમ્—વિષયત્વેન તત્યાગઃ ત્વય્યેવ વિષયતાસ્મૃતેઃ ॥
યત્ર વૈ સર્વભાવેન પુષ્ટિમાર્ગઃ સ ઉચ્યતે ॥૨૦॥

જે માર્ગમાં વિષયોનો વિષયત્વ વડે કરીને સર્વ ભાવેથી ત્યાગ કરવામાં આવે છે, મમતા પૂર્વક વિષય—સેવન કરવાથી તો બંધ પ્રાપ્ત થાય પ્રપંચ—મધ્યવર્તી તમામ પદાર્થ બ્રહ્મરૂપ છે તે શ્રુતિ આજ્ઞા કરે છેઃ

" स एतमानास ।। यतो वा इमानि भूतानि जायन्ते "

ઇત્યાદિ શ્રુતિઓ તથા " तत्तुसमन्वयात् । जन्माद्यस्य यतः शास्त्र-योनित्वात् " ઇત્યાદિ બ્રહ્મસૂત્રોથી પણ પ્રપંચનું અભિન્ન. નિમિત્તો-પાદાન કારણ બ્રહ્મ હોવાથી, પ્રપંચ ભગવદ્રૂપ હોવાથી પ્રપંચવર્તી પદાર્થોનો ત્યાગ થઈ શકતો નથી.

'एकाकी न रमते । स द्वितीयमैच्छत्' 'बहोऽहं प्रजा स्याम्' क्रीडार्थमात्मन इदं त्रिजगत्कृतं ते । स्यामय तु तत्र कुधियोऽपर इश कुर्युः ' ' क्रीडाभाण्डमिदं जगत् '

એકથી ક્રીડા થઈ શકે નહિ, તેથી તે પ્રભુએ બીજાની ઇચ્છા કરી. એક હું બહુ થાઉં, વળી આત્માની એટલે પરાત્પર પુરુષોત્તમની ક્રીડા માટે આ જગત કરેલું છે, તે જગતને જે મિથ્યારૂપ ગણે છે તે પુરુષો દુષ્ટ બુદ્ધિવાળા છે. તથા વળી બીજી જગ્યાએ કહેલું છે કે આ જગત્ પ્રભુની ક્રીડા માટે છે, ઇત્યાદિ શ્રુતિ–સ્મૃતિથી સિદ્ધ થાય છે કે હરિ પોતે પ્રપંચરૂપ થઇ પોતે ક્રીડા કરે છે. અને તેજ શ્રીવલ્લભાચાર્ય નિબંધમાં આજ્ઞા કરે છે કે " रूपनामविभेदेन जगत्क्रीडति यो यतः અને વળી" "प्रपंचो भगवत्कार्यस्तद्रूपो मायया भवत्" રૂપ નામના ભેદ વડે કરીને જે જગત્રૂપે થયેલ છે. અને રૂપ-નામના ભેદ વડે જે ક્રીડા કરે છે. તથા બીજે સ્થળે કહેલ છે; પ્રપંચ ભગવત્કાર્ય છે, અને પ્રભુ તે પ્રપંચરૂપે પોતાની શક્તિ વડે થયેલ છે. વાસ્તે પ્રાપંચિક પદાર્થનું ભગવદ્દીયત્વે કરીને ગ્રહણ કરવું; કારણ, મન વડે ભગવદ્ભાવથી ભાવના કરાયેલા પદાર્થો ઉત્તમ છે "इन्द्रियेभ्यः परा ह्यर्थाः" આ શ્રુતિથી ભગવદ્ભાવ–ભાવિત પદાર્થોનું

"હે ભારતકુલોત્તમ અર્જુન ! આટલા હેતુ માટે ઇન્દ્રિયોને પ્રથમ નિયમમાં લાવીને સર્વ પાપના મૂલભૂત કામને તું અવશ્ય હણ." આ હેતુ માટે શ્રીવલ્લભાચાર્યજી શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે, "विषयाविष्टचित्तानां विष्णावावेशः सुदूरतः" જે જીવોનું ચિત્ત વિષયાવિષ્ટ છે, તેનાથી પરાત્પર પુરુષોત્તમ સર્વવ્યાપનશીલ શ્રીહરિનો આવેશ સર્વથા દૂરજ છે.

બીજે સ્થળે શ્રીસુબોધિનીજીમાં સ્પષ્ટ કર્યુ છે:

"કામાદીનામશિથિલત્વે ભક્તિર્નોત્પદ્યત ઇતિ" "જ્યાંસુધી કામાદિ દોષો શિથિલ થતા નથી. ત્યાંસુધી, ભક્તિ ઉત્પન્ન થતીજ નથી."

આ સર્વ નિગૂઢ આશય ધ્યાનમાં લઇ શ્રીહરિરાયજી પણ કામાખ્યદોષનિવરણમાં આજ્ઞા કરે છે:

"दोषेषु प्रथमः कामो विविच्य विनिरूप्यते ॥
यस्मिन्नुत्पद्यते तस्य नाशकः सर्वथा मतः ॥१॥
विषयावेशहेतुत्वात् विक्षेपोत्पत्तिकारणम् ॥
रजोगुणसमुत्पन्नो रज प्रक्षेपको मुखे" ॥२॥

"સર્વ દોષમાં કામ પ્રથમ છે. એ કામ જે જીવમાં ઉત્પન્ન થાય છે, તે જીવનો સર્વથા નાશ કરે છે. વિષયાવેશનું કારણજ કામ છે. એ કામ રજોગુણમાંથી ઉત્પન્ન થયેલો હોવાથી, જેમાં પ્રકટ થાયછે, તેના મુખમાં ધૂળજ નંખાવે છે."

તેમજ સંન્યાસનિર્ણયમાં આચાર્યશ્રી આજ્ઞા કરે છે;

'विषयाक्रांतदेहानां नावेशः सर्वया हरेः'

"જે જીવોના દેહ વિષયાક્રાંત થયેલા હોય છે, તે જીવોના દેહોમાં કદાપિ પણ શ્રીહરિનો આવેશ થતો નથી," તો જેની આગળ શ્રીહરિ પરાત્પર પુરુષોત્તમ સ્વરૂપ શ્રીકૃષ્ણચન્દ્ર સાક્ષાત્-પ્રત્યક્ષ લીલા કરે છે, રમણ કરે છે, તેમાં કામ-સંભાવના કહેવી તેનાથી નિર્લજ્જત્વ અન્ય શું હોઇ શકે ? તે ગોપીજનો માટે બ્રહ્માજી પોતેજ આજ્ઞા કરે છે.

' न स्त्रियो व्रजसुन्दर्यः पुत्र ताः श्रुतयः किल ॥
नाहं शिवश्च शेषश्च श्रीश्च तासिः समाः क्वचित् ॥१॥
षष्टिवर्षसहस्राणि मया तप्तं तपः पुरा ॥
तथापि न मया प्राप्तास्तासां वै पादरेणवः' ॥२॥

'હે પુત્ર, હે નારદ ! વ્રજસુંદરીઓ-ગોપિકાઓ તે સ્ત્રીઓ નથી, પણ તે શ્રુતિઓ છે. અને હું તથા મહાદેવજી તથા શેષજી તથા લક્ષ્મીજી કોઇપણ વખત તેઓની બરોબર નથી. મેં પૂર્વે સાઠહજાર વર્ષ સુધી તપ કર્યું હતું, પરન્તુ તે ગોપિકાઓની ચરણરજ મને મળી ન હતી, અને ઉદ્ધવજી પણ તે ગોપિકાઓને માટે આવી રીતે કહે છે.

'वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः ॥
यासां हरिकथोद्गीतं पुनाति भुवनत्रयम् ॥'

તે સ્ત્રીઓને હું વારંવાર નમન કરું છું, કે જે સ્ત્રીત્વનું લક્ષ્મીત્વનું ત્રણ ભુવનને પવિત્ર કરે છે.'

તેમજ શ્રીકૃષ્ણ પોતે ગોપિકાઓ માટે આજ્ઞા કરે છે:

" તા નાવિદન્મય્યનુસંગયદ્ધિયઃ સ્વમાત્માનમદસ્તથેદમ્ ॥
યથા સમાધૌ મુનયોઽબ્ધિતોયે
નદ્યઃ પ્રવિષ્ટા ઇવ નામરૂપે ॥ '

"જેમ સમુદ્રમાં પ્રવેશ કરતી નદીઓ પોતાનાં નામ, રૂપને જાણતી નથી, અને જેમ સમાધીમાં મુનિઓ પોતાનાં નામને તથા રૂપને જાણતા નથી, તેવીજ રીતે પ્રેમ વડે કરીને મારામાં જેની બુદ્ધિ બંધાયેલી છે, તેવી તે ગોપિકાઓ મારા સીવાય પોતાનું કાંઈ-પણ જાણતીજ નથી." તેં આવાં પરમ પવિત્ર પ્રેમાત્મિકા ભક્તિની પરાકાષ્ટા પ્રાપ્ત કરનાર ગોપીજનોમાં કામનો લેશ પણ કહેવો એ મહાન્ અયોગ્ય છે. માટે પુષ્ટિમાર્ગમાં સમસ્ત વિષયનો ત્યાગ કહ્યો તે યોગ્યજ છે. ૧૯.

મૂલમ્—વિષયત્વેન તત્યાગઃ ત્વય્યસ્મિન્વિષયતાસ્મૃતેઃ ॥
યત્ર વૈ સર્વભાવેન પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે ॥૨૦॥

જે માર્ગમાં વિષયોનો વિષયત્વ વડે કરીને સર્વ ભાવેથી ત્યાગ કરવામાં આવે છે, મમતા પૂર્વક વિષય—સેવન કરવાથી તો બંધ પ્રાપ્ત થાય પ્રપંચ—મધ્યવર્તી તમામ પદાર્થ ખલરૂપ છે તે શ્રુતિ આજ્ઞા કરે છે:

" स एतमानास ॥ यतो वा इमानि भूतानि जायन्ते "

ઇત્યાદિ શ્રુતિઓ તથા " तत्तुसमन्वयात्। जन्माद्यस्य यतः शास्त्र-योनित्वात् " ઇત્યાદિ બ્રહ્મસૂત્રોથી પણ પ્રપંચનું અભિન્ન. નિમિત્તો-પાદાન કારણ બ્રહ્મ હોવાથી, પ્રપંચ ભગવદ્રૂપ હોવાથી પ્રપંચવર્તી પદાર્થોનો ત્યાગ થઈ શકતો નથી.

'एकाकी न रमते। स द्वितीयमैच्छत्' 'एकोऽहं बहु स्याम्' क्रीडार्थमात्मन इदं त्रिजगत्कृतं ते। स्याम्यं तु तव कुधियोऽपर इश कुर्युः ' ' क्रीडाभाण्डमिदं जगत् '

એકથી ક્રીડા થઈ શકે નહિ, તેથી તે પ્રભુએ બીજાની ઇચ્છા કરી. એક હું બહુ થાઉં, વળી આત્માની એટલે પરાત્પર પુરુષોત્તમની ક્રીડા માટે આ જગત કરેલું છે, તે જગતને જે મમતારહિત ગણે છે તે પુરૂષો દુષ્ટ બુદ્ધિવાળા છે. તથા વળી બીજી જગ્યાએ કહેલું છે કે આ જગત્ પ્રભુની ક્રીડા માટે છે, ઇત્યાદિ શ્રુતિ-સ્મૃતિથી સિદ્ધ થાય છે કે હરિ પોતે પ્રપંચરૂપ થઇ પોતે ક્રીડા કરે છે. અને તેજ શ્રીવલ્લભાચાર્ય નિબંધમાં આજ્ઞા કરે છે કે " स्वनामविभेदेन जगत्क्रीडति या यतः અને વળી" "प्रपंचो भगवत्कार्यस्तद्रूपो मायया भवत्" રૂપ નામના ભેદ વડે કરીને જે જગતરૂપે થયેલ છે. અને રૂપ-નામના ભેદ વડે જે ક્રીડા કરે છે. તથા બીજે સ્થળે કહેલ છે; પ્રપંચ ભગવત્કાર્ય છે, અને પ્રભુ તે પ્રપંચરૂપે પોતાની શક્તિ વડે થયેલ છે. વાસ્તે પ્રાપંચિક પદાર્થનું ભગવદ્દીયત્વે કરીને ગ્રહણ કરવું; કારણ, મન વડે ભગવદ્ભાવથી ભાવના કરાયેલા પદાર્થો ઉત્તમ છે. "इन्द्रियेभ्यः परा ह्यर्थाः" આ શ્રુતિથી ભગવદ્ભાવ-ભાવિત પદાર્થોનું

ઉત્પન્ન્ત્વ સ્પષ્ટ કહેલું છે. એટલા માટે ભગવદનુગ્રહ-યુક્ત વૈષ્ણવોની નેત્ર વાણી ઇત્યાદિ ઇન્દ્રિયો ભગવત્સંબંધી વિષયોનું સેવન કરે છે. તે બાબત અંબરીષનાં ચરિત્રથી સ્પષ્ટ જણાશે.

"स वै मनः कृष्णपदारविन्दयोर्वचांसि वैकुण्ठगुणानुवर्णने ॥
करौ हरेर्मन्दिरमार्जनादिषु श्रुतिं चकाराच्युतसत्कथोदये ॥१॥
मुकुन्दलिंगालयदर्शने दृशौ तद्भृत्यगात्रस्पर्शेऽङ्गसंगमम् ॥
घ्राणं च तत्पादसरोजसौरभे श्रीमत्तुलस्यां रसनां तदर्पिते॥२॥
पादौ हरेः क्षेत्रपदानुसर्पणे शिरो हृषीकेशपदाभिवंदने ॥

(ભા, ૯, અ ૪)

પરમ ભક્ત રાજા અંબરિષજીએ પોતાના મનને શ્રીકૃષ્ણચંદ્રના પદારવિંદમાંજ ગાઢેલું હતું ને વાણીનો વૈકુંઠ ભગવાનના ગુણગાનમાંજ વિનિયોગ કરેલો હતો, તથા હાથનો પ્રભુના મંદિરની માર્જન ઇત્યાદિ ક્રિયામા વિનિયોગ કરેલો હતો.

નેત્રોનો પ્રભુસ્વરૂપના દર્શનમા વિનિયોગ કરેલો હતો, પ્રભુભક્તના ગાત્રનો સ્પર્શ થવામા પોતાના અંગનો વિનિયોગ કરેલો હતો; નાસિકાનો પ્રભુ-ચરણારવિંદની સુવાસમાં વિનિયોગ કરેલો હતો; ચરણનો ભગવન્મંદિર જવામા વિનિયોગ કરેલો હતો' મસ્તકનો હૃષીકેશના ચરણારવિંદનો વંદન કરવામા વિનિયોગ કરેલો હતો."

પરંતુ જીવને બંધનરૂપ પદાર્થમા રહેલી એવી અહંતા મમતા નોજ ત્યાગ કરવો તેજ ઉચિત છે, કારણ " एवमेवं ममाशास्त्र इतिवाक्यात " મારા અંશરૂપ જીવને અવિદ્યાથી બંધન છે. તે

અવિદ્યા સંસારરૂપ છે. તેનો જ્ઞાનથી નાશ થઈ શકે છે; માટે ત્યાગ માત્ર અહંતા મમતાનોજ થઈ શકે છે.

જે માર્ગમાં ભગવત્સ્મૃતિનો વિષય જીવ થાય છે, તે શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. ૨૦

मूलम्—एवंविधैर्विशेषेण प्रकारैस्तु सदाश्रितैः ॥
हृदि कृत्वा निजाचार्यान् पुष्टिमार्गो हि बुध्यताम् ॥२१॥

સર્વદા હરિના ચરણકમલ-મકરંદનોજ આશ્રય કરનાર ભક્તોએ હૃદયાન્ધકાર નાશ કરવામાં નિપુણ શ્રી અગ્નિસ્વરુપ શ્રીવલ્લભપ્રભુને હૃદયમાં રાખીને આવા પ્રકારોએ વિશેષ પુષ્ટિમાર્ગને જાણવો.

અર્થાત્ પુષ્ટિમાર્ગ વિશેષ જાણવા ઇચ્છા હોય તો આચાર્ય-શ્રીના ભાષ્ય સુબોધિન્યાદિ ગ્રંથો જાણવા.

જેની દેવમાં ઉત્તમ ભક્તિ છે અને જેની દેવમાં ભક્તિ છે તેવીજ ગુરુમાં પણ દૃઢ ભક્તિ છે, તેવા મહાત્માને આ કહેવાયેલા અર્થો પ્રકાશ કરે છે. (૧)

પોતાના બાલકના ચપલ આલાપ સાંભળવામાં ઉત્કંઠાવાળા માયાવાદરુપી અંધકારનો નાશ કરનાર શ્રીમદ્ વલ્લભાચાર્યચરણ મારા પર કૃપા કરો. [૨]

શ્રીમદ્વલ્લભાચાર્યના કૃપાબલથી હું કોઈનાથી પણ રોકી શકાયો નહી, તેથી મારા હૃદયમાં જે સ્ફુર્યું છે, તેનો પ્રકાશ લયત્યાગ કરી મેં કર્યો છે. (૩) ૨૧.

१५. ब्रह्मसम्बन्धवाक्यकठिनांशविवेचनम् ॥

अथ स्वषड्भाचार्यचरणाम्बुजचिन्तनात् ।
किञ्चिन्निरूप्यते स्वीयतुष्टये भावपुष्टये ॥१॥

હવે આપણા શ્રીવલ્લભાચાર્યજીના ચરણકમલનુ ચિન્તન કરીને સ્વકીય ભક્તોને સન્તોષ આપવા અને ભાવનુ પોષણ કરવા કાંઇક કહેવામા આવે છે ૧

अनुग्रह पुष्टिमार्गं स्वीकृति सा हरे पुन ।
सर्वेश्वर स्वीकृता हि दैन्यमेवास्ति कारणम् ॥२॥

પ્રભુનો અનુગ્રહ, તેવોજ પુષ્ટિમાર્ગ તેમા આપણો સ્વીકાર, તે પણ પાછો પ્રભુયે કર્યો તેમ સમજવુ પ્રભુ સર્વના ઇશ્વર છે, માટે આપણો સ્વીકાર થયોજ છે આ સ્વીકાર થવામા માત્ર દીનતા, એજ કારણ છે ૨

सर्वथा साधनाभावे दैन्यभावो भवेदिति ।
नि साधनत्वसिद्धयर्थे सर्वयस्तुसमर्पणम् ॥३॥

દરેક રીતે અન્ય સાધનો નજ હોવાને કારણે દીનતા થાય, એ બાતર ભક્તને નિ.સાધનપણુ પ્રાપ્ત થાવ, તે માટે પ્રભુને સર્વ વસ્તુઓ અર્પી દેવી ૩

सर्वत्र ममताभावे साधनस्फूर्तिनाशनम् ।
ततो दैन्यैकसाध्य यत्फलं सर्वविलक्षणम् ॥४॥

'तापक्लेशानन्द' इति तत्स्वरूपं निरूप्यते ॥४३॥

અધાન્ય પદાર્થોમાંથી મમતા ટળી જતાં 'સાધનો કાંઇ હશે' એવી મતિજ રૂહેતી નથી. તેને લીધે જ મૂળ મન્ત્રમાં 'તાપક્લેશ ઉત્પન્ન થાય છે' તેવા પ્રકારનું સર્વથી વિલક્ષણ માત્ર એક દીનતા-થીજ સિદ્ધ થઇ શકે, તેવું જે ફલ, તેનું સ્વરૂપ અહીં નિરૂપણમાં આવે છે. ૪૩.

कामसर्वात्मभावौ हि भगवत्प्राप्तिसाधनम् ॥५॥
कामः सापेक्षतारूप, उत्तरस्तद्भावधान् ।
विरहस्थायिभावत्वात्तापात्मा स निगद्यते ॥६॥

કામ અને સર્વાત્મભાવ એ બન્ને પ્રભુપ્રાપ્તિમાં સાધનરૂપ છે. કામ એને કોઈ અન્યની અપેક્ષા-જરૂર રૂહે છે; જ્યારે સર્વાત્મ-ભાવને કશાની જરૂર નથી તે નિરપેક્ષ છે. તે સર્વાત્મભાવને વિરહ એ સ્થાયી ભાવ [મુદ્દે વિરહને લીધેજ વિપ્રયોગાત્મક સર્વાત્મભાવની જાગૃતિ થતી હોવાથી, વિરહ એ સ્થાયીભાવ] છે, તેથી તેને તાપા-ત્મક કહ્યો છે. ૬.

सम्बन्धस्यापि नापेक्षा, तापेनैवाखिलोदयः ।
विलक्षणस्तत्क्लेशोऽपि कामजात्तत्थापरः ॥७॥

આ સર્વાત્મભાવને કોઇના સમ્બન્ધની પણ જરૂર નથી; તાપ-થીજ સર્વાત્મભાવની જાગૃતિ થાય છે. કામને લીધે તે ક્લેશ ઉત્પન્ન થાય છે, તેના કરતાં આ બીજો સર્વાત્મભાવના તાપથી થનારો ક્લેશ જુદાજ પ્રકારનો છે. ૭.

कामजातस्तु यः क्लेशः स शास्त्रेत्स्पर्शनादिभिः ।
सर्वात्मभावसम्भूतस्तैर्भवेद् द्विगुणस्तथा ॥८॥

કામથી ઉત્પન્ન થનારો જે ક્લેશ છે, તે ઈષ્ટ વસ્તુના સ્પર્શ વગેરેથી ટાળી શકાય છે, જ્યારે આ સર્વાત્મભાવથી ઉત્પન્ન થનારો ક્લેશ સ્પર્શ વગેરેથી ઉભણો થઈ જાય છે. ૮.

विरहे भावनास्पर्शः क्लेशवृद्धिकरो यतः ॥
लीलोक्ष्ये तापभावाद् द्विगुणः सोऽनुभूयते ॥९॥

વિરહમાં પ્રભુસમ્બન્ધી થોડો વિચાર આવવો, તે પણ ક્લેશને વધારનારો થઈ પડે છે; પરન્તુ જ્યારે પ્રભુની લીલાઓનો અનુભવ થવા માંડે છે, એટલે તાપ તો થોડોજ છે, તેથી ક્લેશ બમણો અનુભવાય છે. ૯.

अतो विलक्षणक्लेशादानन्दोऽपि तथाविध ।
कामार्तितः परं कृष्णसायुज्यं नित्ययोगयुक् ॥१०॥
पुरुषोत्तमसम्बन्धो ह्यन्तर्गृहगतास्त्रियः ॥१०½॥

એથીજ આ જાતીજ જાતના ક્લેશથી જે આનન્દ ઉત્પન્ન થવાનો તે પણ જાતીજ જાતનો, કામથી ઉત્પન્ન થયેલા ક્લેશથી પ્રભુનું સાયુજ્ય થાય છે, એટલે કે જે પ્રમાણે ચોથુનાદ થતાં પતિ, પુત્રાદિકના વિઘ્નથી જે ગોપાઙ્ગનાઓ ઘર બહાર ન નીકળી શકી અને દેહત્યાગ કર્યો, તે ગોપાઙ્ગનાઓમાં નિત્યસાયુજ્યાત્મક પ્રભુસમ્બન્ધ થયો, તેવા પ્રકારનો નિત્યસાયુજ્યાત્મક પ્રભુસમ્બન્ધ થાય. ૧૦½.

सर्वात्मभावक्लेशेन संयोगेन कृतार्थिता ।
यलेश एव हि संयोगाधिकानन्दानुभूतितः ॥११½॥

સર્વાત્મભાવથી ઉત્પન્ન થનારો ક્લેશ, જેમાં છે, તેવા સંયોગથી જીવ કૃતાર્થ થઈ જાય છે; ત્યારે પણ સંયોગના અધિક આનન્દનો અનુભવ થતાં થાય છે તો ક્લેશજ, ૧૧½.

यथा प्राकृतदेहेषु नियता कामसंस्थितिः ।
तथाऽलौकिकदेहेषु सर्वभावप्रतिष्ठितिः ॥१२½॥

જે પ્રમાણે લૌકિક સ્ત્રીપુરુષોમાં કામ (ઇન્દ્રિયોના વિષયો) ની સ્થિતિ ચોક્કસજ હોય છે, તેજ પ્રમાણે લોકાતીત દેહધારીઓમાં સર્વાત્મભાવની સ્થિતિ રહેલી છે. ૧૨½

अत एव निरूप्यन्ते निष्कामास्ते व्रजस्थिताः ॥१३॥
तादृशैर्भगवल्लीला सर्वथैव हि युज्यते ।
तस्मादेव हि सम्पन्नः सर्वोऽप्यर्थो विचारणे ॥१४॥

આથી ફરીનેજ વ્રજની અન્દર રહેલાં ગોપીજનોમાં સર્વાત્મ. ભાવની સ્થિતિ રહેલી હોવાથી તેઓ નિષ્કામ હતા. (કામ માત્ર લૌકિક જીવોમાં હોઈ શકે, અલૌકિકમાં નહીં.) તેમાં સર્વાત્મભાવયુક્ત નિષ્કામ જીવો સાથે પ્રભુની લીલા દરેક રીતે યુક્ત થઈ શકે છે. તેથી ફરીનેજ આ સમ્બન્ધમાં જે કાંઇ અહીં વિચાર કર્યો, તેનાથી સર્વાત્મભાવ-વિષયક જે કાંઇ ખુલાસો જોઇતો હતો, તે પ્રાપ્ત થયો છે ૧૪

कामाद्विलक्षणः सर्वभावस्तत्वलेशभेदतः ।
संयोगविप्रयोगाभ्यां तदानन्दोऽपि भिद्यते ॥१५॥

અન્નેથી ઉત્પન્ન થનારા ક્લેશના તફાવતને લીધે સમજી શકાશે કે સર્વાત્મભાવ એ કામથી તદ્દન જુદા પ્રકારનોજ છે. તેજ રીતે કામ એ સંયોગાત્મક છે અને સર્વાત્મભાવ વિપ્રયોગાત્મક છે, તેથી સર્વાત્મભાવના પરિણામે થનારો આનન્દ પણ જુદાજ પ્રકારનો છે. ૧૫.

पतदेवोक्तमाचार्यैः फलं सर्वं समर्पणे ।
'तापक्लेशानन्द' रूपं तदर्थोऽयं वियेचितः ॥१६॥

શ્રીમદાચાર્યજીએ આજ વાતને ઉદ્દેશી 'તાપ-ક્લેશ-આનન્દ'ના સ્વરૂપવાળું સર્વ ફલ સમર્પણના વિષયમાં નિર્દેશ્યું છે, તે બાબત-ની અંદરો સર્વાત્મભાવવિષયક ખુલાસો મેં કર્યો છે. ૧૬.

तद्दासदासतद्दासोक्तया तदीया गतसंशयाः ।
ब्रह्मसम्बन्धयाक्ष्यार्थंविदस्तिष्ठन्तु धर्मणि ॥१७॥

શ્રીમહાપ્રભુજીના દાસાનુદાસના પણ દાસ આ હરિદાસના કથનથી સંશયોથી મુક્ત થઇ બ્રહ્મસમ્બન્ધમન્ત્રના અર્થનું જ્ઞાન મેળવી આપશ્રીના વૈષ્ણવો આ માર્ગમાં સ્થિર થઇ રહો. ૧૭.

१६. अष्टाक्षरशरणमन्त्रपूर्वपक्षनिरासः ।

पूर्वपक्ष

अष्टाक्षरमहामन्त्रः शरणैकप्रकाशकः ।
तन्त्रसिद्धः कथं पुष्टिमार्गे साधनमिष्यते ॥१॥

માત્ર એક શરણનેજ પ્રકાશાવનારો તન્ત્ર શાસ્ત્રોમાં સિદ્ધ થયેલો એવો 'श्रीकृष्णः शरणं मम' એ અષ્ટાક્ષર મહામન્ત્ર પુષ્ટિ-માર્ગમાં સાધનરૂપ કેવી રીતે રહી શકે ? ૧.

विभूतिबोधिनस्तस्मान्न सिद्धिः पौरुषोत्तमी ।
भक्तिहंसी प्रपद्येत, विरोधः स्पष्ट एवहि ॥२॥

વિભુતિનો બોધ કરનારા તે મન્ત્રથી ભક્તિહંસમાં જેવા પ્રકારની પુરુષોત્તમ-પ્રાપ્તિ કહેવામાં આવી છે, તેવી મળી શકે તેમ નથી. નીચે મુજબનો વિરોધ સ્પષ્ટ છેઃ— ૨.

उपासनाद्यगम्यत्वं तन्त्रोक्तं पुरुषोत्तमे ।
निःसाधनत्वभङ्गः स्याद् भक्तिमार्गस्य सर्वथा ॥३॥

ભક્તિહંસમાં શ્રીગુસાંઈજીએ પ્રભુ શ્રીપુરુષોત્તમ, ઉપાસના વગેરેથી પ્રાપ્ત કરી શકતા નથી, એમ સ્પષ્ટ કહ્યું છે; અને આ મન્ત્રથી પ્રભુ પ્રાપ્ત કરી શકાય છે, એમ જો કહેવામાં આવે તો સર્વ-સાધનથી રહિત છે, છતાં આ મન્ત્રરૂપી સાધન આ માર્ગમાં હોય તો તેની નિઃસાધનતા ખણ્ડિત થાય છે. ૩.

अनुग्रहैकसाध्यत्वमपेयाद् भगवद्व्रतेः ।
एवं कृते पूर्वपक्षे सिद्धान्तस्तत्र वोच्यते ॥४॥

પ્રભુનો પ્રેમ તો આત્મપ્રભુના અનુગ્રહથીજ સિદ્ધ કરી શકાય તેમ છે; તે વાત આ રીતે હાથ તાળી દઈ છટકી જાય છે. આવા પ્રકારનો પૂર્વપક્ષ છે. તેના સમાધાન માટે સિદ્ધાન્તનો નિર્દેશ કરવામાં આવે છેઃ— ૪.

સિદ્ધાન્ત.

पुष्टिमार्गप्रभोरास्यादयं हि पुनरूद्गतः ।
मन्त्रानुग्रहमूलत्वाद् वरणात्मा ततो मतः ॥५॥

પુષ્ટિમાર્ગના પરમ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીના મુખારવિન્દાવતાર શ્રીમહાપ્રભુજીદ્વારા આ મન્ત્ર ફરીવાર પ્રકાશિત થયો છે. આ મન્ત્રનું મૂળજ પ્રભુનો અનુગ્રહ હોવાથીજ આ મન્ત્ર વરણ (પ્રભુએ આપણો પુષ્ટિમાર્ગમાં સ્વીકાર કર્યો છે, તે) ના આત્મારૂપે રૂહેલો છે. ૫.

तस्य साधनतायां हि नापेयाद्धेतुता क्वते. ।
विभूतिमात्रवाच्यत्वं चात एव न युज्यते ॥६॥
अत एवात्र न प्रोक्ता तस्य क्वचिदुपासना ॥६३॥

આ મન્ત્ર સાધનરૂપ બને, તેથી વરણ આ માર્ગમાં હેતુરૂપ છે; આ વાતને કશો બાધ આવે તેમ નથી. આ કારણેજ આ મન્ત્ર માત્ર વિભૂતિપરત્વે છે, એમ જે કહેવાય છે, તે તદ્દન અયુક્ત છે. અને તેથીજ આ માર્ગમાં આ મન્ત્રને અંગે કોઈ ઉપાસનાનો વિધિ બતાવવામાં આવ્યો નથી. ૬૩.

यथा हि श्रवणादीनां भिन्नत्वं मार्गभेदतः ।
तथैव वक्तृभेदेन मन्त्रभेदो निरूपतिः ॥७½॥

જુદા જુદા માર્ગોમાં જેમ શ્રવણાદિ નવધા ભક્તિની પણ ભિન્નતા રહેલી છે, તેમ આ મન્ત્રના વક્તાના ભેદે કરીને મન્ત્રના સ્વરૂપમાં ભેદ રહેલો છે. ૭½.

स्तोत्रे कृष्णाश्रये चोक्त' मिति श्रीवल्लभोऽब्रवीत्' ॥८॥
यथा शुकमुखं प्राप्य पीयूषद्रवलोच्यते ।
श्रीभागवतशास्त्रस्य, तथात्रापि विबुध्यताम् ॥९॥

આ મન્ત્રનું સ્વરૂપ પુષ્ટ શ્રીમદ્‌પ્રભુજીએ 'આ વલ્લભે કહ્યું' એ પ્રમાણે શ્રીકૃષ્ણાશ્રય સ્તોત્રમાં વિવેચ્યું છે. ભાગવતશાસ્ત્રના વક્તા અધિકારભેદે અનેક હતા, પરન્તુ ભાગવતની અમૃતરસાત્મકતા જે થઇ, તે તો શ્રીશુકદેવજીના મુખમાંથી તે રસઝરણો છૂટવા માંડ્યાં એટલેજ; તેજ પ્રમાણે આ મન્ત્ર એ પૂર્વે ભલે અનેક વક્તાઓએ કહ્યો હોય છતાં જ્યારે શ્રીમદ્‌પ્રભુજીએ ખુદે કહ્યો, ત્યારેજ આનાં બાધકો સર્વ નષ્ટ થઈ ચૂક્યા સમજો. ૯.

श्रीमत्प्रभुभिरप्युक्तमत एव दयालुभिः ।
'यदुवंतं तातचरणै' रित्यादिवचनामृतम् ॥१०॥

આ માટેજ પરમ દયાલુ શ્રી ગુસાંઇજીએ મંગલાચરણમાં 'શ્રી પિતાજીએ શ્રીકૃષ્ણ. શરણં મમ એમ જે નિર્દેશ્યું છે, તેનાથીજ આ લોકમાં અને પરલોક-વિપક્ષ વાતોમાં નિશ્ચિન્તતા છે,' એવાં વચનામૃત કર્યાં છે. ૧૦.

૧૭. स्वमार्गमर्यादानिरूपणम् ॥

भक्तिमार्गस्य मर्यादा विपरीता विशेषतः ।
विज्ञेया सर्वथा विद्वैः पूर्वधर्मविबाधनम् ॥१॥

બુદ્ધિશાળી પુરુષોયે દરેક રીતે ભક્તિમાર્ગની મર્યાદા બીજા માર્ગો કરતાં ખાસ કરીને ઉતરી છે, તેમ જાણવું. આથી આ પૂર્વધર્મની મર્યાદાથી તેને બાધ નડે છે. ૧,

धर्मस्त्यागात्मको ज्ञेयः प्रवृत्तौ शरणं मतः ।
सेवा च मानसी ज्ञेया पूजा कर्मविलक्षणा ॥२॥

આ માર્ગમાં ધર્મ તે ત્યાગસ્વરૂપે રહેલો છે, તેમ જાણવું. તે ધર્મ જ્યારે નિવૃત્તિને બદલે પ્રવૃત્તિમાં કરવાનો હોય ત્યારે તે પ્રભુના આશ્રયરૂપે રહેલો છે. આ માર્ગમાં સેવા માનસી જાણવી અને જે પૂજા છે, તે કર્મમાર્ગ કરતાં જુદાજ પ્રકારની જાણવી. ૨.

धर्मादिकरणं यत्र तदाज्ञापरिपालनम् ।
प्रमाणं भगवद्वाक्यैराचार्यैर्यदुदीरितं हि यत् ॥३॥

આ માર્ગમાં પ્રભુની આજ્ઞાને અનુસરીને ઊઠવા બેસવા, તેજ ધર્મ વગેરેનું અનુષ્ઠાન; અને પ્રમાણ તરીકે પ્રભુએ શ્રીમહાપ્રભુજી સમક્ષ પ્રકટ થઈને જે આજ્ઞા કરી તેજ. ૩.

प्रमेयो हरिरेवात्र, न स्वर्गादिकमुच्यते ।
साधनं भगवन्मार्गः, फलं साधनमेव हि ॥४॥

આ માર્ગમાં પ્રમેયવસ્તુ માત્ર પ્રભુજ છે; સ્વર્ગ વગેરે કાંઈ પ્રમેય નથી. (પ્રભુ સિવાય અન્ય કોઇની આ માર્ગના જીવને ઇચ્છા નથી.) એ પ્રમેયપ્રાપ્તિને માટે સાધન પ્રભુનો માર્ગજ છે; અને ફલ અને સાધન એકજ (સાધન અને ફલની આ માર્ગમાં અનન્યતા છે.) ૪.

फलं प्रथमतो देयमुत्तरे साधने फलम् ।
सेवाप्रवृत्तिस्त्यागो हि प्रवृत्तेर्दूरवर्तिता ॥५॥

આ માર્ગમાં ફલ એ સાધન પૂર્વેજ રહેલું જાણવું. એ પછી સાધનરૂપેજ ફલપ્રાપ્તિ છે. આ માર્ગમાં પ્રભુસેવામાં પ્રવૃત્તિ કરવી, તેજ સાચોજ ત્યાગ છે; અન્ય સર્વ પ્રવૃત્તિ આ માર્ગથી હજારો ગાઉ દૂર છે. ૫.

दैहिकं चाखिलं कृष्णसेवायै च तथैन्द्रियम् ।
विरूद्धकरणं धर्मः कृष्णेङ्गितविबोधतः ॥६॥

સર્વ દેહ સમ્બન્ધી તેમજ ઇન્દ્રિય સમ્બન્ધી જે કાંઈ કર્તવ્ય તે પ્રભુસેવા માતર છે. (કૃષ્ણસેવા સિવાય દેહ-ઇન્દ્રિયનો અન્ય કશો પણ ઉપયોગ નથી. એ આ વાક્યનો ભાવાર્થ છે.) શ્રીકૃષ્ણચન્દ્રજીએ યુદ્ધભૂમિ પર અર્જુનને જે વાત કહી, તે ઉપરથી સ્પષ્ટ થશે કે (બધા ધર્મનો સ્વીકાર કરે, જ્યારે પ્રભુના ઉપદેશે બધા ધર્મનો ત્યાગ આ) વિરૂદ્ધ કૃતિ તેજ આ માર્ગમાં ધર્મ છે. ૬.

पतदेवार्जुनव्याजाद् भगवान् स्वयमुक्तवान् ।
येनैव कृष्णसम्बन्धो धर्मः सोऽत्र निरूप्यते ॥७॥

યુદ્ધભૂમિ ઉપર અર્જુનને ઉપદેશવાને બહાને પ્રભુએ આજ વાત બતાવી છે. એટલું જ સમઝો કે જેનાથી શ્રીકૃષ્ણચન્દ્રજી સાથે સમ્બન્ધ થાય, તેનેજ આ માર્ગમાં ધર્મ કહ્યો છે. ૭.

दास्यत्वं भक्तिमार्गे हि तद्धर्मेण विधिर्मतः ।
त्यागोऽपि सफलः सोऽपि यथा भगवदिङ्गितः ॥८॥

ભક્તિમાર્ગ દાસપણામાં રહેલો છે. તે દાસધર્મથી ભક્તિમાર્ગીય વિધિવિધાન છે. જે ભક્તિમાર્ગીય ત્યાગ છે, તે પણ સફળ છે. તે ત્યાગ જે પ્રભુએ આચરી બતાવ્યો છે, તેવા પ્રકારનો છે, ૮.

यस्तुतः स्वयमेवास्य मार्गस्य त्याग इष्यते ।
सेवाकृतौ स्वदेहादिनिरपेक्षत्वमादरात् ॥९॥

બરૂ જોતાં આ માર્ગને ત્યાગ આપોઆપજ ઈષ્ટ છે; કેમકે સેવા કરવામાં આદર પૂર્વક પોતાનાં દેહાદિકની સેવકને લેશ પણ અપેક્ષા નથી. ૯.

ज्ञानमार्गपरित्यागः शून्यत्वात्स निरर्थकः ।
भक्तिमार्गपरित्यागे सर्वं भगवदर्थकम् ॥१०॥

જ્ઞાનમાર્ગમાં જે ત્યાગ કહેલો તે કોને માટે છે, તે નકકીજ ન હોવાથી નકામો છે; જ્યારે ભક્તિમાર્ગીય ત્યાગમાં તો બધુંજ પ્રભુ માટે છે. ૧૦.

परमानन्दसम्बन्धि सफलं सर्वथा मतम् ।
उपकारोऽपि संसिध्येद्देहादीनां महात्मनाम् ॥११॥

જે કાંઇ પણ પરમાનન્દાત્મક પ્રભુના સમ્બન્ધવાળું થાય, તેની દરેક રીતે સફલતાજ છે; અને દેહાદિક સર્વ ભગવદર્થ થતાં તે સર્વની કૃતકૃત્યતા પણ સિદ્ધ થાય છે. ૧૧.

सर्वत्र भगवद्बुद्धिर्भगवद्धर्मभावनात् ।
इन्द्रियाणां तथान्यस्य सम्बन्धस्य विनाशनम् ॥१२॥

બધેજ સ્થલે પ્રભુના ધર્મોનોજ વિચાર આવ્યા કરતો હોવાથી આવા ભક્તને સર્વત્ર ભગવાનજ રહેલા છે, તેવી સમઝ રહે છે. ઇંદ્રિયોનો સમ્બન્ધ તેમજ અન્યપદાર્થોનો સમ્બન્ધ આ ભગવદ્-બુદ્ધિથી નષ્ટ થઈ જાય છે. (લૌકિક સમ્બન્ધોજ રહેતા નથી.) ૧૨.

प्रपञ्चस्फूर्तिसम्बन्धेऽप्येष तद्विस्मृतिर्मना
तदर्थे भगवद्धर्माः सर्वे सर्वप्रकारतः ॥१३॥
श्रीभागवतो ज्ञेया स्यचार्यविवृतेरिह ।
अन्यथा न भवेत्स्फूर्तिस्तद्धर्माणां हि संसृतौ ॥१४॥

આ જગદાદિની સ્ફૂર્તિના વિષયની વાત કરતાં પણ તે જગદાદિનું વિસ્મરણજ આ ભક્તિમાર્ગીય ત્યાગમાં રહેલું છે. તે બાતજ દરેક પ્રકારે પ્રભુના જે સર્વ ધર્મો છે, તે શ્રીભાગવતજીમાંથી શ્રીસુબોધિનીજીદ્વારા જાણી લેવા; કારણકે પ્રભુના ધર્મોનું જ્ઞાન ન હોય તો જગદાદિમાં પ્રભુના ધર્મોની સ્ફૂર્તિ થઇ ન શકે. ૧૪.

स्वानुभावेन संसारे नाशयित्वा तु सर्वथा ।
ज्ञापयित्वा हरेर्धर्मान् भावं दत्वा तथाविधम् ॥१५॥

प्रकारमपि विज्ञाप्य भक्तेः सर्वं स्वतो बलात् ।
प्रपञ्चस्फूर्तिसहिते विस्मृतिस्वार्थसाधकम् ॥१६॥
श्रीभागवतमेवाथ सर्वेषां हि गतिर्मता ॥१६½॥

શ્રીમદ્ ભાગવતજ સર્વ ભક્તોની ખરેખર ગતિ છે. તે શું શું કરે છે ? પોતામાં ભરેલા મહાન્ અનુભવોદ્વારા દરેક રીતે ભક્તના સંસારનો (અહન્તા-મમતા બુદ્ધિથી જે દુન્યવી પદાર્થોમાં આસક્તિ રહેલી હોય છે, તેનો) નાશ કરે છે; પ્રભુના ધર્મોને બોધ કરે છે, ભગવદ્-ભાવથી ભરપૂર એવા ભાવનું દાન કરે છે; પોતાના બળથી ભક્તિના સમગ્ર પ્રકારનું જ્ઞાન આપે છે અને પ્રપञ्च-જગદાદિની જે સ્ફૂર્તિ તેમાં તેના વિસ્મરણરૂપ ઈષ્ટ અર્થને સિદ્ધ કરે છે. ૧૬½.

ज्ञात तत्फलदं, तत्र हेतुस्तद्गुरुसंश्रयः ॥१७॥
तत्र हेतुः कृपा तेषां, तत्र सान्निध्यमिष्यते ।
सान्निध्ये तत्र सम्बन्धः, स तु सेवाकृतौ भवेत् ॥१८॥

આ શ્રીમદ્ ભાગવતશાસ્ત્રનું જે જ્ઞાન થયું તો ફલદાયક થાય છે. પરન્તુ આ જ્ઞાનમાં ગુરુચરણોનો આશ્રય હેતુરૂપ છે. શ્રી ગુરુચરણોનો આશ્રય ક્યારે થાય કે જ્યારે તેઓની ભક્ત ઉપર કૃપા થાય. શ્રીગુરુચરણોની કૃપા માટે એઓશ્રીની પાસે રહેવું જોઈએ. પાસે રહીને પણ ગુરુ-શિષ્યના સમ્બન્ધે રહેવું જોઈએ. આ ગુરુ-શિષ્ય સમ્બન્ધ ત્યારેજ શક્ય કે જ્યારે ગુરુચરણોની સેવા કરવામાં આવે. ૧૮.

सेवा तदिङ्गितज्ञतेः सर्वथा तत्र सिध्यति ।
दासधर्मेण सेवायां विधिर्नेहि नियामकः ॥१९॥

સેવા ત્યારેજ સિદ્ધ થાય, જ્યારે ગુરુદેવ જે પ્રમાણે આજ્ઞા કરે તે પ્રમાણે કરવામાં આવે. અમુક વિધિથી સેવા કરવી તેવું નથી. આ તો દાસધર્મ છે, ગોટલે જે પ્રમાણે આજ્ઞા તેજ પ્રમાણે કર્તવ્ય રહે છે; એમાં કોઇ શાસ્ત્રોક્ત વિધિ નિયામક નથી. ૧૯.

यथाकथञ्चित्स्वस्वामिसन्तोषोत्पादन हितम् ।
तस्मिंस्तुष्टे फलं सर्वं सिद्धमेव न संशयः ॥२०॥

કોઈપણ રીતે પોતાના ગુરુદેવ કેવી રીતે પ્રસન્ન રહે. તેવું કરવામાં આવે તેજ હિતકર છે. ગુરૂ જો પ્રસન્ન થયા તો સકલ ફલ સિદ્ધજ સમજવાં; એમાં કોઇ જાતની શંકા ન લાવવી. (પ્રભુ ગુસ્સે થાયતો ગુરૂ બચાવે; પરંતુ જો ગુરૂ ગુસ્સે થાય તો પ્રભુયે છેટા રહે એ વસ્તુ જગજાહેર છે –हरौरुष्टे गुरुस्त्राता' गुरौ रुष्टे न कश्चन– એ પ્રાચીનકાળથી પ્રસિદ્ધ વાત છે.) ૨૦.

तस्मात्स्वमार्गमर्यादा विज्ञाय च तदाश्रितैः ।
तत्र मार्गे स्थितिः कार्या ह्यन्यथा भ्रश्यते यतः ॥२१॥

તેથી ભક્તિમાર્ગીય જીવોયે પોતાના માર્ગની મર્યાદાઓને સારી રીતે જાણી ભક્તિમાર્ગમાં સ્થિતિ કરવી. જો તે પ્રમાણે ન કરવામાં આવે તો ભક્તિમાર્ગમાંથી ભ્રષ્ટ થવાનો વખત આવે. ૨૧.

१८. स्वमार्गरहस्यनिरूपणम् ॥

'रसो वै स' इति श्रुत्या रसरूपो निरूपितः ।
स मन्तव्यः स्वशास्त्रेण यथा सिद्धस्तथा पुनः ॥१॥
द्विधा पूर्वस्तु संभोगो विरहश्च तथोत्तरः ॥१३
क्रियाप्रधानसंभोगे रसोद्बोधाय रूपिताः ॥२॥
भावास्तथोत्तरे युक्तस्वरूपमपि तादृशम् ।
भावात्मक तु, तत्प्राप्तिर्भावप्राप्तिर्न चेतरत् ॥३॥

"પ્રભુ રસાત્મક છે" એ ઉપનિષદ્--વાક્યમાં જણાવ્યા પ્રમાણે પ્રભુનું સ્વરૂપ રસઘન:છે. તેનું સ્વરૂપ આપણા શાસ્ત્ર મુજબ જે પ્રમાણે સિદ્ધ હોય, તે પ્રમાણે સ્વીકારવું. હવે એ રસ બે પ્રકારનો છે; પહેલો તે સંયોગરસ અને બીજો વિપ્રયોગ. ૧૨.

ક્રિયા જેમાં મુખ્યત્વે રહેલી છે, તેવા સંયોગાત્મક શૃંગાર-રસમાં રસને જાગૃત કરવા માટે ભાવો રહેલા છે. તેજ પ્રમાણે વિપ્રયોગાત્મક શૃંગારરસમાં જે સ્વરૂપ છે, તેવું જ ભાવાત્મક છે. (ભાવ વિના રસનિષ્પત્તિજ નથી.) આ વિપ્રયોગાત્મક સ્વરૂપની પ્રાપ્તિ એનું નામજ ભાવપ્રાપ્તિ, બીજું કાંઇજ નહીં. ૩.

स भावः सर्वथा पूर्वदेहं स्थैनानिवर्त्य च ।
विदधाम्नूतनं देहं सर्वसामर्थ्य संयुतम् ॥४॥
निष्पत्यूहं यथा तस्य वियोगानुभवो भवेत् ॥४३॥

તે ભાવ પ્રથમના શરીરને પોતાને સ્વરૂપે જ રાખીને તેને જે પ્રમાણે કોઈપણ જાતની મૂંઝવણ વિના પ્રભુના વિરહનો અનુભવ થાય તેના પ્રકારના સમગ્ર સામર્થ્યવાળા નવાજ શરીરમાં ફેરવી નાખે છે. ૪ .

स एव शब्दितः सर्वग्रन्थे रोधः प्रभुप्रियैः ॥५॥
विरोधस्तस्य सततं प्रपञ्चस्मरणेन हि ।
तद्भावो निरोधैकलीलया गुणगानजः ॥६॥

આ વિયોગાનુભવને લાયક જે સ્થિતિ, તેનેજ શ્રીમદાપ્રભુજીએ નિરોધ એવી સંજ્ઞા આપી છે. સતત પ્રપ્રંચ [જગદાદિનું સ્મરણ કરવામાં આવે તો આ નિરોધને બાધા આવે. [દુનિયાદારીમાં રચ્યા પચ્યા રહેનારાઓને આ નિરોધ સિદ્ધ થાયજ નહીં.] આવા પ્રકારનો બાધ ત્યારેજ ઉત્પન્ન ન થાય કે જ્યારે નિરોધપૂર્વક પ્રભુની લીલાઓના સ્મરણપૂર્વક પ્રભુના ગુણનું ગાન કરવામાં આવે. ૬

दैन्यभावलयैव स्यात्सुलभा भावसंगतिः ।
ब्रह्मादिदुर्लभो भावः कथं साध्यो हि तादृशैः ॥७॥
इति चिन्ताकृपायुक्तश्चकार प्रादुराननम् ।
तदाश्रयादिह प्रायः सर्वेषां तापसम्भवः ॥८॥

જો સદૈવ દીનતાની ભાવના કરવામાં આવે—જો સર્વદા દીનતાનુંજ પાલન કરવામાં આવે તો તેવા પ્રકારના ભાવની પ્રાપ્તિ થાય. આવા પ્રકારનો ભાવ તો પ્રહ્લાદજી વગેરેને પણ મુશ્કેલીથી પ્રાપ્ત થાય તેવો છે. તે સામાન્ય મનુષ્યોને સિદ્ધ કેવી રીતે થાય,

તેવી ચિન્તાવાળા પરમકૃપાળુ પ્રભુએ પોતાના મુખારવિંદના અંતર્તાપરૂપ શ્રીમહાપ્રભુજીને પ્રકટ કર્યા. તે મહાપ્રભુજીને આશરે જવાથી આગે ભાગે બધાને વિયોગાત્મક તાપક્લેશનો ભંગ થાય. [બીજો તાપક્લેશ સિવાય ભાવબ્રાહ્મિ શક્યજ નથી] ૮.

तापेन सर्वथा सर्वपरित्यागो भविष्यति ।
परित्यक्तेऽग्निले गूनं प्रपञ्चास्मरण भवेत् ॥९॥

જો તેવા પ્રકારનો તાપક્લેશ થાય તોજ સર્વ રીતે દુન્યવી સર્વ પદાર્થોનો ત્યાગ થાય. અને સર્વ દુન્યવી પદાર્થોનો ત્યાગ થાય ત્યારેજ પ્રપંચ દુનિયાનું સ્મરણ ટળી શકે. ૯.

तदस्मृतौ तदासक्तिः सर्वथैव भविष्यति ।
आसक्तौ व्यसने जाते पर किमवशिष्यते ॥१०॥

હવે જો દુન્યવી પદાર્થોનું વિસ્મરણ સિદ્ધ થયું કે તરતજ પ્રભુમાં આસક્તિ હરેક પ્રકારે થાય. અને આસક્તિ થતાં વ્યસન થઇ ચૂક્યું તો પાછી બાકી શું રહ્યું ? ૧૦

बाधिका सैव सततं न दुर्लभतमा रति. ।
अतो विधेयः सुधिया श्रीमदाचार्यसश्रयः ॥११॥

પ્રભુમાં પ્રેમ મુશ્કેલ નથી, પરન્તુ દુન્યવી પદાર્થોનું સ્મરણ જોજ ભારે બાધ કરનારું છે, માટેજ બુદ્ધિશાળી પુરુષે શ્રીમહા-પ્રભુજીનું શરણ રાખવું. ૧૧.

तस्मात्स एव मनुजैरनन्यैः साधनोज्झितैः ।
सर्वदा सर्वभावेन सेवनीयस्तदाश्रितैः ॥१२॥

તેથી શ્રીમહાપ્રભુજીને શરણે આવેલા અનન્ય અને નિરસાધન જીવોયે હમેશાં સમગ્રભાવપૂર્વક શ્રીમહાપ્રભુજીના શરણનેજ સિદ્ધ કરવું. (અથવા શ્રીપ્રભુનું સેવન કરવું.) ૧૨.

१९. मधुराष्टकतात्पर्यम् ॥

स्वरूपगुणभेदेन द्विविधं गानमुच्यते ।
स्वरूपं तु रसानन्दस्तथा लीलासमन्वितः ॥१॥

સ્વરૂપગાન અને ગુણગાન એવા ભેદે ગાન બે પ્રકારનું કહેવાય છે. પ્રભુની લીલાઓથી યુક્ત રસાત્મક જે આનન્દ, તે સ્વરૂપ. ૧.

गुणास्तु भगवद्धर्माः स्वरूपोत्कर्षहेतवः ।
ते परोक्षे हि गीयन्ते स्वास्थ्यहेतुतयात्मनः ॥२॥

ગુણો એ તો પ્રભુના ધર્મ છે અને ઉપર જે સ્વરૂપ કહેવામાં આવ્યું, તેની મહત્તાના કારણરૂપે રહેલા છે. જીવને પોતાની પ્રભુમાં આસ્થા કરવાના કારણે એ ગુણોનું ગાન પ્રભુની પરોક્ષતામાંજ થાય છે. ૨.

स्वरूपं तु तदानन्दप्रत्येकाश्रयधैस्तथा ।
तत्तल्लीलाश्रयत्वेन माधुर्येण विभाव्यते ॥३॥

તે સ્વરૂપની તો પ્રભુના આનન્દાત્મક સ્વરૂપના એક એક અંગે કરી પ્રભુની તે તે લીલાનો સમાશ્રય કરતાં જતાં મધુરતાએ કરી ભાવના કરવામાં આવે છે. ૩.

निरूप्ये ते समानेपु यदा स्थातुं न शक्यते ।
तदा तेनैव रूपेण विरहे तापसंयुतैः ॥४॥
निरूपणं रसस्यात्र माधुर्येणैव ज्ञायते ।
तस्यानुभवयेद्यत्वात्र रूपेण कथञ्चन ॥५॥

નિરૂપણ સ્વરૂપ અને ગુણો, એ બન્નેનું કરવાનું હોય છે. હવે જ્યારે એના એ અંગોમાં બન્નેનું નિરૂપણ સાથે રહી નથી શકતું ત્યારે તેજ રૂપે તાપક્લેશથી યુક્ત એવા જીવોને મધુરતાએ કરી રસનું નિરૂપણ વિરહમાં જાગે છે. રસ એ માત્ર અનુભવથીજ જાણી શકાય તેવો છે, એટલે માત્ર રૂપદર્શનથી રસનિરૂપણ કોઇપણ રીતે સમ્ભારી શકતું નથી. ૫.

अतः सम्भूय ताः सर्वाः स्वानुभूतरसात्मकम् ।
वियोगभावैः स्वं भावं वर्णयन्ति हरिं तथा ॥६॥

એટલે એ બધી લીલાઓ એકઠી થઇને વિપ્રયોગાત્મક ભાવોએ કરી પોતે અનુભવેલા રસાત્મક ભાવનું તેમજ પ્રભુનું વર્ણન કરવા માંડે છે. ૬.

तत्तल्लीलान्तरङ्गस्थाः स्मृत्वा स्मृत्वा तदङ्गकम् ।
अतो माधुर्यरूपेण रूपयन्ति परस्परम् ॥७॥

અને તેથી કરી તે તે લીલાઓમાં રહેલાં ગોપકુમારીઓ તે તે અંગનું સ્મરણ કરી તે તે અંગને મધુરતાના સ્વરૂપમાં પરસ્પર વર્ણવે છે. ૭.

एकाधरं तथैवान्या वदनं नयनं परा ।
एवमग्रेऽपि विज्ञेये सम्पूर्णे मधुराष्टके ॥८॥

એક ગોપકુમારીએ પ્રભુના અધરનું વર્ણન કર્યું. તો બીજીએ મુખનું વર્ણન કર્યું તો ત્રીજીએ નેત્રનું વર્ણન કર્યું. આમ સમ્પૂર્ણ મધુરાષ્ટકમાં આગળના શ્લોકમાંના તે તે અંગનું પણ જાણવું ૮

एतदेवास्मदाचार्यैरतिगुप्तं निरूपितम् ।
तद्भावभावनं सिध्येदेतद्ग्रन्थार्थभावनात् ॥९॥

આજ અતિ ગુપ્ત વાત આપણા શ્રીમદ્વલ્લભાધીશ્વર પ્રભુએ બતાવી છે. આ મધુરાષ્ટક ગ્રંથના અર્થની ભાવના કરવાથી પ્રભુના તે ભાવની ભાવના સિદ્ધ થઈ શકે. ૯.

तद्बोधोऽपि निजाचार्यकृपया प्रभुकारितः ।
तादृशैर्ज्ञापितो वापि भवेन्नैवान्यथा क्वचित् ॥१०॥

તે અર્થનો બોધ પ્રભુએ કરાવ્યો. શ્રીમહાપ્રભુજીની કૃપા વડે થાય કે ભગવદીયો જણાવે ત્યારે થાય; એ વિના અન્ય કોઈપણ રીતે કયાંય પણ ન થાય. ૧૦.

२० सर्वात्मभावनिरूपणम् ॥

कृष्णस्य कृपया किञ्चिद् हृदयागतया मया ।
सर्वात्मभावशब्दार्थः कश्चनात्र विविच्यते ॥१॥

હૃદયમાં આવી રહેલી પ્રભુકૃપા વડે **સર્વાત્મભાવ** એ શબ્દનો કોઈક અર્થ મારા વડે અહીં વિવેચવામાં આવે છે. ૧

सर्वेषामिन्द्रियाणां हि देहादीना तथा पुनः ।
आत्मभावो भगवति सर्वभावः स कथ्यते ॥२॥

બધી ઇન્દ્રિયોનો તેમજ દેહાદિક સર્વનો ભગવાનમા જે આત્મભાવ=અનન્યભાવ, તેને **સર્વભાવ** કહેવામાં આવે છે. ૨.

आत्मभावश्च सर्वत्र स्वसम्बन्धविचारणम् ।
स्वस्य सम्बन्धितास्फूर्तिरस्माकं भगवानिति ॥३॥

પોતાનો બીજામાં જે સમ્બન્ધ, તેનો જે વિચાર અને 'આ અમારા ભગવાન' એવી જાતનુ જે સમ્બન્ધી પણ તેની અસ્ફૂર્તિ (વસ્તુસ્થિતિયે સ્વ-પરભેદનોજ અભાવ) તેનું નામ આત્મભાવ ૩

देहेन्द्रियाणां प्रत्येकमाकाङ्क्षारहिता हरौ ।
आकाङ्क्षायां तु विषये भावसत्त्वान्न सर्वता ॥४॥

આપણાં જે દેહ-ઇન્દ્રિયો, તે પ્રત્યેકની પ્રભુને વિશે લેશ પણ આકાંક્ષા ન હોવી જોઈએ (કેમકે તેટલો દ્વિધાભાવ આવ્યો.) હવે

જો આકાંક્ષા રહે તો ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોના વિષય એવી ઇન્દ્રિયોના ભાવની સ્થિતિ રહેવાથી સર્વપણું ન થાય. ૪.

अतं एव हि तद्भावे देहाद्यस्फूर्तिरुच्यते ।
स्फूर्त्या तत्रापि चे भावो भवेत्पोषादिहेतुकः ॥५॥

અથી કરીનેજ સર્વાત્મભાવમાં દેહાદિકની સ્ફુરણા ન હોવી જોઇયે, તેમ કહેવામાં આવે છે. હવે જો સ્ફુરણા થયા કરતી હોય તો તેને ઇન્દ્રિયોના પોષણાદિક (ને તેના વિષયની સમ્પૂર્તિ) ના કારણરૂપ રહેલો દ્વૈતભાનવાળો ભાવ થાય. ૫.

तथैव विषयत्यागः सर्वतासाधनाय हि ।
कामभावे कामफले भावतो नहि सर्वता ॥६॥

સર્વપણાને સિદ્ધ કરવા માટેજ ઇન્દ્રિયોના વિષયોનો ત્યાગ છે, કામ-વિષય હોયતો કામનું ફળ થાય અને તેવા કામભાવથી (જેમાં વિષયાપેક્ષા રહેલી છે, તેવી સ્થિતિથી) સર્વપણું સિદ્ધ ન થાય. ૬.

'अहं भगवतः सर्वं' इति सर्वात्मभावनम् ।
'प्रभुर्ममे' भावो हि कामभावो यतो मतः ॥७॥

સર્વાત્મભાવનો અર્થ એ કે 'હું સમગ્ર પ્રભુનોછું'. તેથી ઉલટું કામભાવ એ કે 'પ્રભુ મારા છે.' (પહેલામા ઇંદ્રિયોના વિષયોનો ત્યાગ છે, નિઃસ્વાર્થતા છે, જ્યારે પાછલામાં વિષય-સમ્પૂર્તિની ઇચ્છા રહેલી છે.) ૭.

अतो विचारवैर्भेदः कामसर्वात्मभावयो. ।
बोद्धव्यः श्रीमदाचार्यकृपयाऽतिविचक्षणैः ॥८॥

આથી અતિ વિચક્ષણ એવા વિદ્વાનોએ શ્રી મહાપ્રભુજીની કૃપાથી કામભાવ અને સર્વાત્મભાવનો ભેદ જાણવો. ૮.

सर्वात्मभावसाध्यो हि स्वरूपानन्द उच्यते ।
तद्वतामत एवात्र भावानन्दो निरूपित. ॥९॥

સર્વાત્મભાવથી સાધી શકાય એવો જે આનંદ તે સ્વરૂપાનન્દ કહેવાય છે આથીજ જેને સર્વાત્મભાવ હોય તેનેજ અહીં ભાવાનન્દ છે તેમ કહેવામાં આવ્યું છે ૯

भावस्वरूपमेयास्ति: भेदयोर्येन भिन्नता ।
कामभावे बहिस्थे तु स्पष्टा बुध्येत भिन्नता ॥१०॥

—આ બન્નેય ભાવનુંજ સ્વરૂપ છે, પણ બન્ને વચ્ચે જે ભેદ બતાવવામા આવ્યો છે, તેનાથી બન્ને વચ્ચે ભિન્નતા છે કામભાવ અલગ રહેલો છે (પ્રભુ ભાગ છે અને દૂર જુદો એ રીતે,) તેથી બન્ને વચ્ચેની ભિન્નતા સ્પષ્ટ રીતે સમજી શકાય છે (સર્વાત્મભાવમાં પ્રભુથી અનન્યતા છે—હું પ્રભુનોજ છું મારૂં કશુજ નથી, ત્યા ઈન્દ્રિયોના વિષયોની સમ્ભાવનાજ ક્યા રહી?) ૧૦.

अभेदोऽपि स्वरूपस्य कामाद्याश्रयबोधनात् ।
कामभावफलं नित्य सख्योगः प्रभुणा मतम् ॥११॥
यतस्तथैव तत्रास्ति ह्यपेक्षा कामभावने ॥११½॥

જે કોઈ બન્ને વચ્ચે અભેદ દેખાય છે, તે સકામ ઇચ્છાથી સ્વરૂપના આશ્રયની વાત છે, તેટલા પૂરતોજ. કામ ભાવનું ફલ પ્રભુ સાથેનો નિત્ય સંયોગ, એ છે, કેમકે કામભાવમાં તેવાજ પ્રકારની—પ્રભુ સાથે સંયોગ રહે તેવા પ્રકારની—ઈચ્છા રહેલી હોય છે. ૧૧½.

सर्वात्मभावे सतत सर्वत्यागात्मके मतम् ॥१२॥
स्वस्य सम्बन्धितारूपे भावप्राप्ति फलं पुनः ।
अनपेक्षत्वतो नैव कामादि दीयते फलम् ॥१३॥

સર્વ વસ્તુઓના ત્યાગના સ્વરૂપમા રહેલા, તેમજ પોતાના પ્રભુ સાથેના વિશિષ્ટ પ્રકારનો સમ્બન્ધ જેમા છે, તેવા સર્વાત્મ-ભાવમા ભાવપ્રાપ્તિ એજ સતત ફલ છે આમા કોઈપણ પ્રકારના ફલની અપેક્ષા ન હોવાથી કામાત્મક કોઈપણ પ્રકારનુ ફલ પ્રભુ તરફથી દેવામા આવતુ નથી ૧૩.

स्वरूपमेव देय हि, स भाव श्रुतिसम्मत ।
अत. सर्वात्मभावस्य फलभावो न चान्यथा ॥१४॥

આમા તો સ્વરૂપદાનજ રહેલુ છે. તે સર્વાત્મભાવ વેદસમ્મત છે; કેમકે આ સર્વાત્મભાવનો ફલભાવ અન્ય કોઈપણ પ્રકારનો નથી ૧૪.

स चानपेक्षितारूपो यश्च नापेक्षिता हरे. ।
विरहे भाववैकल्यात्सापेक्षत्वं कथञ्च न ॥१५॥

જ્યાં પ્રભુને કોઇપણ જાતની અપેક્ષિતા નથી, તેવા પ્રકારનો અપેક્ષિતાના સ્વરૂપવાળો આ સર્વાત્મભાવ છે વિરહને લીધે જ્યા

ભાવજ્ઞ ઠગોગાર્ષ જાય છે, તો અપેક્ષિત। [સ્વામિપણું] દોષજ નથી. ૧૫.

'सन्त्यज्य सर्वविषया निरपत्र निरपेक्षिता ।
स्वरूपनिरपेक्षत्वं वियोगे दृश्यते हरेः ॥१६॥

વેણુનાદથી પ્રભુએ ગોપાંગનાઓને બોલાવ્યાં અને ગોપાંગનાઓ વનમાં આવ્યાં ત્યારે પ્રભુએ તેઓને ચાલ્યાં જવાનું કહ્યું તે વખતે ગોપાંગનાઓએ પ્રભુને વીનતી કરી કે–'અમે તો સમગ્ર વિષયનો ત્યાગ કરી આપના ચરણારવિંદમાં હાજર થયાં છીએ.' (ભા. ૧૦–૨૯–૩૧), આ સ્થળે ભક્તજનોનું નિષ્કામપણું સ્પષ્ટ છે, પ્રભુનો જ્યારે વિરહ થયો ત્યારે સ્વરૂપવિષયક નિષ્કામપણું પણ સ્પષ્ટ દેખાય છે. ૧૬.

अत एवोद्धवैकान्तं दौत्येन व्रजमागतैः ।
'सर्वात्मभावोऽधिकृतो...विरहेणे'ति तद्वचः ॥१७॥

આથીજ દૂતના કાર્ય માટે વ્રજભૂમિમાં પધારેલા ઉદ્ધવજીએ શ્રીવ્રજાંગનાઓની સ્થિતિ જોઈ 'તમે વિરહ વડે કરીને અધોક્ષજ [પ્રભુમા સર્વાત્મભાવ પ્રાપ્ત કર્યો છે' [ભા. ૧૦–૪૮–૨૭], એ પ્રકારનું વચન કહ્યું છે ૧૭.

अतः सर्वात्मभावो हि 'त्यागात्मोपेक्षया युतः ।
भावस्वरूपफलकः स्वसम्बन्धप्रकाशकः ॥१८॥

એટલેજ સર્વાત્મભાવ ત્યાગની અપેક્ષાવાળો છે, તેમજ ભાવ–

સ્વરૂપના ફલરૂપે રહેલો અને પોતાના પ્રભુ સાથેના વિશિષ્ટ પ્રકારના સમ્બન્ધને પ્રકારિત કરનારો છે. ૧૮.

देहादिस्फूर्तिरहितो विषयत्यागपूर्वकः ।
भावात्मकोऽमसम्बन्धिरमणादिक्रियः सदा ॥१९॥
स्वतन्त्रभक्तिशब्दाख्यः फलात्मा ह्यायतां जनैः ॥१९½॥

વળી આ સર્વાત્મભાવ દેહાદિકની સ્ફૂર્તિ વિનાનો, વિષયોનો જેમાં ત્યાગ પ્રથમજ છે, તેવો, માત્ર ભાવાત્મક કામસમ્બન્ધમાં જે સ્મરણાદિ તેની જેમાં ભાવાત્મક ક્રિયા [ક્રિયાની ભાવના માત્ર, અન્ય કક્ષાએ [Practical]] નહી, ફલાત્મક, સ્વતન્ત્ર ભક્તિ શબ્દથી વ્યવહાર કરાતો છે, તેમ મનુષ્યોએ જાણવું. ૧૯½.

प्रवृत्तिः कामभावेऽस्ति, निवृत्तिस्तु द्वितीयके ।
अधिकं लेखितुं नैव शक्यते मन्दबुद्धितः ॥२०॥

કામભાવમા પ્રવૃત્તિ છે, જ્યારે આ સર્વાત્મભાવમાં સર્વ પ્રકારની નિવૃત્તિ છે. મારી મન્દ બુદ્ધિને લીધે વિશેષ લખવાની મારામા શક્તિ નથી ૨૦.

स्वाचार्यकृपयाभिज्ञैः सदा तद्भावभावुकैः ।
सुबोधिनीदर्शकैः स विज्ञेयस्तु स्वसा जनैः ॥२१॥

શ્રીસુબોધિનીજીનું પરિશીલન કરનારા, હમેશાં ભગવદ્ ભાવનીજ ભાવના કરનાર વિદ્વાનોએ પોતાની મેળજ શ્રીમદાપ્રભુજીની કૃપાએ કરી આ સર્વાત્મભાવને સમઝી લેવો. ૨૧.

२१. निवेदनतात्पर्यार्थः ॥

अथ निवेदनवाक्यार्थस्तु-सृष्ट्यादावेव जीवाः स्वतो भगवता सृष्ट्यर्थं भिन्नाः कृताः; तेषां ततःप्रभृति भगवता सह भगवदंशानां वियोगोऽस्त्येव, न पर तापशलेशः, सम्बन्धाभावात्; सम्बन्धस्तु प्रपञ्चासक्तिनिवृत्त्या भवति; सा तु यावद्देहसम्बन्धमहन्तामम्तयोरविद्याकार्ययोः सत्तन्न भवितुं शक्नोति, अतो यन्नाहन्तामम्तयोर्बाध-

---

१. अक्षरांशदेवा द्विविधाः। केवलमर्यादायां स्थिताः साधनपरास्तेषां मुक्तिरेव फलं, ये च मर्यादापुष्टावङ्गीकृतास्तेषां सर्वसाधनत्यागपूर्वकशरणागतौ क्रियमाणसेवनायां सेवाफलोक्तफलसिद्धिः। अन्येषां चासुराणां प्रकृतिजन्यानां संसारनिश्चयेनान्धन्तमःप्रवेशरूपा मुक्तिः, न हि तेषां भगवत्प्राप्तिसम्बन्धगन्धोऽपि; 'मामप्राप्यैव कौन्तेय' इत्यादिवचनात् ॥ तत्पुस्तकस्थं टिप्पणम् ।

૧. અક્ષરખંડના અંશો: દિવ અંશો બે પ્રકારના છે. તેમાંના એક તો કેવલ મર્યાદામાંજ રહેલા છે; તેઓ વેદ વગેરેમાં વર્ણવેલાં સાધનો કરીને મોક્ષરૂપ ફલને પ્રાપ્ત કરે છે. તેઓને મોક્ષજ ફલ મલે છે, અધિક નહિ. જેઓનો મર્યાદાપુષ્ટિમા અંગીકાર થયેલો છે, તેઓ તો મર્યાદાનાં સર્વ સાધનોને તિલાંજલિ આપીને પ્રભુને શરણે જાય છે; અથવા તો મર્યાદામાર્ગનાં સાધનોજ તેવા જીવોને છોડીને ચાલ્યાં જાય છે; શરણે ગયા પછી તે જીવો પ્રભુની સેવા કરે છે અને સેવા કરતાં કરતાં રસમય પ્રભુ સાથે અનેક અલૌકિક

कत्वं भविष्यतीति पुनः सम्बन्धसिद्धिः, तया पुनर्देहादेः पाकेन मृदादेः कार्यक्षमत्वमिव भगवत्कार्योपयोगित्वं भवतीत्यलमुत्तया ॥

इति श्रीहरिदासोदितो निवेदनतात्पर्यार्थः ॥

ભાવાર્થ–આત્મનિવેદનનો વાક્યાર્થ આ પ્રમાણે છેઃ વાક્યાર્થ એટલે નિવેદનમંત્રમાં જે શબ્દો કે અક્ષરો રહેલા છે, તે સર્વનું રહસ્ય, તેનો ભાવાર્થ, એજ નિવેદનનો વાક્યાર્થ એને શ્રીહરિદાસ-ચરણ સ્પષ્ટ કરે છેઃ

I

એકોઽહં બહુ સ્યાં, એકાકી ન રમતે, સ દ્વિતીયમૈચ્છત્ એ શ્રુતિ-વાક્યને આધારે પ્રથમતો પ્રભુયે સૃષ્ટિ રચવાની ઇચ્છા કરી. રમણ કરવા માટે સૃષ્ટિ રચે છે એમ ઉપનિષદ્ કહે છે. રમણ કેમ બની શકે? સર્વત્ર એકજ ભગવાન્ છે. ભગવાન્ ભગવાન્ સાથે રમણ કેમ કરે? એ શંકા થતાં શ્રુતિ કહે છે કે પ્રભુ પોતે રમણ કરવા બહુ-રૂપે થાય છે સૃષ્ટિ રચવા માટે પોતાનામાંથી જ અનેક જડજીવાદિ પ્રકટ કરે છે. જીવો સ્વસ્વરુપ હોવાથી સૃષ્ટિ કરવાની પ્રભુ જ્યારે ઇચ્છા કરે છે, ત્યારે તે જીવોને પોતાનાથી જુદા કરે છે. જ્યારથી

આનંદમય ભોગો ભોગવે છે, એ સેવાફલ ગ્રંથમા કહેલા ફલની તેઓને પ્રાપ્તિ થાય છે. જેઓ પ્રકૃતિ-માયામાંથી ઉત્પન્ન થયેલા છે, તેવા અસુરોને તો સંસારમાં ભમવાનો નિશ્ચય થયેલો હોવાથી તે લોકોને અધંતમસ નામના મહાનરકમાં પ્રવેશ કરવારૂપ મુક્તિ મલે છે. તે લોકોને પ્રભુની પ્રાપ્તિના સંબંધનો ગન્ધ પણ નથી; કેમકે પ્રભુ જ શ્રીમુખે ગીતામાં આજ્ઞા કરે છે કે 'હે અર્જુન, તે આસુર જીવો મને પ્રાપ્ત કર્યા વિનાજ અધમ ગતિને પ્રાપ્ત થાય છે. તેઓને આસુર યોનિમાં જ હું પટકું છું.'

ભગવદ્ સ્વરૂપ જીવો જુદા થાય છે, ત્યાંથી પ્રભુથી તેઓ વિખૂટા પડે છે પ્રભુનો વિયોગ પ્રાપ્ત થાય છે જુદા પડવા ત્યાંથી પ્રભુનો સંબંધ છૂટયો અને વિયોગજ રહ્યો ભગવાનથી વિખૂટા થાય તો પણ તેઓને તાપક્લેશ નથી થતા, વિયોગ હોય તો તાપક્લેશ થવો જોઈએ, પરંતુ વિયોગ ભલા, બુજારો વર્તોનો વિયોગ છતા જીવોને લેશ પણ પ્રભુને મળવા માટે તાપ કે ક્લેશ કાંઈ થતુ નથી કારણ શું ? કારણ એજ કે પ્રભુનો સંબંધ નથી જ્યાંથી વિખુટા પડયા ત્યાંથી પ્રભુ સાથેનો તાર તૂટયો, સંબંધ છૂટયો, હવે પ્રભુના વિયોગને લઈને થવો જોઈતો તાપક્લેશ કેમથી થાય ? થોડો પણ પ્રભુનો સંબંધ રહ્યો આવતો હોય તો તેઓને પ્રભુનો વિયોગ સાલશે આવે અને પ્રભુની પ્રાપ્તિ માટે આર્તિ ઉદ્ભવે સમજવું જ્યાં સંબંધ જ્યાં નથી, ત્યાં પ્રભુપ્રાપ્તિ માટે તાપક્લેશની ઉત્પત્તિ ક્યાંથી ?

વિયોગ પ્રાપ્ત થયા પછી પ્રભુનો સંબંધ કેવી રીતે થાય? એ પ્રશ્નના ઉત્તરમાં આપશ્રી આજ્ઞા કરે છે કે પ્રપંચમાં જતેની આસક્તિ દૂર થયા પછી પ્રભુનો સંબંધ થાય છે પ્રપંચમાં જ્યાં સુધી આસક્તિ લાગી પડે છે ત્યાંસુધી પ્રભુનો સંબંધ સંભવિત નથી માટે તાક્ દૂર થયે પ્રભુનો સંબંધ થાય છે

પ્રપંચમાં એટલે લોકમાં રહેલી આસક્તિ દૂર કરવામાં એ આડી ફાવે છે, એક તો અહંતા અને બીજી મમતા એ બેની માતા અવિદ્યા એટલે અજ્ઞાન અજ્ઞાનથી માણ્ક તાક્ ઉદ્ભવે છે સમસ્ત જગત પ્રભુએ બનાવ્યું સ્થાન છે એમાંના સર્વ પદાર્થો પ્રભુને બનાવ્યાનાં રમકડાં છે, તે બધા પ્રભુના છે, પ્રભુજ તેના માલીક છે, આ અજ્ઞાનને વશ થઈને દુર્બુદ્ધિ જીવો એને પોતાના

માની લે છે, અને દુઃખી થાય છે; ત્યારે જ્યાંસુધી અવિદ્યાએ ઉત્પન્ન કરેલી એ લૌકિક અહંતા અને મમતારૂપ પિશાચિનીઓ બોલી છે, ત્યાંસુધી લૌકિકમાંથી જીવની આસક્તિ દૂર થવાની નથી. જ્યારે જ્યારે અહંતા અને મમતાને બાધ થશે ત્યારે ત્યારે પ્રપંચમાં રહેલી આસક્તિ દૂર થશે, અને ફરીને પ્રભુનો સંબંધ થશે. તાત્પર્ય આ છેઃ માયાની બે પુત્રીઓ, એક વિદ્યા અને બીજી અવિદ્યા, અવિદ્યામાં ફસાઇને જીવ પોતાનું સ્વરૂપ ભૂલી જઇને લૌકિકમાં અહંતા મમતા બાંધે છે. પ્રભુએ અહંતા મમતાનું મૂલ કારણ જે માયા, તેને જીતવાનું સરલ સાધન બતાવ્યું છે. ગીતામાં શ્રીમુખે આજ્ઞા કરે છે કે, મામેવ યે પ્રપદ્યન્તે માયામેતા તરન્તિ ત-મને જે શરણે આવે છે, તે જ માયાને તરી જાય છે. પ્રભુને શરણે જવાથી એ માયાનો જય થાય છે. માયાનો જય થવાથી અવિદ્યા રહેતી નથી. અવિદ્યા દૂર થતાં તેની બે પુત્રીઓ અહંતા મમતા પલાયન કરી જાય છે. અર્થાત્ જે જે પદાર્થોને 'મારા તારા' માનવામાં આવતા તે સર્વ પદાર્થો પ્રભુને સોંપી દઇને, પ્રભુના જ માનીને, પોતાને પણ 'હું એમ સ્વતન્ત્ર ન માનતાં' પ્રભુનો દાસ છું, એમ જાણીને ભાગવત્સેવામાં પ્રવૃત્તિ થાય છે. એથી પ્રભુનો સંબંધ ફરીને સિદ્ધ થઈ ગયો એમ સમજી લેવું. જ્યારે પ્રભુનો સંબંધ થયો, ત્યારે સેવાનો અધિકાર પ્રાપ્ત થયો જેમ કાચી માટીના ઘડાને પકવ્યા પછી જલ લઈ આવવા વગેરે કાર્યમાં જેટલી શક્તિ છે તેમ પ્રભુનો સંબંધ સિદ્ધ થયા પછીજ દેહ, ઇન્દ્રિય વગેરેનો પાક થાય છે. એ પાક તાપક્લેશરૂપ વિયોગાગ્નિથી થાય છે, પહેલાં સંબંધ થતાંજ 'હું પ્રભુથી જન્મારો વર્ષથી વિખૂટો પડયો છું' આવું ભાન જ્યારે થાય છે, ત્યારે પ્રભુને મળવા માટે અત્યંત આર્તિ થાય છે, તે આર્તિ વિયોગરૂપ મહાગ્નિમા પરિણામ

પામે છે, અને તે અલૌકિક અગ્નિ વડે લૌકિક દેહ, ઇન્દ્રિય વગેરે જ્યારે પાકે છે, શુદ્ધ બને છે, ત્યારે તે દેહ, ઇન્દ્રિય વગેરે પ્રભુનાં કાર્યમાં ઉપયોગી થાય છે. આથી વધારે શું કહીએ ? એટલું જ બસ છે.

(પુ. ભ. સુ. વ. ૬ અંક ૩-૪)

२२. स्वमार्गमूलनिरूपणम् ॥

अथ श्रीकृष्णाश्रयदनपदाम्भोजप्रसादतः ॥
प्रभुस्वरूपविषये किंचिदत्र निरूप्यते ॥१॥

હવે શ્રીકૃષ્ણચંદ્રજીના મુખારવિંદના અવતારરૂપ શ્રીમદાચાર્ય-ચરણોના ચરણકમલની કૃપાથી પ્રભુના સ્વરૂપના વિષયમાં કાંઈક અહીં કહેવામાં આવે છે. ૧.

'रसो वै स' इतिश्रुत्या सरसात्मतयोदितम् ॥
तत्र कृष्णे मतिः कार्या ग्रहणादेन सर्वथा ॥२॥

"रसो वै सः"—તે પ્રભુ રસરૂપ છે, એ ઉપનિષદ્—વાક્ય અનુસાર પ્રભુનું સ્વરૂપ રસાત્મક કહેવામાં આવ્યું છે, તેવા પ્રકારના શ્રીકૃષ્ણચન્દ્રજીમાં પ્રહણવાદના સિદ્ધાન્ત અનુસાર દરેક રીતે બુદ્ધિ કરવી. ૨.

ब्रह्मघादे हि भगवानानंदाकार उच्यते ॥
तन्मात्रमुखपादादि सर्वं तत्र निरूप्यते ॥३॥

બ્રહ્મવાદમાં ભગવાનને આનન્દાકાર કહેવામાં આવે છે. તે પ્રભુનાં મુખ-ચરણ વગેરે સર્વ આનન્દરૂપ કહેવામાં આવે છે. ૩.

कोटिकदर्पलावण्यरूपं चानंद एव हि ॥
ऐश्वर्याधिगुणाः सर्वे तद्रूपा नैव संशय. ॥४॥

કરોડો કામદેવોના લાવણ્યનું એકત્ર મળેલ રૂપ આનન્દમાં જ રહેલ છે. ઐશ્વર્ય વગેરે બધા ભગવદ્ગુણો આનન્દાત્મકજ છે, એમાં કાંઈ પણ સંશય નથી. ૪.

तथाविधाकृति ब्रह्मात्मकत्वं जगतः स्मृतम् ॥
मुख्यो हि जगदाकारो ब्रह्माकारो निरूपितः ॥५॥
घटकुंडयाद्याकृतीनां वाचारंभणतोच्यते ॥
आनंदो हि ब्रह्मवादे सर्वत्राकारबोधकः ॥६॥

તેવું આનન્દાકાર બ્રહ્મસ્વરૂપાત્મક સ્વરૂપ જગતનું છે. મુખ્ય એવો જગદ્રૂપ આકાર બ્રહ્માકાર કહેવામાં આવ્યો છે; ઘડો, કુંડ એ વગેરે આકૃતિનાં નામ એ વાણીનો આરમ્ભ થયો, વેદવા પૂરતાં જ છે. બ્રહ્મવાદમા જ્યાં જ્યા આનન્દ શબ્દનો પ્રયોગ છે, ત્યાં ત્યાં તે આકારનો બોધક છે. ૫-૬.

न किंचिदीदृश यस्तु निराकार तु यद्भवेत् ॥
साकारब्रह्मरूपत्वात्तदाकारेण साकृति. ॥७॥

એવી કોઈપણ વસ્તુ નથી કે જેને આકાર જ ન હોય. બ્રહ્મ સાકાર હોવાથી તે બ્રહ્મના આધારે સમગ્ર જગત સાકાર છે. ૭.

अत एवोक्तमाचार्यैर्निबंधे तत्त्वदीपके ॥
'अखंडं कृष्णवत्सर्वं'मिति निर्गलितं वचः ॥८॥

આથીજ શ્રીતત્ત્વદીપનિબન્ધમાં શ્રીમદાચાર્યચરણોએ, સર્વના નિષેધરૂપ વાક્ય કર્યું છે કે 'કૃષ્ણરૂપ એવું આ સર્વ અખંડ છે.' ૮

'भगवद्धर्मशक्तीनामिति तद्रूपतोच्यते ॥
सर्वस्वरूपमानंदस्तदाकारस्तदाकृतिः ॥९॥

પ્રભુના ધર્મો અને શક્તિઓ પ્રભુરૂપ છે, સર્વ સ્વરૂપાત્મક આનન્દ છે. એટલે આનન્દનો જે આકાર તે પ્રભુનો આકાર. ૯.

एवं रसात्मकं ब्रह्म साकारं ज्ञेयमास्तिकैः ॥१२॥

આમ રસાત્મક એવું જે બ્રહ્મ તેને આસ્તિકોએ સાકાર (આનન્દાકાર) જાણવું જોઈએ.

रसश्च द्विविधः सिद्धस्तच्छास्त्रे यादृशस्तथा ॥१०॥
संयोगविप्रयोगाभ्यां शृंगारो विनिरूपितः ॥
संयोगश्च विरहः स्वरूपान्मेति निश्चयः ॥११॥

રસશાસ્ત્રમાં જેવા પ્રકારનો રસ કહેવામાં આવ્યો છે, તે રસ બે પ્રકારનો સિદ્ધ છે. તેજ રીતે શૃંગાર રસ, સંયોગ અને વિપ્ર-

યોગ એમ બે પ્રકારનો છે. સંયોગ રસની ભાવાત્મક વિપ્રયોગ રસ શૃંગારરૂપ છે, એવો નિશ્ચય છે. ૧૧.

इयानेष विभेदो हि मंतव्यस्तत्स्वरूपयोः ॥
क्रियात्मकस्तु संयोगो लोकवेदनिरूपितः ॥१२॥
विप्रयोगस्तु भावात्मा केवलानुभवैकदृक् ॥१२३॥

શૃંગારરસનાં આ બે સ્વરૂપનો આટલોજ ભેદ જાણવોઃ— સંયોગ રસ ક્રિયાત્મક છે અને તે લોક અને વેદમાં કહેવામાં આવેલો છે; જ્યારે વિપ્રયોગ રસ ભાવાત્મક છે અને કેવલ અનુભવ-થીજ જેનું સ્વરૂપ તેવો છે (અનુભવગમ્ય તેવો છે). ૧૨૩.

भावात्मकस्वरूपस्य प्रभोर्व्रजस्थिताः ॥१३॥
सदा तदेकसद्भितास्तद्रूपा न हि संशयः ॥
तस्य सर्वैव सामग्री मंतव्या हि तथाविधा ॥१४॥

ભાવાત્મકસ્વરૂપ પ્રભુના વ્રજમાં રહેલા ભાવાત્મક પદાર્થો કહ્યા છે તે એકજ ભાવથી યુક્ત છે, અને તેઓ ભગવદ્રૂપ-ભાવ-રૂપ છે. તેમાં કોઇ જાતની શંકા નથી. આપશ્રીની બધીજ સામગ્રી ભાવરૂપ છે- તેમ જાણવું. ૧૪.

कदाचिन्मूललीलायाः कर्तुः प्राकट्यमीक्षितुः ॥
श्रुतिष्वग्निकुमारेषु तत्फलप्रापणेच्छया ॥१५॥
स्वदत्तधरसाफल्यविधानाय विशेषतः ॥
स्वभावात्मव्रजजनाः प्रथमं प्रकटीकृताः ॥१६॥

કોઇવાર પ્રભુને મૂલલીલાનું પ્રાગટય કરવાની ઇચ્છા થતાં શ્રુતિરૂપ અગ્નિકુમારોને ભાવરૂપ ફલ અપાવવાની ઇચ્છાથી ફરી ખાસ કરી પોતે આપેલા વરદાનને સફલ કરવા માટે પોતાના ભાવાત્મક ગોપજનોને પ્રકટ કર્યાં. ૧૫-૧૬.

संयोगात्मा स्वयंजातो वसुदेवगृहे ततः ॥
नंदगेहे समागत्य भावात्मव्रजसंश्रयम् ॥१७॥
गोपिकाभावरूपं स्वमात्मानं स्वस्थितं व्यधात् ॥
स्वस्थितेन स्वरूपेण सततं रमते व्रजे ॥१८॥

ત્યારે સંયોગરસરૂપ પોતે શ્રીવસુદેવજીના ગૃહમાં પ્રકટ થયા અને આપશ્રીએ નન્દના ઘરમાં આવીને ભાવાત્મક વ્રજભૂમિના આશ્રયરૂપ રહેલ ગોપિકાભાવરૂપ પોતાનાજ આત્માને સારી રીતે સ્થિતિવાળો કર્યો. સારી રીતે સ્થિર થયેલા તે રુપે પ્રભુ વ્રજમાં સતત વિહાર કરે છે. ૧૭-૧૮.

श्रुतीनामग्निपुत्राणां प्रथमाधिकृतिर्यतः ॥
अतः क्वचित्क्वचित्तस्याविर्भावोऽत्र निरुप्यते ॥१९॥

શ્રુતિરુપ અગ્નિકુમારોનો અધિકાર પ્રથમ હોવાથી અહીં વ્રજમાં ક્યાંક ક્યાંક ભગવદ્રૂપનો આવિર્ભાવ કહેવામાં આવ્યો છે. ૧૯.

यथा स्वरूपसेवायां कदाचिद्रुपदर्शनम् ॥
देहस्य भौतिकत्वेन तथाऽत्रापि विमुच्यताम् ॥२०॥

સ્વરૂપસેવા કરતાં કરતાં કોઇ સમે અસલ રૂપનાં દર્શનમે

થઈ જાય; તેજ રીતે આ દેહ ભૌતિક હોવાથી ક્રોધ સમયે અડી જવાથી અસલ રૂપનાં દર્શન થઇ જાય; એમ જાણો. ૨૦.

लीलां कृत्वा प्रमाणादिफलप्रकरणावधि ॥
निरोधेन तथाऽविद्यां सपर्वां विनिधार्य च ॥२१॥
स्वानंदं पूरयित्वैव शरीरमनआदिषु ॥
श्रुतयोऽग्निकुमाराश्च निर्दोषानंदरूपिणः ॥२२॥
कृपास्तेषां ततो भावं केवलं विरहात्मकम् ॥
आत्यंतिकवियोगाख्यं मुक्त्यापि फलमूर्ध्वगम् ॥२३॥
फलं दत्त्वा भावरूपा व्रजस्थाः स्वस्थिताः कृताः ॥
अक्रूरनयने प्रोक्ता अन्ययाभावमापिताः ॥२४॥
सिद्धं विदित्वा भगवान् तत्प्राकट्यप्रयोजनम् ॥
'प्रायः प्राणा' इति श्लोके तास्तत्रैव ह्यनूदिताः ॥२५॥

તામસ પ્રમાણ પ્રકરણથી માંડી તામસ ફલપ્રકરણ સુધીની (અ. ૪થી ૩૫સુધીની) કથામાં લીલા કરી, નિરોધે કરી પાંચ પર્વવાળી અવિદ્યાને ટાળી, શરીર મન વગેરેમાં નિજ આનન્દની પૂરણી કરે- શ્રુતિરૂપ અગ્નિકુમારોને પ્રભુએ નિર્દોષ આનન્દરૂપ કર્યા. ત્યારપછી તેઓને કેવલ ભાવરૂપ આત્યન્તિક વિયોગ નામનું વિરહરૂપ અને મુક્તિ કરતાંયે જે પર ફલ તેઓને વટાવી જતું ઉત્તમ ફલ આપી ભાવાત્મક એવાં તે વ્રજવાસીયોને પોતામાં નિરુદ્ધ કરી લીધાં. અક્રૂરજી પ્રભુને પધરાવવા આવ્યા ત્યારે જે ગોપાઙ્ગનાઓની વાત કહેવામાં આવી છે, તેઓને પ્રભુએ તેઓના પ્રાકટ્યનું કારણ

સિદ્ધ થયેલું જતની ગોપદા આવાને પમાડયાં " प्रायः प्रागात् [भा. १०] "એ શ્લોકમાં જેના પ્રકારની ગોપીજનોની વાત કહેવામાં આવી છે. २१-२५.

:तुलयोऽग्निकुमारास्तु स्वात्मरूप व्रजस्थिताः ॥
आत्यंतिकस्वविरहफलभाजस्तथा हताः ॥२६॥
अतर्गृहगताः स्वस्मिन् क्रियारूपेणवेशिताः ॥
तेषां स्वयिसरेव्यस्मान्निष्काश्य रमण पुनः ॥२७॥
प्रवेशनित्यसंयोगारूपेणच व्यवस्थितिः ॥२७½

શ્રુતિરૂપ અગ્નિકુમારો કે જે પ્રભુરૂપ વ્રજની અન્દર રહેલા હતા, તેઓને અત્યન્ત પોતાના વિપ્રયોગરૂપ ફલનાં અધિકારી કરવામાં આવ્યાં. તેમાં જે વેણુનાદ થતાં ઘર બહાર ન નીકળી શકયાં, તેઓનો ક્રિયારૂપે પ્રભુએ પોતામા અવેશ કરાવ્યો. અનુકૂળ સમયોગ મળતાં તે અન્તર્ગૃહગતાને પોતામાથી બહાર પધરાવી તેઓની સાથે રમણ કરે આ પ્રવેશ થતાં નિત્ય સંયોગરૂપેજ રમણ છે, તેમ જણાવ્યું. २६-२७½

भावरूपास्तु तेनैव रूपेणेति विबुध्यताम् ॥२८॥
उभयोः साकृतिश्चं हि मतश्च ब्रह्मवादिभि. ॥२८½॥

ભાવાત્મક તો તેજ રૂપે એમ જાણો. આ બન્ને પ્રકારનાં [પ્રવેશ થતાં નિત્ય સંયોગરૂપ અન્તર્ગૃહગતા અને ભાવાત્મક શ્રુતિરૂપા]ને બ્રહ્મવાદીયોયે સાકાર માનવાં. २८½

सर्वाधारो लोकवेदप्रथितः पुरुषोत्तमः ॥२९॥
तदाधारोऽक्षरतस्य प्रपंचस्तद्गतैः पुनः ॥
जीवैरक्षरतो ज्ञेयस्तदतीतः परः पुमान् ॥३०॥

લોક અને વેદમાં પ્રસિદ્ધ એવા જે પુરુષોત્તમ એ સર્વના આધારરૂપ છે. તે પ્રભુનો આધાર અક્ષરબ્રહ્મ છે. અક્ષરબ્રહ્મનો આધાર પ્રપંચ [જગત]. તેજ જગતમાં રહેલા જીવોયે અક્ષરથી પર એવા પરપુરુષને જાણવો. ૩૦

ततः श्रीगोपीकावृंदगूढभावः परो हरिः ॥
श्रीमदाचार्यकृपया विज्ञेयः कृष्ण एव हि ॥३१॥

શ્રીમદાચાર્યચરણોની કૃપાયે કરી શ્રીગોપીજનોના સમૂહના ગુઢભાવરૂપ હરિ શ્રીકૃષ્ણને તે પર પુરુષ કરતાંયે પર જાણવા. ૩૧.

मूलरूपसंशयनिराकरणम् ॥

सदा श्रुतीनां कृपया मूलरूपप्रदर्शकः ।
रसात्मकस्वरूपात्मगोपीजनसमन्वितः ॥१॥
तथाभूतव्रजश्रीमद्गोवर्धनविलासकृत् ॥
यथा ह्यग्निसुतान्सर्वान्कृपया कोसलेन्द्रतः ॥२॥

अनुगृह्य स्वरूपात्मभक्तावेश विधाय च ॥
तदा तद्रूपतापत्तौर्मूललीलापरायणः ॥३॥
यथा वा पूर्वरूपेऽपि स्वयमाविश्य सर्वतः ॥
मूलरूपेण कृतवाँल्लीलास्तद्वरस्य हरिः ॥४॥
तथा श्रुतिषु सर्वासु भावात्मा स्वीयरूपताम् ॥
सम्पाद्य मूलरूपेण रमते साद्दशीषु चै ॥५॥

જે પ્રમાણે સદૈવ અનુગ્રહ વડે શ્રુતિયોના મૂલરૂપને બતાવનાર રસરૂપસ્વરૂપવાળાં ગોપાંગનાઓથી યુક્ત, તેવાજ પ્રકારના રસાત્મક સ્વરૂપવાળા પ્રભુ અને શ્રીગિરિરાજ-તેમાં ક્રીડા કરનાર મૂલલીલા કરનારા પ્રભુએ રામચન્દ્રજીદ્વારા અનુગ્રહથી સર્વ અગ્નિકુમારોને નવાજી સ્વરૂપાત્મક ભક્તનો આવેશ તેમાં કરી અસલ રૂપ સાચવ્યાં અથવા તો પ્રથમના સ્વરૂપમાં ચારેબાજૂથી આપશ્રીયે મૂલરૂપે રહી લીલાઓ કરી, તેજ પ્રમાણે ભાવાત્મા પ્રભુ પણ તેજ સમગ્ર શ્રુતિ-યોમાં પોતાના સ્વરૂપને પધરાવી-તદ્રૂપ કરી તેવી તદ્રૂપ શ્રુતિ-રૂપાઓમાં રમણ કરી રહ્યા છે. ૧-૫.

आश्रयत्वे तथाभावे प्रभोस्तत्र तथात्र हि ॥
उभयोर्भावरूपत्व मन्तव्य ब्रह्मवादिभिः ॥६॥

અગ્નિકુમારોના વિષયમાં આશ્રય મુખ્ય રૂપે રહેલો છે, તેજ રીતે આ શ્રુતિરૂપાઓના વિષયના રમણમાં પ્રભુ અને ગોપાંગનાઓ ભાવાત્મક છે, તેમ બ્રહ્મવાદીયોયે જાણવું. ૬.

मुख्यशक्तिस्वरूपं तु स्त्रीभावो हरिरूच्यते ॥
तत्र स्त्र्यंशः परा शक्तिर्भावांशः कृष्णशब्दितः ॥७॥

મુખ્ય શક્તિના સ્વરૂપે રહેલો સ્ત્રીભાવ તે પણ પ્રભુજ કહ્યા છે. તેમાં સ્ત્રી-અંશ છે, તે પર શક્તિ અને ભાવ-અંશ છે, તે કૃષ્ણ. ૭.

यथा हि सर्वभावात्मा कृष्णः सापि च तादृशी ॥
विशिष्टस्यैव सर्वेषां कृष्णस्य हृदयेस्थितेः ॥८॥
ह्ययोर्मिलितयोर्वाच्य मन्मथत्वमभेदतः ॥
द्विपत्रत्वाद्रसस्यालम्बने त्रैविध्यमुच्यते ॥९॥

જેવી રીતે પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજી સર્વભાવરૂપ છે, તેજ રીતે તે શક્તિ પણ સર્વભાવરૂપ છે, બધાં ગોપાઙ્ગનાઓથી યુક્ત શ્રીકૃષ્ણચન્દ્રજી હૃદયમાં વિરાજે છે, ત્યાં શક્તિ અને પ્રભુ એકરૂપ થતાં અભેદે કરી કામદેવપણું છે; માત્ર રસ દ્વિદલ હોવાથી રસના આલમ્બનમાં દ્વિવિધતા કહેવામાં આવે છે. ૮-૯.

यत्र हि संशयः सर्वच्छेत्तव्यः प्रभुसंश्रितैः ॥
विशिष्टे गोकुलाधीशरूपे सर्वत्र सर्वथा ॥१०॥

આ પ્રમાણે પ્રભુના આશરે આવેલા ભગવદીયોએ બધે સ્થળે બધી રીતે આવા પ્રકારના શ્રીગોકુલાધિશસ્વરૂપમાં થતા સર્વ સન્દેહને દૂર કરવા. ૧૦.

२४. श्रीमत्प्रभुप्राकट्यहेतुनिर्णयः ॥

भक्तिमार्गे भगवतः प्राकट्यं फलमुच्यते ॥
परमानंदरूपत्यात्तदाविर्भवनं तया ॥१॥

ભક્તમાર્ગમાં પ્રભુનું પ્રકટ થવું, તેજ ફલ કહેવાય છે પ્રભુ પરમાનન્દરૂપ હોવાથી (અને આનંદ એજ પરમ ફલ હોવાથી) પ્રભુનું પ્રકટ થવું તે ફલરૂપ છે. ૧.

तत्र हेतुर्भक्तदुःख, रूपचित्तयके हरेः ॥
अवतारोऽपि भक्तानां दुःखादेव हरेर्मतः ॥२॥

પ્રભુનું પ્રાકટ્ય થવામાં હેતુ ભક્તનું દુઃખ હોય છે. પ્રભુના બાલ્ય કૈશોર અને પૌગણ્ડ એ ત્રણે રૂપોમાંપણ પ્રભુનો અવતાર ભક્તોની તકલીફને આભારી હોય છે. ૨.

'भवदुःखविनाशाय' त्यशोक्तं प्रभुभिस्तथा ॥२३॥

આ વાત શ્રીમદ્પ્રભુજીએ 'भवदुःखविनाशाय –પ્રભુ સંસારનાં દુઃખોના નાશ માટે પ્રકટ થાય છે,' તે પ્રસંગમાં કોઈ સ્થળે તેવી વાત કહી છે.

यदान्यधिष्ठिते दुःख भक्तानामिह जायते ॥३॥
तदासुरविनाशायावतरत्यञ्जसा हरिः ॥३३॥

જ્યારે ભક્તોને કોઇ અન્ય અસુરાદિકથી ઉત્પન્ન થયેલા

દુઃખનો પ્રસંગ સાંપડે છે, ત્યારે તેવા અસુરોનો સંહાર કરવાને માટે પ્રભુ તરત પ્રગટ થાય છે. ૩½.

कामेन यत्र तद्दुःखं स्वरूपविषयं मतम् ॥४॥
आविर्भावो भवेत्तत्र हरेः पूर्णरसात्मनः ॥४½॥

કામે કરી જ્યાં તેવા પ્રકારનું દુઃખ પ્રભુના સ્વરૂપને પ્રાપ્ત કરવાના વિષયમાં હોય છે, ત્યાં તેવા પૂર્ણ રસઘન પ્રભુનું પ્રાકટ્ય થાય છે. ૪½.

यत्रैव सहजस्नेहाद्दुखं तत्र स्वयं हरिः ॥५॥
मूलरूपेण करुणस्तदर्थं प्रकटो भवेत् ॥५½॥

જ્યાં સહજ સ્નેહને અર્થે દુઃખ થયેલું હોય છે, ત્યાં કરુણાના સાગર પ્રભુ પણ જ મૂલ સ્વરૂપે પ્રકટ થાય છે. ૫½.

यथा प्रार्थनया देवकीवसुदेवयोः ॥६॥
काम्यया श्रुतिरूपाणां सहजस्नेहतो ह्यभूत् ।
अतो भक्तगत दुःख प्राकट्ये हेतुरुच्यते ॥७॥

—દાખલા તરીકે બ્રહ્માજી-પૃથ્વી-દેવતાઓ વગેરેયે જઈ પ્રભુની પ્રાર્થના કરી, એટલે પ્રભુએ શ્રીદેવકી-વસુદેવને ત્યાં પ્રાકટ્ય લીધું. જ્યારે શ્રુતિરૂપા ગોપાંગનાઓની કામનાએ કરી સહજ સ્નેહને લીધે પ્રભુ પ્રકટ થયા; માટેજ ભક્તને રહેલા દુઃખનેજ પ્રભુના પ્રકટ થવામાં હેતુ કહેવામાં આવે છે. ૭.

दुःखं तु विरहादेव जायते नान्यथा पुनः ।
विरहोऽपि तदा दुःखहेतुर्हृदि यदि स्फुरेत् ॥८॥

દુઃખ છે, તે પ્રભુના વિરહે કરીને થાય છે; બીજી રીતે નહીં. વિરહ પણ દુઃખના કારણરૂપ ત્યારેજ થાય કે જ્યારે તેની સ્મૃતિ હૃદયમાં થાય. [હૃદયમાં વિરહ વ્યાપી ન જાય ત્યાંસુધી દુઃખનો અનુભવ નથીજ થતો.] ૮.

तत्स्फूर्तिस्तेन भगवत्सम्बन्धो द्विविधो मतः ।
देहभावविभेदेन, तत्राद्यो हरिणा स्मृतः ॥९॥

વિરહની સ્ફુર્તિ થાય, તેથી કરીને દેહ અને ભાવના ભેદે કરી પ્રભુ સાથેનો સમ્બન્ધ બે પ્રકારનો હોય છે. તેમાંનો જે દૈહિક છે, તેની વાત પ્રભુએ 'ધર્મગ્લાનિ વખતે સાધુઓના રક્ષણ માટે અવતાર લઉં છું,' તેવી રીતે [ગીતાજીમાં] કહી છે. ૯.

अवतारो द्वितीयः स्यात्परोक्षाध्यक्षयोरपि ।
यथा पत्या स्त्रिया भावसम्बन्धो, नहि दैहजः ॥१०॥

બીજો ભાવને લીધે અવતાર છે, જે પ્રભુ પરોક્ષ રહીને અનુભવાવે અથવા પ્રત્યક્ષ રહીને પણ અનુભવાવે; ઉદાહરણ તરીકે પતિ સાથેનો સ્ત્રીને ભાવજનિત સમ્બન્ધ હોય છે, નહીં કે દેહજનિત. [કટાક્ષનો સાથેનો સમ્બન્ધ એ ભાવજનિત છે. ત્યાં વિપ્રયોગ એ પરોક્ષ અને સંયોગ એ પ્રત્યક્ષ અનુભવ છે.] ૧૦.

स जायते निरूपधिः स्यत्सर्वस्वनिवेदनात् ॥१०½॥

આ અમાપ અને અપાર લાભ પ્રભુને નિજ સર્વસ્વનું સમર્પણ કરવાથી ઉત્પન્ન થાય છે. ૧૦½.

यथा कन्या स्वसर्वस्व निवेद्य च निजाग्रहात् ॥११॥
गृह्णाति तद्गतं भावं परोक्षे तापरूपिणम् ।
तथाग्रापि स्वसर्वस्वं निवेद्य स्वाग्रहादपि ॥१२॥
ऊरीकृत्य च तद्भावं परोक्षे तापरूपिणम् ।
तस्यानुभावतः कृष्णप्राकट्यं हृदये मतम् ॥१३॥

જે પ્રમાણે કન્યા પોતાના આગ્રહે કરી પતિદેવને પોતાના સર્વસ્વનું સમર્પણ કરી પરોક્ષમાં પતિના વિરહના-તાપ કલેશરૂપી-ભાવનો સ્વીકાર કરે છે, તેજ પ્રમાણે અહીં પોતાના આગ્રહથી પણ પોતાના સર્વસ્વનું પ્રભુને સમર્પણ કરી પરોક્ષમાં વિપ્રયોગાત્મક તાપ-કલેશરૂપી પ્રભુવિષયક ભાવનો સ્વીકાર કર્યે ભક્તના અનુભવે કરી ભક્તને પોતાના હૃદયમાં શ્રીકૃષ્ણચન્દ્રજીનું પ્રાકટ્ય થાય છે. (બન્ને પ્રકારના પ્રાકટ્યમાં આમ હું.પ એજ પ્રભુ પ્રાકટ્યનું કારણ છે). ૧૩.

२५. श्रीपुरुषोत्तमस्वरूपाविर्भावनिर्णयः ॥

अथ स्वाचार्यचरणावलम्बनबलान्मया ।
पुरुषोत्तमरूपाधिभावि किञ्चिन्निरूप्यते ॥१॥

હવે શ્રીમદાચાર્યચરણોના આશ્રયના બળે કરી શ્રીપુરુષોત્તમના સ્વરૂપના આવિર્ભાવ વિષયમાં હું કાંઈક કહું છું:— ૧.

रसात्मकः श्रुतिशिरः सिद्धः स पुरुषोत्तमः ।
रसः शृङ्गार एवास्ति नाट्यसिद्धान्तसम्मतः ॥२॥

વેદ-વેદાન્તથી સિદ્ધ થયેલા તે શ્રીપુરુષોત્તમ પ્રભુ રસાત્મક છે (रसो वै सः-તે પ્રભુ રસરૂપ છે, એ વગેરે બૃહદારણ્યક ઉપનિષદાદિનાં વાક્યો અહીં પ્રમાણ છે.) નાટ્યશાસ્ત્રના સિદ્ધાન્તે જેને સમ્મતિ આપી છે, તેવો રસ તે માત્ર શૃંગારરસ છે. ૨.

अन्येषु रसता नैव मन्यन्ते भरतादयः ।
शृङ्गाररससम्बन्धादन्येऽपि स्यु रसा इति ॥३॥

શૃંગારરસના સમ્બન્ધને લીધેજ બીજા રસો રસ છે, આવી સ્થિતિને લીધે ભરત વગેરે નાટ્યશાસ્ત્રના આચાર્યો બીજા રસોમાં સાચું રસપણું માનતાજ નથી. ૩.

यथैवोपकृतिः सर्वा महतां स्वर्णनिर्मिता ।
शृङ्गारस्य तथा कार्ये रसा एवोपयोगिनः ॥४॥

સમૃદ્ધ પુરુષોના શૃંગારનાં સર્વ સાધન જે પ્રમાણે સોનાનાંજ બનાવેલાં હોય છે, તેજ પ્રમાણે શૃંગારરસના કાર્યમાં બીજા રસો ઉપયોગી છે. ૪.

स एव श्रुतिवाक्यैकवाक्यतायलतः स्फुटः ।
साकारः सच्चिदानन्दो विरुद्धाखिलधर्मभृक् ॥५॥

रूपवानखिलाधारोऽनन्तशक्ति स्वभावत ।
अप्राकृतनिजानन्दरूपदेहेन्द्रियादिक ॥६॥

શ્રુતિના સમગ્ર વાક્યોની એકવાક્યતાના બળે હરી પ્રભુ એ તેજ આત્મક પ્રભુ આકારમાં છે, સત્-ચિત્-આનન્દસ્વરૂપ છે, સ વિરુદ્ધ ધર્મો (અણુથી અણુ, મહાનથી મહાન, વગેરે) ના આશ્રય રૂપવાળા સર્વના આધારરૂપ, અનન્ત શક્તિવાળા, સ્વભાવે કરી અપૌકિક એવા પોતાના આનન્દમય દેહ-ઇન્દ્રિય વગેરે વાળા છે પ-

स शास्त्रे द्विविध प्रोक्त सम्योगो विरहस्तथा ।
नमे यथा तारतम्य सम्योगाद्विरहे तथा ॥७॥
तत्स्वरूपेऽपि मन्तव्य भक्तानुभवत स्फुटम् ॥७½॥

તે ગ્રન્થ શાસ્ત્રમા સમ્યોગ નામે વિપ્રયોગ એમ બે પ્રકારનો કહ્યો છે ગ્રન્થમા સમ્યોગ શૃંગારથી વિપ્રયોગ શૃંગારનો જેમ ભેદ છે તેજ પ્રમાણે આત્મક પ્રભુના સ્વરૂપમા પણ ભક્તોનો એ પ્રકારનો અનુભવ હોવાથી સ્પષ્ટ રીતે ભેદ જાણવો ૭½

पूर्वोऽखिलस्य शास्त्रीयक्रियाधारस्तथोत्तर ॥८॥
भावात्मा भावरूपैकक्रियामात्राश्रय स्मृत ॥८½॥

સમ્યોગ શૃંગારમા જે પ્રમાણે સમગ્ર રસશાસ્ત્રની ક્રિયાઓના આધારરૂપે રહેલો છે, તેજ પ્રમાણે વિપ્રયોગ એ ભાવાત્મક છે તેમજ એકરૂપ સમગ્ર ક્રિયાઓના આશ્રયરૂપે રહેલો છે. ૮½

लोकवेद प्रसिद्धो हि पूर्वस्तस्मात्तथा मत ॥९॥

श्रुतिसिद्धाखिलनखमयांघारो जगत्पति ।
चतुर्व्यूहादिसहित सर्वाश्चर्यमयो हरि ॥१०॥
उक्तो गूढभावत्वाद् भक्तैकरक्ष्यभ्यिन ।
अनुभूतिप्रमाणैकवेद्यो मानान्तगनिग ॥११॥
अनन्तकोटिलीलानामाश्रयो नित्यनूतन ॥१२॥

જે પ્રમાણે પૂર્ણ ઐશ્વર્યશૃંગારમય લોક અને વેદમાં પ્રસિદ્ધ છે, તેમજ ઐશ્વર્યશૃંગારમય પ્રભુ મૂર્તિમાં સિદ્ધ જણાય છતાં ધર્મો ॥ બાધા કરે, જગત હેતુ કાર્ય જે તેના વાસુદેવ-સંકર્ષણ-પ્રદ્યુમ્ન-અનિરુદ્ધ એ ચાર ચતુર્વ્યૂહ સમગ્ર આકૃતિઓના ધામરૂપ છે ॥ ૫, વ્યાપ્તિ વિનયોગ શૃંગારાત્મક પ્રભુ જ્ઞાનના ગૂઢપણાને લીધે જ્ઞાન શક્તિઓનાજ હૃદયમાં સ્થિતિ કરી રહેતા, માત્ર અનુભવરૂપ એવા પ્રમાણથી જાણી શકાય તેવા જ્ઞાન માત્ર પણ પ્રમાણોથી જાણી ન જાય તેવા, અનન્ત કરોડો લીલાનો ॥ આશ્રયરૂપ અને નિત્યનવા એવા ૭ ૧૨½

प्रकृत सर्वरूपेण प्रादुभावो हरेर्मत ॥१२॥
व्यवस्था तत्र रचिता श्रीमदाचार्यपण्डितै ॥१२½॥

આ પ્રસંગથી માંડીને સમગ્ર ૧૩ મે પ્રભુનું પ્રાકટ્ય થયું છે શ્રીમદ્ આચાર્યજીએ તે વિષયમાં ખુલાસો આપ્યો છે — ૧૨½

लोकवेदप्रसिद्धस्तु व्यूहयुक्तो हरिस्तथा ॥१३॥
वसुदेवगृहे जातो वाक्यसत्यत्वसिद्धये ॥१३½॥

લોક અને વેદમાં પ્રસિદ્ધ એવા પ્રભુ વસુદેવજીને ઘેર જન્મમાં

આપેલા વાક્યને સત્ય કરવાને માટે આવે વ્યૂહ સાથે વસુદેવજીના ઘરમાં પ્રકટયા છે. ૧૩.

व्यूहत्रयस्य तत्राग्नि कार्यं, तद्धि निरूपितम् ॥१४॥
तत्रात एव व्यूहानामाविर्भावोऽपि रूपितः ॥१४½॥

ત્રણ વ્યૂહનું કાર્ય બતાવ્યું છે અને તે ત્યાં ત્યાં બતાવાયું છે. તે તે સ્થળે આ માટેજ જુદા જુદા વ્યૂહનું પ્રાકટ્ય પણ કહેવાયું છે. ૧૪½.

वासुदेवस्य कार्यं तु व्रजेऽप्यस्ति न संशयः ॥१५॥
पूतनादिमहादैत्यमुक्तिदानाभिरूप्यते ॥१५½॥

વાસુદેવ વ્યૂહનું કાર્ય વ્રજમાં છે, તેમાં સંશય નથી. પૂતના વગેરે મહાન દૈત્યાદિનો વધ કરી તેઓને મુક્તિ આપવાના કાર્યથી વાસુદેવ વ્યૂહની આર્યતા છે ૧૫½

अग्रे राजन्यदैत्यानां मारणं यन्निरूपितम् ॥१६॥
तत्सङ्कर्षणरूपेण भूभारहरणं मतम् ॥१६½॥

આગળ રાજન્ય પ્રકરણમાં દૈત્યોનાશવાળા કંસાદિ રાજાઓનો જે વધ કરવામાં આવ્યાનું કહેવામાં આવ્યું છે, તે ભૂભારહરણ સંકર્ષણ વ્યૂહના ગણેલ છે. ૧૬½

अतो हि वासुदेवास्य शुद्धसत्त्वात्मकः परः ॥१७॥
आविर्भावाय कृष्णस्य प्रादुरासीद्वितीयते ॥१७½॥

ગાયી શુદ્ધ સત્ત્વ સ્વરૂપાત્મક પર પ્રભુ વાસુદેવ નામે અંશ રૂપથી
અવતાર ॥ પ્રાકટ્યને માટે પ્રકટ થયેલા, જેમ કૃષ્ણાય ૬ ૧૭

भावात्मा तु भवत्येव शुद्धे सत्त्वे स्वयं प्रभु ॥१८॥
इति बोधयितुं वासुदेवोत्पत्तिर्निरूपिता ।
तमादाय शुकनोक्त'मुत्पन्न' इति सिद्धवत् ॥१९॥

' ભાવાત્મક શુદ્ધ પ્રભુ તો પોતે શુદ્ધ સત્ત્વ સ્વરૂપ હોવા છે,' એવું બતાવવા વસુદેવ વ્યૂહની ઉત્પત્તિ કહી ૬ આ વાત ધ્યાનમાં રાખીને જ સિદ્ધ વાત ॥ એવું શુકદેવ કહ્યે(ભાગ-૧૦ પ-૧ મા) આત્મજ ઉત્પન્ન થયો' એમ કહ્યું છે ૧૮

स्तन्योत्पत्तिश्च तेनैव न प्रभोर्भाव ऋपत ।
इयमेव खलूत्पत्ति शुद्धे सत्त्व स्थितिर्हरे ॥२०॥

માતાને ધાવણ ઉત્પન્ન થયું, તે વાસુદેવ વ્યૂહ ઉત્પન્ન થયા તે માટેજ ભાવાત્મક હોવાથી પ્રભુને માટે ધાવણ-ઉત્પત્તિ ન હોય શુદ્ધ સત્ત્વ સ્વરૂપ પ્રભુ ॥ જે સ્થિતિ થઇ તેજ આ ઉત્પત્તિ ૨૦

आविर्भाव तदवाच्य मन्वार्थैरुपवर्णितम् ।
अन्यथा भावरूपस्य का वाच्योत्पत्तिशङ्किता ॥२१॥

પ્રભુનું પ્રાકટ્ય થયું તે વાતનો શ્રીમદ્ પ્રભુચરણે તેજ રીતે ખુલાસો કર્યો છે આમ ન હોય તો ભાવરૂપ પ્રભુ 'ઉત્પન્ન થયા, જેમ કે પ્રસંગમાં આવે તે રીતે માન્ય થાય ' ૨૧

अत्र 'आत्मन जुत्पन्न' इति तल्लक्षणतया ।

युज्यते नान्यथा मासादुत्पत्ते मतिवर्णनम् ॥२१॥
कथ च विप्रतावस्मदाचार्याणा हि युज्यते ॥२२॥

આર્યાર્ધ (પાંચમા અધ્યાયના આરંભમા) 'पुत्र उत्पन्न अयो,' એ ત્રી નન્દબાબાને પુત્ર જન્મ થાય છે, એટલે આમ ન હોય તો શ્રીમદાચાર્યજીએ શ્રીસુબોધિનીમા 'पुत्र प्रथम उत्पन्न थया,' તે વાતનો ખુલાસો આપ્યો છે, તે કેમ સંગત થાય ? ૨૨મું.

वासुदेवस्तु भक्तानामन्त करणमूर्तिमान् ॥२३॥
तमादो म्याश्रयीकृत्य भावात्मा व्यक्तता गत ॥२३॥

આખો ॥ અન્ત કરણની મૂર્તિ ના ॥ ભાવાત્મક વાસુદેવ તેજ પ્રથમ પુત્રનો પ્રથમ આશ્રય કરી વ્યક્ત થયા ૨૩મું

अन उत्सवगीतेषु सोऽजनत्वेन कीर्तिन ॥२४॥
त्रिवृत च तथा ताभिर्ज्ञातमित्यस्मदीश्वरै ॥२४॥

આર્યાર્ધ ગોપાંગનાઓએ જન્મોત્સવને પ્રસંગે જે મંગળગીતો ગાયા, તેમા પ્રભુ જાજન = અજન્મા થયા છે (ખુલ્લો ભાગ ૧૦-૫-૧૨ - તા આશિષ सिञ्चत्योऽजनमुज्जगु -આશીર્વાદ દેતી . અજન્મા એવા પ્રભુના વિષયમા ગાયા લાગી) શ્રીમદાચાર્ય પ્રભુશ્રીએ શ્રીસુબોધિનીમા સ્પષ્ટ કહ્યુ છે કે- 'गोपाङ्गनाओ ते वात જાણી ગયેની ' આ ॥૫॥ અજન્મા છે ' ૨૪મું

एतदेवोक्तमाचार्यमायया सह सूर्यया ॥२५॥
नन्दगेहे मूलरूप स जात पुत्रपोक्तम ॥२५॥

શ્રીગદ્યપ્રબૃદ્ધયે તેજ વાત કહી છે કે — પ્રકાશિત યોગમાયાએ કરી મૂલરૂપ પુરુષોત્તમ પ્રભુ નન્દના ઘરમાં પ્રકટ્યા. કહે.

एतस्यैव क्रमोः पूर्वरूपस्यानकदुन्दुभेः ॥२६॥
गृहेऽवतारश्चाद्यो हि नन्दगेहं समागतः ॥
स एव गतिसिद्ध्यर्थं बभूव प्राकृतः शिशुः ॥२७॥
यशोदेन्सङ्गलितमूलप्रतिकृतित्वतः ॥२७½॥

આજ પૂર્વરૂપવાળા પ્રભુનો પહેલો વસુદેવજીના ઘરમાં થયેલો અવતાર નન્દના ઘરમા આવ્યો. ગતિની સિદ્ધિ કરવા તેજ પ્રભુ વસુદેવ સગલ યશોદાજીના ખોળામાં લાડ લડવાની મૂલસ્વરૂપાગક્ત સ્થિતિની કરકર હોવાથી એક સામાન્ય બાળકરૂપે થઇ ગયા. ૨૭½.

गमनानन्तरं तत्र भावरूपेण योजनम् ॥२८॥
अत एव हि संयोगवियोगानुभवो मतः ॥२८½॥

પ્રભુ નન્દજીનાં પધાર્યા પછી એ સ્વરૂપ ભાવાત્મકજ રહ્યું. આથી કૃષ્ણને પ્રથમ સંયોગ અને વિપ્રયોગનો અનુભવ થયો ૨૮½.

केवलस्तु ततः पश्चात्पूर्वस्मिन् मथुरां गते ॥२९॥
वासुदेवोऽपि तन्नास्ति सर्वमेकीभवत्तदा ।
ज्ञानिनामपि भक्तानां मोहमुत्पादयन्मनः ॥३०॥

કેવળ વિપ્રયોગાત્મક સ્થિતિ પછીથી થઇ તે પૂર્વે પ્રભુ મથુરાજી પધાર્યા ત્યારે ત્યાં વાસુદેવ આદિ પ્રથમથીજ હતા; તે બન્ને

સ્વરૂપ એકરૂપ થઈ ગયાં. આવાજ આ સ્વરૂપ મહાન જ્ઞાની વાચકોને બોધ કરાવનારે છે. ૩૦.

एवं सर्वं चरित्राणां सन्निवेशोऽपि संस्थति ।
अतो भावात्मनो लीला क्वचिदेव निरूपिता ॥३१॥

આજ રીતે જો ખુલાસો કરવામાં આવે તો પ્રભુનાં બધાં ચરિત્રોના વિષયમાં બોધ મળે. ભાવાત્મક સ્વરૂપની લીલા તો કોઈ કોઈ વાજત નિરૂપાયેલી છે (ત્યારે અવતારલીલા તો અનેક થયેલ છે.) ૩૧.

यद्यङ्गलंत्यादिपद्येष्वेषा भावात्मिका मता ।
एवं विज्ञेयमखिले श्रीमदाचार्यसंश्रितैः ॥३२॥

' વંશરના (આ. ૧૦- -) એ પ્રમુખ વગેરેમાં પ્રભુની ભાવનાત્મક લીલાનું નિરૂપણ છે. આ પ્રમાણે શ્રીમદાચાર્યચરણોના આશ્રિત વૈષ્ણવોએ બધું સમાધાન જાણવું. ૩૨.

जीवाशक्यं सर्वथैव यद्यप्येतन्निरूपितम् ।
तत्प्रसादप्रभावेण हरिदासेन रूपितम् ॥३३॥

કોઈ રીતે જીવ કદાપિ ન નિરૂપી શકે તેવી જાતની આ વાત જે અહીં કહેવાઈ છે, તે આ હરિદાસે શ્રીમહાપ્રભુજીની કૃપાના પ્રભાવ વડેજ કહી છે. ૩૩.

इति कृष्णस्वरूपस्याविर्भावोऽत्र विवेचितः ।
विज्ञाय तं तदीयास्तन्निस्सङ्गाः सम्भवन्तु हि ॥३४॥

આ પ્રમાણે અહીં ગૌ શ્રીકૃષ્ણચન્દ્રજીના સ્વરૂપના આવિર્ભાવનું વિવેચન કર્યું છે. તે બધેબધા ભગવદીયો પ્રભુમા નિષ્ઠ થાય. ૩૪.



२६. स्वमार्गीयभावनास्वरूपनिरूपणम् ।

(અનુવાદ-શ્રી. ચીમનશાસ્ત્રી, આદિત્યભાણ, શુદ્ધાદ્વૈતવેદાન્ત)

निवेदितात्मभिर्नित्य स्वमार्गीया तु भावना ।
भाव्या भावप्रधानत्वात्प्रकारो निरूप्यते ॥

मूलम्—प्रायाहिकांतेऽपि चरम्युरपेक्षैवोचिता तदा ।
एवं विज्ञाय सततं स्थेयं वै साधवानिभिः ॥३९॥

सेवापरैः कथासक्तैः सत्संगपरिशोधकैः ।
त्याज्यव्यापारहितैर्भगवद्भावभावुकैः ॥४०॥

दैन्यमाप्तधिया नैत्यकालापवर्जितैः ।
श्रीकृष्णदीनाद्यार्तैर्निचार्यांघ्रिनाश्रितैः ॥४१॥

અર્થ—અને ભગવદ્ભક્તો પણ બહિર્મુખને છોડી દેઈ પ્રપાદમાં હોય તો તેની પણ ઉપેક્ષા કરવી ઉચિત છે. આ પ્રમાણે જાણીને સેવામાં તત્પર, ભગવત્કથામાં આસક્ત, સત્સંગના શોધક, વ્યર્થ વિષયોના વ્યાપાર રહિત, ભગવદ્ભાવનો રસ જાણનાર, માત્ર દૈન્ય વડે સાધનથી વિરામ પામેલા અમદાલાપ રહિત, શ્રીકૃષ્ણના આશ્રિતોની આકાંક્ષાથીજ પીડિત, • અને શ્રીગાચાર્યચરણનો આશ્રય રાખનારે પુરુષોએ નિત્ય નિરંતર સાવધાનપણે સ્થિતિ કરવી.

વિવેચન—પ્રપાદનું સ્વરૂપ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં આપ્યું છે. તેમાં કહ્યું છે કે પ્રપાદમાં રહેલા જીવો આસુરી છે. તેઓ ધર્મમાં પ્રવૃત્તિ અને અધર્મથી નિવૃત્તિને જાણતા નથી. એટલે ધર્મમાં પ્રવૃત્ત થવું, અને અધર્મથી નિવૃત્ત થવું તે તેઓ જાણતા નથી. તે કારણથી તેઓમાં પવિત્રતા, આચાર કે મર્યાદા હોતું નથી

પ્રભુ ભક્તિ ભણેલા જ્ઞાનનો સંગ કરવો યોગ્ય નથી. ભક્તજનોએ એવા જ્ઞાનની સોબત અવશ્ય તજવી જોઇએ, એટલું જ નહિ પણ જે પૂર્વે ભક્તિમાર્ગમાં હોય તે પાછળથી જ્ઞાનમાં ભણી ગયેલો હોય તો તેનો સંગ પણ તજવા યોગ્ય છે.

દીનતા ભાવથી અહંતા ગુને મમતાનો નાશ થાય છે માટે અન્ય સ્થળે શાસ્ત્રકારજી કહે છે કે ભક્તિમાર્ગમાં જે સાધનોથી દૈન્ય સારી રીતે સિદ્ધ થાય તે સાધનો અવશ્ય કરવા યોગ્ય છે, અને જેથી દૈન્યનો નાશ થાય તે સર્વ વિરોધી છે એમ જાણવું. (શિક્ષાપત્ર ૩૩-૧૫) વળી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ સુબોધિનીજીમાં કહેલું છે કે,

भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम् ।

ભક્તોને શ્રીહરિને પ્રસન્ન કરવાનું મુખ્ય સાધન દીનતાજ છે ૩૮-૮૧.

यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥
केनापि न सिद्धोऽहं निजाचार्यकृपाबलात् ।
यत्सत्यं भयत्यागेन विवृतं स्फुरितं हृदि ॥१॥

૪૫. कामाख्यदोषनिवरणम् ॥

૧. ઉપક્રમ

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ પાપોએ જ્યાંસુધી હૃદયમાં ન આવે ત્યાંસુધી હૃદય કદાપિ શુદ્ધ થતું નથી; અને તેવા અશુદ્ધ હૃદયમાં પ્રભુનો વાસ કદાપિ થતો નથી. ગમે તે માર્ગ કે સંપ્રદાયદ્વારા ભગવત્પ્રાપ્તિનો પ્રયત્ન કરવામાં આવે, પરન્તુ જો ઇન્દ્રિયો ઉપર કાબૂ ન હોય તો સર્વ પ્રયત્ન ખારી જમીનમાં બી વાવવાનો પ્રયત્ન કરી નોંધારી કરવાના નિષ્ફળ પ્રયત્ન જેવા થાય છે. આ બધાંયે ૭૭ દોષોમાં કામ પ્રથમ છે; બધા દોષોનું મૂળ જો દોષ છે; કોઈપણ ઇન્દ્રિયોના વિષયોની પૂર્તિ ન થવાને કારણે જીવન અનર્થો એક પછી એક ઉત્પન્ન થાય છે. પ્રભુની ગાનમી સેવા સિદ્ધ કરવામાં પરમ બાધક કોઇ દોષ જો તે કામજ છે. શ્રીહરિરાયજીએ કૃપા કરી આ ગ્રન્થમાં કામ, પર સ્વરૂપ બતાવવાનો અનુવાદ કર્યો છે:—

दोषेषु प्रथमः कामो विविच्य विनिरूप्यते ।
यस्मिन्नुत्पद्यते तस्य नाशकः सर्वथा मनः ॥१॥

ઉપનિષદમાં ઇન્દ્રિયોને ઘોડા કહ્યા છે. 'આત્માને તું રથી જાણ; શરીરને રથ જાણ. બુદ્ધિને સારથિ અને મનને લગામ જાણ. ઇન્દ્રિયોને ઘોડા કહ્યા છે, કેમકે તેના વિષયોને તેઓને ચરવાનાં ગોચર કહ્યાં છે. આત્મા, ઇન્દ્રિયો અને મનનું સંયુક્ત બનેલું જે ભોક્તા, તે ભોક્તા, એમ બુદ્ધિશાળી પુરુષો કહે છે.

અયોગ્યે મને કરી જે કુમેણા વિનાના વિનાનો છે, તેને જેમ સારથિને દુષ્ટ ઘોડા વશ નથી રૂહેતા, તેમ ઇન્દ્રિયો વશ નથી રૂહેતી." (કઠ. ૨-૩-૩ થી ૫)-આ ઇન્દ્રિયરૂપી ઘોડાઓને જો કાબૂમાં ન રાખવામા આવે, તો શરીરરૂપી રથને ઊંધો વાળી દિયે અને સર્વ નાશ થઇ જાય પ્રભુના ભક્તોને તો આ ઇન્દ્રિયરૂપી ઘોડાઓને સારી રીતે કાબૂમાં રાખવાના છે; કેમકે જરાપણ ચિત્ત ચલિત થતાં ભગવદ્ભજનમાં પ્રતિબન્ધ ઉત્પન્ન થાય છે. ૧.

૨. કામનાં કાર્ય

તેની ભયંકરતા બતાવતા કહે છે કે —

विषयावेशहेतुत्वाद्विक्षेपोत्पत्तिकारणम् ।
रजोगुणमसुत्पन्नो रजःप्रक्षेपको मुखे ॥२॥

ब्रह्मावेशविरोधी च सद्बुद्धेर्बंधको मतः ।
सत्वमंनाशकः सर्वंमावृतासक्तिसाधकः ॥३॥

કામ વિષયના આવેશમા કારણરૂપે રહેલો છે. ભગવાન ગીતાજીમાં આજ્ઞા કરે છે કે-"વિષયોનું ધ્યાન કરતા પુરુષને સંગ ઉત્પન્ન થાય છે; સંગથી કામ ઉત્પન્ન થાય છે; કામથી ક્રોધ ઉપજે છે, ક્રોધથી કર્તવ્યાકર્તવ્યનું ભાન ભૂલાય છે. એ મોહથી સ્મૃતિમાં ભ્રાન્તિ થાય છે; સ્મૃતિમા ભ્રન્તિ થઇ એટલે યથો બુદ્ધિનાશ અને બુદ્ધિનો નાશ એટલે સર્વનાશ " (ભ. ગી. ૨-૬૨ થી ૬૩) કામ આટલો ભયાનક છે; તો એનો કેવા પ્રકારના વિક્ષેપ-યોગ કરવામા એ

મારખૂરપે ઉોમ, ત્યાં રહી નથાય ? બાગવાને ગીતાદ્રમાં કામ ના ક્રોધની ઉત્પત્તિ રજોગુણમાંથી કહી છે. પણ આના કરે છે :—

"—આ કામ, આ ક્રોધ એ રજોગુણમાંથી ઉત્પન્ન થયેલા છે એ ખોટા પાડોશર, મહાપાપી છે; એને તું દુશ્મન બનાવ. જે પ્રમાણે ધૂમાડાથી અગ્નિ ઢંકાય છે, જે પ્રમાણે મેલાથી અરીસો ઢંકાય છે, જે પ્રમાણે ઓળદો ગર્ભ ઢંકાય છે, તે પ્રમાણે કામથી આ જગત ઢંકાયેલું છે. હે અર્જુન ! દુઃખેથી જેનો પૂર્તિ થઈ શકે તેવા, જે જ્ઞાનીના નિત્યવૈરી કામરૂપી અગ્નિએ જ્ઞાનને ઢાંકી દીધું છે. ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ એ આ કામનું રહેઠાણ છે. આ સ્થાનોએ રહી કામ જ્ઞાનને ઢાંકીને જીવાત્માને મોહ પમાડે છે; તેથી આરંભમાંજ તું, હે ભરતકુલોત્પન્ન ! ઇન્દ્રિયોને નિયમમાં રાખી જ્ઞાન અને વિજ્ઞાનનો વિનાશ કરનારા પાપી કામનો વિનાશ કરી નાખ" (ગ. ગી. ૩-૩૭ થી ૪૧) કામથી બુદ્ધિ અકેર થાની જતી હોવાથી કેટલો કરવા કરતાં ઉપર બેસાડવા જાય છે કે અનેક સ્થળેથી તેને પરિશ્રમ સહન કરવો પડે છે; તે દુનિયાની નજરેથી ઊતરી જાય છે; કોઈ તેનું સન્માન કરતું નથી. આવું જાણ તે ઋષિ પણ રજોગુણ પછી શ્રીમદ્રાજચંદ્ર આજ્ઞા કરે છે કે "જિનથી મોક્ષ ગયેલા દેહધારીઓને વિષેનો આવેશ યોગ્ય નથી." (ઃ. નિ. ૧) જેને બુદ્ધિનો વિનાશ થઈ ચૂક્યો છે, તેને શું માટું શું ખોટું, એનો વિચારજ કયાંથી હોય ? આવી સ્થિતિમાં પાપો કરવાં, એ તેનો સહજ છે. એ પાપોથી આપણે અટકવું ઘોષણા જણ છે. જેમ જેમ વિષયોને અધીન થતા જઈએ, તેમ તેમ લોકમાં પાપો અને પાપો આસક્તિ થતી જાય છે. ૬-૭.

चित्तशुद्धिनिदानत्वात् चिदुत्पत्तेश्च बाधकः ।
भक्तिमार्गमहाद्वेष्टा वैराग्यापावसाधनात् ॥४॥

सर्वत्रापरितोषश्चानंत लोभसमुद्भवात् ।
यथाकथञ्चित्सामुख्येन्द्रियवैमुख्यकारक ॥५॥

કામની બેઠ્ઠા માટેનું ચિત્ત એકઠે. કર્યા જ્યા ત્યાંના ભોગનો સંબંધ થયો, ત્યા ત્યા બુદ્ધિનાશના પ્રસંગ થઇ આવ્યા સમજો, ચોટવ ચિત્તને મલિન થતા વાર નથી લાગતી કર્યા ચિત્ત મલિન થઇ ચૂકયું, ત્યા જ્ઞાન દૂરી કયાંથી? ઉપનિષદમા કહ્યું છે કે— "જે અજ્ઞાની છે, જેનું મન ઠેકાણે નથી, જે સદા અપવિત્ર છે, તે પરમ-પદને પ્રાપ્ત કરી શકતો નથી, તે સંસારમા ભોથા ખાય છે." (ક'. ૧-૩-૭), જ્યાં જ્ઞાન નથી, ત્યા પ્રભુનો આવેશ કયાથી? ભગવાન ગીતાજીમા જ્ઞાનનુ લક્ષણ આપતા આના કરે છે કે—"અમાનીપણું, અદંભીપણું અહિંસા ક્ષમા, સરળ્ય, આચાર્યસેવા પવિત્રતા, સ્થિરતા, આત્મ કાબૂ પર કાબૂ, વિષયોમા વૈરાગ્ય, નિરભિમાનિત, જન્મ મરણ-વૃદ્ધપણુ અને રોગ વિગ દુખરૂપી દોષનો વારવાર વિચાર, સ્ત્રી-પુત્ર ઘર વગેરેમા અનાસક્તિ અને અલગાપણું, ઇષ્ટ કે અનિષ્ટ પ્રાપ્તિ પ્રાપ્તિમા હરખશોક વિનાનું સરખાપણું જ્ઞાનના અનન્ય યોગ વડે અનન્ય ભક્તિ, એકાન્ત પ્રદેશમા રહેવાનું, જ્યા મનુષ્યનો સમૂહ રહેતો હોય ત્યા અપ્રીતિ × × × × × × ના જ્ઞાનદશામા વૈરાગ્ય એ મુખ્ય વસ્તુ રહેલી છે. કામ હોય ત્યા વૈરાગ્ય ટકવાજ કરે નહીં જ્યા દુન્યવી પદાર્થોમાથી રાગ છૂટયા નથી, ત્યા અનન્ય ભગવદ્ભક્તિ આવી શકાયજ કયાંથી? એજ માટે કામને

ભક્તિમાર્ગનો મહાન શત્રુ કહ્યો છે કારણકે મનાર્થ તરફ ઈન્દ્રિયનું ખેંચાણ થયું કે તરતજ તે લેવા દિલ થાય છે. એક બગીચામાં ગયા; વસન્તઋતુ ખીલી રહી છે; આસપાસ વનસ્પતિ નવા રંગનું સજી મનોહર થઈ રહી છે; ત્યા ફરતા ફૂલોના ઉદ્યાનને જોઈ આખો અને નાક બન્ને તે બાજુ ખેંચાય છે; એટલે તે જોયાજ કરવાનું અને સૂંઘ્યાજ કરવાનું તેને ગાંડપણ મન થયા કરે અને ફૂલો ચૂંટવાનું મન થાય; આનું નામ તે લોલ જોવે મનવાંછિત મનોરંજ ન મળે અને ન મળે એ સ્વભાવિક છે, કેમકે વધૂ અને વધૂ મેળવવાપણું એ હૃદયને સ્વાભાવિક જોવું છે, એટલે ગમન્તોપજ રહેવાનો. ઊનાળાનો સમય છે; ઊકળાટો કારી નીકળ્યો છે; મોટા શહેરોની બજારોમાં શીતોપચારને માટે આઇસક્રીમ, બરફ, સોડાલેમન અને રાબનોની છત છે, ત્યા જઈ પણ મન લલચાયું એટલે એ વસ્તુ લીધી, ખાધી યા પીધી ને જઈ. ગાન્તિ અનુભવાઇ પણ; પાછો ઊકળાટો તો ચાલૂજ છે, એટલે તે બીજવાર, ત્રે ત્રીજવાર, આમ અસન્તોપ રહ્યાજ કરે; પણ જો પ્રથમથી સંયમ રાખ્યો હોય, ઇન્દ્રિયોને તે મોહક પદાર્થો તરફ ખેંચાવા ન દીધી હોય તો અસન્તોષને કાંઇ કારણ છે ? આજ લૌકિક તરફની આસક્તિ જીવને પ્રભુ તરફથી વાળી લિયે છે; બહિર્મુખ બનાવે છે. ચિત્ત ચંચલ બનતા લૌકિક મોહક પદાર્થો તરફ આસક્તિ વધતીજ જાય છે; એટલે ચપળ ઇન્દ્રિયરૂપી ઘોડાઓ પોતાના વિષયરૂપી ગોચરોમા ફરવા પ્રયત્નશીલ બને છે, અને તેનું પરિણામ સંસારજ. ૪–૫

કામની આથે બોજ અકુળાયેલોજ છે. એકનો પણ ટાળવો મુશ્કેલ છે, ત્યા બે ઉપર વિજય મેળવવો મુશ્કેલ હોય, તેમા શું

આશ્ચર્ય ? અનને દૂષિત કરનાર એ અન્નનું સ્વરૂપ બતાવતાં
યજ્ઞવિદ્યા નિર્દેશ કરે છે:

कामलोभौ हरिप्राप्तिप्रतिबन्धकरूपकौ ।
अनुद्वेगं न याचेति मन्तुं कृष्णान्तिकं जनः ॥५॥
संसारमोहहेतुत्वान् मनोदूषणसाधनम् ।
अतः तौ त्यजतो यत्र सा मानर्मा मता ॥६॥

પ્રભુ ભોગવવી કરે, એ કાંઈ ઇષ્ટ વાત નથી કામ અને ક્રોધ પણ તેના બે મહાન શત્રુ છે; તેના ઉપર વિજય ન મેળવવામાં આવે ત્યાંસુધી પ્રભુપ્રાપ્તિ થઈ શકતી નથી. યાજ્ઞવલ્ક્ય ઋષિને પોતાનો પુત્ર નચિકેતા યમને આપી દીધા નચિકેતા યમની પાસે ગયો; ત્યાં યમરાજે તેને વરદાન માગવાનું કહ્યું, તેના–"આ મૃત્યુ-લોકમાં કોઈ કોઈ કહેતા એવી કંઈ વાત નથી, પૂર્ણ શ્રદ્ધા કરે તેવા નથી, ને અર્ધ કહેતા તું કોઈપણપ્રકારે માની દઈ અને તેવા ગતિન આવા પ્રકારની સ્ત્રીઓ મનુષ્યો મેળવી નથી શકતા. (કઠ-૧-૧-૨૬)" કેવી કઠિન વસ્તુ વરદાનમાં કહ્યું. નચિકેતાએ એ જવાબ આપ્યો કે–"અરે, ગમે છતાં આજ અને કાલ સ્વરૂપ છે; તમારા ઘોડાઓ, તમારા નૃત્ય અને ગીતો પણ ક્ષણિક છે" (કઠ. ૧-૧-૨૬) ઉપનિ-ષદો ઉદ્ઘોષ વગાડીને કહે છે કે કે-મૂર્ખ પુરુષો પ્રભુથી પરાંમુખ કરનારા કામોને ચાહનારા છે; તેઓ તેમ કરી વિસ્તૃત એવા મૃત્યુના પાશમાં ફસાય છે. જે ધીર પુરુષો છે, તે મુક્ત એવા એક અમૃત તત્ત્વને જાણીને અહીં અધ્રુવ પદાર્થોને ઇચ્છતા નથી.' (કઠ. ૨-૧-૨)આ ધીર પુરુષો જ્ઞાનપૂર્વક કામાદિ ક્લેશોને ત્યજી અવિચ્યુત પ્રભુપ્રાપ્તિના

અધિકારી થાય છે. આ કામાંધના સહવર્તમાં કૃષ્ણાઈ જન્માથી ગન કૃષ્ણિન યદ્ં ન્મય છે, તેને પરિણામે જીવ સંસારમાં કૃષ્ણાયોજ્ય રૂપે છે. ઉત્તમોત્તમ ગાન્ધી સેવા સિદ્ધ કરવામાં મલિન મન સમર્થ થઇ શકતું જ નથી. આગ આ કામ સેવામાં જન્મજાત અધ્યણ હોવી કરનારો છે. શ્રીમદ્પ્રભુજીએ સેવાકલ્પમાં સેવાના ત્રણ પ્રતિબન્ધમાં લૌકિક યોગને ગણાવ્યો છે એ લૌકિક યોગ તેજ કામપૃતિ; તેનો ત્યાગ કર્યેજ સેવા સિદ્ધ થઈ શકે. ૬-૭.

"જન્મથી આંધળો માણસ કદી જોઇ નથી શકતો, તેજ રીતે કામથી આંધળો થયેલ જીવ કદી જોઇજ નથી," એ કૃષ્ણ-સિદ્ધ વાત છે. આવા અન્ધ માણસને પ્રભુસાક્ષાત્કારરૂપ કાંઈ પણ કયાંથી ગમે ? તે બતાવતાં કહેવામાં આવે છે કે—

निरोधस्य महाञ्छत्रुर्न्यस्फूर्तिकरो यतः ।
गुणगानमपत्नोऽपि न रोचन्ते गुणा यतः ॥८॥
वैराग्यसाधकाः सर्वे कामिनस्ते कथं प्रियाः ।
अत एव हि दृश्यन्ते गुणश्रवणवैरिणः ॥९॥

શ્રીમદ્પ્રભુજીએ નિરોધસ્વરૂપમાં નિરોધની સિદ્ધિ માટે જે ઉપાયો દર્શાવ્યા છે, તેમાં મુખ્યપણે પણ એક સાધન બતાવ્યું છે. હૃદય કામથી પરાભૂત થઇ ગયું છે, તેવા મનુષ્યનું પ્રભુધ્યાન સ્થિર કરી શકતું નથી; કામપૃતિની જ્વાલામાં લૌકિક પદાર્થોના તેજ દિવસ બેસાયું જાય છે; તે પ્રભુના ગુણોનું ગાન કરી કયાંથી શકે ? જે સ્ત્રીહૃદય ધરમાં હોય તો કદી પતિને જપ સેવા દેતી નથી; તેજ પ્રમાણે એકજ મનુષ્યમાં બેથી સાથે કામ અને પ્રભુના ગુણોનું

ગાન ઉત્કાપાત મચાવી મૂકે છે, શોકમય દૃશ્ય તો હરી લાગ એમાય તેજ ગતે કામનો ત્યાગ થાય તોજ હૃદયને સ્થિરતા પ્રાપ્ત થાય પ્રભુના ગુણો છે, તે તો સંસારમા વૈરાગ્ય ઉત્પન્નનાર છે, સંસારભક્તિ દૂર કરનારા છે; જ્યાર કામીને તો સંસારના ભોગ અને ભોગ પ્રત્યે જવાનું દિલ હોય છે, તેને આ ગુણો કયાથી ગમે ? અસ્થિર ચિત્તવાળા કામીયોને ભગવદ્ગુણશ્રવણ કદાપિ ગમતું નથી એક સ્થાનમા એક અગ્ય એકજ પદાર્થ રાખી શકે. અનેકો સ્થાન પર કામ કરો, ત્યા બીજું કાઇ કયા એમી શકે ? ૮-૯.

કામ અનેક અનર્થ-પરાભવને ઉત્પન્ન કરનારો છે, તેની ભયાનકતાનુ વર્ણન કરતા કહેવામા આવે છે.—

क्रोधः स्वकार्यकरणाद्धोम प्राप्त्यापि शाम्यति ।
घृतहोमैं वह्निरिव कामो भोगेन वर्धते ॥१०॥
कामेन नाशितमति प्रतिपिद्धे प्रवर्तते ।
अगम्यागमने लोभैं तथैवाभक्ष्यभक्षणे ॥११॥
यत उत्पद्यते क्रोधो महद्द्रोहमुटभव ।
लोभोऽपि जायते तस्मात् स चार्थविषयो भवेत् ॥१२॥
सोऽयं पञ्चदशानर्थमूल तत्र प्रवर्तते ॥१२½॥

કામ સર્વ અનર્થોનુ મૂળ છે. નહિ પ્રાપ્ત વસ્તુ મેળવવા ની ઇચ્છા થઇ. ને ન મળી એટલે તરત ગુસ્સો ચઢે છે; એટલે તે મેળવવાનો લોભ થાય છે; પણ ક્રોધ અને લોભ તે તે વસ્તુ પ્રાપ્ત થઇ જવાથી કરી જાય છે; પરન્તુ આ કામ ઇન્દ્રિયોપભોગની તો તેનાથી

ઊલટી વાત છે. યયાતિરાજાએ "અનેક વર્ષો સુધી કામોપભોગમાં પ્રવૃત્તિ કરી પણ તેને તૃપ્તિ થઇ નહીં; તેના પરથી ગુજરાતીમાં આ વાક્ય નીકળ્યું છે કે:

" न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥ (ભા.૯-૧૯-૧૪)

કામ વિષયોના ઉપભોગથી શાન્ત થતો નથી; અગ્નિમાં ઘીના હોમ કરવામા આવે અને અગ્નિ જેમ વધુ અને વધુ પ્રદીપ્ત થતો જાય છે. તેમ કામ જોર અને જોર પકડતો જાય છે" ભગવાન જેવો ઇન્દ્રિયોનો સમૂહ મહાન બુદ્ધિશાળીઓને પણ ભયંકર પાપગર્તાઓમા ધકેલી દિયે છે. શાસ્ત્રકારો તો સ્પષ્ટ આજ્ઞા કરે છે કે 'એકાન્તમાં માતા-બેન કે દીકરી સાથે પણ ન બેસવું" (ભા.૬-૧૮-૬૭) એ તો સ્પષ્ટ છે કે-'विवेकध्वंसानां भवति विनिपातः शतमुखः (ભર્તૃહરિ) સંસારમાં જેનુ નશ્યું, એનો જેને વિચારજ નથી રહ્યો, તેવાઓની પડતી કયાં કયા આને દટાઈ જાય છે. તે રાજા માતા આવતું નથી-અનેક પ્રકારનું તેનું અધઃપતન થાય છે.' આગ+ગમન જેવા કાર્યોથી વટીયો અને રાજાઓનો ભયંકર દ્રોહ ઉત્પન્ન થાય છે. જેને પરિણામે પરદ્વાર ગુરસાની દાગણી કલંકિત થાય છે. વળી કામ જો અર્થ સાધ્ય વસ્તુ છે. જ્યાસુધી નાણું હોય ત્યાસુધી માનેલ સ્ત્રીયો વીટળાઇ વળે પણ નાણું અભાવ થતા કે જાથી દૂર થઈ જાય. જેને દાસી સ્ત્રીયોને પ્રસન્ન રાખવાને માટે નાણાંના બદલામાં જેણે મોહીનીભૂત જેવાં ભયંકર કાર્યો કરવામાં પ્રવૃત્ત થવું પડે છે. (અલાદે વર્તમાનપત્રો વાંચનારાઓને આ વાત સમજાવવી પડે તેમ નથી.) આવી

પેનિ અર્થમાપિ થઈ એટલે બધુંજ પન્દર તાપેલી ગણતિ થાય છે. ધનિક કામી દુષ્યુકારીના આનંદોનું વર્ણન શ્રીભાગવત મહાત્મ્યમાં છે." તે સ્નાન-પીઠીના, ધાર્મિક-ક્રિયાનિના, આભૂષણ ધારણ, ભોગી, ભોગના સામગ્રીઓના, ખૂબ કરી ભોજન કરનારા, ચોર, બીજાની પીડા કરનારા, પારકાના ધરના ભંગાડનારા, નાના બચ્ચાઓને મારી નાખનારા, હિંસક, ગર્ભિણી અને બાળકોને પીડા કરનારિ, બાપડાસો સાથે રૂંધેતો, હમેશા હાયમા હાસંતા રાખનારા અને વેરણાગુંથી," આવા પન્દર દુર્ગંતિ દુષ્યુકારીના ગણાવવામા આવ્યા છે. પન્દર બાનથી શુક્રાચાર્ય નીચે મુજબ બોલ્યા છે—"રેત હિસાદૂન દન્ન ધાર્ય ચોધ રાખો મદ । મેને વૈશ્યશ્ચાય નસ્યાં ન્યમનતિ ન ॥—૧ ચોરી, ૨ હિંસા, ૩. બૂટું બોલવું, ૪ દંભ, ૫. ક્રોધ, ૬ દ્વેષ, ૭. ગર્વ ૮. મદ, ૯ બેદ, ૧૦. વૈર, ૧૧. અગ્નિદાન, ૧૨. ઈર્ષા, ૧૩ દ્રોહ, ૧૪. દ્યૂત, ૧૫ મદ્ય આ પન્દર તાર્યે ત્યાજ્ય ગણવા ૦

૩ કામનાં પરાક્રમ

કામની અદ્ભુતા વર્ણવતા કહ્યા આવે છે—

कामेनैव हि कार्पण्य कामिनीषु सतां मतम् ।
प्रार्थयन्ति यतस्तुच्छा प्रेषेद्य यत्ने करम् ॥१२३॥
प्रियतमसुतां राजा भ्रष्टः कामेन मन्मथात् ।
आनीघ्रो विषयावेशादुर्वशीमिमाषित ॥१२४॥

કામનું બળ એટલું બધું જબરું છે કે મહાન પુરુષો, પરમ ઋષિઓ, જબરા યોગી-મહાત્માઓ સામાન્ય લક્ષ્મી જેવી

સ્ત્રીયો પાસે કામપૂર્તિની ભીખ કરવા માંડે છે. વાસુ, પાંડવો અને પાર્થિવોથી પોતાના કુળને ભયભીત કરનારા વિશ્વાવિત્ત અને પરાક્ષર જેવા મહર્ષિયો સ્ત્રીયો પાછળ ઘેલા થઇ પોતાનાં હજારો વર્ષનાં તપનાં ફળોને એક ક્ષણવારમાં ગુમાવી બેઠા છે. રાજા આગ્નીધ્રનો પ્રસંગ શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કંધના બીજા અધ્યાયમા આવે છે. સ્વાયંભૂ મનુથી શતરૂપાના ઉત્પન્ન થયેલા મોટા પુત્ર પ્રિયવ્રત રાજાનો આગ્નીધ્ર એ મોટો પુત્ર હતો. એક વાર પિતૃયોક્ત ગ્રામ કરવાની ઇચ્છાએ કરી હિમાલયમાં અલાબુની તપપૂર્વક આરાધના કરવા લાગ્યો. અલાબુએ તેની પરીક્ષા કરવાને માટે પૂર્વચિત્તિ નામની અપ્સરાને મોકલી. તેના નૂપુરનો ઝંકાર કાને આવતા રાજાએ જરા આંખ ખોલી તેના તરફ દૃષ્ટિ કરી અને તે તેમાં ફસાઇ ગયો. પછી સ્ત્રી તેની સાથે વિલાસ કરતાંથી, નવ નવ પુત્રો ઉત્પન્ન થઇ ચૂકયા બાદ, તેને જ્ઞાનોદય ન થયો. પુત્રો થયા બાદ પૂર્વચિત્તિ પાછી અલાબુ પાસે મોકલી ગઇ રાજાને બહુજ તકલીફ થઇ હમેશા પૂર્વચિત્તિનું જ ધ્યાન ધરવા લાગ્યો અને તન્મય થયો. અંતકાળના મોકને પામ્યો; પિતૃયોક ધર્મો રહ્યો. ૧૩-૧૪૬

આગ્નીધ્રે જેવા સ્ત્રિયોજ કામે નષ્ટ થઇ ગયા એટલુંજ નહીં, ભગવાન સ્વયં અગિયારી અને શિવ-નારદ જેવા પણ ચલિત થઇ ગયા. જેવા ૧૫—

कामेन कश्यपो दैत्योत्पादने हेतुतां गतः ।
निवृत्तसन्ध्यानियम. पत्नीप्रार्थनमोहितः ॥१५॥
कामेन च शिवः कृष्णयुवतीरूपवञ्चितः ।

कामेन नारदः पृष्टिपुत्रानजनयत्सुतः ।
गर्वभावाय हरिणा दत्तः कामो महात्मना ॥१७॥

કશ્યપાદિ, શિવજી અને નારદ આ વંશોમાં કામદેવના ભાગ અટવાયા. કશ્યપ ઋષિને માટે એવી કથા છે કે એકવાર લોકપોતાના આગે દિતિને સાઠ્ઠી વેગાયે પતિ આગે અગ્નિસ્થ કરવાની ઇચ્છા થઇ. પતિ તે આગમે અગ્નિહોત્રગામા અગ્નિનું યજન કરી રૂદેક્ષા. તેની પાસે જઇ તેણે વીનતી કરી. પત્નીની વીનતી ન ધક્કેલવા ખાતર તેણે તેને થોડી જવાનું કહ્યું. પણ નિર્લજ્જ પત્નીએ પતિનું વસ્ત્ર ખેંચી લીધું અને પરિણામે હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ જેવા ભયાનક પુત્રોની ઉત્પત્તિ થઇ, (ભા 3–૧૪મો અધ્યાય) ક્ષિરસાગરના વિષયમાં એવી કથા છે ૮ દેવધિગણનમા મોહિની સ્વરૂપે પ્રભુએ દૈત્યોને મોહમા નાખી દેવોને અમૃતપાન કરાવ્યું, (ભા.–૮–૧૨ મો અધ્યાય). આ વાત જ્યારે શિવજીએ સાભળી ત્યારે મોહિની સ્વરૂપ જોવાની ઇચ્છા થઇ, ઓટલે જ્યા પ્રભુ બિરાજતા હતા ત્યા ઉમાજી આવે પધાર્યા અને પ્રભુને વીનતી કરી કે–જોનાથી દૈત્યોને આપે મોહ કર્યો,તે સ્વરૂપના અમો દર્શન કરવા આત્મા ઇચ્છે, તો દર્શન કરાવો.' પ્રભુએ ત્યાજ અન્તર્ધાન થયા જરાકવારમા મોહિની સ્વરૂપ પ્રકટ કર્યું. ભગવાન શિવ તે મોહિની–સ્વરૂપની મોહક ક્રીડાથી મુગ્ધ થઇ તેને પકડવા દોડ્યા; પકડી પાડયા; પરન્તુ મોહની–સ્વરૂપ પ્રભુ છટકી ગયા. કામથી અત્યન્ત મુગ્ધ થઇ ગયેલા ફરી દોડવા લાગ્યા. જે પછી પ્રભુએ પ્રકટ થઇ તેમનો મોહ ઊતાર્યો. નારદની જે આનાર્યથે ભયકર દશા પુરાણાન્તરમા સમજાય

છે. ક્રમણિ બાદર નારદજીને સ્ત્રીરૂપ ધારણ કરવાનું થયું જેને પરિણામે સ્ત્રીરૂપ નારદે ૬૦ પુત્રોને જન્મ આપ્યો. ક્રમદેવને બાગ મહાનમા મહાન પુરુષોને પણ ગડપ કરનારો પ્રભુએ બનાવ્યો છે, તે મહાન પુરુષોનો ગર્વ ઊતારવા બાદર ૧૫-૧૭.

कामेन भरतस्यापि हरिणत्व भवान्तरे ।
पुरञ्जनोऽपि कामेन स्त्रीयोनिमुपलब्धवान् ॥१८॥
कामेन वेदगर्भोऽपि स्वसुतायां नयाकरोत् ।
तेनैव रावणो बुद्धि रमामामन्यशाकरोत् ॥१९॥

ક્રમણિદેવના પુત્ર બાદ્ધ નામના-થાશ્રમનો આશ્રય કરી વનમા રહેતા હતા. તેઓએ પ્રભુપર આત્મ સમર્પણ કર્યું હોતું પરન્તુ એક દિવસ એવો બનાવ બન્યો કે બધાએ ભરતજી સ્નાન કરી નિત્યનિયમથી પરવારી પ્રણવનું ઉચ્ચારણ કરતા બેઠા હતા, તેવામા સામે કાંઠેથી વાઘની બીકથી ડરેલી એક મૃગીનો ગર્ભ નદીમા પડતો અને તણાતો તેમણે જોયો. તેમણે દયાને વશ-માથી ઊઠાવી લઇ તેનુ પુત્ર માફક પાલન કર્યું. તેમાં તેમને આસા-ક્તિ થઇ ગઇ અને યોગાદિ ક્રિયો કરવાને બદલે મૃગબચ્ચાના પાલનપોષણમાજ તેમનો સમય વ્યતીત થવા લાગ્યો. એમ કરતા મૃગમા તે મૃગમા આસક્તિવાળા તેમને મૃત્યુ આવ્યું. આસક્તિને લીધે બીજા ભવમાં તે મૃગ તરીકે જન્મ્યા. આમાંમાં મૃગ બચ્ચા તરફના પુત્રવત્ પ્રેમનું પણ આવું પરિણામ આવ્યું. પુરુ જન્મ રાજા ઓયોનિને પામ્યો. શ્રીમદ્ભાગવત-ચતુર્થસ્કન્ધની કથના રૂપક તરીકે આપેલ ગાત્ર પુરુજન થવાથી બધાએ પ્રસ્તુત થઇ

ગયો ત્યારે યજ્ઞમાં તેનો કેટલી તરંગે ઉઠાવી મયા. વિરહથી વ્યગ્ર થયેલો એવો તે પોતાની સ્ત્રીનું સ્મરણ કરવા લાગ્યો; તેનું સતત ધ્યાન કરતાં વિદર્ભરાજાના એકલવા છિદ્ર સ્ત્રીરૂપ થઈ ગયો. તેને ગલય-ત્યજી પાણિગ્રહ પરણ્યો; (આશરે ૨૮ વર્ષ.) અલાદ્યુએ પોતાની પુત્રીનાં કન્યા કરી; ગર્ગાચાર્યાદિ પુરોહિતે પિતાને સમજાવ્યા અને અલાદ્યુએ આપત્તિ માટે શત્રુમાર્ગ પોતાના દેહનો ત્યાગ કર્યો. (ભા. ૩-૧૨-૨૮ થી ૩૩) રાજાજીની કથા સુપ્રસિદ્ધ છે. એકેક ઇન્દ્રિય પણ જો તેના વિષય તરફ બેંચાય તો સર્વ નાશ કરે છે, તો પછી સમગ્ર ઇન્દ્રિયો બેચાય તો શી દશા થાય ? ૧૮-૧૯.

૪ ભક્તિમાર્ગ અને કામ

કર્મ અનેકને પ્રાપ્ત કરી આપ્યા છે, તે ઉપર જ્ઞાનમાર્ગનું આખ્યું ભક્તિમાર્ગીય ગ્રન્થોએ તો એનાથી આંત ગણ્યા માનવાનું છે, તેનું કારણ આગળથી ટાંકવામાં આવે છે :—

एवं हि बहवो नष्टाः कामेनैव हि मानव ।
भक्तिमार्गं निरोधन्तु तत्र कामकृतो महान् ॥२०॥
कामिनः फलवाञ्छानः शरण नैव सिध्यति ।
सापेक्षस्य तु सर्वत्र दुर्लभं हि समर्पणम् ॥२१॥
तद्भावे तदीयत्वे सर्वथैव हि दुर्लभम् ॥२१½॥

ઉપર ગણાવેલા એ ઉપરાંતના બીજા અનેક પણ કામદોષના પ્રતાપે સર્વનાશ પામી ચૂક્યા છે. વિશ્વામિત્ર જેવા સમર્થ ઋષિ-મૌનિ પણ કન્યકા વર્ણનાં તો પલળ્યા વગર કામના પ્રતાપે ધોવાઈ

ગયા છે. અન્ય સર્વ માર્ગોમાં પણ કામ-ક્રોધાદિ શત્રુવર્ગનો ત્યાગ કર્યા વિના મુક્તિ નથી થતી, પરન્તુ ભક્તિમાર્ગમાં કામ જેટલો બાધક થાય છે, તેટલો તો અન્ય માર્ગમાં નથી જ. ભક્તિમાર્ગીય જ્ઞાને પ્રભુ મિલાપ અર્થે કોઈપણ વસ્તુની પ્રાપ્તિની ઇચ્છા નથી; કારણ પુરુષોને તો કામભૂમિ, ઇન્દ્રિયોના વિષયોની તૃપ્તિની ઇચ્છા વગેરે હોય છે, એટલે તેની ઇચ્છા ન હોય તો કારણનું કાર્ય ઉત્પન્ન કયાં થઈ શકે એવો કોઈ પણ પ્રશ્ન થાય. પરન્તુ કામ એટલે પ્રભુના પ્રેમ વિના બીજી કોઈપણ વસ્તુની ઇચ્છા કરવી તેવો અર્થ કરવામાં આવે તો ભક્તિમાર્ગમાં પણ કામનો હોમ, પરન્તુ તેનો અગ્નિ ઠરે જ્ઞાનાગ્નિના એક કણ વડે જ્યારે પ્રાણીની સર્વ પ્રાપંચિક પદાર્થો પ્રાપ્તિ કેવળ ઇચ્છા નથી હોતી, ત્યારે તેને પોતાની ઇન્દ્રિયોના વિષયના અધિષ્ઠાનોને જોવાની ઇચ્છા રૂપે જે જગતપ્રભુ વગેરે ઇચ્છા રૂપી એટલા પૂરતી પણ અન્ય સ્થાનોમાં રમતા રહી, જેને અપ્રાકૃતીજ કહેવાતા નથી રહેતી, અને જ્ઞાન પૂર્ણ ન થાય, તો અમરીષાદિ આદર્શ ભક્તો પણ ગતિ ન પામે. એમ સમજાવતા શ્રીલક્ષ્મણજી લખે છે કે —

साधनाङ्गेषु बुद्धि स्यात्तेन लीलास्थितेष्वपि ।
कामत्वेन यथा पीतप्रतीतिरनिले भवेत् ॥२६॥
पश्चाद्व्यायामत श्रान्त ह्रदोगत्व शुचेरपि ।
दोषबुद्धि कामिनस्तु भवेद्दोषाक्रतौ हरे ॥२७॥

ભાવાર્થ : લીલાસ્થિતોમાં કામી પુરુષોને ભોગાદિ સાધનોમાં બુદ્ધિ થાય છે, જેમ કમળાવાળો માણસ દુનિયાના બધા પદાર્થોને પીળા જુવે છે, વસ્તુસ્થિતિએ એ પદાર્થો કાંઈ પીળા હોતા નથી

પણ એની આંખનેજ એ દોષ લાગુ છે; તેના બાકીનું પ્રભુની લીલા નિર્દોષ છે; પરન્તુ દુષ્ટ હૃદયવાળા એ ત્યાગી પુરુષ સર્વત્ર પ્રભુની લીલામાં દોષ જોયા કરે છે. શ્રીશુકદેવજીએ શ્રીમદ્ભાગવતની રાસપંચાધ્યાયીના અન્તમાં કામનો હૃદયનો રોગ કહ્યો છે. શ્રીશુકદેવજી કહે છે-"પ્રભુનો સકલદુઃખનાશનો ગાયેનો આ વિહાર અદ્ધાથી શ્રદ્ધત જોનો જે મનુષ્ય સાંભળે અને વર્ણન કરે તે મનુષ્ય પ્રભુની અત્યન્ત પરમ ભક્તિ પ્રાપ્ત કરી તરતજ હૃદયના રોગરૂપી કામને દૂર કરે છે." (ભા. ૧૦-૩૩-૩૯) આવાંસૂની જે રોગથી ગ્રસ્ત થાય છે, તેથી કદી વિચાર કરી શકતો નથી. પ્રભુની આવાદૃત આવિ દૈવિક લીલાઓમાં પણ તેનો કામનો જ ગન્ધ આવ્યા કરે છે. ૨૨૮૬૨.

૫. ઇન્દ્રિયનિગ્રહ

પુષ્ટિમાર્ગમાં વિવેક અને ધર્મ સાચવવાના છે, તે ઇન્દ્રિય-નિગ્રહ વિના શક્ય નથી. તે બતાવતા કહેવામાં આવે છે કે—

निबन्धे श्रीमदाचार्यैरत इन्द्रियनिग्रहे ।
अत्यागः सर्वथा प्रोक्तो भगवद्भक्तिसाधकः ॥२४३॥
कौतुकार्थमपि त्यागो धर्मार्थमपि वर्जितः ॥
'स्वयमिन्द्रियकार्याणी' त्युक्त्या धैर्यविभञ्जनः ।
विवेकस्य विरोधेन तद्भ्रंशनिकरो मतः ॥२६॥

પુષ્ટિમાર્ગમાં ઇન્દ્રિયનિગ્રહ ઉપર બહુજ ભાર છે. શ્રીમદાચાર્ય-ચરણની તત્ત્વદીપનિબન્ધના અર્થ નિર્ણય પ્રકરણમાં આના છે કે—

स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवर्तनम् ।
इन्द्रियार्थविनिग्राहः सर्वथा न त्यजेत् क्वयम् ॥२३८॥

–દર્શિત પ્રમાણે અહિંસાદિ સ્વધર્મોનું આચરણ, પરધર્મ-માંથી તદ્દન નિવૃત્તિ અને ઇન્દ્રિય-જન્ય ભોગ ઉપર નિયમન, આ બધું જ્યારે કોઇપણ રીતે મોક્ષપ્રાપ્તિના ઉપયોગમાં લાગતું નથી. શ્રીકપિલજી તો સ્પષ્ટપણે આજ્ઞા કરે છે કે–કંટાળાને માટે કે ભયને માત્ર પણ જો વસ્તુમાં નિર્વિષ્ણતાનો પ્રસંગ હોય તો પણ મોક્ષપ્રાપ્તિ રૂપી જો વસ્તુના પ્રકાશમાં, જીવમાં એવા પ્રકારની નિર્વિષ્ણતા ન લાવવાની આજ્ઞા કરી છે. શ્રીકપિલજી જેવા આપ્તપુરુષની આજ્ઞાની કૌતુક અને ધર્મ શબ્દ પ્રયોજ્યો છે શ્રીમદ્ભાગવતકારે આજ્ઞા કર્દિમનિમિત્ત બાબતની આજ્ઞા-તથા જોવી પડે છે. ૩૩૬ ની કાર્દમિકના પ્રકારમાં આપણે આવી આજ્ઞા કરે છે કે–બધાપદાર્થોને માટે પણ કર્દિમનિમિત્તનો અભાવ થવાનો ગમખાર કુદરતે પ્રસંગોપાત્ત સામાન્ય ધર્મનો ત્યાગ કરવો પડે તો કરવો પરંતુ પરંપરાદિ થકી ભગવત્સેવામાં બાધકારક હોય તો તેનો ત્યાગજ કરવો' ઉપરનો શ્રીકપિલજીનો કૌતુક અને ધર્મ શબ્દ પ્રયોજ્યાનો આશય પણ હવે રહ્યો હશે હવે મુખ્ય જે કાંઇ સાધનાનો છે, તે વિવેક, ધૈર્ય અને આપ્તતા છે, અન્તિમ આપ્તતાની સિદ્ધિ માટે વિવેક, અને ધૈર્ય છે. શ્રીમદ્ભાગવતકારે વિવેકધૈર્યોપ્તતામાં ધૈર્યની સિદ્ધિમાં 'કાયા-વાચા અને મનથી સર્વથા ઇન્દ્રિયના કાર્યો, ઇન્દ્રિયના વિષયો તરફના જે જે વ્યાપાર તેનો ત્યાગ કરવાની વાત કરી છે (વિ ધૈ ૮) કૌતુક બાદ પણ જેનાથી ઇન્દ્રિયો તેના વિષય તરફ જોડાય, પરંપરાદિ ધર્મો બાદ પણ જેનાથી ઇન્દ્રિયો તેના વિષયો તરફ વ્યસ્ત થાય તેનાથી સર્વનાશ થવાની પૂરી સંભાવના છે, માટે ક્રોધપણ પ્રસંગમાં ઇન્દ્રિયો ઉપરનો કાબૂ જોડવો નથી. ૨૪–૨૬

ઇન્દ્રિયનિગ્રહનો ત્યાગ વિવેક અને ધૈર્યનો નાશ કરનાર છે. 'પ્રભુ જેમ પોતાની ઇચ્છાથી કરશે, એ વિવેક' (વિ ધૈ, ૧) અને 'મરણપર્યન્ત ગમે પ્રકારનાં દુઃખો સહન કરવાં, તે ધૈર્ય.' (વિ. ધૈ. ૬) આ બન્ને વસ્તુ ત્યાગથી સિદ્ધ થઈ શકે નહીં, ત્યાં આશ્રયની શક્યતા ખરી ? તેનો જવાબ આપતાં કહે છે :—

आश्रयस्तु कथं सिध्येन्मनोविक्षेपसम्भवात् ।
भक्तिमार्गोऽपि मूलत्वात्त्यागस्य नहि सिध्यति ॥२७॥
बाह्यपक्षे कृष्णयोग सर्वथा त्वान्तरे मत ।
परन्तूभयथा त्यागो मूलमत्र न संशय ॥२८॥
कामे सति कथ त्याग सापेक्षस्य प्रसिद्ध्यति ॥२८½॥

ચિત્ત વિના આશ્રય સિદ્ધ થાય નહીં શ્રીમહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રયમાં મનન કરવાનું કહ્યું છે. 'પ્રાપ્ત સેવેત નિર્મમ (વિ ધૈ ૧૫) કોઇપણ જન ॥ મમતા વિના જે જે તેનાથી સન્તોષ માની લેવો ' "यथाकथञ्चित्कार्याणि कुर्यादुक्तवचान्यपि (વિ ધૈ ૧૬) ઉચ્ચ અને અનન્ય-લૌકિક વૈદિક કર્મો જરૂર પડ્યા ભગવદર્થ કરી કર્મે જવા" આમ ચિત્તને ક્ષોભણા નહીં જે સ્થે ચિત્ત જો ક્ષમ હોય તો ભગવદાશ્રયનું મનન ચિન્તન થઇ શકે નહીં, અને મનન ચિંતન ન થાય એટલે ભગવદાશ્રય સિદ્ધ થાય નહીં ઇન્દ્રિયોના કાયારો ગદ્ગદ ત્યાગ, પર્ણ સ્પર્શન, એજ ભક્તિમાર્ગમાં મુખ્ય વસ્તુ છે, એ વિના ભક્તિમાર્ગ સિદ્ધ થઇ શકે જ નહીં જુદાજુદા આશ્રયકાર્યોને ઉદ્દેશી ભક્તિમાર્ગમાં પ્રભુપ્રાપ્તિ ૮

• 'મરે છે, ત્યાં શ્રીહરિરાયચરણ વિષયત્યાગના બે વિભાગ કરે છે: એક બાહ્ય, બીજો આન્તર. દેહ, ઇન્દ્રિયાદિ બાહ્યોપકરણથી તે બાહ્ય વિષયત્યાગ કહેવાય અને અન્તઃકરણમાંથી તેની વાસના પણ કાઢી નાખવી તે આન્તર ત્યાગ કહેવાય. બીજો, કામથી ઉપેક્ષાભાવ થયેલાને આ બન્ને પ્રયોગથી સિદ્ધ થાય પરંતુ ભક્તિમાર્ગમાં તો પ્રભુને આર્યના કરવાનું પણ નથી. પ્રભુએ અખંડ ધારી મૂકયું છે, તેજ પ્રમાણે થાય છે, કોઇ ભાગણી કરિયે તો પણ જે પ્રભુનું ધારેલું તેજ થવાનું-વળી પ્રભુ તરફ તેથી કટાક્ષની નજરે જોવાપણું થાય છે, તેથી અવિશ્વાસ ઉત્પન્ન થાય છે અને તેથી ઇન્દ્રિયોના કામોનો ત્યાગજ જે ભક્તિમાર્ગમાં ઇષ્ટ છે, તે કયાંથી સિદ્ધ થાય ? વિવેક અને ધૈર્યને અન્તે સિદ્ધ કરવાનો આશ્રય કામી પાસેથી હાય તાળી કરાવે છે. ૨૭-૨૮

૬. ઉપસંહાર

આટલા શ્લોકમાં કામની ભયંકરતા, ભક્તિમાર્ગમાં ઇન્દ્રિય-નિગ્રહનો અત્યાગ, ઇન્દ્રિયોના કામોનો ત્યાગ અને કામોને વિવેક-ધૈર્યની અશક્યતા બતાવવામા આવી. આ કામથી બચવાનો નિઃસાધન જીવને છેવટનો છેવટ ઉપાય બતાવતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે-

तस्माद्विचार्यं तद्रूपं दुरतिक्रमणं स्वतः ॥२९॥
शरणीकरणीयं श्रीनिगमाचार्यपदाम्बुजम् ।
साधनानामभावेऽपि स्वबलात्सिद्धिसाधकम् ॥३०॥
तत एव च निस्तारो दोषपोषयुतात्मनाम् ।
नान्या गतिर्गोकुलेशभजनानन्दकांक्षिणाम् ॥३१॥

કામનું સ્વરૂપ અતિ ભયંકર છે, તેના ઉપર વિજય મેળવવો અતિ મુશ્કેલ છે તેને તરી જવા માટે પરમ ગુરુનું કૃપાળુ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સાધન છે શ્રીમદ્ ભાગવત કહે છે કે "કલૌ મુક્તયાદિમાર્ગાં હિ દુસાધ્યા ઇતિ મે મતિ (વિ ધૈ ૧૭) માટે મત એવો છે — કલિયુગમાં ભક્તિ વગેરે માર્ગો દુઃખથી સાધી શકાય તેમ છે." માટેજ આપશ્રીએ બધાને હિતકારક એવા સતત ભગવદાશ્રય-સતત શરણની ભાવનાને આદેશ કર્યો છે શરણ બે રીતે સાધ્ય છે ૧. સર્વત્યાગપૂર્વક શરણસાધના અને ૨ ત્યાગપૂર્વક શરણ સાધના. આગાનું પહેલ શરણ બે સિદ્ધ સાધન અને બીજું સાધન શરણ છે ત્યાગાત્મક સિદ્ધ શરણના ભોજન વગેરેથી શરીરના રક્ષણની પરવાયે નથી કરવાની તેતી આ અતિ ઉત્કટ કાળની વાત છે અતિ દુઃખ થતા આ કલિયુગમાં આની પૂર્વના છે નિર્ધન, વૈર્ય, બળ વિનાના, દુનિયામા પ્રતી કૂળના કષ્ટને માટે બીજું સાધન શરણ છે. આ બીજા શરણમાં દૈન્યાદિ ભક્તોનો આશ રૂડેલો હોય છે. તેને સતત ભગવદાશ્રયની ભાવના કરવાની છે તે ભાવના ઉત્તમ ગુરુદ્વારા દૃઢાવી-વિસ્તારી શકાય છે આ કાર્ય ભક્તિમાર્ગના પરમાચાર્ય ભગવાન શ્રીવલ્લભાચાર્યજીના આશ્રયથી સિદ્ધ થાય છે બ્રહ્માજીએ ગર્ભગત શ્રીકૃષ્ણચન્દ્રજીની સ્તુતિમા કહ્યુ છે :—

स्वय समुत्तीर्य सुदुस्तर द्युमन् भवार्णव भीममदभ्रसौहृदा ।
भवत्पदाम्भोरुहनावमत्र ते निधाय याता सदनुग्रहो भवान् ॥
(भा. १०-२-३१)

હે પ્રભો ! તે પવિત્ર સુહૃદ્-ધર્મરાગી મહાનુભાવો અત્યન્ત દુસ્તર એવા આ ભયાનક ભવસાગરને જાતેજ તરી આપના ચર-

ભાગવિન્દભી નાથને ગાડી મૂકી ગયા છ, કારણ કે આપ મપુરના તરફ ગદા કૃપાળથી છો" આટલ જોડે ઉત્તમ પ્રકારના ગુરુના આશ્રય કરે જે બોધક તેમા પ્રભુનો અનુગ્રહ [મમક્ષુ] એમકે 'જો છપને પ્રભુનો અનુગ્રહ ન હોય તો આ ગાર્ગમા અર્થ કે ગશમય છે' (નિ સર્વ નિ ૨૨૬) નિરાગ લક્ષણમા શ્રીમદ્ભાગવત કે પ્રભુમા હૃદય નિરુદ્ધ કરવા ઉપાય બતાવ્યા ત્યાં ભગવાન ધર્મોના સામર્થ્યથી વિષયોમા [થઈ વૈરાગ્ય ગાવવુ પ્રભુ ા ગુણોમે કરી સુગાઢ અનુરાગ થતા અન્ય પણ આસાન્ક યાતનાઓની અસર ન થવાની ગતગ્રંથો (વિનાના ચર્ચ ગમારગા આસક્તિ ગયા સિવાય પ્રભુના ગુણોનુ સતત ગાન કરવુ આવી રીતિને પ્રભુ ા ગરૂપનુ સદા ધ્યાન ધરવુ (ભા લ ૧૫–૧૭) અને તે બધુ ગુરુના આશ્રયપૂર્વ ગા ા ગુરુની પ્રશસા આજકાલની નથી, પરન્તુ છેક ઉપનિ કાળથી ચાલી આવે છે શ્વેતાશ્વતર ઉપનિ ૬ ॥ અન્તે સ્પષ્ટ કહેવામા આવ્યુ છે કે—

"यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्था प्रकाशन्ते महात्मन ॥

જેને દેવે પર ભક્તિ દેવની જેવી ગુરુમા હોય
તેને તેવા મહાત્માને આ રહસ્ય આપ જે

૬૬. નિષ્કામલીલા ॥

(અનુવાદક–વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી)

શ્રીમદ્ભાગવતના ૨૬ મા અધ્યાયમાં કથાપ્રસંગ જોવો છે કે,

"શરદ્ઋતુની પૂર્ણિમાની રાતે રમણેચ્છાથી ભગવાન્ યોગમાયાનો આશ્રય કરીને વનમા પધાર્યા, અને ત્યાં વેણુનાદ કર્યો. વેણુનાદના મધુર સ્વરથી આકર્ષાઈને ભગવત્સ્વરૂપાનંદની અભિલાષાવાળા વ્રજભક્તો ત્યાં પધાર્યાં. પ્રથમ તો પ્રભુએ તેમને મિષ્ટ વાણીથી મોહ પમાડ્યાં. ભગવાન્નું તેવું ગોદજનક ભાષણ સાંભલીને પ્રથમ તો તેમને શું કરવું જોની સમજ પડી નહિ પછી હિંમત કરીને પ્રભુની દશ પ્રકારની વાણીનો પ્રત્યુત્તર દશ પ્રકારે આપીને છેવટે સ્વરૂપાનંદનું દાન કરવાની વિનતિ કરી. તે વિનતિ સ્વીકારીને આત્મારામ પણ પ્રભુ તેમની સાથે રમ્યા."

સંશય વિચારમાં ઉપયોગી છે. પ્રત્યેક વિચારમા સંશય પાગ નિર્ણયક થઇ પડે તેમ હોવાથી શીલવિજયચરણ લેખના પ્રારંભમાં પ્રકૃત વિચારને અનુકૂલ સંશય વર્ણવે છે એ સશય એટલો બધો સ્વાભાવિક છે કે આ લીલાનું શ્રવણ કે પઠન કરતાં ઉત્પન્ન થાયજ.

नन्वत्र भगवतः कामलीला निरूप्यते । सानुपपन्ना । कामस्य प्राकृतशरीरारम्भत्वनियमेन भगवति तादृशतद्भङ्गापातात् ॥

સંશય

શ્રીશુકદેવજી આ કલ્પપ્રકરણમા ભગવાન્ની કામલીલાનું નિરૂપણ કરે છે. તે અહિં ઉપપન્ન-બંધબેસતી-થઈ પડતી નથી, કારણ કે કામ પ્રાકૃત શરીરના આધારે રહે છે, અર્થાત્ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા પંચમહાભૂતોના શરીરમાજ તે કામ વસે છે, હવે તેવો કામ

ભગવાનમાં રહે છે એમ માનશો તો ભગવાનનું શરીર પણ લૌકિક બનાવવું નહિ, કેમકે તેમનું શ્રીઅંગ માત્ર આનંદમયજ છે, એમાં સ્થૂલશરીર અને સૂક્ષ્મશરીર એવા બે ભેદ નથી, એટલુજ નહિ, પરંતુ લોકમાં જેમ જીવ અને શરીર જુદા જુદા છે, તેમ ભગવાનનું શરીર અને ભગવાન જુદા એવા પણ ભેદ નથીજ, તો પ્રભુના એ દિવ્ય શ્રીઅંગમાં પંચમહાભૂતના પૂતલામાં રહેનારો કામ કેમ નીકળ્યો ?

અલૌકિક શરીરમાં કામ કેમ ન માનવો ?

ઉપરના સંશયનો નિરાસ કરતા કોઇ એકદેશી જણાવે છે કે-'કામ લૌકિક શરીરમાજ રહે છે, ભગવાનમાં જો તે રહે તો ભગવાનનું શરીર લૌકિક બની જાય એમ માનવાને કાંઇ કારણ નથી, કેમકે 'કામ લૌકિક શરીરનેજ આધારે રહે છે' એવો નિયમ નથી. એવો નિયમ માનીએ તો પ્રભુનું શરીર લૌકિક ઠરે. કામ જેમ લૌકિક શરીરમાં વસે છે, તેમ અલૌકિકમાં પણ તે ઘર કરે તો શું ?'

મુખ્ય સંશયનું આ સમાધાન સંતોષકારક નથી, એમ સંશયકર્તા જણાવે ?

न च नाय नियम । मोक्षदशायामाविर्भविष्यतो जीवस्यापि 'यदा सर्वे प्रलीयन्त' इति श्रुत्या तन्निवृत्तिश्रवणात् 'सोऽश्नुते सर्वान्' इति भगवति प्रविष्टाना तेन सह स्वरूपात्मकतन्नुभव एव। अन्यथान्तर्गृहगताना गोपीना काम प्रतिबन्धको नोच्येत ॥

અલૌકિક શરીરમાં કામ નજ અનાય

જ્યારે જીવની મોક્ષદશા થાય છે, ત્યારે તેનો દેહ આધિદૈવિક થઇ જાય છે, લૌકિક દેહ નિવૃત્ત થતાં અલૌકિક બની જાય છે. તે વેળાએ જીવને પણ કામ રહેતો નથી, એમ શ્રુતિ-વેદ કહે છે. 'यदा सर्वे प्रलीयन्तें 'ત્યારે સર્વનો પ્રલય થઇ જાય છે,' અર્થાત્ મોક્ષદશામાં જીવનો અલૌકિક દેહ થયા પછી લૌકિક દેહ ઇન્દ્રિયાદિનો અને તેના આધારથી રહેલા કામાદિનો લય થઇ જાય, ત્યારે જીવના અલૌકિક શરીરમાં કામ નથી રહેતો, તો ત્યે ભગવાનના દિવ્ય સાન્નિધ્યમાં તેના સ્થિતિ કેમ માની શકાય ?

શંકાકારના ઉત્તર સામે ગ્રંથકારશ્રી કરીને પોતાની યુક્તિ દર્શાવે છે:

વેદ અલૌકિક શરીરમાં પણ કામ હોવાનું કહ્યું છે.

વેદ કહે છે કે-' અલૌકિક દેહ ધારણકારો જીવ ચતુર પરમાત્મા સાથે સર્વ-અનેક-કામોનું અશ્નન કરે છે.' આ વેદના ગંભમાં અલૌકિક શરીરવાન્ જીવ રમણભોગ કરવામા ચતુર સર્વકામોને અનુભવે છે એમ જણાવે છે. જો અલૌકિક શરીરમા, કામજ ના હોય તો તેનો ભોગ જીવ કરી શકે અને શ્રુતિ તેમ કહે પણ કેમ ? માટે અલૌકિક શરીરમા પણ કામ તો હોજ.

ગ્રંથકારશ્રીનું આ સમાધાન કેટલેક લાગતું નથી એમ શંકાકાર જણાવે છે:

એ શ્રુતિમાં કામશબ્દનો અર્થ વિલક્ષણ છે.

અપ્રાકૃત-અલૌકિક-શરીરમાં પણ કામ વસે છે, એમ કરાવવા માટે જે શ્રુતિ આપવામા આવી છે, તે શ્રુતિમા કામશબ્દનો અર્થ

લોકમાં અનુભવાતો 'દુષ્ટ કામ' એવો નથી થતો. પરંતુ કામ એટલે ભગવત્સ્વરૂપાત્મક જે કામ તેનો અનુભવ જે દિવ્ય દેહવાન્ જીવો કરે છે. લૌકિક કામની તો નિવૃત્તિ થઈ જાય છે એમ શ્રુતિ કહે છે, ફરીને તેજ લૌકિક કામનો અનુભવ અલૌકિક દેહ ધર્યા પછી, જે પણ આનંદમય પ્રભુ સાથે ઐક્ય કરે એમ માનવું તદ્દન અયોગ્ય. પ્રભુસ્વરૂપથી-ભગવાનથી ભિન્ન નહિ પણ તદ્રૂપ આનંદમય જે કામ તેનો ભોગ અલૌકિક દેહવાન્ જીવો કરે છે, એ માનવું વેદસમ્મત છે. વળી જો પ્રભુ સાથે પણ લૌકિક કામનો ભોગ થાય છે, એમ જો માનશો તો ગદાન્ વિરોધ આવશે. તે વિરોધ આ પ્રકારે ઉદ્ભવશે:

ઇત્યાદિ રાગરમણે કરેલા મનોહર વેણુનાદનું શ્રવણ કર્યા પછી રજોગુણ સત્ત્વગુણ અને તમોગુણ એવા ત્રણે ગુણોના મિશ્રણથી નવ પ્રકારના અને નિર્ગુણ ગણીને ૧૦ પ્રકારના વ્રજભક્તો પ્રભુ-સન્નિધાનમાં પધાર્યા, તેમાના કેટલાંક વ્રજસુંદરીઓ કામના અંશ-નામાં આવી પડ્યાં, પૂર્વ તો ભક્તિમાન હતો, છતાં કામના પ્રતિ અંશથી બંધાઇને વ્રજનાનંદનો અનુભવ કર્યા વિના ભાગવતસાયુજ્ય-રૂપ મોક્ષને પ્રાપ્ત થયા, અર્થાત્ વ્રજનાનંદરૂપ ઉત્તમ પ્રસન્ન નવિ ગણતાં સાયુજ્યરૂપ મધ્યમ ફલ તેઓને મળ્યું. આ પ્રસંગને અનુસ-રીને શ્રીશુકદેવજી શું કહે છે, અને તેનું હાર્દ શ્રીવલ્લભાચાર્યે કેવું પ્રકટ કરેલું છે, તે સમજવા માટે મૂલ શ્લોક અને તે ઉપરનાં શ્રીસુબોધિનીજી અત્ર ઉતારવામાં આવે છે —

अन्तर्गृहगताः काश्चिद् गोप्योऽलब्धविनिर्गमाः ।
कृष्णं तद्भावनायुक्ता दध्युर्मीलितलोचनाः ॥

श्रीसुबोधिनी—दैवगत्या कश्चिद् गृहमध्ये स्थिताः गोपभार्याः कातुर्यानभिज्ञा अग्रौढाः पतिसहिताः पतिभिरेव संरक्षिताः अलब्धनिर्गमा जाताः । ततः प्रतिबन्धनिवृत्त्यर्थं कृष्णमेव ध्यातवत्यः परं तद्भावनायुक्ताः भगवान् जारः 'स्वयमभिसारिकाः इति । अन्यथा प्रतिबन्धो न स्यात् । तादृशोऽपि मोक्षितलोकवेदाः कायो भगवन्तं दध्युः ध्यातवत्यः । ततो मुक्ता जाताः ।

અર્થ:—'દૈવગતિથી કેટલીક ઘરમાંજ રહેલી, અને કૃષ્ણ પ્રૌઢ-પુષ્ટ ઉમરની—નહિ હોવાથી ચતુરતાથી અજાણતજ રહેલી. પતિ સાથે હોવાથી પતિજીજ રક્ષણ કરનારી ગોપભાર્યાઓ અન્ય પરસુંદરીઓ પેઠે પ્રભુનાં દર્શન કરવાની તીવ્ર અભિલાષા છતાં બહાર નિકળી શકી નહિ સારપણે પ્રભુવિયોગમાં આવી પડેલા પ્રતિબંધને તોડી નાખવાને શ્રીકૃષ્ણનું ધ્યાન ધર્યું; પરંતુ બાય તો તેજ હતો. તે બોલ્યા "ભગવાન્ જાર છે અને અમે અભિસારિકાઓ થઈએ." તેથીજ તેમને પ્રભુને મલવામાં પ્રતિબંધ નડ્યો; નહિ તો પ્રતિબંધ ખાતજ નહિ. તેમાં હતાં તોપણ નમતો મીઝાને ભગવાનું જ ધ્યાન ધર્યું તેથી મોક્ષને તો પામ્યાં."

ઉપરનાં વચનોનું મનન કરતાં જણાયા વિના નહિ રહે કે લૌકિક કામ તો પ્રતિબંધ નાખનારો છે. કે ગોપભાર્યાઓની પ્રભુ પ્રતિ જારબુદ્ધિ-કામબુદ્ધિ હતી. તે તો પ્રભુને સાક્ષાત્ મલી શકાયાંજ નહિ હવે અલૌકિક દેહ ધરીને પણ લૌકિક કામ જો પ્રભુમા રાખે તો ભજનાનંદના અનુભવથી તો દૂરજ રહે તેમા લેશ પણ સંશય રહેતો નથી. એટલા વાસ્તેજ પ્રભુના અલૌકિક શ્રીઅંગમાં લૌકિક

કામ માનતા, અને મોક્ષ પામેલો જીવ પ્રભુ સાથે લૌકિક કામનો ભોગ કરે છે એમ માનતાં, ઉપરના સિદ્ધાન્ત સાથે વિરોધ આવ થશે. માટે તે માનવું યોગ્ય નથી.

શંકાકારના ઉત્તરનું પ્રત્યુત્તર કરીને એકદેશી આપે છે—

અલૌકિક દેહમાં અલૌકિક કામ.

પ્રભુના દિવ્ય દેહમાં લોકના પદાર્થોનો કામ માની લેવાં કેવા વિરોધો આવી પડે છે, તો—એક બીજાનેજ માર્ગ તે વિરોધોને અટકાવવા સારૂ સ્વામિ એમ કહે. પ્રભુના દિવ્ય દેહમાં પ્રાકૃત કામ છે એમ ન માનતા અપ્રાકૃત—અલૌકિક—કામ છે એમ માનવું. લૌકિક કામ શરીરને આધારે રહે અને અલૌકિક કામ અલૌકિક શરીરને આધારે રહે એમ માની લેતા કોઇપણ પ્રકારના વિરોધનું બીજ રહેશે નહિ. ભોગપાત્રોને લૌકિક કામબુદ્ધિ હતી તેથી તેનો પ્રતિબંધ થયો, અલૌકિક હોત તો નજ થાત એટલે આ કથનમાં જે સિદ્ધાંત ઉપદેશામલો છે, તેનો ઓછો પણ બાધ નહિ આવ અને પ્રત્યેક સંશય શમી જશે.

એકદેશીનું આ સમાધાન પણ શંકાકારને ગમ્યું નહિ; તેથી એકદેશીના કથનનો પુનઃ ખંડન આપે છે:

न चाप्राकृतविग्रहोऽपाकृतः सदिति वाच्यम्। स्वरूपातिरिक्तस्य तथाविधस्य तस्याप्रसिद्धेः। न चैवमपि वक्तुं शक्य नास्त्येव सदिति। तदनुकूलक्रियाया. सत्त्वादित्याशङ्क्य च समादधते क्रिया सर्वापीति—

પ્રભુથી ભિન્ન અલૌકિક કામ છેજ કયાં ?

'અલૌકિક કામ' તો દૂર રહો પણ પ્રભુના દિવ્ય વિગ્રહમાં

માનવો કીક થઇ પડશે, પરંતુ અલૌકિક કામ કયા છે ! પ્રભુના દિવ્ય સ્વરૂપની સ્તુતો કોઇ દિવ્ય કામ પ્રગટ કર્યા છે ? તેને કામ પ્રગટ હોય તો સંશયનો કઇક પરિહાર થઇ શકે છે, પણ તેવો કામજ પ્રગટ નથી ઓટલે નિરૂપાય

એકદેશી લખે કાંઇક કટાક્ષથી કહે છે—

પ્રભુમાં કામ હોજ નહિ. એમ માનો.

પ્રભુમા કામ છે એમ માનતા આટલા બધા તર્ક ઉઠે છે, અને તેને તોડવાને અનેક પ્રયાસો કરવા પડે છે એમજ માની લો કે પ્રભુના દિવ્ય દેહમા કામજ નથી લૌકિક કામ માનતા વિરોધ આવે અને અલૌકિક કામ માનતા સંતાપ થાય અને તેવો કામ છે પ્રભુ બાકેજ નહિ, તો પછી કામ માનવો પડે ?

એકદેશીનું કહ્યું નગણ્ય તો આટલેથી દૂર કર એમ કેટલાક કહેતા હશે—

કામ તો પ્રભુમાં હોવોજ જોઇએ

ભગવાનમા લેશ પણ કામજ નથી એમ માનવું તદ્દન ખોટું છે કેમકે કામાનુકૂલ, કામના અસ્તિત્વથી જે કાંઇ થાય છે તે, ઇચ્છાઓ તો અહિં જોવામા આવે છે કામ હોય તોજ ક્રિયાઓ, કામાધીન ક્રિયાઓ, જણાય તે ન હોય તો ક્રિયા પણ નજર હોય. ક્રિયાઓ-ચેષ્ટાઓ તો તેની જણાય છે, કાર્ય તો થાય છે, તો તે ચેષ્ટાઓનું મૂળ કામ પ્રભુના કમ ન હોવો જોઇએ ? અને તે લૌકિક માનીએ કહીએ તો પણ વિરોધ હોતો થાય છે અને અલૌકિક માનવા જતા તેવો કામ કોઈ ઇચ્છાએ વર્ણવેલો સાંભળ્યો નથી એવી રીતે

બન્ને બાબતોથી પારકાં સ્પષ્ટતાથી કહેવું એનાં શ્રીવલ્લભાચાર્ય ઉપદેશ છે કે—

श्रीवल्लिका-क्रिया सर्वापि सैवात्र परं कामो न विद्यते ।
तासां कामस्य सम्वृतिर्निष्कामेनेति तात्त्वया ॥

भगवतो 'रसो वै स' इति श्रुत्या रसात्मकत्वादत्र भगवति क्रिया सर्वापि सैव । या रसशास्त्रे रसाविर्भूतिहेतुत्वेन प्रसिद्धा नृत्यगन्धादि-रूपा । रसस्य च स्वक्रियाभिव्यक्तस्यैव प्रकटत्वाद् भगवानपि स्वं रूपं प्रकटयितुं स्वस्य रसात्मतां च घोषयितुमेव लीलां करोतीति क्रियापि तथैवत्यर्थः ।

અન્વયાર્થ—'આ લીલામાં ક્રિયા પણ સર્વ છે, અને જે રસ-શાસ્ત્રમાં વર્ણવેલી છે તેની તેજ છે, પરંતુ કામ નથી વ્રજસુંદરી-ઓના કામની પૂર્તિ પણ નિષ્કામથીજ કરી છે, કેમકે વ્રજાંગનાઓ અલૌકિક દેહવાલીજ છે.'

તાત્પર્ય—કોઇ પણ વિચારનો પ્રારંભ કરતાં પહેલાં શ્રુતિ અને યુક્તિથી દૃઢ થયેલો સિદ્ધાંત હૃદયાગત કરવો જોઇએ. શ્રુતિ-વેદ કહે છે કે, અક્ષરબ્રહ્મથી પર પરબ્રહ્મ, સદાનંદ, ગુણાતીત, ષડ્ગુણયુક્ત પૂર્ણ પુરુષોત્તમ રસાત્મક છે. સર્વરસરૂપ તેજ પ્રભુ છે. ભગવાન્ સ્વયં સર્વ રસસ્વરૂપ છે એથી રસશાસ્ત્રમાં રસના આવિર્ભાવમાં કારણરૂપ માનેલી નૃત્યગન્ધાદિ ક્રિયાઓ ભગવાન્‌માં હોય તેમાં આશ્ચર્ય શું ? સ્વયં પ્રભુ સર્વરસાત્મક છે. પોતાની રસરૂપની પ્રકટ કયારે થાય ? જ્યારે તે તે રસને પ્રકટ કરનારી

ક્રિયાઓ પોતે કરે ત્યારે જ્યારે જ્ઞાનક્રિયાથી ભ્રષ્ટ થાય છે, ત્યારે જ તેનું પરં સ્વરૂપ બીજી નીકળે છે, અર્થાત્ જ્યારે ક્રિયા વડે તેનું જ્ઞાન આલેખાય છે, ત્યારે જ તે પોતાનું સ્વરૂપ આગેકૂચ કરતે પ્રકટ કરે છે, એટલા માટેજ ભગવાન્ પોતાનું જ્ઞાનરૂપ જગાડવા માટે તે તે જ્ઞાનના પ્રકટ થવાના હેતુરૂપ નૂતનગ્રંથાદિ ક્રિયાઓ કરે છે, અને પોતાની જ્ઞાનપ્રતા પ્રકટ કરે છે. એથીજ મૂળગા શ્રીમદ્ભાગવત આરંભે કહે છે કે 'કાલીનાગા ક્રિયા તો દગરાઓમા વર્ણવેલી છે તેજ છે

---

૧. આ સંગીત દૃષ્ટાંતભૂત છે. સંગીત શાસ્ત્રના વર્ણવેલા રાગોનું સ્વરૂપ જ્યાંસુધી જાણવામાં આવ્યું નથી, અર્થાત્ "દેશ ગાન્ધાર અને મૈરવ આવે નહિ અને આગેરાગા તીન નિષાદ અને આરોહમા ગમા નિષાદ આવે તે ગાન્ધાર રાગ કહેવાય" એમ જાણવામાં તથા એમ બોલવામાં સંગીતમા રસનો આનંદ અનુભવાતો નથી એ તો જ્યારે ઉપબ્રહ્મનો બન્ને પક્ષનો સમન્વય હોય, પ્રભુ સમક્ષ ગિરજાના જેમ, પક્ષો ચાલી રહ્યો હોય, પુરોહિતોથી ઊલટા જ્યજયકારમાણસો આત્મપ્રતીતિના પ્રસંગો મકતા હોય, બન્ને બાજુની દલીલોથી ચુકાદા ગરમી ચડી હોય તે વેળાએ સાંભળી તાનસેન (તપૂર) વગેરે પ્રાચીન ગાયકોના મધુર સુંદર સ્વર સાથે બેઠે દરિ રાધે સમં વગેરે શ્રીકૃષ્ણભક્તોના કીર્તનો તે સાંભળ રાગમા ગવાય તોજ તેનો આનંદ અનુભવાય, રાગ પણ પોતાના આધિદૈવિક રૂપમા પ્રકટ થાય તેજીજ રીતે જ્ઞાનશાસ્ત્રના પ્રસિદ્ધ નાટકો તેનો અનુભવ થતો નથી, પરંતુ તેમા વર્ણવેલી ક્રિયાઓથીજ જ્ઞાનનું મુદ્દલ સ્વરૂપ ખરૂં થઈ ઉ

अत एवोक्तं श्रीमद्वाचार्यैः पञ्चमाध्याये 'रसात्मकस्तु यः काम' इत्यादि। रसात्मक इत्यनेन स्वरूपात्मक उक्तः। स तु गूढ एव 'श्रीभावत्वादिति तद्बोधार्थमेव नृत्यन्नन्धादिप्राकट्यमित्यर्थः।

इत्थमेतेनानुमा पांचमा अध्यायमा श्रीवल्लभाधीश द्वारा के ३:

श्रीकारिका—रसात्मकस्तु यः कामः सोऽत्यन्त गूढ एव हि।
अतः शास्त्रं प्रवृत्तं हि तृतीयं भारत तथा ॥८॥

अतोऽत्र भगवांश्चक्रं नृत्य कारितवांस्तथा।
सर्वेषु च यो लीन. स यथा दृश्तां व्रजेत् ॥९॥
जलं वायुश्च सामग्री श्रमान् शीतांश्च जायते।
अन्नेन लोके प्रवृत्तमाविर्भावतिरोहितम् ॥१०॥
कामान्धं सुखमुत्कृष्टं कृपणो भुङ्क्ते न चापरः ॥

अक्षरार्थ—"रसात्मक काम (लौकिक कामथी विलक्षण छे, એવું જે નદિ વાક્ય) अत्यंत गुप्त छे. (श्रीभावरूप होवाथी गूढ छे) तेनो उद्बोध थाय એ हेतुथी नृत्यन्धादिनुं वर्णन करवाने तृतीय-शास्त्र-अद्भुतमुनिप्रणीत-कामशास्त्र प्रवृत्त थयुं छे. એજ हेतुथी ज्यारे भक्त भेगुओ पण आ श्रीयामा पोने नृत्य* કર્યું અને

१ आ। भगवद्रोगने सौन्दर्य निवहगत ग्रहणित श्रीनिकुमात्मक
जे श्लोकमा निर्दिष्ट श्रीमहाप्रभुजीनुं अनुसंधान करवुं

*आ नृत्य तेज रास रासलीलानं नामान्तर श्रीवल्लभाचार्य पोतेज कहे छे

લક્ષ્મીને જૂના કરાયું. અને કુંજાંગમાં જે શુભ છે, તે કેવી રીતે પ્રકટ થાય, તેવી રીતે આગે જૂના કર્યું અને બાકીનો બચાવ્યા. અગ્નિથી જલ અને જલથી નારાયણ ભાગમાં થાય છે. આ શ્લોકમાં પ્રકટ થયેલું ઉત્તમ અને આધિદૈવિક ફલરૂપ શુભ જે કુબ્જા ભોગવે છે, આમ નહિ.

एतेन यौक्तं 'वृन्दावनं सर्वांतस्याभासविवृतौ प्रभुमिणि 'लीलैव परिचायिके'ति। तद्रसात्मकस्य स्वरूपस्य सा सा लीलैव परिचयसम्पादिकेत्यर्थः। सर्वेतिपदमखिलतद्भक्तेन लोकवैलक्षण्याय। नहि लोके क्वचिदपि सकलक्रियावस्त्वनुपलभ्यते। अपिशब्दः सकलतासिद्धये उत्कृष्टापकृष्टमध्यलक्ष्मस्वीकरणाय। एवकारोऽनेतरव्यतद्रसस्वरूपापनाय। अंशतोऽप्यन्यक्रियामिश्रे रसाभङ्गो न स्यात्।

છે.—બહુનર્તકીયુક્તો વૃત્તનિર્દેશો રાસઃ, રસાનામધિષ્ઠાનિર્ધર્મસ્તદિતિ। રસપ્રાદુર્ભાવાર્થમેવ નૃત્યં, નાને પ્રીત્રિ લીલા સ્યાત્। 'નાનાનારી કેળા વિશેષ કોણ તેનું નામ રાસ, અર્થાત કેટલી નારીની અધિષ્ઠાનિ થઈ ને રાસ. રસના પ્રાદુર્ભાવ માટેજ નૃત્ય છે. રાસના જે પ્રકારની લીલા- રાસલીલા. આ ઉપરથી કેટલાક 'રાસલીલા' શબ્દ 'રસલીલા' ઉપરથી થયેલો માને છે, તેમાંની એક પ્રકારની ભાન્તિ છે એમ સમજવું.

§ 'સર્વ' એવો અંગોપાંગ સમજવો, સમજવો ભાન્તિ માને, એ શંકોપાસકાદિનું ખંડન આમ કરવું

एव सति भगवतो या काचिल्लीला सा सर्वापि तत्तद्भावमय स्वभक्त पाविर्भावायेति मन्तव्यम्। अन्यथा पुरुषोत्तमस्य प्राकृतानुकरण वाध्येत। वस्तुतस्तु न तत् प्राकृतानुकरण किन्तु तद्रसस्य विशिष्ट रूपमेव तथेत्यर्थ ।

વળી શ્રીમ પ્રભુચરણ વૃન્દાવન સખી એના વિરણમા એમજ આજ્ઞા કરે છે આપ લખે છે કે, 'પરિચય કરાવનારી નો નીનાજ છે' પ્રભુ સર્વભાવ છે રમ અનેક પ્રમાણના હોવથી તે તે રમનુ સ્વરૂપ ઓળખાવનારી તે સ્વરૂપનો પરિચય કરાવનારી તેની તેની લીલાઓજ હોઇ શકે તેની તેની લીલાઓથી તે તે રસરૂપ સ્વરૂપનો પરિચય થઇ શકે, માટે શ્રીગુસાંઇજી ની 'લીલાજ પરિચય કરાવનારી છે' એ ઉક્તિ અતીવ સુન્દર છે

પહેલા આપેલી કારિકામા શ્રીભાગવતમા એમ ઉપદેશે છે કે, 'આ લીલામા ક્રિયા પણ સર્વ છે' આ કારણે સર્વપ્રકાર એક આત્મ રસનુ સ્વરૂપ દોહન કરે છે ભગવાનની બધી ક્રિયાઓ છે એમાથ સર્વ ક્રિયાઓ ।। આધાર એ રાસરમણજ છે, અન્ય કોઇ નથી લોકમા કોઇ પણ સ્થળે સર્વજ્ઞને ઉત્પન્ન કરનારી સર્વ ક્રિયા કદાપિ દૃષ્ટિપથ નહિ થાય ક્રોધમા કોઇ એક હશે, તો ક્રોધના કાર્ય બીજા હશે, પરંતુ સર્વ ક્રિયાઓના આધાર તો માત્ર મન્મથમન્મથજ છે આ તાત્પર્યજ એ ક્રિયાઓની અને તે ક્રિયાઓ કરેના છે એના મેના આગેના કારણની લોકથી વિલક્ષણતા બતાવે છે મૃગના અભિરૂપ પણ ગોપના માટે યોગ્યતાની સિદ્ધિ માટે સર્વ ક્રિયા પણ રસમય છે એમ સિદ્ધ થવા માટે ઉદ્દેશ અને અપદેશ

સર્વ ક્રિયાઓ આવી છે, એમ કહ્યાથી ગીતાજી અધિકારથી યુક્તપણે બોલ્યો છે. તેમજ એવા શબ્દ પણ નિગૂઢ તાત્પર્યનું બોધન કરે છે. જે ક્રિયા સ્વને બાધક ના કરી શકતી હોય, જે લીલા પ્રભુનું સ્વરૂપ કાયમ ન રહેવા તેવી અન્ય ક્રિયાઓ, જગતમાં કરી બાધનારી ક્રિયાઓ તો પ્રભુમા નથીજ, એમ એવા શબ્દ કહે છે. અર્થાત આ ઉપરથી એમ નિશ્ચય કરવો કે પ્રભુની જે કાંઈ લીલા છે તે બધી લીલા તે તે રસાત્મક સ્વરૂપના આવિર્ભાવ માટેજ છે જેથી રસાત્મક સ્વરૂપ લોપે નહિ તેવી લીલા તો પ્રભુમાં છેજ નહિ. એમાં થોડીએ થોડી લીલા પોતાના અનેક રસથી પરિપૂર્ણ સ્વરૂપનેજ પ્રકટ કરનારી હોય છે. જો એમ ના હોય તો પ્રભુ પૂર્ણપુરુષોત્તમ, કોટિ બ્રહ્માંડના નાયક પ્રાકૃત જનોનું અનુકરણ કરા માટે કરે ? કારણ કે તે અનુકરણમા કાંઇ ગૂઢ રસ સમાયેલો હશે, અને લૌકિકનું પણ અનુકરણ કરવાથી મોક્ષ સ્વરૂપ પ્રકટ થશે; માટેજ પ્રભુ લૌકિકને અનુસરનારી લીલાઓ કરે છે. પ્રભુ જે લૌકિકનું અનુકરણ કરે છે, પોતે લોકના જેવી લીલાઓ કરે કે તેથા લોકનું અનુકરણ પ્રભુએ કર્યું એમ આપણને ભાસે છે, પણ ને વાસ્તવિક નથી. વાસ્તવિક તો એજ છે કે, **ભગવાન કાંઇ લૌકિકનું અનુકરણ કરતાજ નથી**, પરંતુ તે તે રસનો જણાવનાર સ્વરૂપ પ્રકટ કરનારી લીલા કરે છે. લોકનું અનુકરણ પ્રભુએ કરવાથી પ્રભુમાં લૌકિક બુદ્ધિ પ્રવેશે છે, માટે પ્રભુ લૌકિકને અનુસરતાજ નથી, અને તેમની લીલામાં લોકને અનુસરવાની ભ્રાન્તિ થાય ત્યાં એમજ સમજવું કે એ વિલક્ષણ રસથી યુક્ત સ્વરૂપજ તેવું છે, પોતાની રસમયતા જણાવવા માટેજ પ્રકટ થાય છે, નહિ કે લોકનું અનુકરણ કરવાજાટે, એ સિદ્ધાંત હમેશાં રાખવો.

नन्वेवविधक्रियावत्त्वे भगवतो लोक सा कामवत्समानाधिकरणा दृष्टेत्यत्रापि कामसिद्धौ पूर्वोक्तदूषणापात इत्याहुः परं काम इति। सन्तु ता एव क्रियास्तथापि न दोष। अजन्यत्वात्तासाम्। नहि भगवत्स्वरूपं आनन्दमात्रेऽन्यदस्ति किञ्चित्, स्वस्वरूपमेव भक्तभावनामुपलभ्य तथा तथा भवतीति सिद्धान्तस्य 'विनानुवाद न च तन्मनीषित'मित्यत्र निरूपणात्। व्यासैरप्यभिहितं 'आह च तन्मा'मिति ॥

પુનઃરાશંકા

ભગવાન્ સર્વજ્ઞાત્મક છે, તથા જેમ -ભગવ કરવાની જરૂ રવા માટે તેવી તેવી રમણ લીલાઓ કરે છે, જે બધું ઘટી શકે છે અને માન્યજ છે, પણ એવી ક્રિયાઓ ભગવાનમાં છે એમ માનતા ભગવાનમાં લૌકિક કામ કરવાનો નિશ્ચય કરવો પડશે, કેમકે તેવી પુષ્પગંધાદિ ક્રિયાઓ લોકમાં જોવામાં કામ હોય છે, બાજ ભગવાન છે કામ વિના તેવી ક્રિયાઓનો સંભવજ નથી તેવી ક્રિયાઓ પ્રભુમાં માનતા, તેવો કામ પણ પ્રભુમાં છે, એમ માનો. અને તે માનતા પૂર્વે કહેલા દોષો કરીને તૈયાર થઇને ઊભાજ રહશે

• . સમાધાન.

શ્રીપ્રભુના મહાત્મ્યનું ભગવાન પૂર કાર્તિકાગ્ર શ્રીમદાપ્રભુજીએ કરેલું છે આપ આજ્ઞા કરે છે, 'પરંતુ કામ નથી' એવામાં જળાની નૃત્યાદિક ક્રિયા ભલે હો તો પણ દોષ નથી, કેમકે તે ક્રિયાઓ ઉત્પન્ન થતી નથી, લોકમાં કામને લઇને તે ક્રિયાઓ ઉત્પન્ન થાય છે, પહેલા શરીરમાં કામ પ્રવેશ કરે ત્યાં-પછી ન ગમતા તેવી

એટલાએ ભક્તિમાર્ગ. તેની રીતે પ્રભુની ક્રિયા ઉત્પન્ન થતી નથી પહેલાં જણાવ્યું છે કે ભગવાન્ તો આનંદરૂપ છે. ભગવાન્ તુર્ત અને તેમનો દેહ જુદો એવી મીઠકવત્ વ્યવસ્થા લાગતી નથી પ્રભુનું શ્રીમંગજ આનંદમય છે, આ આનંદ સિવાય અન્ય કોઈ નહિ તો પછી આ રામનો પ્રવેશ કયાંથી થયાનો ? અને તેની ક્રિયાઓ કર્મફળની દ્રષ્ટિથી ? ઇત્યાદિ એવોજ સિદ્ધાન્ત પ્રકટ કરવામા આવ્યો છે કે ભક્તની ભાવના પ્રમાણે પ્રભુ નરવપુ પ્રકટ કરે છે જેમના હૃદયમા જેવા સ્વરૂપનું ધ્યાન ભાવના થઇ રહેતી છે, તેવાજ સ્વરૂપે પ્રભુ પ્રગટ છે. વેદવ્યાસે પણ એજ કહ્યું છે, 'જેમ મધુર અંધ અને બહેરા સંબંધે જુદાંથી પરિપૂર્ણ છે તેમ પ્રભુ આનંદથી પૂર્ણ છે.' એમના શરીરેન્દ્રિયાદિ સ્વરૂપથી જુદા નથી, પણ સત્ય પરમેશ આનંદમયજ છે. વેદ જેવે એમના નિશ્વાસ દોવાયા તે નિશ્વાસરૂપ ક્રિયાઓ પણ તદ્ સ્વરૂપમાથી થાય છે. સર્વાંકલ્પ. પ્રભુ હોવાથી ક્રિયાદિક કલ્પનાથી શ્રુતિનો વિરોધ આવતોજ નથી' આવો સિદ્ધાન્ત વેદવ્યાસજીએ કરી છે

---

૧ જેમ કોઇ શરીરમા પ્રેત પેસેથી હોય અને તે શરીરના જેવી વિચિત્ર ક્રિયાઓ જોવામા આવે છે, તેમ રામનો પ્રવેશ થયા પછી શરીરના ચિહ્નનો બદલાઇ જાય છે, અને નવી નવી ક્રિયાઓ ઉત્પન્ન થાય છે

* વિજ્ઞાનવાદ ન ચ તન્નતીયિત એ શ્લોકમા

૨. સાદ ચ તન્માત્ર એ બ્રહ્મસૂત્રના ૬ ઠા અધ્યાયના ધૃતા પાદમા

ननु, श्रमजन्यः वं, तल्लीलानामित्याशङ्क्य च तदुपपादयन्ति कामोऽत्र न विद्यते इति। लोके तद्धेतुत्वेनाभिमतः कामोऽत्र न विद्यते। प्रभोरेव तद्रूपत्वात्। 'साक्षान्मन्मथमन्मथ' इति वाक्यात्। नहि भगवतो विग्रहे कामः। विग्रहः कामं इति तु सुदत्तम्। एतेन हेत्वभावेनाजन्यतया तत्क्रियाणां नित्यत्वमलौकिकत्वं स्वरूपात्मकत्वं च समर्थितम्। एवंविधलीलाकरणेऽपि भगवतो निष्कामत्वमाधुतरं चोक्तम्। अत एव कामाभावादेव न लौकिककामुकवत् सापेक्षता गगनः प्रत्युत मानश्च॥

पुनः शंकायोत्पत्ति.

ભગવાનની ક્રિયાઓ અજન્ય છે, એનું કારણ શું? લોકમાં જન્ય ક્રિયા નો ઉત્પન્ન થતી જોવામા આવે છે. ભગવાનનાં પણ શરીર જેવી તેમની ક્રિયા ઉત્પન્ન થતી નથી, નથી ઉદ્ભવતી એ શું?

સમાધાન.

એ શંકાય ઉત્પન્ન થતાં તેનું ઉત્તર શ્રીગદાગ્રજ આપે છે, 'ત્યાં કામ નથી' લોકમાં જેની ક્રિયાઓનું કારણરૂપ કામ છે, ત્યાં જેવો કામજન્ય નથી. જેવો કામ હોય અને જે ક્રિયા ઉત્પન્ન થાય તો તે ક્રિયા ઉત્પન્ન થયેલી કહેવાય પણ ભગવાનમા જેવો કામજન્ય નથી, તો પછી જેવી ક્રિયા ઉત્પન્ન થયેથી કામ કહેવાય? ભગવાનમા કામ નથી, પરંતુ પ્રદ્યુમ્ન કામરૂપ છે જેમકે 'પ્રભુ સાક્ષાત્ મન્મથ-મન્મથ' એમ શ્રુતિ કહે છે. કામને પણ પ્રદ્યુમ્ન કહેનાર શ્રુતિ-ઉપનિષદ્ પણ છે. ત્યાંજ એવાજ વિચાર કરવો કે જેમ કામના

દેહમાં ત્યાગ જેમ છે, તેમ ભગવાનના દેહમાં કામ નથી, પરંતુ **ભગવત્સ્વરૂપજ કામ છે.** એમ તો સારી પેઠે કહી શકાય. જીવ જુદો, તેનો દેહ જુદો અને તેમાં રહેનાર કામ પણ ભિન્ન, પરંતુ તેમાં ક્રિયા ઉત્પન્ન થવામાં કામ કારણ રૂપ પડે, પરંતુ ભગવાન્ જુદા નહિ, ભગવાનનું રૂપ પણ ભગવાનથી ભિન્ન નહિ અને કામ પણ પૃથક્ ન હોઈને ભગવત્સ્વરૂપજ હોય, તો કયે ત્યાં કામે તેની ક્રિયાઓ ઉત્પન્ન કરી હોય ? તેમજ ભગવાનને કામી કામવાન્ કેમ કહેવાય ? એવીજ ગર્ગ આચાર્યથી, કહેવા છતાં પણ કંઈપણ ક્રિયાઓ પણ પરી અન્યત્ર છે, નિત્ય જ, અલૌકિક છે, પધારે તો શું પણ ભગવદ્રૂપ છે, એમ સિદ્ધ થયું, તેમજ એવી અનેક પ્રકારની લીલા કરવામાં પણ પ્રભુની નિષ્કામતા અને ક્રિયાના તેવીજ અખંડપણે રહેલી છે

ભગવાનમાં તેવો તુચ્છ કામ નહિ હોવાથીજ લૌકિક કામની પેઠે ભગવાનને મોહની અપેક્ષા પણ નથી, પરંતુ ઊલટું માન છે. લૌકિક કામી સ્ત્રીઓ માટે તપે છે, જ્યારે પણ અલૌકિક કામસ્વરૂપ કૃષ્ણ રાત્રિના સમયમાં, વનમાં, મનોહર શરદ્ઋતુમાં પોતાની પાસે આવેલા વ્રજસુંદરીઓને પોતેજ જવાનો ઉપદેશ કરે છે ! અને તેમની શોધી પણ અપેક્ષા દેખાડ્યા વિના પોતે અન્તર્ધાનમાંજ વિરાજે છે ॥

गीतगोविन्दाद्युक्तप्रकारेण लौकिकीषु नायिषु रमणे सापेक्षता च तद्वस्तुस्वरूपस्य तथात्वबोधनाय। लौकिकत्वं हि लोकमनिर्वचनीयत्वं, न तु लोकसिद्धत्वम्। लोके रमण्येनाभावात्। 'दर्शयन् कामिना

दैन्य'मित्यत्र तथा निरूपणात्। लोकानां तु महारासलीलानुकरणे बालानां तदभिमान इव सरसत्वाभिमानमात्रमिति निगर्वः ।

ગીતગોવિંદમાં કહ્યા પ્રમાણે લૌકિક રાસમાં રમણ કરતાં પ્રભુએ જે અપેક્ષા ગતાવેલી છે, તે રથકે એમજ સમજવું કે તે રાસસ્થલ તેવું કાંઇક વિલક્ષણ છે. જેમ કે ગીતગોવિંદના કર્તા જય દેવજી તે સ્થલ કહે છે—

विकिरति मुहुः श्वासानाशाः पुरो मुहुरीक्षते
प्रविशति मुहुः कुञ्जं गुञ्जन्मुहुर्बहु नाम्यति ॥
रचयति मुहुः शय्यां पर्यंकुलं मुहुरीक्षते
मदनकदनक्लान्तः कान्ते प्रियस्तव वर्तते ॥

१

गीतगोविन्द. स, ९

'લૌકિક લૌકિક' એમ કહેવામાં આવે છે, પરંતુ તેનો ભાવાર્થ શો લેવાનો છે એ કોઇ જાણતું નથી. લૌકિક એટલે લોકમાં કહેવાતું હોય તે, નહિ કે લોકમાં જે સિદ્ધ છે તે લૌકિક. લોકગાત્ર સિદ્ધ હોય તે તો પ્રભુમાં હોયજ નહિ, પરંતુ લોકમાં જે કાંઇ કહેવાતું હોય અને તેથી લૌકિક ઠરી ગયેલું હોય, તેવું લૌકિક પ્રભુમાં હોઇ શકે. જેમ કે રૂપમાત્ર લૌકિક કહેવામ છે, પણ તે લોકમા સિદ્ધ નથી, કેમકે લોકમાં રૂપજ નથી. લોકમાં રૂપ સિદ્ધ હોય તો તે પ્રભુમા ગણાય નહિ. જેમ લોકમાં શરીર પંચમહાભૂતનું સિદ્ધ છે, પણ તે પ્રભુમાં મનાય નહિ. પણ આનંદનું શરીર લોકવેદમાં કહેવામ છે, પણ લોકમાં નથી, તો તેવો દેહ પ્રભુમાં મનાય પણ

છે. લોકમાં રસ નથી, પણ કહેવાય તો છે, તો એ રસ માત્ર પ્રભુમાં હોય, પ્રભુ તે રસરૂપ હોયજ એમાં આશ્ચર્ય શું ?

વ્રજમંડન વદે છે કે—

रेमे तया चात्मरत आत्मारामोऽप्यखण्डितः ।
कामिनां दर्शयन् दैन्यं स्त्रीणां चैव दुरात्मताम् ॥

फलप्रकरण.

અક્ષરાર્થ—'આત્મરમણ કરનારા, અખંડિત, આત્મારામ એવા ભગવાન્ કામીઓની દીનતા અને સ્ત્રીઓનું દુરાત્મપણું દર્શાવતા તેની સાથે અને અંતઃપ્રવિષ્ટોની સાથે રમ્યા હતા.'

આ શ્લોકના શ્રીમદાચાર્યજી આમ કરે છે કે—

બલપૂર્વક અતિ સમર્થ એવા અગ્નિનું પાન કરી યમુનાજીના તીર ઉપર દાવાનલમાંથી પ્રભુએ બચાવવામાં આવેલી ગાયોનાં દર્શન મને ક્યારે થશે ? ૧૩.

पायिता यमुनातीरे जीविताः स्वदृशा पुनः ।
परीक्षिता व्रजप्रेम्णा गावो दृग्विषयाः कदा ॥१४॥

યમુનાજીના કાંઠા ઉપર (વિષ) જલનું પાન કરાવાયેલી અને પછી પોતાની દૃષ્ટિથી જીવતી કરવામાં આવેલી અને વ્રજના પ્રેમે જેની કસોટી કરવામાં આવેલી તેવી ગાયોનું દર્શન મને ક્યારે થશે ? ૧૪.

स्वनाथवदनांभोज दर्शनौत्कंठ्यकातराः ।
विस्मरत्स्वशरीराद्या गावो दृग्विषयाः कदा ॥१५॥

પોતાના સ્વામી શ્રીકૃષ્ણચન્દ્રજીના મુખકમલના દર્શનની ઉત્કંઠતાથી ઓશિયાળી થઈ ગયેલી અને તેથી પોતાના શરીર વગેરેનું વિસ્મરણ થઇ ગયું છે તેવી ગાયોનું દર્શન મને ક્યારે થશે ? ૧૫.

मणिमालाधरेण स्वकरेण गणिता मुदा ।
स्मृतप्रियास्वरूपेण गावो दृग्विषयाः कदा ॥१६॥

જેણે પોતાની પ્રિયાના સ્વરૂપનું સ્મરણ કર્યું છે, તેવા મણિમાલા ધારણ કરનારા પ્રભુએ આનન્દપૂર્વક પોતાના હાથથી જેની ગણતરી કરી, તેવી ગાયોનું દર્શન મને ક્યારે થશે ? ૧૬

अलौकिकरसप्राप्तिसाधनैः कर्णसंपुटैः ।
सुधाधिकगुणैर्युक्ता गावो दृग्विषयाः कदा ॥१७॥

અલૌકિક રસને મેળવવામાં સાધનરૂપ અને અમૃતના સ્થાન-રૂપ એવા કાનવાળી ગાયોના દર્શન મને કયારે થશે ? ૧૭.

एकैकक्षणसंबंधलीलालीना व्रजात्मना ।
वनान्निवर्तिताः स्वार्थं गावो दृग्विषयाः कदा ॥१८॥

એકએક ક્ષણની લીલામાં તલ્લીન બનેલી એવી અને વ્રજના આત્મારૂપ પ્રભુએ વનમાંથી પાછી વાળેલી એવી ગાયોના દર્શન મને કયારે થશે ? ૧૮.

हरिण्य इव नादेन दूरादंतिकमागताः ।
स्थिताश्चित्रस्थितिप्राप्ता गावो दृग्विषयाः कदा ॥१९॥

નાદથી હરિણીયો જેમ નજીક આવે તે પ્રમાણે (વેણુના નાદથી અથવા પ્રભુએ કરેલા નાદથી) દૂરથી નજીક આવેલી અને જાણે ચિત્રમાં ચીતરાઇ રહેલી હોય તેમ સ્થિર થઇ ગયેલી ગાયોના દર્શન મને કયારે થશે ? ૧૯.

तमनूत्थाय चलिता वलिता वृषभैरपि ।
ललिता गतिभिर्गां गावो दृग्विषया. कदा ॥२०॥

પ્રભુ જોયા ઉઠયા કે પાછળ ઉઠી નીકળી ચાલવા માંડેલી અને આઠોથી વીંટલાયેલી અને માર્ગમાં હાલતા રાપાત લાલિત્યવાળી ગાયોના દર્શન મને કયારે થશે ? ૨૦.

वादयंत्यः कंठघंटां नादयंत्योऽथनूपुरम् ।
आह्लादयंत्यः स्वपतिं गावो दृग्विषयाः कदा ॥२१॥

કંઠમાં રૂડેલી ઘંટડીયોનો રણકાર કરતી અને પગનાં ઝાંઝરનો ઝમકારો કરતી અને તેમ કરી પોતાના સ્વામી શ્રીકૃષ્ણચન્દ્રને આનન્દ આપતી ગાયોનાં દર્શન મને ક્યારે થશે ? ૨૧.

भासयंत्यः स्वशृंगाणि सुवर्णाभरणैः पुनः ।
ललाटपट्टिकायुक्ता गावो दृग्विषयाः कदा॥२२॥

વળી સોનાના ઘરેણાંઓથી પોતાનાં શીંગડાઓને પ્રકાશિત કરતી અને માથાપર ભોડિયાવાળી ગાયોનાં દર્શન મને ક્યારે થશે ? ૨૨.

ललाटलंबमानेन स्वर्णपर्णेन शोभिताः ।
सिंदूररंजितमुखा गावो दृग्विषयाः कदा ॥२३॥

માથેથી લટકતી સોનાની પાંદડી (એ નામના અલંકાર) થી શોભી ઉઠેલી અને સિન્દૂરે ચડે જેના મુખને રંગવામાં આવેલું છે તેવી ગાયોનાં દર્શન મને ક્યારે થશે ? ૨૩.

पुनः सकलदेहेषु गैरिकादिविचित्रिताः ।
केकिपिच्छशिरोगुच्छा गावो दृग्विषयाः कदा ॥२४॥

વળી આખા શરીર ઉપર ગેરૂ વગેરે રંગોથી વિચિત્રામણ કરવામાં આવ્યું છે, તેવી અને મોરપીંછથી માથા ઉપરનો ગુચ્છો બનાવવામાં આવી છે, તેવી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૨૪

ग्रथितानेकपुष्पादिमालादिभिरलंकृताः ।
दर्शयंत्यः स्वमाहात्म्यं गावो दृग्विषयाः कदा ॥२५॥

ગૂંથેલી અનેક ફૂલ-પાંદ વગેરેની માલા-વગેરેથી શણગારવામાં આવેલી અને પોતાના માહાત્મ્યને બતાવતી ગાયોનાં દર્શન મને ક્યારે થશે ? ૨૫.

निरुद्धा गोकुलेशास्ये निरुद्धा विपिने क्वचित् ।
न विरुद्धाः स्वकीयेषु गावो दृग्विषयाः कदा ॥२६॥

શ્રીગોકુલાધીશજીના મુખકમલમાં રોકેલ ચિત્તવાળી અને ગોકુલવાર વનમાં રોકાઇ ગયેલી છતાં પોતાનાઓમાં કદાપિ વિરુદ્ધ નહીં (સદા અનુકૂલ) એવી ગાયોનાં દર્શન મને ક્યારે થશે ? ૨૬.

अग्रेकृत्य स्वगोविंदं नृत्यंतं स्वजनैः सह ।
परावृत्य समीक्षंत्यो गावो दृग्विषयाः कदा ॥२७॥

પોતાના ગોવિયાઓ આગે નાચ કરતા શ્રીગોવિન્દને આગળ કરી ગોકુલ ફેરવી પ્રભુનાં દર્શન કર્યા કરતી ગાયોનાં દર્શન મને ક્યારે થશે ? ૨૭.

स्वगुरोर्धूतरजसाऽलंकृतस्वामिकुंतला ।
संबंधातिशयोन्मत्ता गावो दृग्विषयाः कदा ॥२८॥

પોતાની ખરીઓથી ઉડેલી રજવડે સ્વામી શ્રીકૃષ્ણચન્દ્રજીના કેશ શણગારી આપ્યા છે તેવી અને પ્રભુ સાથેના ગાઢ સમ્બન્ધથી ઉન્મત્ત થઇ ગયેલી ગાયોનાં દર્શન મને ક્યારે થશે ? ૨૮.

ननांतिकगतिप्राप्तप्रमोदपुलकांकिताः ।
विलोकिताः स्वामिनीभिर्गावो दृग्विषयाः कदा ॥२९॥

વજની નજીક જતાં ઉત્પન્ન થયેલા આનન્દથી .થયેલા રોમાञ्चवाणी अने गोपाङ्गनाओ। ओनी सामू निहाणी रही छे, तेवी गायोनां दर्शन मने क्यारे थशे ? २९.

तद्दर्शनमहानंदसंदोहशिथिली कृताः ।
विस्मृतस्वैप्टगतयो गावो दृग्विषयाः कदा ॥३०॥

गोपाङ्गनाओनां दर्शनथी थयेला महान अपूर्व आनन्दथी ढीली थई गयेली अने तेथी पोतानी गतिने भूली गयेली गायोना दर्शन मने क्यारे थशे ? ३०.

स्वामिनीमुखचंद्रैकचकोर्यो धैर्यवर्जिताः ।
न लीलाप्रतिबंधिन्यो गावो दृग्विषयाः कदा ॥३१॥

गोपाङ्गनाओना मुખચન્દ્ર तरફ એકોરીરૂપ, धीरज विनानी अने लीलामां प्रतिबन्ध न करनारी એવી गायोना दर्शन मने क्यारे थशे ? ३१.

लीलांतरचिकीर्षाः स्वमभोरग्रे गृहं गताः ।
तदागतिं बोधयंत्यो गावो दृग्विषयाः कदा ॥३२॥

अन्य लीला करवानी ઇચ્છાવાળા प्रભुनी पहेलाज घेर गयेली अने प्रभु हवे पधारशे तेनुं જતાવતી गयोना दर्शन मने क्यारे थशे ?

समागतनिजप्रेष्ठदर्शनानन्दसप्लुता ।
स्वदोहनायाभिमुखा गावो दृग्विषया. कदा ॥३३॥

આવી પહોંચેલા પોતાના અત્યન્ત વ્હાલા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીના દર્શનને પીધે આનન્દથી ઉભરાયેલી અને દોહાવાની ક્રિયા માટે તૈયાર થઇ રૂડેથી ગાયોના દર્શન મને કયારે થશે ? ૩૩.

नियोजनपाशरचितगोपवेषावलोकिता ।
तूष्णींभूता स्वदोहाय गावो दृग्विषया कदा ॥३४॥

નોઝરૂ ધારણ કરતા થયેલા ગોવાળ વેષવાળા ગોપાળ જેમની સાથે જોડ રૂડેલા છે તેવી અને દોહાવાની ક્રિયા માટે તદ્દન શાન્ત થઇ ઉભેલી ગાયોના દર્શન મને કયારે થશે ? ૩૪.

वेणुनादकृतिस्तब्धगतयो दोहनोन्मुखा ।
आनन्दमीलन्नयना गावो दृग्विषया कदा ॥३५॥

વેણુનો નાદ થતા જેની હલનચલનની ક્રિયા તદ્દન બંધ થઇ છે તેવી, દોહાવાની ક્રિયામા અનુકૂળ થઇ રૂડેલી અને આનન્દથી આખો મીંચેલી છે તેવી ગાયોના દર્શન મને કયારે થશે ? ૩૫

गोष्ठादमदचलनकलनूपुरसिंजितम् ।
आकर्ण्य निश्चलतरा गावो दृग्विषया कदा ॥३६॥

ગોકુલના સ્વામી શ્રીકૃષ્ણચન્દ્રજીના મન્દમન્દ ચાલવાથી સુન્દર ઝાંઝરના ઝમકારને સાંભળી અત્યન્ત સ્થિર ઉભી રૂડેલી ગાયોના દર્શન મને કયારે થશે ? ૩૬

स्वतः स्वरसदानाय सर्वभावैकतत्पराः ।
दर्शत्यो गोकुलेशास्यं गावो दृग्विषयाः कदा ॥३७॥

સર્વાત્મભાવથી એકાન્ત અને અનેજ પોતાના દૂધ વગેરે રસને દેવા શ્રીગોકુલાધીશના મુખકમલનાં દર્શન કરતી ગાયોનાં દર્શન મને કયારે થશે ? ૩૭.

गोष्ठे गोपमनाक्रांते रात्रौ वातैन चेतसा ।
विभावयंत्यस्तां लीलां गावो दृग्विषयाः कदा ॥३८॥

ગોવાળોથી ભરચક ગોકુલમા રાત્રિને સમયે આર્તિવાળા ચિત્તથી પ્રભુની લીલાઓની ભાવના કરતી ગાયોનાં દર્શન મને કયારે થશે ? ૩૮.

एवं मनोरथं नित्यं यच्छन्तु मयि मत्प्रभोः ।
प्रसन्ना गोकुलेशस्य गावो भाव स्वपालके ॥३९॥

આ પ્રમાણે મારા પ્રભુ શ્રીગોકુલેશની પ્રસન્ન એવી ગાયો મને મારા પાલક પ્રભુમાંના મનોરથરૂપ રહેલા ભાવને સદૈવ આપો. ૩૯

૫૩. कार्पण्योक्तिः ।

(અનુવાદકઃ—બદરીનાથ કાશીનાથ શાસ્ત્રી)

वाञ्छामि सेवनं नाथ स्वार्थं न पादयोस्तव ।
न जाने तत्र को वास्ति प्रतिबन्धो ह्यदृष्टजः ॥१॥

ભાવાર્થઃ—હે નાથ હે હૃદયેશ્વર ! આપનાં પરમ કોમલ ચરણારવિન્દની સેવા કરવાની ઈચ્છા રાખું છું તે પણ હે પ્રભો મારા લૌકિક સુખની જરા પણ આશા રાખ્યા શિવાયજ સેવા માગું છું. ગમે તેટલા અને તેવા લૌકિક સ્વાર્થો સરે પણ પરમકૃપાલુ આપના ચરણમાં પ્રીતિ કર્યા વગર કંઈ ચેન નજ પડે, હે પ્રભો ! વારંવાર આપની સેવા માગું છું છતાય મારો પ્રતિબન્ધ મટતો નથી. કદાચ પૂર્વજન્મનાં પ્રારબ્ધ એવા હશે કે શું ? હે નાથ ! આપ તો પ્રારબ્ધને પણ મટાડનારા અને પાપોને દૂર કરનારા છો; તેથી મારો પ્રતિબન્ધ નજ હોય તથાપિ હું કંઈ સમજી શકતો નથી કે શા માટે આપની સેવામાં પ્રતિબન્ધ આવે છે ? ૧.

न ज्ञानं न च वैराग्यं नापि भक्तिस्तथाविधा ।
कथं मे मनसो दार्ढ्यं भवेन्निःसाधनस्य हि ॥२॥

ભાવાર્થ—હે પ્રભો શાસ્ત્રોમાં સાભળ્યું છે કે સાધનોથી સાધ્ય સિદ્ધ થઇ શકે છે તે પ્રમાણે મારી પાસે તેવાં સાધનો પણ નથી હું તો કેવળ નિઃસાધનજ છું ભગવત્ શાસ્ત્રોમાં આજ્ઞા કરી છે કે જ્ઞાનં કર્મ ચ ભક્તિશ્ચ જ્ઞાન કર્મ અને ભક્તિ આ ત્રણ પ્રકારે પ્રભુ મળે છે તેમ શ્રીમદ્ભગવદ્ગીતામા પણ આજ્ઞા કરી છે કેનહિ જ્ઞાનેન

ઘટવે પવિત્રમિહ વિદ્યતે જ્ઞાન સિવાય આ જગતમાં કોઇ પવિત્ર વસ્તુ નથી તો મારામા તે મુજબ જ્ઞાન પણ નથી બીજું સાધન શાસ્ત્રમાં વૈરાગ્ય કહેલ છે, શ્રીમદાચાર્યચરણે પણ વૈરાગ્યપાલન કરવા માટે બહુ આગ્રહ કર્યો છે. તે પ્રમાણે મારામા વૈરાગ્ય પણ નથી ટાળણ કે લૌકિક આગ્રહિત નાશ ન પામે ત્યાં સુધી આપનામા આસક્તિ થતી નથી તેમજ ઉત્તમ પ્રકારની અર્થાત્ પ્રેમલક્ષણા ભક્તિ પણ મારામાં છે નહી. ઉત્તમ ભક્તિ પ્રાપ્ત કર્યા પછી જીવોને ક્રોધપણ અવશેષ કાર્ય રહેતું નથી. જેવી રીતે શ્રુતિરૂપ ગોપીજનોએ આપની શુદ્ધ ભાવથી ભક્તિ કરી ઉત્તમોત્તમ સેવાનું ફળ પ્રાપ્ત કર્યું છે; તેવી રીતે હે પ્રભો મારામા ભક્તિ રૂપી પણ સાધન નથી. આવી રીતે ચોતરફથી હે નાથ! હુ તો સાધન રહિત થયોછું. આચાર્યશ્રીએ આજ્ઞા કરી છે કે માનસી સા પરા મતા સેવાના દરેક પ્રકારો કરતા માનસી સેવા અતિ શ્રેષ્ઠ છે. એટલે ચંચળ મનનો દરેક વ્યવહાર આપશ્રીગામજ હોઇ રાકે. તે મુજબ જ્યારે મારાથી માનસી સેવા સિદ્ધ થઇ નથી તો મારૂં મન આપના ચરણકમળની સેવામા કેવી રીતે દઢ થઇ શકશે. આપની કૃપા સિવાય મારૂ સામર્થ્ય છેજ નહિ. ?

लौकिके कर्मशाहेतौ मे सर्वदा मनसो गति. ।
न वैष्णि कैन दोषेण वर्तते लौकिकप्रिय ॥३॥

ભાવાર્થ:—હે કૃપાનાથ જ્યા સુધી મનનો દરેક વ્યવહાર લૌકિક સુખ માટે ગુંથાયલો હોય છે ત્યાસુધી સ્વભાવદુષ્ટ જીવ બહું સુખ અને બહું દુઃખ ઓળખી શકતો નથી લોકમાં બહુજ બાધીકાઇથી લેઉછું, તો કેવળ કમેશ સિવાય અન્ય કોઇપણ બાબતું નથી આગ્રહ

કે જ્યાં ભક્તા અને મમતા બંધાય છે ત્યાં ક્લેશ સિવાય કંઈ દેાતુંજ નથી. શ્રીભાગવતમાં પણ કેવામસો વસ્તરા એવ શિષ્યતે. લૌકિક સુખમાં લક્ષ્મીપત્ની રહી આપની સેવાને ન કરનારા જીવો માટે ક્લેશ રહે છે. તેવીજ રીતે કેવલ ક્લેશના કારણ રૂપ આ લોકમાં માત્ર ગતની ગતિ નિત્ય દેખાય છે. હે પ્રભો! એવું એક પણ કૃણ કર્યું નથી કે જેમાં માર્ હું ગત લૌકિક સુખની ચિન્તા કરવામાં બદેલું હોય, હે ભગવાન! એવો મારો કયો દોષ હશે કે મારા ચિત્તમાં કેવલ લૌકિક પ્રેમ અને સુખની કલ્પનાજ જાગતી રહે છે. જ્યાંસુધી લોકમાં પ્રીતિ હોય ત્યાંસુધી હું આપના અલૌકિક સ્વરૂપને શી રીતે મેળવી શકું. ૩.

त्वया सर्वसमर्थेन सर्वकर्त्राऽखिलेष्वपि ।
यदि मे नहि निस्तारस्त्रिलोक्यां का गतिर्मम ॥४॥

ભાવાર્થ:—હે કૃપાનાથ! આપ તો કર્તુમ્ અકર્તુમ્ અન્યથા-કર્તુમ્ અર્થ સમર્થ છો. જગે તેવું અન્ય દેવાદિકથી ન થની શકે તેવું કાર્ય હોય, તોપણ આપ આપના ભક્ત માટે તે કાર્ય કરી શકો છો. અને વળી વખત આપશ્રીના ભક્તજનનો ઉદ્ધાર કરવા માટે આપે અસાધારણ કામો કરેલા પણ છે. આપના પરમ ભક્ત ગોપીજનના તેમજ મર્યાદાના ભક્તો પ્રહ્લાદ અર્જુન વિગેરેના ઉદ્ધાર માટે આપે સમર્થ કાર્યો કરેલા છે. તો હે પ્રભો! સર્વસમર્થ એવા આપશ્રીથી મારો કલ્યાણ નિસ્તાર થશે. નહીં તો પછી અન્ય લોકના પણ મારું રક્ષણ કરનાર હોયજ નહીં; કારણ કે આપને છોડીને દરેક જીવો અને દેવો પ્રાકૃત છે, અસમર્થ છે—અપૂર્ણ છે. જો આપ સર્વ સમર્થ પ્રભુ પોતેજ આ પ્રપંચ ગતિવાળા લોકમાંથી તારવી આપની સેવામાં

પ્રવેશ કરાવો તોજ બની શકે તેમ છે, અન્યથા હે પ્રાભુનાથ, મારી ગતિ આપના શિવાય કોઇ નથી ૪.

દુષ્ટતાં ત્વસ્ય જાનામિ ધર્મત્યાગં ચ સર્વથા ।
કિં કરોમિ ન વૈ કિઞ્ચિત્ સ્વાધીનં સંત્યક્ત્મ્ય મે ॥૫॥

ભાવાર્થ:—હે સર્વાધાર પ્રભો, શ્રીમદાચાર્યચરણની આજ્ઞા છે કે 'જીવા: સ્વભાવતો દુષ્ટા જીવો પોતાના સ્વભાવથી દુષ્ટ છે, અર્થાત્ પોતાના સ્વાર્થ માટે મોટા લાભનો ત્યાગ કરે છે; તે મુજબ હું પણ લૌકિક સુખ અને સ્વાર્થનો વધારે આસક્તિનાશ લાભને આપને વખતોવખત પરિશ્રમ આપું છું કારણ કે સ્વભાવ એવો હોય છે કે કોઈ સાધારણ વ્યક્તિથી તે કાબુમા આવી શકતો નથી. શ્રીમદ્ ભાગવતમા પણ આજ્ઞા કરી છે કે સ્વભાવો દુરત્યજો નાથ કાલીયનાગ સ્તુતિ કરતા કહે છે કે હે પ્રભો! જીવોનો સ્વભાવ એકદમ સુધરી શકતો નથી આપની કૃપા હોય તોજ સ્વભાવ પરિવર્તન થઇ શકે; તે પ્રમાણે હે નાથ! મારી દુષ્ટતાને હું બરાબર સમજુછું તેમ જીવનો ધર્મ આપની ભક્તિ કરવાનો છે સર્વદા સર્વમાર્ગેન ભજનીયો વ્રજાધિપ એ શ્રીમદાચાર્યચરણની આજ્ઞા અનુસાર અમારો તો આજ ધર્મ આપની સેવા કરવાનો છે. તે સેવા પણ લૌકિકાસક્તિ હોવાથી છુટી જાય છે હે પ્રભો હું શું કરું મારી બુદ્ધિની વાત જરા પણ નથી તેમ મારા તાબાનું કશુયે નથી જેથી કરીને હું મારી દુષ્ટતાનો ત્યાગ કરી આપની સેવા કરવાને તત્પર બનું. આપના કૃપાબલ સિવાય મારૂં કશું પણ સામર્થ્ય નથી ૫

सेवकाभासता यद्यप्यस्ति नाथ तवापि तु ।
निजाचार्यबलादेव पश्य मां करुणादृशा ॥६॥

ભાવાર્થ:—હે કૃપાનાથ, જો કે મારામાં આપના સેવકોના જેવો આભાસ તો છે. પણ તે આભાસથી શું ફલ મળવાનું છે. આભાસ તો મિથ્યાર્થ પ્રતિપાદન કરનારો હોય છે. તેથી તે ગમે તેવો પ્રબલ આભાસ હોય તેથી પણ મારે શો અર્થ સરવાનો છે. સ્વપ્નમાં પ્રાપ્ત કરેલા ભોજનનું ફલ બાદ કાંઇજ નથી. જાગૃત દશામાં તે ભોજન નાગશોજ રહી જાય છે તેવીજ રીતે હું પ્રભો, મેવાનો આભાસ તો. ફક્ત જગતના લોકોને છેતરવા પૂરતોજ દેખાય છે. હે દયાનિધાન, મારી આવી સ્થિતિ હોવાથી આપ શ્રીમદાચાર્ય-ચરણના સંબન્ધથી પણ મારા ઉપર કૃપાની દૃષ્ટિ વર્ષાવી દર્શન આપવા કૃપા કરો, કારણકે શ્રીમદાચાર્યચરણ આપના વદનાવતાર છે અને આપશ્રીના સ્વરૂપથી તે વદનસ્વરૂપ ભિન્નકુલ આળગુ નથી, એટલા માટે આપને વારંવાર વિનવું છું, કે આપ મારા અંગો ઉપર દૃષ્ટિ કરો. અર્થાત અમે સર્વે જીવો આપના દાસરૂપ અંગો છીએ અને આપનોજ વશ છીએ. અંગીએ તો દાસરૂપ અંગો તરફ કૃપા દર્શાવજ જોઇએ અને કે હું નાથ આપ તો મારા કૃપાળુ હોવાથી કૃપા કરો છો પણ અમારાં દૌષ્ટિક આવરણોથી આપની કૃપાને કાંઇ ઓળખી શકતો નથી. માટે આપ કરુણામય દૃષ્ટિ અમારા ઉપર કરો કે જેથી અમો આપની કૃપાને ઓળખતા થઇએ ૬.

न चैतदुचितं नाथ त्वदीयो दैन्यमेव हि ।
(ना) प्नोति सर्वतो नित्यं परिहासास्पदं तव ॥७॥

આચાર્ય—હે ભગવાન્ હે નાથ, આપ સર્વ સમર્થ અને કૃપાળુ છો. અને કૃપા એ આપનો અસાધારણ ધર્મ છે. એટલે અમે સ્વાર્થી જીવ હોવા છતા પણ આપ તો કૃપા દૃષ્ટિથી અમારો ઉદ્ધાર કરો તેમાં શંકા, દ્વિધા નહીં, છતાં પણ હે નાથ, આપનો ભક્ત થઇને લોકમાં ચોતરફથી તુચ્છ સ્વાર્થની ખાતર કંગાલ જેવો ફરતો રહે તે તો આપને પણ ઠીક લાગે નહીં, કારણકે આપની સમક્ષમા દૈન્ય પ્રાપ્ત કરીને આપના અલૌકિક દર્શનાર્થ પ્રયાગ કરવામા આવે તેજ શોભા ગણાય, પરંતુ, લૌકિક તુચ્છ પુત્ર પૌત્ર ધન વગેરેના સુખ પ્રાપ્ત કરવા માટે જે પ્રયત્ન કરવામા આવે અને તેને આગે લૌકિક દૈન્ય આર્ત્ત દીનતા કરવામા આવે તે તો આપના તરીકે ઓળખાતા ભક્તને માટે જરા પણ ઉચિત નથી કદાચ આપનો થઇને કેવલ આપનાજ પરાયણ ન થતા ઉત્તમોત્તમ સાધન દૈન્યને ન મેળવી રાકે તો તે ઉણપ પણ આપનું દાન્ય કરનારી ગણાય. ભક્ત તો આપનો દૃઢ આશ્રય લઇને આપનામા પરાયણ થઈને રહે પરંતુ દરક કાર્ય આપના ઉપરજ ગણાય ૭

(આ શ્લોકમા શ્રીમદ્વિઠ્ઠલ જણાવે છે, કે આપનો ભક્ત થયા પછી-જોકે વૈષ્ણવ બન્યા પછી જો તેનામા દીનતા ન હોય તો તેમા એને કલંક નથી, પણ આપનેજ છે, એની અકકરી થવાની નથી પણ આપનીજ થવાની છે, કારણ કે એ આપનો છે, તાત્પર્ય કે બીજા માર્ગમા જેમ જીવનેજ સર્વ પ્રયત્નો કરવા પડે છે, તેમ પુષ્ટિમાર્ગમા નથી, એ માર્ગમા તો પ્રભુને એટલુજ કહેવાનુ રહે છે, કે 'હું' આપનો છું, આપને શરણે છું,' આટલાથીજ એનામા સર્વ નિર્ગુણ ભાવના પ્રકટાવથી એ પ્રભુના ઉપર ભાર છે, છતાં કાંઇ નહી, કેવી ઉત્તમ ભાવના, ધન્ય શ્રીવલ્લભ પ્રભુ!!!)

वदामि नाथ कस्याग्रे दुःखं हृदयसम्भवम् ।
न पश्यामि त्रिलोक्यां तु यो मे दुःखं निवारयेत् ॥८॥

सामान्यः—हे नाथ, जगतनो व्यवहार एवो होय छे के पोताना अंग या तो स्नेही सिवाय कोइ पण पोतानुं दुःख बोली शकतोज नथी तेवी रीते हुं पण मारुं दुःख अन्य कोनी समक्ष कहुं ? कारणुके दुःखो तो अेक प्रकारनां होता नथी दरेक दुःखोमा हृदयनुं दुःख असाधारण कहेवाय छे. ते हृदयनुं दुःख अन्य कोइ पण जाणी शके तेम नथी कदाच कोइ आपनो अनुगृहीत भक्त हृदयनुं दुःख जाणी पण शके तो ते दुःखनुं निवारण करी शके नहीं मोटला कारणथी मारुं दुःख हुं हवे कोइना समक्ष कही शकुं तेम नथी लोकमा हितेच्छु जेवा अेटले मनाग अने कहेनाग तरीके घणां माणसो अने देवताओ पण गणे छे पण तेओ पैकी अेक पण अेवो नथी के मारा हृदयना दुःखने ओळखीने दूर करी शके हृदयनुं दुःख तो तेज जाणी शके के जे हृदयमां निरन्तर वास करतो होय. आप नित्य हृदयमा विराजो छो अने हृदयना तापने शमावना पण आपज शक्तिमान् छो. माटे त्रण लोकमा पण आपना सिवाय बीजी अेक पण व्यक्ति नथी के जे मारा दुःखनुं निवारण करी शके. ८.

(दुःख निवारण माटे अगे, दुकडा दुकडा माटे अेक सामान्य माणसनी खुशामगिरि करता पगंने आ श्लोकमा सज्जड दृष्टांत सगाव्यो छे, जगतमां जेवो क्रमो सर्वांशे सुखी सज्जन लखाती धरावे छे, के जे पोते सुखी होइने अन्यना दुःख कापी शके. जेने आपणे आपणां दुःखो रडवा चिनवता होइये छीये, ते पण तिरोहि-

તાનન્દ હોઇને દુખીજ હોય છે, તેવાઓની વિનતી કરવી એ।
કરતા જેનુ મુખ મર્દા વિલાસાન્વિત છે, જે જાતે મુખરૂપ છે,
આનન્દઘન જે મહાનો તમારો મિત્ર છે, અરે સદર્શોમલાયો કહીને
તમારા મિત્ર નથીજ વે જેને ઓળખાવે રે, તેજ તે શીયશે દોષમ
ગવાસિત પ્રભુને તમા દુખ કહેવા, શુ દુખ નિવારવાની શક્તિ
એનામા નથી ? તો પછી જગતમા કયો માણસ એવો છ, કે જે
દુખ નિવારવાની શક્તિ ધરાવતો હોય ? આ પ્રકારના આર્તિક
રૂપ - બૌદ્ધિક દુખની વાત નથી પણ પ્રભુવિરહ જનિત પરમ
તાપનુજ વર્ણન છે)

त्वमेव करुणा कार्या यादृशे तादृशे मयि ।
यदा स्वाभ्यैन सनतं करोमि तव सेवनम् ॥२॥

હે ભગવન્, દયાસિન્ધો, આપનેજ મારા ઉપર તો કૃપા કરવાની રહી
આપના ચિત્ત જ્યારે કોઇપણ રીતે મારા ઉપર નિયામક નથી તો
હવે આને આ વખતે વિશેષ સમયની રાહ જોવાની નજ હોય હુ
તો આપનોજ છુ એટલે પછી આપના તરીકેજ મારો સ્વીકાર થવો
જોઇએ, ગમે તેવો હુ પણ હુ તો આનોજ છ માટે આપના સિવાય
બીજાનો આશ્રય માટે સ્વપ્નામા પણ ન હોય, આપની પાસે અમારા
જેવા દુરિત ભક્તો તો અપક્ષ્ય હશે પરન્તુ મારી સમક્ષ તો મારા
શરણ રૂપ દુઃખના નિવારણ કરનારા આપ એકજ છો હે પ્રભો,
જ્યા સુધી આપ મારા ઉપર કૃપા કરો નહી, ત્યા સુધી મારા ચિત્ત ની
શાંતિ થવાની નથી, અને ચિત્તશન્તિ વિના આપની સેવા બરાબર
રીતે નજ થઇ શકે અર્થાત્ આપનામા પરાયણતા જોઇએ એ

ઇન્દ્રિયોની શુદ્ધતા ત્યારેજ રહી શકે જ્યારે ચિત્ત સ્વસ્થ હોય, એટલા માટે ચિત્ત સ્વસ્થતાથીજ આપની સેવામાં આનંદ મળે છે. જો ચિત્ત સ્વસ્થ ન હોય તો અમુક વખતજ સેવા થઇ શકે, પરંતુ કાયમની સેવામાં નિપુણતા પ્રાપ્ત થઇ શકે નહીં. અને સદાને માટે આપના વિમુખ રહેવું પડે. આપનાથી હું વિમુખ તો નજ રહી શકું જેથી આપ મારા ઉપર કૃપા કરી મારા ચિત્તની સ્વસ્થતા કરો. ૯.

(આ શ્લોકમાં શ્રીહરિરાયજીઃ—
(જેવો તેવો હું) એમ કહીને પોતાની દીનતા સ્પષ્ટ રીતે બતાવી દીધી છે. મહાનુભાવી શ્રીહરિરાયજી પણ જ્યારે 'જેવો તેવો જણાવે છે, તેનો મર્મ હોઇ શકે, કે 'પુષ્ટિભક્ત તો હમેશાં દીનતાથી ભરેલો અને પ્રભુની કૃપથીજ પોતાના સેવનરૂપ કાર્યની સિદ્ધિ માનનારો હોય છે.' આ ઉપરથી સિદ્ધ થાય છે, કે 'ચિત્તની સ્વસ્થતા માટે પુષ્ટિભક્તને કોઇ યોગસાધનની કે ચાન્દ્રાયણાદિ વૃત્તોની જરૂર રહેતી નથી. પ્રભુની કૃપાથીજ ચિત્તના ઉદ્વેગ મટે, પ્રભુની કૃપાથીજ હૃદયના રોગ શાન્ત થાય, પ્રભુની કૃપાથીજ પ્રભુની સેવા થાય, એજ ઇચ્છનારો પુષ્ટિભક્ત હોય છે, વૈષ્ણવો કાંઈ ધ્યાન આપશે કે ?)

सर्वज्ञे बहु किं वाच्यं मया नाथे कृपानिधौ ।
विचार्यैः सदृशः कार्यः सेवके मय्यनुग्रहः ॥१०॥

(ભાવાર્થ) હે સર્વજ્ઞ ભગવાન, પુનઃ પુનઃ આ બાબતમાં આપને વિનવવા તે ઠીક લાગતું નથી, કારણકે વિશેષ સમજાવવાનું

તો તેને કોઇ શકે કે જેને કોઇપણ બાબતનું જ્ઞાન નજ હોય આપ તો સર્વજ્ઞ છો અર્થાત્ દરેક સ્થળોનાં જે જે થાય છે થયું છે અને થવાનું છે. તે સર્વને જાણનારા આપ એકજ છો તેમ કદાચ કોઇ સર્વજ્ઞ જેવો હોય અને કૃપાળુ ન હોય તો કોઇ પણ અર્થ નજ સરે, એવા યોગી લોકો અગર દેવતાઓ પણ કેમ કોઇ હોય છે કે જે બધું કાલનું જ્ઞાન ધરાવતા હોય પરંતુ તેથી મારો અર્થતો સિદ્ધ થવાનોજ હોય ? સર્વજ્ઞ હોવા છતા પણ કૃપાળુ ન હોય તો તેવું સર્વજ્ઞપણું કાંઇ કામનું નથી એટલા માટે આપતો સર્વજ્ઞ પણ છો અને કૃપાના સાગર છો જે અગર જો આપ કોઇ વિમુખ તો નજ જણાય તો હું પણ આપ કૃપાના સમુદ્ર પાસે આપની કૃપાની યાચના કરવા આપના ચરણમા ઝુકી રહ્યો છું. કદાચ આપને વિચાર કરવો ઘટતો હોય તો આપ ભલે ગમે તેટલો વિચાર કરજો પણ આપના એવક તરીકેના અધિકારને યોગ્ય લાગે તેવો અનુગ્રહ તો મારા ઉપર અવેજ જોઇએ. કારણ કે મારે આપના નિયમ કોઇપણ અનુગ્રહ કરનારો નથીજ. જેમ થવાનો નથી એટલા માટે આપને વારંવાર વિનતુ છું કે આપના એવક તરીકેનું માન સાચવવું જે કોણ આપનાજ હાથમા છે. ૧૦

विश्वासस्तु निनाचार्यपादयोरस्ति सर्वथा ।
न जाने जायते नाथ विलंबः केन हेतुना ॥११॥

(ભાવાર્થ)હે કૃપા સિન્ધુ ભગવન્, આપના ચરણારવિન્દમાંજ મારો વિશ્વાસ નમો એવી રીતે આપશ્રીને માનવાનું તો નજ દોષ કારણ કે શ્રીમદ્વલ્લભાધીશ આપનું શ્રીમુખ છે, અને આપશ્રીએ મારા

અને આપશ્રીયે મારા જેવા પામર જીવોના ઉદ્ધાર કરવા માટે શ્રીવાગીશ પ્રભુને આજ્ઞા કરીને આ ભૂતલ ઉપર પધારાવ્યા છે. અંશ અને અંગી બન્ને ભિન્ન હોતાજ નથી આપ સાક્ષાત્ કૃપાલુ સર્વજ્ઞ પ્રભુ છો. ત્યારે આપના શ્રીમુખરવરૂપે સાક્ષાત્ શ્રીમદાચાર્ય ચરણ વિરાજે છે જેમ લોકમા કરીને જીવના પોષણ માટે અગર પ્રસન્નતા માટે જીવના શરીરના દરેક અંગોથી રાજી છીએ આનંદાનુભવ થાય છે. તેમા પણ મુખ્ય અંગ મુખકે અને મુખ દ્વારા લોકોમા દરેક વ્યવહાર મિટ્ટ કરી જીવને અપુટ આનંદ મળે છે તેવી રીતે અલૌકિક દશામાં પ્રભુ શ્રીમુખાવતાર શ્રીમદાચાર્યચરણારવિંદરાજ આપની પ્રસન્નતા મેળવી રહ્યા તેમ છે. એટલા કારણમર શ્રીવાગધીશ ચરણારવિન્દમા મને જો સર્વથા વિશ્વાસ છે અને તેપણ એકદેશી વિશ્વાસજ નહીં પણ સર્વદેશી છે અર્થાત્ દરેક બાબતમા આચાર્યશ્રીની આજ્ઞાના વિશ્વાસ રાખીને જ હું તો અનુભવ છું પરંતુ મારૂ કેટલો મને ખબર નથી કે આપ શા માટે હજુ આપના આનન્દનો અનુભવ કરાવવા વિલંબ કરો છો. આપ બરોબર કૃપાલુ તો છોજ. કૃપાલુની કૃપા તો પાત્ર અપાત્રની પરવા રાખ્યા સિવાય પણ અનાદિકાલ જેવાના ઉદ્ધારની માફક પોતાના જીવોનો સ્વીકાર કરેજ છે. હે પ્રભો આપ સર્વજ્ઞ છો એટલે મારાથી આપના પ્રત્યક્ષને શી રીતિ કરવી જરૂર? મારો આટલ આપનામા વિશ્વાસ છે, એ વાત વિસરી જવાની તો નજ હોય. ૧૧.

असहायोऽसमर्थश्च सेवने मतिनिश्चलः ।
दीनोऽस्मि सर्वथा नाथ विदितैवं कृपां कुरु ॥१२॥

(ભાવાર્થ) હે પ્રભો ! આપ સ્વયં એમ ધારતા હો કે મને સાહાય્ય કરનારા કોઇ લૌકિકના જેવા કેટલિકો થશે, તો તે પણ

બનવા જોગ નથી. હું તો આપના શિવાય કોઇની સહાય માગતો નથી અને કોઇની સહાયથી મને કાંઇપણ લાભ નથી કારણ કે લૌકિકનાં સહાયકો લોકસિદ્ધ ફળ સાધવામાં સમર્થ હોઇ શકે આપનો સાક્ષાત્કાર અને પ્રેમલક્ષણા ભક્તિ ફળ મેળવવા માટે તો આપની કૃપાનીજ સહાય પૂરતી છે. તેમ હું તે ફળ સાધવા માટે પણ અસમર્થ છું મારૂં સામર્થ્ય ફકત આપના કૃપાબલને અનુસરીનેજ ગણાય. તેમ છતાં હે પ્રભો, આપની સેવા કરવામા મારી બુદ્ધિ ધસ્રીજ જણાય છે તોટલા માટેજ આપના સાક્ષાત્કારના આનન્દની પ્રાર્થના કરૂં છું જ્યારે આપની સેવામાં ઇન્દ્રિયો મન અને બુદ્ધિ સમ્પૂર્ણ રીતે વિકાસને પામે ત્યારેજ હું આલોકમા કૃતાર્થ મને માનું. તેમ હે નાથ, હું કંગાલથી પણ એક કંગાલ છું લોકનાં ફળ મેળવનારા કંગાલો ઉપર જોગ લોકના ક્રોધને પણ દયા ઉપજે છે. તેમ આપની સેવાફળને મેળવવા માટે હું આપનો દીન દાસ છું. હે ભગવન્ આપ સર્વજ્ઞને કંઇ પણ સુચવવાનું નજ હોય આપ મને એક દીન સેવક જાણીને પણ મારા ઉપર કૃપાદૃષ્ટિ કરો જેનાથી મારૂં લોકસિદ્ધ ચાપલ્ય નષ્ટ થઇ જતાં હું અપાર આનન્દને પ્રાપ્ત કરૂં. ૧૨.

शरणस्थसमुद्धार दीनोद्धारपरायण ।
मामुद्धर जनाधार स्वसेवास्वास्थ्यहेतुभिः ॥१३॥

(ભાવાર્થઃ) હે ભગવન્ આપ તો આપને શરણે આવેલા જીવો દુષ્ટ હોય કે શિષ્ટ હોય, ગમે તેવા હોય તેવાઓનો ઉદ્ધાર કરનારા છો, તેમ જેમને કોઇ પણ પ્રકારનું સાધ્ય નથી અને કેવળ આપની ભક્તિ મેળવવામાંજ નિષ્ઠા હોય છે તેવા જીવોનો ઉદ્ધાર

કર્મમા પણ આપ તો નિરંતર તૈયાર જ્યોતિષ છો. આપને શરણે આવેલા જીવો અને દૈન્યવાળા જીવોની યોગ્યતા તરફ કે કર્મધામના તરફનો આપ જરા પણ વિચાર કર્યા સિવાયજ ગજેન્દ્ર અને પિંગળા જેવા જીવોનો પણ આપે તત્કાળ ઉદ્ધાર કર્યો છે. જેવી રીતે આપે તેવા ભક્તોનો જ્યારે ઉદ્ધાર કર્યો તેવી રીતે મારો પણ આપશ્રી ઉદ્ધાર કરવા કૃપા કરો તેમા બીજું કોઇપણ આમ પ્રયોજન તો નથી સિવાય આપની સેવા નિમિત્ત કરવામા અમારા કેવલ પ્રાણ ઇન્દ્રિયો અને તે તે ઇન્દ્રિયો ને તે તે ઇન્દ્રિયાદિકના ધર્મો વિગેરનુ ત્યાગ્ય ન કોય તમા સુધી આપની અલૌકિક સેવામા અડચણ મેળથી શકાતી નથી એવા કારણસર આપ મારા તુ છ ઇત્ર ઉપર આપની સ્વાભાવિક ઉદારતાનો પરિચય કરાવી મારા ઉદ્ધાર કર્યા કૃપા કરવા દેવી મર્યા આપને વારંવાર નમ્ર પ્રાર્થના છે આપ કદાચ મારા ઉપર ઉપેક્ષા કરશો અને મારા અતઃકરણની પણ આવી નથી કે મારા પ્રાણોને આપના વિયોગમા ટકાવી શકાશે અગર પ્રાણો પણ અત્યંત સમર્થ બની રહી શકે આમ થતા આપની સેવાનો લાભ ન મળવાથી હું અપૂર્વ કષ્ટનો અનુભવ શી રીતે સહન કરીશ ? ૧૩

स्मर स्मर स्मर स्वीयपक्षपातपरिग्रहम् ।
श्रीमदाचार्यदासेषु तेनैव निखिलं कुरु ॥१४॥

(ભાવાર્થ) હે કૃપાનિધાન, જગતનૂ આપ તો સર્વ સમર્થ છો એટલે મારે આપને નિવેદન કરવુ તે તો અનુચિત જણાય તો પણ મારી અપક્વતા સમાવતા આપને કૃપીથી એકવાર પ્રાર્થના કરુ છુ કે આપશ્રીના મુખારવિન્દાત્મક શ્રીમદાચાર્યચરણના

સેવકો અને તો આપશ્રીનો પક્ષપાત આપ પાઠ કરો કારણ કે શ્રીમદાચાર્યચરણના જેવા અને તેવા જેટલા અને તેટલા જ્યારે અને ત્યારે દરેક સેવકોમાં આગે પોતાના તરીકેનો સ્વીકાર કરેલો છે, તો તેમ પણ આપ અને શ્રીમદાચાર્યના એક દાસ તરીકે માનીને પણ આપશ્રીએ તો મારો ઉદ્ધાર કરવાનો રહ્યો. હું તો અત્યંત અને સ્વભાવ દુષ્ટ છતાં આપશ્રીની શું વિનતિ કરી શકું. આપને ગમતાં જે જે સામાનોની ખોટ વર્તાતી હોય. અગર જે કાંઇ પણ મારામાં આપશ્રીની અલૌકિક કૃપા મેળવવા અપૂર્તિ હોય તે દરેક વસ્તુ મેળથી આપવામાં આપ કૃપા કરો. હું તો આપનો દાસ છું જે મારા ઉદ્ધારો ગારી બુદ્ધિથી આપને અર્પણ કર્યા છે તે વિષે આપને યોગ્ય લાગે તે કરો હું દાસ છું આપ માન સદાને માટે સેવ્ય છો. ૧૪.



५४. मदत्यागहेतुः ॥

अथ त्यागाय सञ्जाताः प्रोच्यन्ते विविधा मदाः ।
विद्यामदो धनमदस्तथैव कुलजो मदः ॥१॥
मुख्या एते मया प्रोक्ताः सन्त्यान्याश्च विशेषतः ॥१३॥

સાધુ પુરુષોમાં રહેલા એવા ક્ષુદ્રાત્મક પ્રકારના મદો જેનો સમજીને ત્યાગ કરવાનો છે, એ માટે અહીં કહેવામાં આવે છે.

૧. વિદ્યાનો મદ, ૨. ધનનો મદ અને ૩. કુલીનતાનો મદ, આ ત્રણ મદને હું મુખ્ય ગણું છું, તે ત્રણેયનો ખાસ કરીને ત્યાગ કરવાનો છે. ૧૩.

यौवनोगः पौरुषनो बालनत्वकृतोऽपि च ॥२॥
रूपनः शीलनश्चैव लोकसन्माननोऽपि वा ।
व्यावृत्तिकौशलयुतस्तथा स्वजनपोषनः ॥३॥
दानृतानिहितः शत्रुविग्रहादपि जायते ।
मान्तानिकन्नया पुत्रमार्यांचनुस्तेरिह ॥४॥
ज्ञानाभिमानः सर्वत्र तथा मननतोऽपि हि ।
राजसन्माननो नित्य वृद्धानुमितिनोऽपि वा ॥५॥
शयनाहारसञ्जातो वैराग्यजनितोऽपि च ।
एवंविधा मदास्तेषां निवृत्तिरधुनोच्यते ॥६॥

હવે ૪. જુવાનીનો મદ, ૫ પુરુષાતનનો મદ, ૬. બચપણની ઉમરનો બાલિશપણાનો મદ, ૭. રૂપનો મદ, ૮. સદાચાર પાલનનો મદ, ૯. લોકો તરફથી માન પામવાને લીધે થયેલો મદ, ૧૦. વ્યવહારકુશળતાનો મદ, ૧૧. સગાંવહાલાંઓનું પોષણ કરવાની શક્તિનો મદ, ૧૨. દાનેચ્છિતાનો મદ, ૧૩. શત્રુઓને કેદ કરવાથી થયેલો મદ, ૧૪ સ્ત્રીને કે બાળ સન્તાન હોવાને લીધે ઉપજેલો મદ, ૧૫. પુત્ર-સ્ત્રી વગેરે પોતાને વશ છે, એથી થયેલો મદ, ૧૬. જ્ઞાની હોવાને લીધે જાગેલો મદ, ૧૭. પોતે ભક્ત છે, એ દૃષ્ટિએ ઉપજેલો મદ, ૧૮. રાજદરબારમાં પોતાને માન મળે છે, તેથી થયેલો મદ,

૧૬. પૃથ્વીમાં પોતે માન પામે છે, ગારે અષ્ટમો મદ, ૨૦. રૂપસમ-પદ ને સારાં સારાં આઘોનો પોતે ઉપભોગ કરી શકે છે, તેથી અષ્ટમો મદ અને ૨૧. પોતામાં શ્રેષ્ઠ પ્રકારનું વૈરાગ્ય રૂઢેલું છે, એથી અગ્રેસો મદ, આવા પ્રકારના જે આ એકવીસ મદ છે, તે કેવી રીતે દૂર કરવા તેનો ઉપાય હવે અહીં બતાવવામાં આવે છે. ૬-૬.

विद्यामदनिवृत्तिस्तु सुदुर्गम्यत्वतो हरेः ।
वेदवेदार्थकथने ह्यवतारो हरेर्मतः ॥७॥

चतुर्मुखस्तथा व्यासस्तत्राहं कोऽस्मि मन्दधीः ।
इति विज्ञाय मनसा शिघ्रं विद्यामदं त्यजेत् ॥८॥

ઉચ્ચ પ્રકારનું જ્ઞાન ધરાવનારાઓને પ્રભુ ગમ્ય છે, એવું જાણી વિદ્યામદ નિવારવાનો છે. વેદ અને વેદના અર્થનો વિસ્તાર કરવાને માટે પ્રભુનો અવતાર છે, વળી બ્રહ્મા અને ભગવાન્ વ્યાસ જેવાઓ જ્યાં બિરાજે છે, ત્યાં અલ્પ બુદ્ધિવાળો હું શી વિસાતનો, એમ મનથી સારી રીતે જાણી તરતજ વિદ્યામદનો ત્યાગ કરવો. ૭-૮

लक्ष्मीपतिं हरिं ज्ञात्वा तस्याश्चञ्चलतामपि ।
बाह्यमुख्यैकहेतुत्वात् सर्ववस्तुसमर्पणात् ॥९॥

લક્ષ્મીના પતિ તો માત્ર શ્રીહરિ ભગવાનજ છે, વળી લક્ષ્મી ચંચળ છે; એ લક્ષ્મી પ્રભુ તરફથી ચિત્તને હટાવી બહિર્મુખ કરાવનારી છે અને આપણે આપણું જે કાંઇ માન્યું હતું તે તો પ્રભુને સમર્પી દીધું છે, એટલે આપણું કશુંજ નથી. આવી ભાવનાથી ધનમદનો ત્યાગ કરવો. ૯.

कुलम्यानियतत्वेन ब्रह्मेन्द्रादिविमोहन ।
अशुचीनकिरातादे प्रह्लादेरप्योद्धृतेः ॥१०॥
महत्कुलप्रसूतस्यानित्यादिदोषत ।
सन्निधेरेव कर्तव्य सर्वदा स्वविचारणम् ॥११॥

ગ ગે તો क्षणिक વસ્તુ ૬ પ્રભુ સ્વામા ખા દ્વન્દ્ર જેવાને મોઢમા નાખી પછાડે ૬ નેનાથી ગિલ્ટ દી ' કુગા ॥ ક્રિગત, બીલ્વ અને અસુર બધ પ્રહ્લાદ જેવાનો પ્રભુ ઉદ્ધાર કરે છે. ક્રિચ્ચ કુળમા ઉત્પન્ન થયલાયે તો પણ કર્મને વાનવાનતા જાણી પ્રભુનું સાન્નિધ્ય કાયમ રહે એ દૃષ્ટિએ પોતાની કુલીનતાનો વિચાર કરવા જેવા કરવાનો છે ક્યારે અકીકા થશે જાશે તે કાંઈ નક્કી નથી, માટે સદા સાવધાન રહી પોતા॥ સ્વરૂપનો વિચાર

૩૨માનો ૬) ૧૦-૧૧

अस्थिरत्वाद्यौवनीयमसारत्वाच्च पौरुषम् ।
ससारावेशहेतुत्वाद्वाचालत्वकृत तथा ॥१२॥

જુવાની કાંઈ કાયમ રહેવાની નથી એનો વિચાર કરી જુવા નીના મદનો ત્યાગ કરવો. કાળ પછી શું થશે એ જણવાની આપ- ણામા તાકાત નથી, એમ સમજી પુરુષાતનના મદનો ત્યાગ કરવો. અત્યપ ને વીરે જે બકબકોલાપણું છે, તેનાથી અહન્તામમતાત્મક સસારમા વધુ અને વધુ ઊંડા ખૂચે જવાય છે, માટે એ વાચાળ પણાનો ગર્વ પણ ઓછી કરવો. ૧૨

प्राकृतत्वादनित्यत्वात् कुत्सितत्वाच्च रूपतम् ।
सगुणत्वाच्छौचत्वात शोकसन्मानज भयात् ॥१३॥

રૂપ છે, એ તો પ્રકૃતિના ગુણોથી ઉત્પન્ન થયેલું છે, એ કાંઈ કાયમ રહી શકતું નથી, વળી એ રૂપ અનેક નિન્દ્ય કર્મોના કારણરૂપ છે, એ દૃષ્ટિએ રૂપના મદનો ત્યાગ કરવો. સદાચાર એ શુભ છે અને જીવે તો નિર્ગુણતા મેળવવાની આવશ્યકતા છે, એ દૃષ્ટિએ સદાચાર પાલનનો મદ છોડવો. મોટો તરફથી આપણને સન્માન મળશે ખરૂં ? કયારે કેવા સંયોગોમાં મોટો વિમુખ થઈ જશે. એ કાંઇ નિશ્ચિત નથી, એ માટે મોટો તરફથી માન પામવાને લીધે થયેલા મદનો ત્યાગ કરવો. ૧૩.

व्यावृत्तिकौशलकृतं संसारासक्तिभायनात् ।
अध्यासपोषकत्वेन तया स्वजनपोषजम् ॥१४॥

•પત્નીના કુશળતાનો મદ સંસારમાં કામકુશલતાને બદલે વધુ અને વધુ આસક્તિ કરાવનારો છે, એ વિચારે •પત્નીકુશલતાના મદનો ત્યાગ કરવો. સ્વજનોનું પોષણ કરવું એ આપણી ફરજ છે, પણ તેના મદથી અવિદ્યાએ કરેલા પાંચ અભ્યાસોમા ચિત્ત આસક્ત બને છે, એ વિચારે સ્વજનોલાઓનું પોષણ કરવાની શક્તિના મદનો ત્યાગ કરવો. ૧૪.

दातृता हि तद्देयपदार्थातित्वभावनात् ।
शत्रुनिग्रहजं ब्रह्मात्मजगद्द्रोहसम्भवात् ॥१५॥

જે કાંઇ આપણો આપણું માની બેઠા છે, તે પદાર્થો તો પ્રભુએ આપેલા છે; પ્રભુએ આપેલા પદાર્થો આપણાથી બીજાને આપવાની શક્તિજ કયા છે; અને જે માનતા હોઇએ તો એ પદાર્થો પ્રભુના કયાં રહ્યા ? વસ્તુસ્થિતિએ આપણું કશુંજ નથી ત્યાં

આપણે આપણો કિંમતી પદાર્થ બીજાને આપીએ છીએ ! આ દાન પણ કયા પ્રકારનું એમ વિચારી દાનેષણાના મદનો ત્યાગ કરવો. આ આખું વિશ્વ પદાર્થાત્મક છે, આ કારણે તેનો નિષેધ કર્યો ! અને તને નિષેધ કર્યો એમ માનતા બંધાયે તો જગતની પદાર્થાત્મકતા કયા પ્રકારની ? એ દૃષ્ટિએ કર્તૃત્વને લઈ કરવાથી થયેલા મદનો ત્યાગ કરવો ૧૫

सान्तानिके तथा दानगतिबन्धकृता यत्न ।
पुत्राद्यनुकूलेर्जात मदवत्प्रेमशासनात् ॥१६॥

પોતાને પુત્રાદિ પ્રત્યે જે, એવું જ્ઞાન ઉત્પન્ન થયું. જગત્ માત્રી જે આસક્તિ આપણે ઉદારતા કરાવી છે, તથાજ અકારણ ઉત્પન્ન થાય છે, એટલે આપણે જ્ઞાનમાર્ગથી ચલિત થયે છિયે, એ દૃષ્ટિએ આ કે આજ્ઞા સન્તાન દ્વારાને લીધે ઉપજેલા મદનો ત્યાગ કરવો પુત્ર-સ્ત્રી વગેરે આપણને વશ છે, એમ કારણ તો એ છે કે આખા જગત ઉપર પ્રભુના પ્રેમનું શાસન છે, એવોની વશ્યતા પ્રભુના પ્રેમશાસનજ પરિણામ છે, ને આપણી કંઈ શ્રેષ્ઠતા કે હોશિયારીથી આપણને વશ નથી, એમ વિચારી. પુત્ર-સ્ત્રી વગેરે પોતાને વશ છે, એથી થયેલા મદનો ત્યાગ કરવો ૧૬.

ज्ञानाभिमानजं गर्वभावस्याद्वस्वरूपत ।
दासधर्मत्वत स्वाभाविकत्वाद्मज्जनोद्भवम् ॥१७॥

કોઇ પણ વ્યક્તિનો ગર્વ રોકવો, એજ અજ્ઞાન, હવે જો એમ માનવામાં આવે કે જ્ઞાની હોય અને સાથે જ્ઞાનનો તેને ગર્વ હોય, તો જ્ઞાન રહેજ કયા પ્રકારે પોતાથી કોઇ પદાર્થત્વ ધર્મ છે, એ જ્ઞાનનું લક્ષણ છે, ગર્વ થવાથી તે લક્ષણ ટકી શકતું નથી. માટેજ જ્ઞાની હોવાને

સીધે લાગેલા મદનો ત્યાગ કરવો. આપણે પ્રભુના દાસ છિયે, એટલે પ્રભુનું ભજન કર્યું એ આપણો સ્વાભાવિક ધર્મ છે; એટલે એમા કરી નવાઇ આપણે કરતા નથી. આ વિચારી, પોતે ભક્ત છે એ દૃષ્ટિએ ઉપજેલા મદનો ત્યાગ કરવો. ૧૭.

राजसन्मानजं नित्यं दुःसंसर्गविवर्धनत्वात् ।
वृद्धसम्मतिजं स्वस्यापराधाद् भक्तिनाशनात् ॥१८॥

રાજદરબારમા આપણને માન મળતું હોય એટલે નિત્ય રાજદરબારમા હાજરી આપવાનું થાય, પરન્તુ રાજનીતિ તો પરમ કુટિલ છે, એટલે દુષ્ટોના સંસર્ગ પલ્લેજ રહેવાનો, એવું વિચારી, રાજદરબારમા પોતાને માન મળે છે, તેથી થયેલો મદ છોડી દેવો. વૃદ્ધોમાં પોતે માન પામે છે, વૃદ્ધો પોતાના કાર્યને અન્યાને છે, આવા વિચારે વૃદ્ધો તરફ પોતાની જે ફરજ બજાવવાની હોય, તે ન બજાવવાનું બનતા અપરાધ ઉત્પન્ન થાય છે અને એઓના તરફનો જોઇતો ભક્તિભાવ નાશ પામે છે, આગ વિચારી, વૃદ્ધોમાં પોતે માન પામે છે, માટે થયેલા મદનો ત્યાગ કરવો. ૧૮.

शयनाहारजं दुष्टनिर्विण्णेन्द्रियपोषणात् ।
वैराग्यनात क्षयतो जातिवैराग्यनाशनात् ॥१९॥

સુખ સગવડ અને સારા પદાર્થોનો ઉપભોગ દુષ્ટ અને ક્ષમાનિકારક ઇન્દ્રિયોનું પોષણ કરતો હોવાથી અને તેવી રીતે પુષ્ટ થતા ઇન્દ્રિયો મનુષ્યનો અધઃપાત કરનારી હોવાથી તેના શને ઉપજેલા મદનો ત્યાગ કરવો. વૈરાગ્યને લીધેનો મદ વસ્તુસ્થિતિએ દિનપરદિન ઘસાતો જાય છે અને સિદ્ધ થયાતગત વૈરાગ્યનો નાશ

કરનારો મદ પડે છે, એમ ન મપા પામે અને જગદધિષ્ઠાની આસક્તિ કાયમને માટે ઊઠી જાય, એ ખાતર એ મહિનો ત્યાગ કરવો. ૧૯.

प्रतिकल्पविधानार्थमुपायैश्च नियंत्रयेत् ।
त्यजेत्सर्वान् सदा कृष्णमेवार्थं दैन्यसिद्धये ॥२०॥

આ મહિનો બરોબર ત્યાગનો કરી રહ્યા, એ બાદ જુદા જુદા ઉપાયો વડે કરીને એ મહિનો દૂર થઈ જાય. કૃષ્ણચન્દ્રજીની સેવા અખિન્ન કરી રહ્યા અને દીનતા આવી જાય એ માટે દેખીતા એ બધાજ મહિનો ત્યાગ કરવો. ૨૦.

दैन्येनैव हरिस्तोषो नान्यत्साधनमिष्यते ।
दैन्यं तु विमलत्वेन तत. सर्वान् परित्यजेत ॥२१॥

હરિ ભગવાનને ખરા દૈન્ય-દીનતાથીજ સન્તોષ થાય છે. પ્રભુને પ્રસન્ન કરવાના દીનતા સિવાય બીજું કોઇપણ સાધન નથી આ દીનતા માત્ર જે માણસમા કોઇપણ પ્રકારનો મદ ન હોય, તદ્દન નિર્લિમાની હોય, તેજ હેતુ રહે આ દીનતા બરોબર જળવાય માટે તે બધાજ મહિનો ત્યાગ કરવો ૨૧.

एतत्प्रकाशकश्रीमद्वल्लभाचार्यवंद्यय. ।
सर्वदा सर्वथा कार्यस्तथा नित्यस्तदात्मकैः ॥२२॥

દીનતા જેજ પ્રભુને પ્રસન્ન કરવાનુ એક માત્ર સાધન છે, એ પણ આપણા મહાન આચાર્ય શ્રીમદ્વલ્લભાચાર્યચરણોએ

'भक्तानां दैन्यमेवैकं हरितोदणसायनम् (नास्पदायधायीनो सुबोधनी-ज्ञां)' બતાવી છે; આવા શ્રીગદાપ્રભુજીનો નિત્ય આશ્રય શ્રીગદા-પ્રભુજીએ જેનો સ્વીકાર કર્યો છે, તેવા ભગવદીયોએ સર્વદા સર્વ રીતે કરવો. ૨૨.

૫૫. સર્વશિક્ષા.

(અનુવાદકઃ—રા. કેશવલાલ ઈશ્વરદાસ)

जानीत परमं तत्त्वं यशोदोत्सङ्गलालितम् ।
तदन्यदिति ये प्राहुरासुरांस्तानहो भुवाः ॥१॥

ઉપરનો શ્લોક શ્રીમદણુભાષ્યની સમાપ્તિમાં વેદના સારરૂપે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરેલો છે તેનો અર્થ એવો થાય છે. કે પરમ તત્ત્વ શ્રીયશોદોત્સંગલાલિતજ છે. જે એમના સિવાય બીજાને પરમ તત્ત્વ કહે તેમને સર્વથા આસુર સમજવા. આ આજ્ઞાથી એતન્માર્ગીય વૈષ્ણવને આપ એમ જણાવે છે કે યશોદોત્સંગ લાલિતના તુલ્ય બીજો કોઇ છે એમ કહે તો પરમ અપરાધ થાય. વળી, આપણા માર્ગમાં શ્રીઠાકુરજી આનંદમાત્રકરપાદમુખોદરાદિ છે, લીલા વિશિષ્ટ છે, તેથી જ્યા શ્રીઠાકુરજી બિરાજતા હોય ત્યાં તેમની બધી લીલા સામગ્રી જાણવી.

सच्चियो नवसुन्दर्यः पुत्र ताः श्रुतयः किल એ વાક્ય બ્રહ્માએ ભૃગુ-

સબંધે હોવો જોઇએ જેથી રીતે વિવાહ થયા પછી લાયનબંધ થઇને પતિસેવાનો અધિકાર સ્ત્રીને મલે છે, તેવી રીતે જીવને પણ લાયસંબંધ થયા પછી સાક્ષાત્ ભગવત્સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, આ ઠેકાણે એક શંકા પ્રાપ્ત થાય છે કે જીવ તો સર્વદોષનિધાન છે, અને આ દેહાદિ પ્રાકૃત દુષ્ટ છે, તો જેવી રીતે ભગવત્સેવાયોગ્ય થઇ શકે ? અને શ્રીઠાકુરજી તો આપ નિદાન પૂર્ણગુણવિગ્રહ છે આનુ ઉત્તર એવી રીતે વિચારવુ આ જીવને નિર્દોષ બનાવીને સેવાયોગ્ય કરવાનો શ્રીગદાધરપ્રભુજીને જ્યારે વિચાર પ્રાપ્ત થયો ત્યારે તેજ સમયને વિષે શ્રીપૂર્ણપુરુષોત્તમ સાક્ષાત્ શ્રીમાચાર્યજી સમક્ષ પ્રગટ થયા અને બ્રહ્મસંબંધ કરાવી જ્ઞાન આપી જે આચાર્યજી મહા પ્રભુજીએ આપના દ્વારાએ સમર્પણ કરાવ્યુ તો તે જીવના સમસ્ત દોષની નિવૃત્ત થાય છે અને તેથી તેને સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, એમ સમજવુ જેવીરીતે બ્રાહ્મણનો બાળક પોતાના ધર્મનુ અનુષ્ઠાન ન કરે તો તેને ફલ મલે નહિ, તથીરીતે વૈષ્ણવ થઇને પ્રભુ સેવા ન કરે તો આ માર્ગનુ ફલ મલે નહિ જે કોઇ અધિકાર પ્રાપ્ત થયો હોય તે પણ દૂર થઇ જાય પ્રભુ માર્ગમાં ભક્તિમાર્ગનો મુખ્ય ધર્મ એજ છે નિયમપૂર્વક કૃષ્ણસેવા કરવી જેવીરીતે બ્રાહ્મણ થઇને સંધ્યા વન્દન ન કરે તો પ્રત્યવાય આવી પડે છે, તેવીરીતે વૈષ્ણવ થઇને ભગવત્સેવા ન કરે તો દોષનુ પાત્ર બને છે કોઇવાર વ્યાવૃત્તિ વિશેષ હોય તો પણ એકવાર અવશ્ય મહિમા જાણીને થોડી પણ સેવા કરી સેવામાંથી નિવારીએ ત્યારે પણ એવીજ ભાવના રાખવી કે પુર્ણ દોષ શીઘ્ર જાય છે, સર્વનો ઉપયોગ પ્રભુસેવામાજ થવો છે એવી રીતે બાળકો ઠોકાઠોક કરે ત્યારે માં બાપ આવૃત્તિ કરવી તેમ કરવાથી બાળક ઉપર ક્રોધ થતો નથી અને

માટેજ સમગ્ર મહત્તા શ્રીકૃષ્ણ. શરણ મમ એ ~૧૬ કારકનો ૧૫ મો
ટુકડો શ્રીમદાજ્ઞા કરે છે કે

तस्मात् सर्वात्मना नित्यं श्रीकृष्ण शरणं मम
स्वदृष्टिरेव मतं मोक्षमित्येव मे मतिः ।

માટે આપણે બધા વારંવાર પ્રતિક્ષણ બોલતા રહેવું જોઇએ ના બોલે તો પ્રતિક્ષણ આપણી અસાધુતાવેશ આવી જાય વળી અન અર્પિત પદાર્થ અર્પણ ના આવે. તે બાબતની નિવેદન ધર્મ આવે. કાય છે. જેવી રીતે શ્રીઠાકુરજીનો અપાયું હોય તેવી રીતે લેવું. એ પ્રભુનું ઉચ્છિષ્ટ છે એમ જાણીને લેવું. વાસ્તવિક ભોગબુદ્ધિ જાગીને જેમકે ભોગ સેવામાં ખામ આવી છે શ્રી મહાપ્રભુજીનું વચન છે ઃ उद्वेगः प्रतिबन्धो भोगो या स्यात्तु बाधकः । વળી જેમ પતિવ્રતા સ્ત્રી બધી સામગ્રી પતિ માટે સિદ્ધ કરીને પતિને ધરે છે, તે પછી પતિના ઉચ્છિષ્ટથી નૈવેદ્યનિર્વાહ કરે છે. તેમ આવી નિવેદન કરવું. જો પતિ પહેલા સ્ત્રી ખાય તો તેની બુદ્ધિ બગડે અને વ્યભિચારિણી થાય. તેવી રીતે ભગવાનને નહિ અર્પેલા પદાર્થ પોતાના ઉપયોગમાં લેવાથી બુદ્ધિ બગડે અને તેથી ભગવદાશ્રય છૂટી જાય. વળી કુસંગથી સાવધાન રહેવું. કારણ કે કુસંગ સર્વથા ભગવદ્ભાવનો એક ક્ષણમાં નાશ કરે છે. જેમ દુષ્ટ દ્રવ્યના સંગથી પતિવ્રતા સ્ત્રી પોતાનો ભાવ ત્યજે છે, તેના સંગથી પતિવ્રત થાય તો જેમ અપ્રસન્ન થાય છે અને ત્યાગ પણ કરે છે તેવી રીતે અહીં-પણ દુર્ભગ દોષ લાગવાથી હાનિ થાય છે, માટે શ્રીઠાકુરજીની સેવામાં ચિત્ત રાખીને દુઃસંગ ત્યજી દેવો. દુઃસંગ કરવાથી વાસ્તવિકમાર્ગ પ્રમાણે ન ચાલવા જતા ભગવત્સેવામાં પ્રતિબંધ આવી પડે. નિત્યાભિષ્ટ વધે,

શૃંગારાસક્તિ પણ ઘણી થાય, માટે બુદ્ધિમાં નિશ્ચય કરવો કે વૃગા પણ દુઃસંગ હોય અને બાધાર પણ હોય તો જેમ અતિ ગરમને જેમ શૃંગારાર્થનો ત્યાગ કરતો તેમ, સાવધાન રહેવું આસક્તિ ન કરવી. ઉદાસીન થઈને રહેવું. અર્થાત્ સેવાપ્રતિકૂલ વિષયનો પરિત્યાગ કરવો અને દેહ, ઇન્દ્રિય, પ્રાણ અંતઃકરણ, ચિત્ત, કુટુંબ વગેરે બધાનો વિનિયોગ પ્રભુસેવામાં કરવો. જો વિનિયોગ ન કરે તો બહિર્મુખતા થાય, તેથી ભગવાનનું વિસ્મરણ થાય, વારંવાર અન્ય વિનિયોગથી સાવધાન રહેવું કદાચિત્ પ્રમાદથી અન્ય વિનિયોગ થઈ જાય તો પણ ચિંતા તો નજ કરવી કારણકે શ્રીપ્રભુ સર્વ સમર્થ છે શ્રીમદાપ્રભુજીનું વચનામૃત છે કે જસ્મૈ હિ હરિઃ સમર્પનો વિધિ એવો છે કે પ્રથમ દિવસે ઉપવાસ કરીને શુદ્ધ થવું પછી પ્રભુ સમીપમાં બેસવું. ત્યારે શ્રીમદાચાર્યજી મહાપ્રભુજીનો વિનિયોગ નિદ્રા થાય. ત્યારે શ્રીમદાચાર્યજી મહાપ્રભુજી સ્વપ્નદ્વારા આજ્ઞા કરે છે. શ્રીકૃષ્ણને સર્વ સમર્પણ કર્યાનું છે તે થયા પછી આસમર્પિત કરીપણ આનું નહિ અન્યાશ્રય ન કરવો. અન્ય વિનિયોગ થવા ન દેવો સેવાપ્રકારને સ્નેહપૂર્વક જાણવો. જે પ્રથમ આજ્ઞા કરી છે, તે પૂછીને તેવા પ્રકાર જાણીને તેવા કરવી. શ્રીમદાચાર્યજી મહાપ્રભુજીનું વચનામૃત છે કે સેવા કૃતિર્મુરોરાજ્ઞા માયન વા હરીચ્છયા આથી અન્યથા વર્તે તો ફલ ન થાય બજલીલા સ્મરણ વિક્ષણ સમર્પણ કરવાનું છે તથા શ્રીમદાપ્રભુજી કૃષ્ણનો આગી કાર કરે છે શ્રીગુસાંજી પણ આજ્ઞા કરે છે કે સદા સર્વાત્મના હેતવો ભગવાન્ ગોકુલેશ્વર સર્વત્યો કોટિકાન્દર્પે ક્રીડન્ વૃન્દાવનસ્થિત. । વળી શ્રીમદાચાર્યજી મહાપ્રભુજીનું વાક્ય છે કે-આત્માનન્દસમુદ્રસ્થં કૃષ્ણમેવ ચિન્તયેત્ । પ્રભુનું સ્મરણ કરવું તે પણ શ્રીમદાપ્રભુજી

દર્શન માટેની આર્તી રાખીને કરો, આ માર્ગમાં અતિવિશ્વાસ-ભાવ વિના પ્રભુને મહત્વ ગુણકારક છે, કેમકે શ્રીમહાપ્રભુ અગ્નિરૂપ છે. આ માર્ગ પણ તેવોજ છે. ભક્તનાં વૈન્યમેવૈકં એ વાક્યથી વળી પ્રતિદિન આઠસો ગ્રંથોનો અવશ્ય પાઠ કરવો. શ્રીકૃષ્ણાશ્રય, નવરત્ન, ભક્તિવર્ધિની, શ્રીયમુનાષ્ટક, પરિવૃઢાષ્ટક, પુરુષોત્તમસહસ્રનામ, નામાવલી, શ્રીવલ્લભાષ્ટક. સર્વોત્તમ શ્રીમદ્ભાગવતનો ૧ અધ્યાય આઠસો તો અવશ્ય પાઠ કરવા. શ્રીકૃષ્ણાશ્રય અને પરિવૃઢાષ્ટક નો પાઠ શ્રીઠાકુરજી પાસે કરવો. બીજા પાઠો પરોક્ષ રહીને કરવા. અને માર્ગની રીતિને અનુસરીને જ્યાં પ્રભુ બીરાજતા હોય અને સેવા થતી હોય ત્યાંનો પ્રસાદ લેવો. તેના કરતાં બીજે અન્ય સ્થળે પ્રસાદ લેવાની આવશ્યકતા આવી પડે તો શ્રીમહાપ્રભુજીના શ્રીઠાકુરજીનો મહાપ્રસાદ મેળવીને લેવો તો બાધક નથી, નહિ તો અસમર્પિત અવશ્ય મેવાપુષ્ટ, અસમર્પિત અથવા અન્યસમર્પિત અન્ન ન લેવો. સદા સંતુષ્ટ મનને રહેવું, ગૃહવ્યાપારમાં ચિત્ત હોય તો ભગવત્સેવા કરવી. શ્રીકૃષ્ણઃ શરણં મમ કહેતા રહેવું. સ્વમાર્ગમાં નિષ્ઠા રાખવી. આત્મનિવેદનવાલા વૈષ્ણવોજ સંગ કરવો દુઃસંગથી દૂર રહેવું વળી ભગવદાર્થ ક્રિયે આદરભાવ રાખવો. લૌકિકમાં આદરભાવ ન રાખવો એમ થવાથી ભક્તિમાર્ગના ક્રમોનું આચરણ કરેલું કહેવાય કે, આવશ્યક લૌકિક વૈદિક કાર્યો અનાસક્તિપૂર્વક કરવાં વળી શ્રીઠાકુરજીને સર્વ સમર્પેલું છે એમ જાણીને તે કાર્યમાં દ્રવ્ય થોડું ખરચવું. ને દ્રવ્યનો અન્ય વિનિયોગ થશે એમ જાણીને ઝરતાં રહેવું. સદા-સર્વદા શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો દૃઢ આશ્રય રાખવો. તેથી સર્વ સિદ્ધ થશે. એ બધું કયાં સુધી લખીએ ? જે આ માર્ગમાં સ્થિતિ કરશે તેને આ માર્ગના સર્વ ક્રમો શ્રીમહાપ્રભુજી બતાવશે. જેમ

જીવન પ્રાપ્ત થતા સ્ત્રીને કટાક્ષાદિ ટેકનીક શિખવવા પડતા નથી, તેમ શ્રીમદ્આપ્તપુરુષની કૃપા થતાં આ માર્ગ જેની જોગેજ સમજાશે. આ માર્ગની સર્વ વાત એમને જોગજ રૂપુરી આવશે શ્રીડાકુરજી આપ તો સ્વરૂપોનું સર્વથા વિતજ કરશે. યથાકાલે મુખે એ પ્રસંગથી શ્રીમદાચાર્યજી એજ આવા કરે છે. અને ત્યાં જન્મ સાર્થક કરવો છે. તથા ઘોડામા જાણવું છે તો સકલ દોષ એક ક્ષણમાંજ ભસ્મ થઇ જશે અને સર્વ સ્ફુર્તિ થશે ત્યારે સમજવું કે તે માર્ગનું ફલ જે આવનાર હતું તે મલી ગયું. જેણે પુષ્ટિ કર્યો હશે તેના મનમા તે વાત આવશે, બીજાને ઘણો દુર્લભ માર્ગ છે. કારણ અનિષ્ટરોલ છે, દુઃસંગો ઘણા આવી મલે છે, સત્સંગનું નામનિશાન ના મલે, ત્યારે શ્રીડાકુરજી આપ તો તેવી ગતિ વિના ઉદાસીન લાગે છે. સ્વતંત્ર છે, મનમા આવે ને કરે, એમા કોઇનું જોર ચાલતું નથી. ઇત્યાદિ વાત છે.

કેટલાક અભિપ્રાયો.

આ પુસ્તકમાં શ્રી હરિરાયજીના દશ ગ્રન્થો ભિન્ન ભિન્ન વિષયના જે સિદ્ધાન્તાત્મક છે તેમાંના થોડાંઘણા યાવત્પ્રાપ્ય એકત્ર કરવામાં આવ્યા છે. સંપ્રદાયનું અરૂં સ્વરૂપ શ્રીહરિરાયજીના ગ્રન્થોમાં જેવું જળવાઇ રહ્યું છે તેવું ભાગ્યેજ બીજા ગ્રન્થોમાં હશે એમ કહેવાની ભાગ્યેજ જરૂર છે. આ સંપ્રદાય ભાવાત્મક છે, અને તેમાં સેવ્ય પ્રભુ પણ ભાવાત્મક, આ ભાવાત્મક સ્વરૂપ કેવા પ્રકારનું હશે અને તે સ્વરૂપનો અનુભવ ભગવદીયોને કેવી રીતે થાય તે બધી બાબતો શાસ્ત્રીય રીતે સમજાવવાને શ્રીમદ્ હરિરાયજીએ કેટલાક નાના ગ્રન્થો રચ્યા છે ..... જેમ શ્રી હરિરાયજીના 'શિક્ષાપત્રો' 'ક્રમાધ્યદોષ વિવરણ' તથા 'કુસંગવિજ્ઞાન' ગ્રન્થો વૈષ્ણવોને આકર્ષી રહ્યા છે તેવી રીતે આ ગ્રન્થો પણ આકર્ષશે, એમા કાંઇપણ શંકા નથી. શ્રીહરિરાયજીના ગ્રન્થોની શૈલી સાન્વયાર્થ છતાં પ્રાસાદિક છે મને જણાવતાં ઘણો આનંદ થાય છે કે આ પુસ્તકમાં પણ ભાષાન્તર કર્તાઓએ તેની પ્રાસાદિકતા જાળવી છે .... મારા અભિપ્રાય પ્રમાણે આ તમામ ગ્રન્થોનું ભાષાન્તર પ્રામાણિક છે, મને આશા છે કે વૈષ્ણવો જરૂરથી આ પુસ્તકનો

સત્કાર કરશે. નિ. લી. વિદ્વત્કેસરી ગો. શ્રીઅનિરુદ્ધા-
ચાર્યજીના સમારકમાં આ ગ્રન્થ પ્રકટ થવાનો હોઈ દરેક
વૈષ્ણવ જરૂરથી ઓછામાં ઓછી એક પ્રત ખરીદી લેશે કે
જેથી ગ્રન્થમાળાની યોજના મુજબ અન્ય ગ્રન્થો પણ પ્રકટ
કરી શકાય.

અમદાવાદ

ગોકુલદાસ ગોવર્ધનદાસ શાહ

બી.એ. બી.

જામનગર

તા. ૧૫-૧૧-૪૬

સાંપ્રદાયિક સિદ્ધાંતો અને મર્મ સમજવા માટે શ્રીહરિરાયમહાપ્રભુની વાણી એક અદ્વિતીય સાધન છે. શ્રીહરિરાયજીના અતિ સુંદર નાના નાના માર્મિક ગ્રન્થો અને તેનો સરલ અનુવાદ છાપવાનો જે શુભારંભ થયો છે તેનો વૈષ્ણવોએ અત્યાદર કરવો ઘટે છે. સંપ્રદાયમાં આ એક અત્યાવશ્યક અને અદ્વિતીય કાર્ય છે. વૈષ્ણવોની અનન્ય ભાવનાનું પોષણ આ ગ્રન્થથી ઘણુંજ સુંદર રીતે થશે. અનુવાદ સરલ છે.

વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી

शुद्धिपत्रम्.

पृ॰	पं॰	अशुद्धं	शुद्धं
३	१	स्वयुक्तं	स्वयुतं
३	११	ऽस्य॥	ऽस्य॥
१०	१३	स्वयुरेव	स्वयुरेव
११	१८	सर्व	सर्व
२८	१३	स्वमार्गीय-	७. स्वमार्गीय
२८	१२	स्थानुव	स्थानु
३०	६	नाः नासु-	नन्यास-
४१	१२	वेदवं	वेदवं
३२	१४	प्रकटयनि'यते	प्राकट्यमिष्यते
४१	३	पङ्कजा-	पङ्कजा-
५७	३१	रंगला	गपती
५८	१९	-तेपु	-तेषु
८४	३०	-यातन-	-नात्मन-
९३	३	शङ्रव-	शङ्ख-
१०६	४	-पुदितं	पुदिते
१११	३३	एवंविधा	नानविधा
१३४	१९	निग८	निगृह
१३८	१२	ऽमाभ्य	ऽमाभ्य
१३७	३	आविन.	आभिन-
१३८	१२	आनं कोनी	आनं कोनी
१५३	१३	हरी	हरौं
१६६	६	मत्तम	मत्यम

१७१	६	०वर्णा०-	०वर्णा०-
१७२	१७	मत्व	-यत्व
१७६	७	हर्ष-	ादर्ष-
१८८	१०	स्तु	स्तू
१९३	३	तृतीया	तृतीया
१९४	१३	तद्गा-	तद्गु-
१९४	१३	जाः	जाता
२००	२१	तद्विषम्	तद्विषम्
२०६	३	-मिलिवेन	-मिलिवेन-
२०६	४	मलारं	मलारो
२०७	१०	-यत्नत्व	-यत्नत्व
२०७		[illegible] पृ० [illegible]	
२१०	१८	भाषोच-	भाषोच-
२१०	८	-वालिना-	-वालिनी-
२१८	२०	-भावा	-भावा
२१७	४	यवल्प	यवल्प.
२३२	१५	-लम्बय-	लम्बया-
२३६	११	-नन्दा-	-नन्दा-
२४१	१	शरण	शरण
२४१	२०	सम्बन्धानां	सम्बन्धानां
२४८	१	धति-	धृति-
२४९	१०	दत्थनं	दत्थनेन
२५३	४	यदेन	यदेव

पृ॰	पं॰	अशुद्ध	शुद्ध
२५८	१८	पुद्गलं-	पुद्गलै-
२५८	८	पुद्गलानां	पुद्गलानाम्
२५९	९	मणिः	मणीः
२५९	१६	कर्मिक-	कर्मिका-
२६१	१	मूलः-	-मूलः
२६२	१९	-मूलः-	मूलः-
२६२	२१	मूलस्य	मूलस्य
२६०	१६	मूलस्य	मूलस्य
२६६	६	-स्कारस्य-	-स्कालस्य-
२६८	२०	अन्तिपत्तिनः	अन्तिपत्तिः
२७३	१८	शीलं	शीलं
२७५	१२	सम्पादयति	सम्पादयति
२८०	१५	नयति"	नयति"
२८०	२१		
२८१	६	अनन्दा-	अनन्दा-
२८२	२०	नन्दादा-	नन्दादि-
२८२	२१	वास्तव-	वास्तव-
२९१	१०	श्रीकृष्णः	श्रीकृष्ण.
२९३	१०	(तिकृतिः)	(तिकृतिः)
२९७	१४	कृष्ण	कृष्ण
२९७	१९	-गदी-	-गदी-
२९८	१२	-विष	-विः
३०५	३	गवा.	वरः
३०१	११	जांदिपु	जांदिपु

पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध
३७१	१९	भिन्ने	भिन्ते
३७२	१४	-ग्रव	-ग्रंव
३७३	५	निधो	निधो
३७५	८	गुक्तिभि.	गुक्तिभिः
३८३	१	भिदुलता	भिदुलतो
३८४	१९	प्रियतम-	प्रियतम-
३९१	९	ऋग्यते	ऋग्यते
३९९	१३	प्रदानता	प्रदर्शिता
३९९	१५	-भेत्र	-क्षेत्र
४०३	१४	भगी	गगी
४०५	३	शङ्खा-	शङ्खा-
४०५	११	-खन	-खन
४०६	४	समयः	संनयः
४०७	१८	शङ्खा-	शङ्खा-
४०८	३	-कुला	-कुला-
४०८	३	स्वरूपा-	स्वरूपा-
४०८	१२	-कुला	-कुली
४०९	१६	शङ्खा-	शङ्खा-
४०९	१८	पर्मो	प्रमो-
४१०	१	-ना प्रा-	-ताप्रा-
४१०	२	प्रवृत्त	प्रवृत्तः
४११	९	-वधुभि-	-बधुभि-
४१३	१	बहिमुख-	बहिर्मुख-

४५६	१४	आनन्दा-
४२६	१३	-व्यान-
४३१	१२	-धनंजयः
४३६	११	-आपि
४३८	१०	-गर्दं
४०८	९	-घटादि-
४०९	८	-५,५-
४०२	७	-५।५।५
४०३	६	-अनर्घ.
४१३	१८	-दुःखं
४१२	१७	-पूर्णः
४०१	१६	-पुर्तन-
४३४	१८	-नतगा-
४३४	१९	-शेषं
४३८	१०	-प्रविष्टो
४०१	९	-मार्गण
४०७	१८	-प्रति
४३०	१९	-शेतो
४३९	१२	-शेखेन
४८०	१३	-नलमर्दं
४४०	१	-कंटक-
४८८	१२	-कर्णे-
४४१	२	-एकैक-
४४१	५	

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪૪૧	૧૯	શપાત	અપ્યત
૪૪૩	૧	-માલદિ-	-માલગદિ-
૪૪૬	૧૨	-વધિનિયા	-વધિન્યો-
૪૪૭	૧૬	દાર્ટી	દાડવૈ
૪૪૯	૨	ક્ષ્ણ	ક્ષણ્ણલ
૪૫૪	૩	સદરૌભગાયો	મદરાં સત્તાયો
૪૫૫	૧૯	કિ	કિ
૪૬૧	૧૦	-મિતિજા-	-મતિજો-
૪૬૬	૫	-નલાત્	-નાન્
૪૬૬	૨૨	શુદ્ધ-દિનપ્રતિદિન વૈજ્ઞાનિકો ક્ષય પ્રાપ્તિ અને સિદ્ધ થવાને બદલે વૈજ્ઞાનિકો	
૪૬૯	૧૬	ક્ષ્ણારા-	ક્ષ્ણધા-
૪૭૧	૧૧	-ક્ષ્ણધા	-ક્ષ્ણવો વા
૪૭૩	૭	શુદ્ધ-ભગાતાં	દેવ્યગેવંક
૪૭૩	૫	મહત્ત્વ-	મહત્ત્વ-

સૂચના—મને માત્ર ઓગણ્યાર પૃષ્ઠ લેખની ભગવડ રૂહતી, તેથી અને પાછળ પાનાઓના પ્રૂફ તો મળી શક્યા ન હોવાથી છાપ્યુલો રહી જવા પામી છે, તો ભગવદીય વાચકો પ્રથમથી ઉપર મુજબ સુધારો કરી લઇ, પછીજ ગ્રન્થવાચન કરે, એની અભ્યર્થના.

—સંપાદક—

૮૬	લાદા	અશુદ્ધ	શુદ્ધ
૪૪૧	૧૯	રાપાત	અત્યંત
૪૪૩	૧	-માલદિ-	-માલ્દિ-
૪૪૪	૧૨	-વધિનિયા	-વધિન્યો-
૪૪૭	૧૬	દાઢર્યં	દાટર્યં
૪૪૯	૭	વલેચા	વલેગલ
૮૫૪	૩	મદશૌભરાયો	મદશૌ સરાયો
૪૫૫	૧૯	કિ	કિં
૪૬૧	૧૦	-મિતિજો-	-મતિજો-
૪૬૬	૫	-નત્વાત્	-નાત્
૪૬૬	૨૭	શુદ્ધ-દિનપગદિન વૈગ૧ યનો ક્ષય ૮૭ારો અને મિદ્ધ શુનને અનિગત વૈગગનો નાગ—	
૮૬૮	૧૬	ધન્યારા-	ધન્યરા-
૪૭૧	૧૧	-ધન્યો	-ધન્યો યા
૪૭૩	૩	શુદ્ધ-ભત્તા	દૈન્યયોવંક
૪૭૩	૫	મહત્વ-	મહત્ત્વ-

સૂચના:—મને મારા એકજવાર પૂરું જોવાની નજરે રૂહેતી, તેથી અને પાછળનાં પાનાઓના પ્રૂફ તો મળી શકયા ન હોવાથી છાપભૂલો રહી જવા પામી છે, તો ભગવદીય વાચકો પ્રથમથી ઉપર મુજબ સુધારો કરી લઇ, પછીજ ગ્રન્થવાચન કરે, એવી અભ્યર્થના.

—સમાપ્ત—